વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-
વર્ષ : ૪૮મું
જાન્યુઆરી - ૨૦૨૩
અંક : ૫૩૬
મંગલ મંદિર ● જાન્યુઆરી-૨૦૨૩ ● ૧
(કુલ પાના : ૬૮)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર




: મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુથીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 4890 6002, 4890 6003, 4890 6004, 4890 6005
Email : kjssmangalmandir@gmail.com • website : www.kuthijainahd.org


International Education Experts
UAE
USA
CANADA
NEW ZEALAND
AUSTRALIA
SWITZERLAND
MALAYSIA
SINGAPORE
UK
IAEC
education • migration
Top Universities Admissions
Best Scholarships
High Visa Success
Registered Australian Immigration Consultants
Official Representative of Leading Universities.
202, 2nd Floor, Yash Aqua, 120 Feet Ring Rd, Vijay Char Rasta
Above McDonald's, Navrangpura, Ahmedabad
079 2791 1113 | 079 4892 1113
+91 74348 88000
ahmedabad@iaec.com.au
/IAECIndia
iaec.com.au
Directors are from Kutchi Jain Samaj

છેલ્લા ૪૭ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર : **"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૨ થી ૬૦૦૫
ઈ-મેઈલ : kjssmangalmandir@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી મંડળ**

- **અશોક મહેતા – મુખ્ય તંત્રી** મો. ૯૮૭૯૦ ૬૩૧૦૦
- **મહેન્દ્ર દોશી – સભ્ય** મો. ૯૪૨૮૦ ૨૦૫૦૧
- **ફાલ્ગુની હિરેન – સભ્ય** મો. ૯૮૨૫૦ ૧૬૬૭૭
- **ચૌલા કુરૂવા – સભ્ય** મો. ૯૩૨૭૦ ૭૫૪૮૮
- **રસિક ખીમજી મહેતા – સભ્ય** મો. ૯૩૨૮૨ ૪૯૦૬૯

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

***– મુખ્યતંત્રી***

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

- ૨૦૨૨ને વિદાય અને ૨૦૨૩ને આવકાર ........ **અશોક મહેતા** ....... ૫

**શ્રદ્ધાંજલી**

- નવનીત એજ્યુકેશન્સ લિમિટેડના ડાયરેક્ટર શ્રી શાંતિલાલભાઈ ગાલાને ભાવભરી શ્રદ્ધાંજલી ........ ૭

**ઉત્તરાયણ**

- ઉત્તરાયણની અનેક માન્યતાઓ અને અનેક લોકકથાઓ છે ........ **ડૉ. મિહિર એમ. વોરા** ....... ૯

**સાંપ્રત સમસ્યા**

- જાહેર સ્થળોએ સલામતીની વ્યવસ્થા ........ **પી. કે. લહેરી** ..... ૧૦

**રાજકારણ અને ધર્મ**

- ધર્મનું રાજકારણ ત્યજીને આપણે રાજકારણનો ધર્મ પાળીએ ........ **ભવાનજી ગાલા** ..... ૧૨

**ઇતિહાસ**

- મુંબઈનો ઇતિહાસ ........ **પ્રદીપભાઈ પરમાર** ..... ૧૪

**વ્યક્તિ વિશેષ**

- યથા નામ તથા ગુણ : નિર્મળાબહેન ગાંધી ........ **ડૉ. પૂર્વી ગોસ્વામી** ..... ૧૬

**એક સત્ય ઘટના**

- સૂતેલા સિંહના મોંમા... ........ **મૂળ લેખક : સુધા મૂર્તિ • ભાવાનુવાદ : સોનલ મોદી** ..... ૧૮

**તંદુરસ્તી**

- ડરની બીમારી – ભાગ-૭ : વિમાનમાં મુસાફરી કરવાનો ડર ..... **ડૉ. મણિલાલ ગડા, સિનિયર મનોચિકિત્સક** ..... ૨૧
  **ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**
- માનવ સ્વભાવ અને યોગ ........ **કમલકાંત ભટ્ટ** ..... ૨૩

**કચ્છમાં જૈનોના જિનાલય**

- મહાવીર સ્વામી જિનાલય : અંજાર ........ **ભરત'કુમાર' પ્રા. ઠાકર** ..... ૨૫

**તીર્થ દર્શન**

- દર્શન-૨૦ : શ્રી કોઠારા તીર્થ
- દર્શન-૨૧ : શ્રી જખૌ તીર્થ ........ **પ્રેષક : કે.ડી. શાહ** ..... ૨૮

**વાર્તા**

- મિજાજ ........ **યુસુફ મીર** ..... ૨૯
- ઝુંપડીનું મોતી ........ **નટવર આહલપરા** ..... ૩૧

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**ઉપપ્રમુખ-૨**
શ્રી હિરેન કુંવરજી શાહ
મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫

**માનદ્ મંત્રી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**સહમંત્રી**
શ્રી વિશાલ મહેન્દ્ર શાહ
મો. ૯૪૨૮૩ ૫૦૦૩૮

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી વિમેશ ગુલાબચંદ શાહ
મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## જ્ઞાન વિજ્ઞાન


- વાદળોમાં કેટલું પાણી હોય? ................ **સંકલન : રસીક ખીમજી મહેતા**..... ૩૩
- રેલવેના પાટાની આસપાસ પાથરેલા કાંકરા : બેલાસ્ટ ................ ૩૩
- ભારતમાં સૌથી મોટું કે ઊંચું ................ ૩૩
- પ્રાણી જગતની વાતો : નિર્દોષ અને રમતિયાળ પ્રાણી : સસલું ................ ૩૪
- જંતુઓમાં સૌથી ઝેરી : વીંછી ................ ૩૪
- વનસ્પતિ જગતની વિવિધ જાણકારી : જાતજાતની શિકારી વનસ્પતિ ................ ૩૪


## દેશ વિદેશ


- દેશ - વિદેશ ................ **ચૌલા કુરૂવા**..... ૩૫


## અન્ય સંસ્થાઓના સમાચાર


- અન્ય સંસ્થાઓના સમાચાર ................ ૪૨


## આંજો કાગર


- આંજો કાગર ................ ૪૪


## અખબારોની અટારીએથી


- અખબારોની અટારીએથી ................ **સંકલન : રોહિત સંઘવી**..... ૪૬


## નિયમિત વિભાગો


- ***Nano Nine*** શબ્દ રમત-૧૯૦ ................ **સંકલન : રજનીકાંત પારેખ**..... ૫૦
- ***Nano Nine Sudoku*** (ક્રમાંક-૧૧૪૮) ................ **સંકલન : રજનીકાંત પારેખ**..... ૫૨


## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : સંસ્થા સમાચાર


- વડીલની વસમી વિદાયના સમયે એક પરિવારની દૃષ્ટાંતરૂપ કહાની ................ ૫૩
- તા. ૨૬-૧-૨૦૨૩ના રોજ ધ્વજવંદન કાર્યક્રમ : જાહેર આમંત્રણ ................ ૫૪
- વિના મૂલ્યે આયુષ્માન કાર્ડ બનાવો ................ ૫૪
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી ................ **સંકલન : હિરેન કે. શાહ**..... ૫૫
- તબીબી સાધનો ભાડે આપવાની વિગત ................ ૫૯
- પરમકૃપા મેડિકલ સેન્ટર - મોરૈયા ................ ૬૦
- ગોલ્ડ હેલ્થ કાર્ડ ................ ૬૦
- દવા વિતરણ સમિતિ ................ ૬૧
- 'મંગલ મંદિર'નું લવાજમ ................ ૬૨
- ગૃહ ઉદ્યોગ સમિતિ ................ ૬૩
- અંગદાન સમિતિ ................ ૬૩
- મહિલા ઉત્કર્ષ સમિતિ ................ ૬૩
- વયસ્ક સમિતિ ................ ૬૪
- સમાજ દર્પણ ● સાભાર સ્વીકાર ................ ૬૬


Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**.
Printed at : **Gajanand Offset,** Amraiwadi, Ahmedabad.
Published at : **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. ● **Editor : Mr. Pratap Dand** ● **Yearly Subscription : Rs.150/-**

તંત્રીલેખ

# ૨૦૨૨ને વિદાય અને ૨૦૨૩ને આવકાર



અશોક મહેતા

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, એ જ્ઞાતિગત સંસ્થા છે પરંતુ આ સમાજના લગભગ દરેક કાર્યો સમગ્ર માનવ સમાજના વિકાસને નજર સમક્ષ રાખીને તેના અમલીકરણ કરવામાં આવે છે. મેડિકલ સેન્ટર, મેડિકલના વિવિધ કેમ્પો, ડાયાલિસીસ સેન્ટર, સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર, કેરીયર ડેવલપમેન્ટ એન્ડ કાઉન્સેલિંગ, સાંસ્કૃતિક કેન્દ્ર, કચ્છ સાંસ્કૃતિક મ્યુઝીયમ વગેરે પ્રકારના કાર્યો આ હકીકતનું પ્રતિબિંબ પાડે છે.

૨૦૨૨ના વર્ષે વિદાય લીધી અને ૨૦૨૩ના વર્ષનું આગમન થઈ ચૂક્યું છે ત્યારે આપણે ચિંતન કરી લઈએ કે ગત વર્ષ દરમ્યાન આપણે કેવા પ્રકારના કાર્યોનું અમલીકરણ કર્યું અને નવા વર્ષ દરમ્યાન કયા પ્રકારના કાર્યો કરવાના આપણા આયોજનો છે.

ગત વર્ષની વાત કરીએ તો આપણે ૨૬ જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ રોટરી ક્લબ - વાસણાના સહકારથી ગીતા મંદિરના સેવા ભવન પર ડૉ. ચંદ્રકાંત દેઢિયા ડાયાલિસીસ સેન્ટરનું ઉદ્ઘાટન કરી તેને કાર્યરત કરવામાં આવ્યું. માર્ચ ૨૦૨૨માં વૈશ્વિક મહિલા દિવસના પ્રસંગે મંગલ મંદિરનો 'મા વિશેષાંક' બહાર પાડવામાં આવ્યો. સાથે સાથે માર્ચ મહિનામાં બોપલના મેડિકલ સેન્ટરના વિકાસ માટે એ વિસ્તારના તથા આપણા સેન્ટરના ડૉક્ટરો સાથે ગેટ-ટુ-ગેધર સમારંભનું આયોજન કરવામાં આવ્યું. એપ્રિલ મહિનામાં એસ.પી. રીંગ રોડ પરના સરદાર ધામની મુલાકાત ગોઠવવામાં આવી. મે મહિનામાં સ્કીલ ડેવલપમેન્ટની કાર્યવાહીના અનુસંધાને સી.જી. રોડ પરની કલાપૂર્ણમ સંસ્થાની મુલાકાત ગોઠવવામાં આવી. જૂન મહિનાની ૭મી તારીખે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સાથે મુલાકાત ગોઠવી, કચ્છી બોલીને ભાષા તરીકે સ્વીકારાય તેવા પ્રયાસ કરવા તેઓશ્રીને વિનંતી કરવામાં આવી. ત્યારબાદ ૨૫ જૂનના રોજ પાલડી ખાતેના મેડિકલ સેન્ટરમાં મેમોગ્રાફી મશીન તથા ઇ.એન.ટી. વિભાગમાં ઓડિયોગ્રામનું ઉદ્ઘાટન કરી તેમને કાર્યરત કરવામાં આવ્યા. જુલાઈ-૨૦૨૨માં સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરના નવા પ્રોજેક્ટના અનુસંધાને અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશનની મુલાકાત લેવામાં આવી. ભવિષ્યના અન્ય પ્રોજેક્ટો માટે રોટરી ક્લબ - વાસણાના પદાધિકારીઓ સાથે મીટિંગ પણ કરવામાં આવી. સીમ્સ હોસ્પિટલે તરતી મૂકેલ "ગોલ્ડ હેલ્થ કાર્ડ"ની યોજનાના અનુસંધાને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ૧૦૦૦થી વધુ પરિવારો માટે "ગોલ્ડ હેલ્થ કાર્ડ" મેળવવાની પ્રક્રિયાનો આરંભ કરવામાં આવ્યો. તા. ૧૫ ઓગસ્ટના રોજ લીલાબેન વિસારીયાના વરદ્ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. તા. ૧૮-૯-૨૦૨૨ના રોજ ટાઉનહોલ ખાતે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો વાર્ષિક સ્નેહમિલન કાર્યક્રમ યોજવામાં આવ્યો કે જ્યારે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષા શ્રીમતી નીમાબેન આચાર્ય તથા અન્ય ધારાસભ્યો અને કોર્પોરેટરશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા. આ સમયે સાંસ્કૃતિક સમિતિ, સરસ્વતી સન્માન સમિતિ, વિદ્યાર્થી પુરસ્કાર સમિતિ, અંગદાન સમિતિ તથા જમણવાર સમિતિની કાર્યવાહી બેમિસાલ રહેવા પામેલ હતી. ઓક્ટોબર મહિનામાં મેરેજ બ્યુરો સમિતિ દ્વારા જીવનસાથી પસંદગી સંમેલન યોજવામાં આવેલ હતું. નવેમ્બર મહિનામાં સીમ્સ હોસ્પિટલમાંથી ગોલ્ડ હેલ્થ કાર્ડ મેળવી દરેક પરિવારને તેનું વિતરણ કરવાનું શરૂ કરી દેવામાં આવેલ હતું. નવેમ્બર મહિનાની ૮મી તારીખે ગીતા મંદિર ખાતે સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરનું ઉદ્ઘાટન કરી, આસિસ્ટન્ટ નર્સિંગના પ્રથમ બેચની શરૂઆત કરવામાં આવેલ હતી. ડિસેમ્બર મહિનામાં આયુર્વેદિક કેમ્પ, ઓડિયોગ્રામ તથા સ્પીચ થેરાપી કેમ્પ અને હોમિયોપેથિક કેમ્પનું પાલડી ખાતે આયોજન કરવામાં આવેલ હતું.

વર્ષ ૨૦૨૨ની શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની મુખ્ય મુખ્ય પ્રવૃત્તિઓ ઉપર મુજબની રહેવા પામેલ હોવાથી કોઈને પણ આ સમાજની કાર્યવાહીની ગહેરાઈનો ખ્યાલ આવી શકશે.

એ જ રીતે વર્ષ ૨૦૨૩ના આયોજનની વાત કરીએ તો (૧) ચાંગોદર - મોરૈયા ખાતેના પરમકૃપા મેડિકલ સેન્ટરને નજદીકના સમયમાં જ કાર્યરત કરવામાં આવનાર છે. (૨) બોપલ ખાતે નવનીત પરિવારે ફાળવેલ જગ્યા પર સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર ચાલુ કરવાના આયોજનો વિચારાયેલ છે. (૩) ગીતા મંદિર તથા બોપલ ખાતેના – એમ બંને ડાયાલિસીસ સેન્ટરને આયુષ્યમાન ભારત યોજનામાં રજિસ્ટર્ડ કરાવવાની કાર્યવાહી પૂર્ણ કરાવવાની રહે છે. (૪) એપ્રિલ - ૨૦૨૩માં આ સંસ્થા ૬૦ વર્ષ પૂર્ણ કરતી હોવાથી એપ્રિલ-૨૦૨૩થી માર્ચ-૨૦૨૪ સુધીના બાર મહિના ષષ્ઠી પૂર્તિના આયોજનો અંગે નક્કી કરવાનું છે. (૫) ૨૦૨૩ના વર્ષ દરમ્યાન દવા વિતરણ સમિતિ, ગૃહ ઉદ્યોગ સમિતિ, સ્કીલ ડેવલપમેન્ટ સમિતિ તથા ઉચ્ચ શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ અદ્વિતીય કાર્યો કરવાના આયોજનો વિચારી રહેલ છે. (૬) પરિમલ જૈન સંઘના સ્થળે પણ સ્કીલ ડેવલપમેન્ટ અને / અથવા મેડિકલની પ્રવૃત્તિઓના આયોજનો વિચારાઈ રહેલ છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સમગ્ર પ્રવૃત્તિઓનું વિશ્લેષણ કરીએ તો રાષ્ટ્રહિત માટે તેની પ્રવૃત્તિઓનો ઉત્તરોત્તર વિકાસ થતો આવે છે તે આ સમાજના દરેક પરિવારને ગૌરવ લેવા જેવી હકીકત બની રહેલ છે.

**૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,**
**બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯, ૯૮૭૯૦ ૬૩૧૦૦**

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર 'મંગલ મંદિર'માં પ્રસારિત કરવામાં આવતી જાહેરાતના માસિક દરો

| ક્રમ | વિગત | કલર | આખું પાનું | અડધું પાનું | પા પાનું |
|---|---|---|---|---|---|
| ૧. | કવર પેજ નં.-૪ | મલ્ટી કલર | રૂા. ૭,૦૦૦ | — | — |
| ૨. | કવર પેજ નં. ૨ | મલ્ટી કલર | રૂા. ૬,૫૦૦ | — | — |
| ૩. | કવર પેજ નં. ૩ | મલ્ટી કલર | રૂા. ૬,૦૦૦ | — | — |
| ૪. | કવર પેજ નં. - ૨ ની સામેનું પાનું | મલ્ટી કલર | રૂા. ૬,૦૦૦ | | |
| ૫. | કવર પેજ નં. - ૩ ની સામેનું પાનું | મલ્ટી કલર | રૂા. ૫,૫૦૦ | | |
| ૬. | અંદરનું પાનું | મલ્ટી કલર | રૂા. ૫,૦૦૦ | | |
| ૭. | અંદરનું પાનું | સીંગલ કલર | રૂા. ૪,૦૦૦ | | |
| ૮. | અંદરનું પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | રૂા. ૨,૦૦૦ | રૂા. ૧,૫૦૦ | રૂા. ૧,૦૦૦ |
| ૯. | સાદા પાનાની નીચે ૧'' સાઇઝની બોટમ પટ્ટી | બ્લેક એન્ડ વ્હાઈટ | રૂા. ૫૦૦ | | |

જાહેરાતના અત્રે દર્શાવેલ દરમાં ૫% લેખે GST અલગથી લાગશે.

**નોંધ :**
૧. એક સાથે **૧૨** મહિનાની જાહેરાત આપનારને **૧૦ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.
૨. એક સાથે **૬** મહિનાની જાહેરાત આપનારને **૭.૫ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.
૩. એક સાથે **૩** મહિનાની જાહેરાત આપનારને **૫ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.

**જાહેરાતની સાઇઝ :**
(૧) ફુલ પેજ : ૧૮.૦ X ૨૩.૬ સે.મી.
(૨) હાફ પેજ : ૧૮.૦ X ૧૧.૬ સે.મી.
(૩) ૧/૪ પેજ : ૯.૦ X ૧૧.૬ સે.મી.
(૪) બોટમ પટ્ટી : ૧૮.૦ X ૨.૫૪ સે.મી.

**વિઝીટીંગ કાર્ડ સાઇઝ જાહેરાત : ૧૨ મહિનાના ભાવ**

જાહેરાતના અત્રે દર્શાવેલ ભાવમાં ૫% લેખે GST અલગથી લાગશે.

| ક્રમ | વિગત | કલર | સાઇઝ | એમાઉન્ટ |
|---|---|---|---|---|
| ૧. | કવર પેજ નં – ૪ | મલ્ટી કલર | ૮૫ X ૫૦ મી.મી. | રૂા. ૨૫,૦૦૦ |
| ૨. | કવર પેજ નં – ૨ | મલ્ટી કલર | ૮૫ X ૫૦ મી.મી. | રૂા. ૨૦,૦૦૦ |
| ૩. | કવર પેજ નં – ૩ | મલ્ટી કલર | ૮૫ X ૫૦ મી.મી. | રૂા. ૧૫,૦૦૦ |
| ૪. | અંદરનું પાનું | મલ્ટી કલર | ૮૫ X ૫૦ મી.મી. | રૂા. ૧૦,૦૦૦ |

**નોંધ :** દરેક વિઝીટીંગ કાર્ડ સાઇઝના જાહેરાતના ૧૨ મહિનાના ડિસ્કાઉન્ટ સાથેના ભાવ છે.

## નવનીત એજ્યુકેશન્સ લિમિટેડના ડાયરેક્ટર

# શ્રી શાંતિલાલભાઈ ગાલાને ભાવભરી શ્રદ્ધાંજલી

● જન્મ ●
તા. ૨૦-૦૬-૧૯૪૨



● અવસાન ●
તા. ૧૯-૧૨-૨૦૨૨

## શ્રી શાંતિલાલભાઈ ગાલા

(ઉંમર : વર્ષ ૮૦)

નવનીત એજ્યુકેશન્સ લિમિટેડના અમદાવાદ સ્થિત ડાયરેક્ટર શ્રી શાંતિલાલભાઈ ગાલાનું ગત તા. ૧૯-૧૨-૨૦૨૨ના રોજ દુઃખદ અવસાન થયેલ હતું. તેઓશ્રી નવનીત પરિવારની પ્રથમ પેઢીના ૬ ભાઈઓમાં સૌથી નાના ભાઈ હતા. વડીલ બંધુઓની અગાઉ વિવિધ સમયે વિદાય બાદ સૌથી છેલ્લા આધારસ્તંભની વિદાય પણ ખૂબ જ દુઃખદ હતી. તેમની જિંદગીના છેલ્લા પંદરેક દિવસના સમયને બાદ કરતાં તેઓએ સમગ્ર જીવન નવનીતના કાર્યો માટે જ ફાળવેલ હતું.

નવનીત પરિવારનું મૂળ ગામ કચ્છના માંડવી તાલુકાનું મોટી રાયણ. મૃત્યુ અગાઉ તેઓ આઠેક દિવસ માટે ત્યાં ગયેલ હતા. ત્યાં રહીને તેમણે બિદડાના નિસર્ગોપચાર કેન્દ્રની સેવા લેવાનું નક્કી કર્યું. એક દિવસ અચાનક બિદડામાં તેમની વ્હીલચેરમાં બેઠા હતા ત્યારે તેમનું મસ્તક એક બાજુ ઢળી ગયું. ત્યાંથી તેઓને માંડવી લઈ જવામાં આવ્યા. માંડવીથી ભુજ કે. કે. પટેલ હોસ્પિટલમાં શિફ્ટ કરવામાં આવ્યા. છેવટે ભુજથી એરલીફ્ટ (ગુજરાતમાં પ્રથમ નોંધનીય બનાવ) દ્વારા અમદાવાદની સિમ્સ હોસ્પિટલમાં શિફ્ટ કરવામાં આવ્યા. ડૉક્ટરશ્રીના મતે તેમના જીવનની આગળ કોઈ આશા ન હોવાથી તા. ૧૯-૧૨-૨૦૨૨ના રોજ બપોરના ૨.૩૦ વાગે બસંત બહાર, બોપલ ખાતેના નિવાસ સ્થાને તેઓશ્રીને લાવવામાં આવ્યા કે જ્યાં નવકાર મંત્રના જાપ વચ્ચે સાંજના ૪.૩૦ વાગે તેમણે પોતાનો દેહ છોડ્યો.

આપણે એ વાતની નોંધ લઈએ કે સમગ્ર નવનીત પરિવાર શરૂથી જ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને તેના દરેક પ્રોજેક્ટના સમયે તેને હૂંફાળો સાથ-સહકાર આપતો આવેલ છે. આ પરિવાર આજે પણ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ચાહક છે અને તેના કોઈ પણ પ્રોજેક્ટ માટે સહકારભર્યો હાથ લંબાવે છે. અમદાવાદના પાલડી ખાતેના મેડિકલ સેન્ટરનું નામ 'નવનીત મેડિકલ સેન્ટર' રહેલ છે. શ્રી કચ્છી વિશ્રામગૃહ - શાહીબાગ ખાતે 'એક માળ' તેઓશ્રીના નામે છે. બોપલ મેડિકલ સેન્ટર પણ 'નવનીત મેડિકલ સેન્ટર'ના નામે કાર્યરત છે. બહેરામપુરા ખાતેની આવાસ યોજનાનું નામ 'નવનીત આવાસ યોજના' અપાયેલ છે. ગીતા મંદિર ખાતે હાલે જ શરૂ કરવામાં આવેલ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરના પ્રથમ વર્ષના સમગ્ર ખર્ચની જવાબદારી તેઓશ્રીએ નિભાવેલ છે. બોપલ ખાતે એક નવા સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર માટે તેઓશ્રીએ જગ્યા ફાળવેલ છે. બોપલ ડાયાલિસીસ સેન્ટર 'નવનીત ડાયાલિસીસ સેન્ટર'ના નામે છે. આ રીતે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના દરેક પ્રોજેક્ટના સમયે નવનીત પરિવાર એક અમૂલ્ય આધારસ્તંભ સમાન ઊભો રહેલ છે અને આજે એ આધારસ્તંભના અંતિમ મોભીની વિદાય સમયે તેમના પરિવારને જેટલો રંજ થાય તેટલો જ રંજ આ સમાજને અને તેના એકે એક સભ્યને થયેલ છે. નવનીત પરિવારની પ્રથમ પેઢીના એકે એક મહાનુભાવને આ સમાજનું અસ્તિત્વ હશે ત્યાં સુધી તેનો એકે એક સભ્ય યાદ કરતો રહેશે.

નવનીત પરિવારની બીજી પેઢીની વાત કરીએ તો તેમની અમદાવાદ ઓફિસ અને મુંબઈ ઓફિસના દરેક પરિવારજન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની એકે એક પ્રવૃત્તિથી જ્ઞાત છે. તેટલું જ નહીં પરંતુ નવનીત પરિવાર વતી અમદાવાદ

ખાતે શ્રી રાજુભાઈ ગાલા, શ્રી કલ્પેશભાઈ ગાલા તથા શ્રી સંદીપભાઈ ગાલા અને મુંબઈ ખાતે શ્રી બિપીનભાઈ ગાલા તથા શ્રી સુનિલભાઈ ગાલા સમાજના ટ્રસ્ટીશ્રીઓના સંપર્કમાં રહેતા આવેલ છે. આ સમાજના મોભીઓ પણ તેઓશ્રી સાથે દરેક સાથે ભવિષ્યમાં પણ સંપર્કમાં રહેશે. આ પરિવારની સંસ્કારીતાની વાત કરીએ તો શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના તા. ૧૮-૯-૨૦૨૨ના સ્નેહ મિલન સમારંભના સમયે અતિથિ વિશેષ તરીકે શ્રી રાજુભાઈ ગાલા, શ્રી સંદીપભાઈ ગાલા તથા શ્રી કલ્પેશભાઈ ગાલા સ્ટેજ પર બિરાજમાન હતા અને સ્ટેજ પર નાદુરસ્ત તબિયતના કારણે શ્રી શાંતિભાઈ ગાલા આવી શકતા ન હોવાથી તેઓશ્રી ઓડિયન્સમાં બિરાજમાન હતા. હવે જ્યારે અતિથિ વિશેષ તરીકે શ્રી રાજુભાઈ ગાલા, શ્રી સંદીપભાઈ ગાલા તથા શ્રી કલ્પેશભાઈ ગાલાના બહુમાન માટે તેઓશ્રીને ઊભા કરવામાં આવ્યા ત્યારે તેઓએ વિનયસહ જણાવ્યું કે અમારા વડીલ શ્રી શાંતિલાલભાઈ ગાલા નીચે ઓડિયન્સમાં બિરાજમાન છે. તેથી તેમનું સન્માન થવું જોઈએ. તેમની ઉપસ્થિતિમાં અમારું સન્માન ના હોય. ત્યારબાદ ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ નીમાબેન આચાર્યએ સ્ટેજ પરથી નીચે જઈ શ્રી શાંતિલાલભાઈ ગાલાનું સન્માન કરી વિધિ પૂર્ણ કરી. આ છે નવનીત પરિવારની આજની પેઢીની પણ સંસ્કારીતા અને સંસ્કૃતિ!

આ તબક્કે નવનીત પરિવારની વાત કરીએ તો એક સાથે ૩ પેઢીની ૧૫ જેટલી વ્યક્તિઓએ ઉંમર તથા જમાનાના બદલાવની વચ્ચે રહી એક અવાજે વાત કરી પોતાના વ્યવસાયને દિવસા-દિવસ વધારતા જવું એ નાની-સૂની સિદ્ધિ નથી જ. ગુજરાત - મહારાષ્ટ્રમાં અનેક સ્થળોએ તેઓશ્રીના પ્રોડક્શન અને વિતરણ વિભાગો આવેલા છે કે જેમના પર ચાંપતી નજર રાખવી તેને સવિશેષ ગણી શકાય.

નવનીત પરિવારના ઈતિહાસની વાત કરીએ તો આજથી ૧૦૦-૧૫૦ વર્ષ પહેલાં કચ્છી પરિવારની મુખ્ય વ્યક્તિ મુંબઈ કે દેશાવર અર્થોપાર્જન માટે બહાર નીકળે અને પરિવાર કચ્છમાં જ રહે, એ રીતે આ પરિવારના મોભી શ્રી રામજી તેજસી ગાલા મુંબઈ આવ્યા અને માતુશ્રી લાખેણીબહેન સહિતના બાળકો રાયણમાં રહ્યા.

કરિયાણાનો વ્યાપાર કરતાં શ્રી રામજીભાઈનું મુંબઈમાં ૧૯૪૨માં અવસાન થયું. બે વર્ષ બાદ માતુશ્રી લાખેણીબહેનનું પણ કચ્છમાં અવસાન થયું. ૧૯૪૫માં શ્રી લાલજીભાઈ તથા શ્રી ધનજીભાઈએ ધનલાલ બ્રધર્સ તરીકે પુસ્તક વિક્રેતાનો વ્યાપાર શરૂ કર્યો. બાકી રહેતા ભાઈઓને કચ્છથી બોલાવી, જરૂરી અભ્યાસ કરાવી, પોતાના વ્યવસાયમાં જોડી લીધા.

આ પરિવારે ૧૯૫૯માં નવનીત પબ્લિકેશન્સના નામે પ્રકાશન ક્ષેત્ર શરૂ કર્યું.

ધંધાનો વિકાસ થતાં શ્રી લાલજીભાઈ તથા શ્રી શાંતિલાલભાઈ અમદાવાદ આવ્યા. પાછળથી શ્રી છોટુભાઈ પણ અમદાવાદ આવ્યા અને અહીં પ્રકાશન, પ્રિન્ટીંગ વગેરે વિભાગોને વિશાળ માત્રામાં વધાર્યું.

૧૯૮૭માં શ્રી લાલજીભાઈનું દુઃખદ અવસાન થયું. ત્યારબાદ શ્રી છોટુભાઈએ વિદાય લીધી અને છેલ્લે શ્રી શાંતિભાઈએ વિદાય લીધી.

અમદાવાદ ખાતે હાલે શ્રી રાજુભાઈ, શ્રી કલ્પેશભાઈ તથા શ્રી સંદીપભાઈ અને તેમની પછીની પેઢી કારોબાર સંભાળે છે કે જ્યારે મુંબઈ ખાતે શ્રી બિપીનભાઈ, શ્રી સુનીલભાઈ વગેરે લોકો આ કારોબાર સક્ષમ રીતે સંભાળી રહેલ છે.

૧૮ ડિસેમ્બર, ૧૯૮૪ના નવનીત પબ્લિક લિમિટેડ કંપની બની.

છેલ્લા ૧૫ વર્ષથી તે નવનીત એજ્યુકેશન્સ લિમિટેડના નામે ઓળખાય છે.

હાલે તેઓના ૪૦૦૦થી વધુ પ્રકાશનો થઈ ચૂકેલ છે.

૩૨૦૦થી વધુનો કર્મચારીગણ છે.


સેલવાસમાં સ્ટેશનરી ઉત્પાદન થાય છે કે જ્યાંથી ૨૫ જેટલા રાષ્ટ્રોમાં તેની નિકાસ કરવામાં આવે છે.

૧૫૦૦ કરોડથી વધુનું ટર્નઓવર છે.

આ પરિવારના મોભી શ્રી શાંતિલાલભાઈ ગાલા તેમના ધર્મપત્ની વિમળાબેન, પુત્ર સંદીપભાઈ તથા તેમનો પરિવાર, એક દીકરી અનામિકાબેન તથા બીજી દીકરી રૂપલના પરિવારને તથા સમગ્ર નવનીત પરિવારને વિલાપ કરતાં મૂકી સ્વર્ગે પધારેલ છે ત્યારે આપણે સહુ આ મહા માનવને નત મસ્તકે વંદન કરીએ.

**પ્રતાપ નારાણજી દંડ**
**મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**તથા સમાજના દરેક પરિવારજન**

# ઉત્તરાયણની અનેક માન્યતાઓ અને લોકકથાઓ છે



ડૉ. મિહિર એમ. વોરા

મિત્રો, જાન્યુઆરી મહિનો આવે એટલે આપણને સૌને આપણો પોતીકો તહેવાર ઉત્તરાયણ યાદ આવે અને પતંગ, માંજો, ફીરકી, ઊંધિયુ, તલસાંકળી, શેરડી, બોર, યાદ આવે, અગાસીનું ધાબુ યાદ આવે. રંગબેરંગી ચશ્મા અને તેની પાછળના ચહેરા યાદ આવે. જોરથી વગાડતા ગીત સંગીત યાદ આવે અને જીવદયા પ્રેમી તરીકે પક્ષીઓ પણ યાદ આવે. જે પતંગની દોરીથી ઘાયલ થઈ જાય છે તે યાદ આવે છે.

મિત્રો, એક વાતનું ખાસ ધ્યાન રાખજો કે તમારા પતંગના દોરાથી પક્ષીઓ અને પશુઓ હેરાન થાય નહીં અને કોઈ રાહદારીનો જીવ જાય નહીં અને હા, કપાયેલ પતંગ લેવા માટે દોડતા બાળકો કે તમારો જીવ અગાસી ઉપરથી પડી જતા કે વાહનની અડફેટે જાય નહીં તેવી એક જીવદયા પ્રેમી તરીકેની મારી અપીલ છે. આખા ભારતમાં આ તહેવારને ધામધૂમથી ઉજવવામાં આવે છે. ઉત્તરાયણની અનેક માન્યતાઓ છે અને અનેક લોકકથાઓ છે. જેને આવો, આપણે જાણીએ અને માણીએ.

મહાભારત યુગની પ્રામાણિક આસ્થાઓ પ્રમાણે સર્વવિદિત છે કે તે યુગના મહાન નાયક ભીષ્મ પિતામહ શરીરથી ક્ષત-વિક્ષત હોવા છતાં મૃત્યુશૈય્યા ઉપર પડીને જીવ ત્યાગવા માટે સૂર્યના ઉત્તરાયણ પ્રવેશની રાહ જોઈ રહ્યા હતા. ભીષ્મને ઈચ્છા-મૃત્યુનું વરદાન પ્રાપ્ત હતું. એવી માન્યતા છે કે સૂર્યના ઉત્તરાયણ થવાનો અર્થ મોક્ષનો દ્વાર ખૂલવાનો થાય છે. ભારતીય જ્યોતિષ પ્રમાણે મકર સંક્રાંતિના દિવસે સૂર્ય એક રાશિથી બીજી રાશિમાં થયેલ પરિવર્તનને અંધકારથી પ્રકાશ તરફ થયેલ પરિવર્તન માનવામાં આવે છે. મકર સંક્રાંતિથી દિવસ મોટો થવાને લીધે પ્રકાશ વધુ રહે છે અને રાત્રિ નાની થવાથી અંધકારની અવધિ પણ ઓછી થઈ જાય છે.

ખગોળશાસ્ત્રીઓના પ્રમાણે આ દિવસે સૂર્ય પોતાની કક્ષાઓમાં પરિવર્તન કરી દક્ષિણાયનથી ઉત્તર થઈને મકર રાશિમાં પ્રવેશ કરે છે. જે રાશિમાં સૂર્યની કક્ષાનું પરિવર્તન થાય છે, તેને સંક્રમણ કે સંક્રાંતિ કહેવામાં આવે છે. આપણા ધર્મગ્રંથોમાં સ્નાનને પુણ્ય જનકની સાથે સાથે સ્વાસ્થ્યની દૃષ્ટિએ પણ લાભદાયક માનવામાં આવે છે. મકર સંક્રાંતિથી સૂર્ય ઉત્તરાયણ થઈ જાય છે. ગરમ મોસમની શરૂઆત થવા લાગે છે. એટલે માટે તે સમયે સ્નાન સુખદાયી લાગે છે. મકર સંક્રાંતિ પર્વ ઉપર અલાહાબાદ (પ્રયાગ)ના સંગમ સ્થળ ઉપર દર વર્ષે લગભગ એક મહિના સુધી માઘ મેળો ચાલે છે. અહીં બાર વર્ષમાં એકવાર કુંભ મેળો ભરાય છે. તે પણ લગભગ ૧ મહિના સુધી ચાલે છે. આ પ્રકારે છ વર્ષોમાં અર્ધ કુંભ મેળો પણ ભરાય છે. ભારતવર્ષનો સૌથી પ્રસિદ્ધ મેળો બંગાળમાં મકર સંક્રાંતિ પર્વ ઉપર ગંગા સાગરમાં ભરાય છે. મેળાની પાછળ પૌરાણિક કથા છે કે આ દિવસે ગંગા સ્વર્ગમાંથી ઊતરીને ભગીરથની પાછળ-પાછળ ચાલીને કપીલ મુનિના આશ્રમમાં જઈને સાગરને મળી ગઈ હતી. ગંગાજીના પાવન જળથી જ રાજા સગરના સાંઈઠ હજાર પુત્રોનો ઉધ્ધાર થયો હતો. આ ઘટનાની સ્મૃતિમાં આ તીર્થ ગંગા સાગરના નામથી વિખ્યાત થયું અને દર વર્ષે ગંગા સાગરમાં મેળાનું આયોજન થવા લાગ્યું હતું. દક્ષિણ બિહારના મદાર ક્ષેત્રમાં પણ એક મેળો ભરાય છે. વિભિન્ન પરંપરાઓ અને રીત-રીવાજોને અનુરૂપ મહારાષ્ટ્રમાં એવું માનવામાં આવે છે કે મકર સંક્રાંતિથી સૂર્યની ગતિ તલ-તલ વધવા લાગે છે. એટલે માટે આ દિવસે તલના વિભિન્ન મિષ્ટાન્ન બનાવીને એકબીજાને વહેંચવામાં આવે છે અને શુભ કામનાઓ આપીને તહેવાર મનાવવામાં આવે છે. મહારાષ્ટ્ર અને ગુજરાતમાં મકર સંક્રાંતિ પર્વ ઉપર અનેક ખેલ પ્રતિયોગીતાઓનું પણ આયોજન થાય છે. દક્ષિણ ભારતમાં મકર સંક્રાંતિને પોંગલના રૂપમાં મનાવવામાં આવે છે. આ દિવસે તલ, ચોખા, દાળની ખીચડી બનાવવામાં આવે છે. નવી ફસલના ચોખા તથા મગની દાળ, તલના ભોજ્ય પદાર્થોથી પૂજા કરી કૃષિ દેવતાની પ્રત્યે કૃતજ્ઞતા પ્રગટ કરવામાં આવે છે. કૃષિ અંતર્ગત પશુ આહાર, અન્ન, ફળ, ફૂલ સમૃદ્ધિના મૂળ ઉત્પાદક સ્રોત ગાય અને બળદને સ્નાન કરાવી તેમને સજાવે છે અને પૂજા કરે છે. ત્યારબાદ બળદની લડાઈ થાય છે. તેને મત્તુ પોંગલ પણ કહે છે. તામિલનાડુમાં તમિલ પંચાંગનું નવું વર્ષ જ પોંગલથી શરૂ થાય છે.

આમ, આ ઉત્તરાયણનો તહેવાર અનેક પરંપરાઓથી ભરપૂર છે. આખા ભારતમાં આ તહેવારને ધામધૂમથી ઉજવવામાં આવે છે.

*સંદર્ભ : વિવિધ અખબારી લેખો ઉત્તરાયણની માન્યતાઓ સંબંધી અને વીકિપીડિયા*

***"પરમેશ્વરી", પ્લોટ નંબર ૧૬૫, હોસ્પિટલ રોડ, વિજયનગર એરિયા, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. ● મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫***

# જાહેર સ્થળોએ સલામતીની વ્યવસ્થા



પી. કે. લહેરી

માનવજાતે પૃથ્વી પરની તેની ઉત્ક્રાંતિના સમયથી જ પોતાની સલામતીની કાળજી કરીને - પોતાની સુરક્ષા જાળવીને પ્રગતિનાં સોપાન સર કર્યાં છે. હકીકતમાં જીવમાત્રમાં પોતાના જીવનની રક્ષા માટેની વૃત્તિ અને પ્રવૃત્તિ આપણે નિહાળી શકીએ છીએ. કમનસીબે સાંપ્રત સમયમાં આપણે સલામતીના મુદ્દે અક્ષમ્ય બેદરકારી અને બેજવાબદારી દર્શાવવાને કારણે અનેક લોકોનાં અકુદરતી અને કરુણ મૃત્યુના પ્રસંગો જોઈ રહ્યા છીએ.

તાજેતરમાં માત્ર બે દિવસમાં ત્રણ ઘટનાઓ એવી બની કે આપણને હતપ્રભ કરી મૂકે. દક્ષિણ કોરિયાના પાટનગર સિઓલમાં એક નાની ગલીમાં આયોજિત હેલોવિન પાર્ટીમાં દોડધામ મચી ગઈ અને ૧૫૦ જેટલા લોકોએ જાન ગુમાવ્યા. સુદાનમાં એક આતંકી હુમલામાં બોમ્બબ્લાસ્ટ સાથે ૧૦૦થી વધારે લોકોનાં મૃત્યુ થયા. આપણે ત્યાં મોરબીમાં આવેલા સસ્પેન્શન બ્રિજ - ઝુલતા પુલ પર એકઠાં થયેલાં સહેલાણીઓની ભીડનું પરિણામ એ આવ્યું કે ૧૪૦ વર્ષ જૂનો પુલ ધડાકાભેર તૂટી પડ્યો. મહિલાઓ, બાળકો અને પુરુષો સહિત ૧૩૫ લોકોએ જાન ગુમાવ્યા. આ તમામ કુદરતી ઘટનાઓ તો ન હતી, પરંતુ માનવ દ્વારા થયેલાં કૃત્યોનું ફળ હતું. આપણા મનમાં સ્વાભાવિક રીતે પ્રશ્ન થાય કે કેમ, આપણે સલામતી અંગે આવશ્યક કાળજી નથી લેતા?

આપણા દેશમાં રસ્તાઓ પર નિયમો અને શિસ્તના પાલનના અભાવે તેમજ રસ્તા-પુલની નબળી ગુણવત્તાના કારણે દરરોજ ૪૫૦ જેટલી વ્યક્તિઓ જાન ગુમાવે છે. આગથી, પડી જવાથી, ભીડની ધક્કામુક્કીથી, ડૂબી જવાથી, સર્પદંશથી, કારખાનામાં સલામતીની ઉપેક્ષા એટલી હદ સુધી કરીએ છીએ કે કોઈ બેદરકાર માણસને રોકટોક કરો, તો તેનો જવાબ હોય છે, ‘ચિંતા શાને કરો છો, ભાઈ, પાંચમ માંડી હશે, તો છઠ્ઠ થોડી થવાની છે?’ મૃત્યુ ક્યારે થશે તે સાવ અનિશ્ચિત છે, પણ યમદૂતને સામે ચાલીને નિમંત્રણ આપીએ તેમાં કશું ડહાપણ નથી. આપણા તહેવારોની ઉજવણી હોય, કુંભમેળા હોય, પરિક્રમા હોય, યાત્રા-પ્રવાસ હોય કે મોટાં સભા-સરઘસ હોય, ગમે ત્યારે દુર્ઘટના સર્જાઈ શકે છે. સરકાર ગમે તેટલા નિયમો બનાવે કે ગમે તેટલા અંકુશો મૂકે, પણ લોકો તેની પરવા કર્યા વિના એવી વર્તણૂંક કરે છે કે આપણે આશ્ચર્યચકિત થઈ જઈએ. અકસ્માતો માટે લોકો જવાબદાર છે તે વિધાન અર્ધસત્ય છે. આપણી વ્યવસ્થાની ત્રુટીઓ પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. ખાસ કરીને કારખાનામાં થતા અકસ્માતો કે આગના બનાવોનું વિશ્લેષણ કરીએ તો જણાય છે કે કામગીરી માટે નિશ્ચિત રૂપરેખાનો અભાવ હોય છે.

સલામતી એ આપણા સૌની સહિયારી જવાબદારી છે. નૌકામાં એક મુસાફર કાણું પાડે, તો તે સૌ યાત્રિકોને ડૂબાડી શકે છે. જાહેર સ્થળોએ અકસ્માત થાય છે ત્યારે મૃત્યુઆંક ઘણો ઊંચો હોય છે. આપણા દેશમાં ૧૪૦ કરોડ જેટલા લોકો, વસ્તીની ગીચતા અને સુવિધાઓના અભાવના કારણે વારંવાર દુર્ઘટના સર્જાય - એના નિવારણ રૂપે આગોતરું આયોજન કરતા નથી. આજની સ્થિતિમાં સલામતીના મુદ્દાઓ અંગે ખૂબ વિગતે અભ્યાસ કરીને, અગાઉની દુર્ઘટનાઓનાં કારણો નક્કી કરીને, વ્યવસ્થિત આયોજન કરીએ અને તમામ સંબંધિત વ્યક્તિઓને સમજાવી, તાલીમ અને ચુસ્ત નિરીક્ષણની વ્યવસ્થા કરીએ તો લાખો અપમૃત્યુ નિવારી શકાય તેમ છે. કોઈ પણ કામમાં સલામતીને સર્વોચ્ચ અગ્રતા આપવી જોઈએ.

વ્યાપાર, ઉદ્યોગ કે અન્ય કામ કરતાં સમયે નફો, કાર્યદક્ષતા અથવા તો ચોક્કસ પરિણામની અપેક્ષા વ્યાજબી છે પણ સલામતીના ભોગે તો નહીં જ. હા, આતંકી હુમલા, આગ, પૂર જેવા પ્રસંગોએ બચાવ કામગીરી કરનારી વ્યક્તિઓ જીવને જોખમમાં મૂકીને અન્યને સુરક્ષા પ્રદાન કરે છે. બચાવ કામગીરી કરનારાઓને યોગ્ય તાલીમ મળી હોય, સાધન-સુવિધા હોય તો ઓછા જોખમે તે વધારે ઝડપી અને અસરકારક કામગીરી કરી શકે છે. આપણું ઘર હોય, શાળા હોય, કારખાનું હોય, રસ્તો હોય, વીજ-સાધનો હોય, તે દરેકનો ઉપયોગ કરનારમાં સલામતી જાળવવા માટેની જાગૃતિ હોવી અનિવાર્ય છે.

અમદાવાદમાં એક શિક્ષિત પરિવારમાં રસોડામાં જ્વલનશીલ પ્લાસ્ટિક જેવું આવરણ વાપર્યું હતું. આગના પ્રસંગે તે પદાર્થમાંથી છૂટેલા ઝેરી ગેસથી સમગ્ર પરિવાર મૃત્યુ પામ્યો હતો. અનેક દેશોમાં ‘સેફ્ટી ઓડિટ’ના માધ્યમથી અકસ્માતો નિવારવા માટે સતત તકેદારી રાખવામાં આવે છે. આપણે ત્યાં

કોર્ટના આદેશ બાદ પણ અગ્નિશામક વ્યવસ્થા, રખડતાં ઢોર, રસ્તાની ખરાબ હાલત કે વાહન ચલાવવાના નિયમોના પાલનમાં ઘોર ઉપેક્ષા જોવા મળે છે. વહીવટી તંત્ર અને પ્રજા જો આવી બેકાળજી રાખશે, તો તેનો અંજામ દુઃખદાયક જ આવવાનો.

સલામતીના આયોજનમાં નીચેના મુદ્દાઓ પરત્વે ખાસ કાળજી કરવાની જરૂર છે. દરેક પરિસ્થિતિમાં ક્યાં ક્યાં જોખમ રહેલું છે? આ જોખમનું પરિણામ શું હોઈ શકે? આ જોખમ નિવારવા માટે શું કાળજી-વ્યવસ્થા કરવા જોઈએ? જો કોઈ અકસ્માત બને તો તેનું કારણ શું છે? તે કારણ ભવિષ્ય માટે દૂર કરવા શું કરવું જોઈએ? આ પ્રશ્નોની આગોતરી વિચારણા સલામતી સુનિશ્ચિત કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે. વર્તમાન સમયમાં જો જોખમી પરિસ્થિતિ નિવારવામાં નિષ્ફળતા મળે તો પણ નુકસાનથી કેમ બચી શકાય તેની જોગવાઈ કરેલી જ હોય છે. કોઈ મકાનમાં આગની ચેતવણી આપવા માટે 'સ્મોક ડિટેક્ટર' મૂકવામાં આવે છે. તેના દ્વારા ચેતવણીની સાયરન આપમેળે વાગવા લાગે છે. પણ તેના દ્વારા પાણીનો છંટકાવ, વીજ પુરવઠો બંધ કરવા જેવી કામગીરી પણ સ્વયં સંચાલિત ધોરણે ચાલુ થાય છે.

સલામતી એ આકસ્મિક ઘટના નથી. આ માટે દરેક તબક્કે સચોટ આયોજન અને ચુસ્ત અમલ કરવો જરૂરી છે. 'સાવધાની ટળી અને દુર્ઘટના ઘટી' તે સૂત્ર માત્ર નથી. આ નારામાં સંદેશ સ્પષ્ટ છે કે જાગૃતિ વિના સલામતીની અપેક્ષા રાખવી વ્યર્થ છે. સલામતી માટે જે પરિબળો જવાબદાર છે તેની વિચારણા કરીએ તો સ્પષ્ટ જણાય છે કે ઉતાવળ કરીને, અવિચારી વર્તન કરીને, સલામતીના નિયમો નજરઅંદાજ કરીને અને અકસ્માત બનશે તેની સંભાવના ધ્યાને લીધા વિના કાર્યવાહી થાય, ત્યારે અકસ્માત થવાની શક્યતા વધી જાય છે.

આપણા દેશમાં રસ્તા, રેલવે, જળમાર્ગોના પરિવહનના અનેક અકસ્માતો બને છે. આપણે તેમાંથી બોધપાઠ લઇને જરૂરી ફેરફારો નથી કરતા તેના કારણે દુર્ઘટનાઓનો સિલસિલો ચાલુ રહે છે. મુળભૂત રીતે પરિવહનમાં ઝડપ સાથે બેદરકારીનું તત્ત્વ ઉમેરાય, તો તે જીવલેણ સાબિત થઈ શકે છે. વધારે પડતી ગતિના કારણે ઘણાની 'સદ્‌ગતિ' થઇ જાય છે. ભારતીય રેલવેએ રેલમાર્ગ અને રસ્તા વચ્ચેના તમામ ફાટકો દૂર કરી બ્રિજ બાંધવાનો નિર્ણય લીધો છે, તે સલામતીની દૃષ્ટિએ એક યોગ્ય પગલું છે. રસ્તા પર વાહન ચલાવવાના નિયમો અને તેના ભંગ માટે કડક સજાની જોગવાઈઓ પણ આવકારદાયક છે.

દરેક અકસ્માત એ જટીલ અને વિશાળ પ્રશ્ન પ્રતિ આપણું ધ્યાન આકર્ષિત કરે છે. અકસ્માત બને છે, કારણકે માણસ, સાધનો, જગ્યા અને કામ કરવાની પદ્ધતિમાં ઊણપ છે. સલામતી વિના કામ થાય ત્યારે અનેક લોકોની જિંદગી પર જોખમ પેદા થાય છે. સલામતી એ માત્ર વૈચારિક વ્યાયામ નથી. હજારો લોકોનાં જીવન-મરણનો પ્રશ્ન છે. ખાસ કરીને જાહેર સ્થળોએ કે પ્રસંગોએ જે ભીડ એકત્ર થાય છે, ત્યારે કશુંક અમંગળ બનવાની શક્યતા અનેકગણી વધી જાય છે. સલામતીનો ભંગ થાય, અકસ્માત સર્જાયત્યારે બચાવ-કામગીરી માટે આગળથી આયોજન કરી લોકોમાં સજ્જતા કેળવી હોય તો જાનહાનિ નિવારી શકાય છે અથવા તો તેમાં નોંધપાત્ર ઘટાડો કરી શકાય છે.

સલામતી માટેના આ દસ નિયમોનું પાલન કરીએ, તો આકસ્મિક હાનિથી બચી શકીએ.

૧. તમે તમારી અને સૌની સલામતી માટે જવાબદાર છો.
૨. તમામ અકસ્માતો નિવારી શકાય છે. આપણી બેકાળજી ન હોય તો માનવસર્જિત આપત્તિ ટાળી શકાય છે.
૩. ઉતાવળમાં ટૂંકો રસ્તો લઇને નિયમોનો ભંગ કદી કરવો નહીં.
૪. જો તમે તાલીમબદ્ધ સજ્જતા ધરાવતા નથી તો જોખમી કાર્ય ન કરો તેમાં તમારી અને સૌની સલામતી છે.
૫. તમામ સાધનોનો ઉપયોગ નિયત કરેલી પ્રક્રિયા પ્રમાણે જ કરો. હંમેશાં યોગ્ય સાધનોનો જ ઉપયોગ કરો.
૬. કોઈ પણ કામ શરૂ કરતા પહેલાં તેમાં રહેલાં જોખમો સમજીને કાળજીથી કામ કરો.
૭. તમારા પોશાક, પગરખાં, ઊબડખાબડ રસ્તો, દાદરા, વીજવાયર, લટકતી વસ્તુઓ ઈજા માટે કારણભૂત બને છે. તેથી તે બાબતે વિશેષ કાળજી રાખો.
૮. કામ કરતી વખતે મનોરંજન કે દેખાડો કરવા માટે કોઈ જોખમી હરકત ન કરો. બેજવાબદાર ગમ્મત હાનિકારક છે.
૯. હંમેશાં સલામતી માટે જે કાર્યવાહી જરૂરી હોય તેમાં આળસ કર્યા વિના તે કામો સમય મર્યાદામાં સારી રીતે થાય તે માટે નિયમિત ધ્યાન આપો.
૧૦. અંતમાં, ગુજરાતી કહેવત યાદ રાખો : 'ચેતતો નર (નારી) સદા સુખી.' અમૂલ્ય માનવ જીવનની તમામ ક્ષણો આનંદ અને સુખની અનુભૂતિ માટે છે, તેને ઉપેક્ષા કે બેદરકારીથી ન વેડફી નાંખીએ. ■

*જિંદગીમાં સમયથી વધારે*
*કોઈ પોતાનું અને પારકું નથી હોતું;*
*સમય તમારો હોય તો બધા પોતાના*
*અને સમય તમારો ના હોય તો બધા પારકા !*

# ધર્મનું રાજકારણ ત્યજીને આપણે રાજકારણનો ધર્મ પાળીએ

ભવાનજી ગાલા

એક જમાનાના જીવનમૂલ્યો, માન્યતાઓ કે આદર્શો બીજા જમાનાના આધારે મૂલવી શકાય નહીં. ગીતા જે જમાનામાં લખાઈ હશે અને જે સંદર્ભોથી ગીતાકાર સમજાવવા ઈચ્છતો હશે, તે બાજુએ ધકેલાઈ જાય છે અને દરેક અભ્યાસી પોતાને મનફાવે તેવો અર્થ કાઢીને તેનું અર્થઘટન કરે છે. અનેક વિદ્વાનોએ પોતાના વિચારો ગીતાકારના મુખમાં મૂકી દીધા છે. ગીતા દર્શનમાં શંકરાચાર્યને નિવૃત્તિપરાયણ જ્ઞાનમાર્ગ દેખાય, વૈષ્ણવ આચાર્યોને તેમાં વિવિધ પ્રકારના ભક્તિમાર્ગ સમજાય, સતત પ્રવૃત્તિમાં રચ્યાપચ્યા રહેવાનો ઉપદેશ કર્મયોગ ટીળકે તારવ્યો છે, જ્યારે ગાંધીજીને તેમાં અનાસક્તિ યોગ જણાયો અને વિનોબાજીને તેમાં સમાજસેવાનો ઉપદેશ સમજાયો છે. આ જ રીતે અરવિંદ અને રમણ મહર્ષિએ પણ પોતપોતાના અર્થો તારવ્યા છે. આમ દરેક જમાનાના વિદ્વાનો, અભ્યાસીઓ અને મહાનુભાવોએ પોતપોતાના અનુભવો અને વિચારોના આધારે ગીતાકારના મુખમાં પોતાના શબ્દો મૂકી દીધા છે.

જે રીતે ગીતા જેવા અદ્‌ભુત ગ્રંથની બાબતમાં બને છે, તે જ રીતે આપણા દેશની ચૂંટણીના સમયે આપણા રાજકારણીઓ સમકાલીન અને સર્વકાલીન એવા બંને પ્રકારના તત્ત્વોનો આધાર લઈને નિરર્થક ચર્ચાઓ કરીને જનતાને ગેરમાર્ગે દોરવે છે. એટલું જ નહીં, પણ અખબારોને બિનઆરોગ્યપ્રદ ખોરાક પૂરો પાડે છે. આમે અત્યારના રાજકીય માહોલમાં મોટાભાગના રાજકારણીઓ અને રાજકીય વિવેચકોની ચિકિત્સક વૃત્તિ દબાઈ ગઈ છે અને જનતા સમક્ષ થતી વિકૃત રજુઆતો મહત્ત્વની બની જાય છે.

આઝાદી પછી જેઓ રાજકારણમાં નવેસરથી પ્રવેશ્યા છે, તેમાંના મોટાભાગના રાજકારણીઓને રાજકારણની પૂરી સમજ નથી. આઝાદી પહેલાંના રાજકીય કાર્યકરો આપવાવાળા હતા, ત્યાગી હતા અને પોતાના ખર્ચે આઝાદીની લડતમાં ભાગ લેતા હતા. અત્યારના રાજકીય કાર્યકરો આપવા માટે નહીં, પણ લેવા માટે રાજકારણમાં પ્રવેશ્યા છે. તેઓ ભલે લોકકલ્યાણની વાતો કરે છે, પણ લોકકલ્યાણના કામોનો દેખાડો કરીને પોતાનો સ્વાર્થ સાધતા હોય છે.

અત્યારે અખબારોમાં અને જાહેરમાં રાજકારણની સૌથી વધારે ચર્ચાઓ થાય છે. જેઓ રાજકારણ વિશે કશું પણ જાણતા નથી અથવા ઓછું જાણતા હોય છે, તેઓ પણ નાની પાલખીવાળાની અદાથી ચર્ચામાં ભાગ લેતા હોય છે અને પોતાના મતની રજુઆત કરતા હોય છે. અત્યારે રાજકીય માહોલમાં જે કાંઈ ચર્ચા થાય છે, તે રાજકારણની ચર્ચા નથી. આપણે જેને રાજકારણ તરીકે ઓળખીએ, તે રાજકારણને પણ પોતાનો ધર્મ હોય છે. રાજકારણને સમજવા માટે પ્રથમ રાજકારણનો ધર્મ સમજવો જોઈએ. ધર્મ ત્યારે જ સમજાય, કે જ્યારે આપણે નિ:સ્વાર્થપણે રાષ્ટ્રહિતની દૃષ્ટિએ વિચારીએ. હકીકતમાં રાજકારણ તો સમાજનું શિસ્તતંત્ર છે. માણસને સમાજ વગર ચાલતું નથી. એટલું જ નહીં, પણ માણસ સમાજનું એક અંગ છે. માણસનું પોતાનું કશું હોતું નથી. આપણું શરીર પણ આપણું હોતું નથી, એ પણ સમાજની વ્યવસ્થાના કારણે મળેલ સમાજની દેન છે. આપણી ભાષા, આપણા ખાનપાન, આપણો વેશ, પહેરવેશ, આપણા ધંધા, આપણા ખ્યાલો, વિચારો, આપણા મૂલ્યો, અપેક્ષાઓ કે આદર્શો વગેરે સમાજે આપેલું છે અને સમાજની આ દેન વગર આપણે જીવી શકીએ એમ નથી.

આવા સમાજને ટકાવી રાખવા માટે ઘડાયેલા નીતિનિયમો અને કાયદા કાનૂનને અમલમાં મૂકવા માટે, તેનો અનાદર કરનારને સીધા રસ્તે ચલાવવા માટે સ્થપાયેલા તંત્રને આપણે રાજ્ય કહીએ છીએ. રાજ્ય વગર સમાજ ટકતો નથી અને તેથી અનાદિકાળથી એક યા બીજા સ્વરૂપે રાજ્યની હયાતી જોવા મળે છે. આવા રાજ્યને ટકાવવું સમૃધ્ધ બનાવવું અને બળ અને બુદ્ધિથી તેની રક્ષા કરવી એ રાજ્યની ફરજ છે. આ ફરજ એ રાજકારણનો ધર્મ છે. પણ જ્યારે ધર્મનું રાજકારણ ખેલાય છે, ત્યારે રાજકારણનો ધર્મ પાળી શકાતો નથી. પરિણામે રાષ્ટ્રને નુકસાન થાય છે. ખરેખર રાજકારણ તો સમસ્ત ભારતીય સમાજની ગણશક્તિ છે અને તેની ઉપાસના સમાજના વિકાસ અને કલ્યાણાર્થે કરવામાં આવે, ત્યાં સુધી રાજકારણ સમાજસેવાનો સર્વોત્તમ માર્ગ છે.

આઝાદી અગાઉના રાજકારણમાં જે ત્યાગ, જે તિતિક્ષા, જે ઉદાત્ત ભાવના રાજકીય કાર્યકરોમાં દેખાતી હતી, તે અંગે વિચારીએ, તો રાજકારણના ધર્મનું સાચા અર્થમાં પાલન કરનાર

રાજકીય કાર્યકરો અને આગેવાનો પ્રત્યે માનની લાગણી વધી જાય છે. જ્યારે આજના મોટાભાગના કાર્યકરો ધર્મનું રાજકારણ ખેલીને આપણા તિરસ્કારને પાત્ર બન્યા છે. આમે દેશનું સુકાન ભાજપના હાથમાં સલામત છે, કારણકે કે તેના સુકાની નરેન્દ્ર મોદી હંમેશાં રાષ્ટ્રના હિતમાં વિચારે છે અને એ રીતે અગત્યના નિર્ણયો લે છે. પછી ભલેને તેની રાજકીય કિંમત ચૂકવવી પડે. આમે ગુજરાતની પ્રણાલી છે કે ગુજરાતના રાષ્ટ્રીય નેતાઓએ પ્રાદેશિક હિતોના ભોગે રાષ્ટ્રીય હિતોને પ્રાધાન્યતા આપીને કાર્યો કર્યા છે. છેલ્લા કેટલાય વર્ષોમાં આપણા દેશનું રાજકારણ બહુ કલુષિત થઇ ગયું છે, નૈતિક બંધનો ગૌણ બની ગયા છે. આવા સંજોગોમાં રાષ્ટ્રીય હિતની સામે પ્રાદેશિક હિતો અને પ્રાદેશિક હિતોની સામે વ્યક્તિગત સ્વાર્થી હિતોને ગૌણ સમજીને નિર્ણયો લેવાય એ જરૂરી છે. આવા નિર્ણયો ભાજપ જેવા રાષ્ટ્રીય પક્ષ લઇ શકે છે. એટલે અમે વિરોધ પક્ષમાં રહેલ કોંગ્રેસને આવી જ ભાવનાથી વિરોધ પક્ષની ફરજ અદા કરવા અનુરોધ કરીએ છીએ.

*દેરાસર ફળિયો, ગામ : ફરાદી, વાયા : બીદડા,*
*તાલુકો : માંડવી, કચ્છ-૩૭૦ ૪૩૫.*
*મો. ૯૮૧૯૨ ૩૮૪૨૨*

## આ લૂંટ સામે મીડિયા ચૂપ કેમ છે?

કાળું નાણું બનાવવાની રીતો ખતમ થવી જોઈએ...

હું ડોક્ટર છું. તેથી જ હું બધા પ્રામાણિક ડોક્ટરોની માફી માગું છું.

"....હાર્ટ એટેક આવ્યો હતો.

ડોક્ટર કહે – સ્ટ્રેપ્ટોકીનેઝ ઇન્જેક્શન આપો... ૯,૦૦૦/- રૂ.ના ઇન્જેક્શનની વાસ્તવિક કિંમત રૂા. ૭૦૦/૯૦૦. જ્યારે MRP રૂા. ૯,૦૦૦/- – તમે શું કરશો?

....ટાઈફોઈડ થયો.

ડોક્ટરે કહ્યું કુલ ૧૪ મોનોસેફ લો. હોલસેલ કિંમત રૂા. ૨૫/- હોસ્પિટલના કેમિસ્ટ રૂા. ૫૩/-માં આપે છે. તમે શું કરો છો?

....કિડની ફેઈલ્યોર.

ત્રણ દિવસમાં એકવાર ડાયાલિસીસ કરવામાં આવે છે. ડાયાલિસીસ કરવામાં આવે છે અને ઇન્જેક્શન આપવામાં આવે છે. MRP રૂા. ૧૮૦૦/-

તમને લાગતું હશે કે હું તેને જથ્થાબંધ બજારમાંથી લઈશ...! આખા ભારતમાં શોધું છું પણ ક્યાંય મળતો નથી... કેમ? કંપની માત્ર ડોક્ટરોને જ સપ્લાય કરે છે!

ઇન્જેક્શનની મૂળ કિંમત રૂા. ૫૦૦/- છે પરંતુ તેમની હોસ્પિટલમાં ડોક્ટરની MRP રૂા. ૧૮૦૦/- છે.

તમે શું કરો છો?

...ઇન્ફેક્શન થયું છે. ડોક્ટર દ્વારા સૂચવવામાં આવેલ એન્ટીબાયોટીક રૂા. ૫૪૦/-, રૂા. ૧૫૦/- સમાન અન્ય કંપની તરફથી અને સામાન્ય રૂા. ૪૫/-

પરંતુ કેમિસ્ટ ઇન્કાર કરે છે. અમે કોઈ સામાન્ય દવા આપતા નથી. માત્ર ડોક્ટરનું પ્રિસ્ક્રિપ્શન... એટલે કે રૂા. ૫૪૦/-... તમે શું કરશો?

બજારમાં અલ્ટ્રાસાઉન્ડ ટેસ્ટની કિંમત રૂા. ૭૫૦/-, ટ્રસ્ટ ફાર્મસી રૂા. ૨૪૦/-. રૂા. ૭૫૦/- ડોક્ટરના કમિશનમાંથી ૩૦૦/- રૂા...!

MRI પર ડોક્ટરોનું કમિશન રૂા. ૨૦૦૦/- થી રૂા. ૩૦૦૦/-

ડોક્ટરો અને હોસ્પિટલોની આ લૂંટ, બેફામ, નિર્ભય ભારત દેશમાં ચાલે છે...!

દવા કંપનીઓની લોબી એટલી મજબૂત છે કે તેઓ સીધા જ દેશને બંધક બનાવી રહ્યા છે...!

ડોક્ટરો અને ફાર્માસ્યુટીકલ કંપનીઓ સામેલ છે! બંને સરકારને બ્લેકમેલ કરી રહ્યા છે...!!!

મોટો પ્રશ્ન...

મીડિયા દિવસ-રાત શું બતાવે છે?

ખાડામાં પડેલો રાજકુમાર, ડ્રાઈવર વિનાની કાર, રાખી સાવંત, બિગ બોસ, સાસુ, ક્રાઇમ રીપોર્ટ, ક્રિકેટરની ગર્લફ્રેન્ડ આ બધું બતાવો... **પરંતુ ડોક્ટર કંપનીઓ, હોસ્પિટલ અને દવા બનાવતી કંપનીઓ તેની સ્પષ્ટ લૂંટ કેમ બતાવતી નથી?**

**જો મીડિયા સમાજની મદદે નહીં આવે તો કોણ કરશે?**

મેડિકલ લોબીની ક્રૂરતા કેવી રીતે રોકવી?

શું આ લોબી સરકારને નીચે લાવી રહી છે?

મીડિયા કેમ ચૂપ છે?

૨૦ રૂપિયા વધુ માંગશો તો ઓટોરીક્ષા ચાલકને માર પડશે... તમે ડોક્ટર માટે શું કરો છો???

https://www.facebook.com/DrPardeep-Aggarwal-381141815344043/

*(વોટ્સએપ મેસેજના આધારે)*

# મુંબઇનો ઇતિહાસ

પ્રદીપભાઈ પરમાર

એક સમયે પારસીઓ અને સાહસિક ભાટિયાઓએ વસાવેલા મુંબઇના સમગ્ર મલબાર હિલનું વાર્ષિક ભાડું રૂપિયા ૧૩૦ હતું ત્યારે એ જમાનો હતો જ્યારે મુંબઇમાં ઇરોઝ સિનેમા અને ચર્ચગેટ સ્ટેશનના વિસ્તાર સુધી સમુદ્ર ઘુઘવતો હતો. જુહુ વિલેપાર્લે ડેવલપમેન્ટ સ્કીમમાં રૂપિયા દસ હજાર ખર્ચીને બંગલો બનાવી શકાતો અને થોડાક સો રૂપિયાના ભાડે આખું મલબાર હિલ ભાડે રાખી શકાતું. મૂલચંદ વર્માએ વેરવિખેર પડેલો મુંબઇ નગરીનો ઇતિહાસ એક ખંતીલા સંશોધકની જહેમત તથા નજરથી ભેગો કરીને દળદાર પુસ્તકરૂપે પ્રગટ કર્યો : "નરીમાન પોઇન્ટની પાળ પરથી." આજે જ્યારે મુંબઇના ગુજરાતીઓને મહારાષ્ટ્રના કેટલાક રાજકારણીઓ સેકન્ડ ક્લાસ સિટીઝન બનાવી રહ્યા છે અને ઉપનગરના શાન સમી 'બાળભારતી' જેવી વિદ્યા સંસ્થાના ગુજરાતી સાઈન બોર્ડ પર કાળો કૂચડો ફેરવવામાં પાશવી આનંદ માણી રહ્યા છે ત્યારે દરેક ગુજરાતીએ જાણવું જોઈએ કે આ મુંબઈ શું ચીજ છે અને મુંબઇને બનાવવામાં સદીઓથી ગુજરાતીઓએ કેટલો ગંજાવર ફાળો આપ્યો છે. જે જમાનામાં મરાઠાઓ લૂંટના ઇરાદાથી મુંબઈ પર ચડાઈ કરતા ત્યારે અંગ્રેજ સરકાર મુંબઈના મૂળ વતની ગુજરાતીઓની મદદ લેતી હતી. **કોળી, એંગ્લો ઇન્ડિયન્સ અને ગુજરાતીઓ આ ટાપુના આરંભિક વતની હતા.**

ગુજરાતના સોલંકી રાજા ભીમદેવે ઇ.સ. ૧૦૨૫માં માહિનો પ્રદેશ જીતી નાની રાજધાની સ્થાપી. ત્યાંથી શરૂ થતો મુંબઇનો ઇતિહાસ મૂલચંદ વર્માએ આપ્યો છે. રાજા ભીમદેવ સોલંકી સાથે આબુ - નહરવાલના રાજપૂતો પણ આવ્યા હતા. આ રાજપૂતોએ અત્યારના સી.એસ.ટી. સ્ટેશનવાળા વિસ્તારમાં આબુ પર્વત સ્થિત અંબાજી માતાની સ્થાપના કરી. તેઓ 'હે મહા અંબાદેવી મા' સંબોધન કરીને પૂજા કરતા. સ્થાનિક આદિવાસીઓએ 'મા અંબા મા'નું 'મહા અંબા આઈ' કર્યું અને 'મા અંબા આઈ' પરથી 'મુંબઈ' બન્યું.

આજે મરીન લાઇન્સ સ્ટેશનની પૂર્વમાં જે સોનાપુરનું સ્મશાન છે તે એક જમાનામાં દરિયાકિનારે ગણાતું. કાળક્રમે દરિયો પૂરવામાં આવ્યો અને ક્વિન્સ રોડ, રેલવેના પાટા તથા નેતાજી સુભાષ રોડની પહોળાઈઓ જેટલી જમીન ઉમેરાઈ. લકીલી તે વખતે પર્યાવરણવાદીઓ નહોતા. અન્યથા મુંબઈના ઘરેણા જેવા ક્વિન્સ નેકલેસથી આપણે વંચિત રહી જાત.

નામદાર આગાખાને મુંબઈમાં સૌપ્રથમવાર ઘોડાની રેસ અને ઘોડા ઉછેરની પ્રણાલિકા શરૂ કરી. ખુદ મોરારજી દેસાઈ એકવાર મહાલક્ષ્મી રેસકોર્સ પર ઘોડદોડ જોવા ગયા હતા. જો કે, સાયન્સ ફિક્શનના બેતાજ બાદશાહ એચ. જી. વેલ્સ ૧૯૩૦ના દાયકામાં મુંબઈની મુલાકાતે આવ્યા ત્યારે મોરારજીભાઈ આમંત્રણ હોવા છતાં એમને મળવા ગયા નહોતા અને કવિ બ.ક. ઠાકોર આમંત્રણ સ્વીકારીને વેલ્સને મળ્યા હતા. ક્યારેક ધરતીકંપથી ધ્રૂજી ઉઠતા આ મહાનગરને ભૂસ્તરશાસ્ત્રીઓની નજરે જોવાથી ખબર પડે કે મુંબઈની ધરતીના પેટાળમાં એક સમયે જ્વાળામુખી પર્વત હતો અને તેના અવશેષો ભૂગર્ભમાં ભંડારાયેલા પડ્યા છે. પાષાણયુગમાં મુંબઈ ટાપુઓનું સ્વરૂપ ધરાવતું નહોતું પણ ભારતની મેઈન લેન્ડ સાથે જોડાયેલા એક ભાગરૂપે અસ્તિત્વ ધરાવતું હતું. જ્વાળામુખી ફાટતા ધીમે ધીમે એ જમીનભાગના સાત ટાપુઓ બની ગયા. પાષાણયુગમાં જે હથિયારો અને સાધનો ત્યારના માણસો વાપરાત, તે બૅક-બે અને અન્ય સ્થળોએથી જિયોલોજિસ્ટોને મળી આવ્યા છે.

ઇ.સ. ૧૭૨૮માં આખા મલબાર હિલનું વાર્ષિક ભાડું કેવળ રૂા. ૧૩૦ (રૂપિયા એકસો ત્રીસ પૂરા) હતું. આજની તારીખે આ ભાવે મલબાર હિલમાં એક કલાક માટે બાથરૂમ પણ ભાડે ન મળે. **ગુજરાતી છાપાઓમાં મરણનોંધ છાપવાની પ્રથા ઇ.સ. ૧૮૨૨માં સ્થપાયેલા 'મુંબઇ સમાચારે' શરૂ કરી.** શરૂનાં વીસેક વર્ષ 'મુંબઇ સમાચાર'માં સ્ત્રીઓની મરણનોંધ છાપવામાં આવતી નહોતી. આધુનિક મુંબઇના વિકાસનો પ્રારંભ ૧૬૬૧ની સાલથી થયો. એ વર્ષે પોર્ટુગીઝોએ આખેઆખું મુંબઈ અંગ્રેજોને દહેજમાં આપી દીધું. ઇંગ્લેન્ડનો રાજા ચાર્લ્સ બીજો પોર્ટુગીઝોનો જમાઈ હતો.

ઇ.સ. ૧૮૮૧-૮૨માં મુંબઈમાં કુલ મળીને ૯૦ ટેલિફોન ધારકો હતા. ૧૯૫૧માં ૨૯,૩૦૦ મુંબઇગરાઓ પાસે ફોન હતા. આજે તો એકલા શાહ અટકધારીઓ પાસે એના કરતાં અનેકગણા ફોન છે. મુંબઇમાં ૧૮૭૩ પહેલાં વાહન તરીકે પાલખી અને બળદ ગાડીનો ઉપયોગ થતો. પારસીઓ પાલખી બનાવવામાં એક્સપર્ટ હતા. પાલખીવાળા અટક આ વ્યવસાયે જ અપાવી. ૧૮૭૩માં ઘોડાગાડી આવી. વીસમી સદીમાં મોટરગાડીઓ આવી. ૧૯૦૧માં જમશેદજી તાતા મુંબઈના જ

નહીં, ભારતના સૌપ્રથમ કારમાલિક બન્યા. ૧૯૪૫-૪૬ના અરસામાં વિલે પારલેના પશ્ચિમે ખારા પાણી અને કાદવવાળી, ખાડા ટેકરાવાળી વગડાની જગ્યા હતી. ૧૯૬૦-૬૧માં વિષ્ણુભાઈ દેસાઇ અને વૈકુંઠભાઈ મહેતાના પ્રતાપે જુહુ વિલેપાર્લે ડેવલપમેન્ટ સ્કીમ (Juhu Scheme) તૈયાર થઇ. શરૂમાં પાંચસો રૂપિયા ભરવાના, પછી હપ્તે હપ્તે. આ ગાળા દરમ્યાન એક બંગલો દસ હજાર રૂપિયામાં બની જતો. એ જ બંગલાની કિંમત આજે કરોડોમાં બોલાતી થઈ ગઈ છે.

મલબાર હિલની ટેકરી પર ગોવાળો ઢોર ચરાવવા જતા. નીચે ઊતરીને એક તળાવ પર ઢોરો પાણી પીતા. એ તળાવ ગોવાલિયા ટેન્ક નામે ઓળખાયું અને વીસમી સદીમાં તળાવ પૂરીને એના પર બગીચા બન્યા. જેને પાછળથી નામ અપાયું ઓગસ્ટ ક્રાંતિ મેદાન. ૧૭૮૭માં મુંબઈમાં પહેલી પોસ્ટ ઓફિસ શરૂ થઈ. પોસ્ટ માસ્ટરને પગાર નહોતો મળતો. પત્ર મોકલવા માટે જે ફી આવતી તેના પર જ આધાર રાખવો પડતો.

૧૮૨૨માં મલબાર હિલ પરથી એક વાઘ ઊતરીને ગામદેવી થઈ ગોવાળિયાના તળાવમાં પાણી પીવા આવ્યો હોવાના ઉલ્લેખો છે. વીસમી સદીના આરંભમાં તાડદેવ ખાતે એક વાઘ ઝાડીમાં જોવામાં આવ્યો હતો. વાઘના ગયા પછી તાડદેવ ફોરજેટ હિલના આ વિસ્તારમાં ગઈ સદીના ઉત્તરાર્ધમાં જ્યોતીન્દ્ર દવે, હરીન્દ્ર દવે અને તારક મહેતા જેવા સારસ્વતો વસ્યા.

૧૬૬૪માં અંગ્રેજોએ મુંબઇ પોતાના હસ્તક લીધું ત્યારે કુલ વસતિ ૧૫,૦૦૦ની હતી. આજે એકલા બોરીવલીના યોગીનગર વિસ્તારમાં એથી વધુ લોકો વસે છે. ૧૬૯૭માં વસતિ લગભગ સાડા ચાર ગણી થઈ ગઈ – ૭૦,૦૦૦ જેટલી. ૧૮૯૧માં ૮,૨૧,૭૬૪ની વસતિ હતી. આઠ પાંચની ચર્ચગેટ લોકલમાં મુંબઇનો ઇતિહાસ વાંચતી વખતે અમુક રાજાએ માહીમ પર ચડાઈ કરી અને બીજાએ બાંદરા સર કરી લીધુંના ઉલ્લેખો વાંચીએ છીએ ત્યારે બારીની બહાર એ સ્ટેશનો પસાર થઈ જાય છે. વાચકના મનમાં કૌતુકભર્યો રોમાંચ પ્રગટ થાય છે. મલબાર હિલ નામ કેવી રીતે પડ્યું? મલબારી ચાંચિયાઓ અરબી સમુદ્રમાં ફરતા વહાણો લૂંટીને અત્યારે મલબાર હિલ નામે ઓળખાતી ટેકરીની આસપાસ વહાણો લાંગરતા અને જંગલમાં છુપાઈ જતા.

મુંબઇને નિહાળવા એક વિશેષ નજર જોઈએ. બોરીવલી સ્ટેશનેથી ઉત્તર-પશ્ચિમે બે-એક કિલોમીટરના અંતરે એક્સર આવ્યું છે. ત્યાં પથ્થરની ભીંત પર ચાર લાંબા લાંબા વહાણોનો કાફલો ચીતરવામાં આવ્યો છે. આ વહાણો જાણે સામસામે આક્રમણ કરવા આવી રહ્યા છે. ઇતિહાસકારોનો મત છે કે આ ચિત્ર બારમી સદીનું છે. આ ચિત્રો આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઇન્ડિયાની ઓફિસમાં જોવા મળે. બોરીવલી એક સમયે ધીકતું બંદર હતું. અહીંથી તોતિંગ વહાણોમાં હાથીઓ અને ઘોડાઓ ચડાવવામાં આવતા.

ઓગણીસમી સદીમાં મુંબઈમાં પ્લોટ નહોતા ખરીદાતા, આખા ને આખા ગામ ખરીદાતા હતા. ફરામજી કાવસજી બનાજીએ ૧૮૨૯માં પવઈ ગામ ખરીદ્યું. ૧૮૧૭માં કાવસજી માણેકજી એશબર્નરે ભાંડુપ ખરીદ્યું. ૧૮૦૮માં હોરમસજી બમનજી વાડિયાએ કુર્લા વેચાતું લીધું. ૧૮૬૯માં બેરામજી જીજીભાઈએ આખું ગોરેગામ ખરીદી લીધું અને ૧૮૦૬માં અરદેશર દાદી શેઠ મલાડના માલીક બન્યા. આજે દાદી શેઠના નામે એસ.વી. રોડ પરની મલાડની ન્યુ ઇરા ટોકીઝથી બાબુલીનના મકાન તરફ જાઓ તો એક નાનકડી ગલી જોવા મળે છે. ગુજરાતીઓ હવે 'વ્યાપાર' કે 'મોનોપોલી'ની ગેમ રમતી વખતે જ આવી 'ખરીદી' કે 'લે-વેચ' કરી શકે છે.

જમશેદજી ન. તાતાએ ૧૯૦૪માં પાંચ લાખ પાઉન્ડના ખર્ચે તાજમહેલ હોટલ બંધાવી. તે વખતે તાજના પંખા વિનાના ડબલ રૂમનું ભાડું રોજના ૧૨થી ૧૮ રૂપિયા હતું. મહિનાનું ભાડું રૂા. ૩૦૦થી ૪૫૦. એમાં રોજના ત્રણ વખતના ભોજનનો ખર્ચ પણ આવી જતો. પંખાવાળા રૂમનો ચાર્જ રોજના રૂા. ૨૮ અને મહિને રૂા. ૫૫૦થી રૂા. ૭૬૦ હતો. આ રૂમમાં બે જણા રહી શકતા.

મુંબઇમાં અમીચંદ ગોવિંદજીએ ૧૭૮૦માં મીઠાઈની પહેલવહેલી દુકાન શરૂ કરી. એ દુકાનનો હલવો મુંબઈના હલવા તરીકે દેશવિદેશમાં વખણાયો. આ એ મુંબઈ છે જ્યાં ગાંધીજી મહાત્મા બનતા પહેલાં મિસ્ટર એમ.કે. ગાંધીને નામે ઓળખાતા અને શાકભાજી ખરીદીને પોતાની બ્રીફકેસમાં ભરતા એવું મૂલચંદ વર્મા 'નરીમાન પોઇન્ટની પાળ પરથી'માં નોંધે છે! ■

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પાલડી ભવનમાં રૂમ બુકિંગ અથવા સમાજની કોઈપણ પ્રવૃત્તિ (મેડિકલ સિવાય)ની માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો**

**(079) 4890 6002, (079) 4890 6003**
**(079) 4890 6004, (079) 4890 6005**

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**મેડિકલ સેન્ટર અંગેની કોઈપણ માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો.**

**(079) 4890 6001**
**(079) 4890 6006**

# યથા નામ તથા ગુણ : નિર્મળાબહેન ગાંધી

ડૉ. પૂર્વી ગોસ્વામી

*પૂ. બાપુના પુત્ર રામદાસ ગાંધીના ધર્મપત્ની નિર્મળાબહેનને મનુભાઈ પંચોળીએ અંજલી આપતા કહ્યું હતું કે, 'માણસની અસર જાય પણ તેની સ્મૃતિ અમર છે. નિર્મળાબહેને પોતાના દૈવી શ્વસુરની સ્મૃતિ ભક્તિભાવે સાચવી.'*

મધ્યમ કદના, ગૌર વર્ણ, જાતે કાંતેલા સુતરની સફેદ ખાદીની સાડીમાં સજ્જ નિર્મળા માતાજીનું તો સાદું સરળ વ્યક્તિત્વ હતું પરંતુ ગૌરવપ્રદ, ઉજ્જવળ હાસ્ય, વાત્સલ્ય નીતરતી આંખો અને સ્નેહસભર વાણીથી તે સૌને પોતાના બનાવી લેતા.

વર્ષ ૧૯૧૦નો સપ્ટેમ્બર મહિનો હતો. લખતર (જિલ્લો : સુરેન્દ્રનગર) - સૌરાષ્ટ્રના નગરશેઠ તલકશી બેચરજીની દીકરીના ઘરે લક્ષ્મી અવતરી. જેનું નામ રાખ્યું નિર્મળા. સૌ તેને 'નિમુ' કહીને બોલાવતા. બાલ્યાવસ્થામાં જ પિતાનું અવસાન થતાં નિમુનો ઉછેર નાનાને ત્યાં થયો. તલકશી પૂ. બાપુના જૂના પરીચિત હોવાથી સાબરમતી આશ્રમમાં આવજાવ ચાલુ રહેતી. આશ્રમમાં નિમુના ફઈબા કાશીબહેન (ગાંધીજીના ભત્રીજા પ્રભુદાસભાઈના પત્ની) રહેતાં એટલે નિમુ આશ્રમની પ્રવૃત્તિોથી પરીચિત થઈ શકી હતી અને આ કારણોસર આશ્રમી કેળવણી અને દેશપ્રેમી મહાનુભાવોના સાનિધ્યનો લાભ તેને બાળપણથી જ મળતો રહ્યો.

ઉંમર લાયક થતાં તેના લગ્ન ગાંધીજીના પુત્ર અને શાંત યોગીસમા રામદાસ ગાંધી સાથે ૨૭મી જાન્યુઆરી, ૧૯૨૮, વસંત પંચમીના રોજ થયા હતા. ફક્ત ૯૦ મિનિટની વિવાહ વિધિમાં વર-વધૂએ એકબીજાને મંગળમાલા પહેરાવી દીધી. બાપુએ તો આશીર્વચનમાં શ્રીમદ્ ભગવદ્ગીતા, આશ્રમ ભજનાવલી અને બે તકલીઓ જ ભેટ આપી હતી. તેમણે દંપતીને લગ્ન સમયે આશીર્વાદ આપતા કહેલું કે, 'તમારું જીવન માતૃભૂમિની સેવામાં વીતે. જ્યાં સુધી શરીરમાં પ્રાણ રહે ત્યાં સુધી તમારે સેવાકાર્યમાં લાગેલા રહેવું જોઈએ.' ગાંધીજી અને કસ્તુરબાના પુત્રવધૂ સ્વરૂપે અને રામદાસભાઈના જીવનસંગીની સ્વરૂપે નિર્મળાબહેનમાં આશ્રમી જીવનના સંસ્કાર, અબોલ ત્યાગ અને નિસ્પૃહ સેવાભાવના સંપૂર્ણપણે વિકસ્યા. આ દંપતીએ લગ્ન પછી બારડોલી આશ્રમમાં પોતાનું સ્વતંત્ર ઘર વસાવ્યું. મર્યાદિત આવકમાં પણ સ્વાદિષ્ટ ભોજન તૈયાર કરવાની અને સ્નેહપૂર્વક જમાડવાની અતિથિ સત્કારની ભાવના તો નિમુબહેનમાં પહેલેથી જ હતી. સરદાર વલ્લભભાઈ પટેલ, મહાદેવભાઈ દેસાઈ વગેરે જેવા દેશના અનેક નેતાઓ - સત્યાગ્રહીઓ તેમનાં હાથની રસોઈ ખાવા અચૂક આવી પહોંચતા.

મીઠાના સત્યાગ્રહ સમયે રામદાસભાઈની ધરપકડ થઈ અને સરકારે નિમુબહેનને અને તેમની નાની બાળકીને પહેરેલા કપડે ઘરમાંથી કાઢી મૂક્યા. ત્યારે નિર્મળાબહેન ખૂબ દુઃખી થઈ ગયા હતા પરંતુ તેમણે હિંમત રાખી અને સાબરમતી આશ્રમમાં રહીને આશ્રમી સેવામાં મન પરોવી દીધું. ત્યાં તેમણે ખાદી ભંડાર સંભાળ્યો. સરકારે એ પણ જપ્ત કરી લીધો. તે પછી તેઓ પિતાને ત્યાં લખતર જતા રહ્યા. ત્યાં પણ તેમણે વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે પ્રૌઢ શિક્ષણ, બાળ વિકાસની પ્રવૃત્તિઓ તથા કાંતણ જેવી પ્રવૃત્તિઓ ચાલુ રાખી. તે વખતે તેમની ઉંમર માત્ર વીસ વર્ષની હતી. તેઓ સત્યાગ્રહની બધી લડતમાં ભાગ લેતા હતા અને તેથી તેમને જેલ જવું પડતું. આ જોઈને એકવાર બાપુએ તેમને સમજાવ્યા કે, 'રાષ્ટ્ર માટેની સેવા કરવાની ઉંમર હજુ પૂરી નથી થઈ. નાની બાળકીને મોટી કરી લ્યો પછી સેવામાં કૂદી પડજો.' ૧૯૨૮થી ૧૯૩૨ વચ્ચેના સમયગાળામાં રામદાસભાઈના સત્યાગ્રહમાં ભાગ લેવાને કારણે ત્રણ વાર જેલમાં જવાનું થયું અને ત્રણેય વાર તેમનું ઘર જપ્ત થયું. દરેક વખતે નિર્મળાબહેને સહજ રીતે પરિસ્થિતિને સંભાળી અને વિચલિત થયા વિના સાબરમતી આશ્રમમાં રહેવા ચાલ્યા ગયા.

૧૯૩૪ સુધીમાં નિર્મળાબહેન અને રામદાસના પરિવારમાં ત્રણ સંતાનોનો પ્રવેશ થઈ ચૂક્યો હતો. કનુભાઈ, સુમિત્રાબહેન અને ઉષાબહેન. બાળકો નાના હોવાને કારણે નિર્મળાબહેન સત્યાગ્રહમાં ભાગ લઈ શકેલા નહીં પરંતુ બહાર રહીને બહેનોની સભાનું આયોજન કરતા, રેંટિયા વર્ગ ચલાવતા અને જરૂર પડે ત્યારે રાજદ્વારી કેદીઓને ટિફિન પણ મોકલતા.

૧૯૩૬માં ગાંધીજી વર્ધાથી ૧૦ કિ.મી. દૂર ગામડે રહેવા ગયા હતા અને ત્યાં તેમણે 'નઈ તાલીમ'ના વિચારને ગ્રામ

કેળવણીના સંદર્ભમાં વિશિષ્ટ ઘાટ આપ્યો. સંતાનોના અભ્યાસ ને ઉછેર માટે રામદાસભાઈએ નાગપુરમાં નોકરી લીધી. આમ સ્વાશ્રયી જીવન શરૂ થયું. નાગપુર વર્ધાની નજીક હોવાને કારણે નિર્મળાબહેન બાપુ અને બા પાસે અવારનવાર પહોંચી જતા. રામદાસભાઈને આશ્રમ છોડતી વખતે પૂજ્ય બાપુએ બે વાત કહેલી : '(૧) મારા નામનો ઉપયોગ કર્યા વિના નોકરી શોધવી, (૨) સંતાનોનો અભ્યાસ પૂરો થયા પછી પાછા સેવાગ્રામ આશ્રમમાં જઈને રહેવું.' નિર્મળાબહેને પણ આ બંને વચનોનું અક્ષરશઃ પાલન કર્યું હતું.

નાગપુરનો નિવાસ એ સમયે દંપતી માટે કઠોર પરિશ્રમ અને આર્થિક સંકડામણનો હતો. તેમ છતાંય તેઓએ ધીરજ અને સમતાની સાથે સંતાનોને યોગ્ય શિક્ષણ આપ્યું, યોગ્ય સંસ્કારોનું સિંચન કર્યું અને પોતાનું ગૃહસ્થજીવન સ્નેહભર્યું બનાવી રાખ્યું.

નિર્મળાબહેનની એક જ ઇચ્છા હતી, ખૂબ ભણવાની. ૧૯૩૭માં કેલનબેક રામદાસભાઈને આફ્રિકા લઈ ગયેલા ત્યારે કસ્તુરબાએ બાળકોને સંભાળ્યા અને નિર્મળાબહેનને દહેરાદુનના કન્યા ગુરૂકુળમાં ભણવા મોકલ્યા હતા. ત્યાં તેઓએ હિંદી કોવિદ અને સંસ્કૃત વિશારદની પરીક્ષા પાસ કરી અને પાછળથી જરૂર પૂરતી અંગ્રેજી ભાષા પણ શીખી લીધી.

સેવાગ્રામ આશ્રમ મહાત્માજીનું ત્રીજું વિરાટ પગલું હતું. રામદાસભાઈ તો આશ્રમના સેવાકાર્ય સાથે જોડાયેલા હતા જ. નિર્મળાબહેન પણ ગૃહસ્થાશ્રમની અને સંતાનોની જવાબદારીઓ પૂર્ણ કરીને સેવાગ્રામ આશ્રમમાં જઈને વસ્યા. ગાંધીજી પછી વિનોબાજી અને ત્યારબાદ નિર્મળાબહેન અહીં સાદાઈથી રહ્યા. દેશ-વિદેશના અગણિત મુલાકાતીઓ માટે માતાજી પ્રેરણાસ્રોત બની રહ્યા.

૧૯૬૯માં રામદાસભાઈની ચીર વિદાય પછી નિર્મળાબહેન ગાંધીજીના સવાયા પુત્રરૂપે જવાબદારીઓ નિભાવી, તેમના આદર્શોને પૂરી શ્રદ્ધા સાથે સમર્પિત બનીને સેવાગ્રામની જવાબદારીમાં વહન કરી દીધા. સેવાગ્રામમાં તેમને સૌ 'માતાજી' કહીને સંબોધતા હતા. સૌના સુખદુઃખ સમજવાની સ્ત્રીસહજ સંવેદના અને હસતા-હસતા પોતાના વિચારો રજૂ કરવાની આગવી સૂઝ તેમનામાં હતી જેનો અનુભવ આશ્રમમાં વસતા સૌ લોકોને થયો હશે.

નિર્મળાબહેનનું વ્યક્તિત્વ 'યથા નામ તથા ગુણ' જેવું નિર્મળ અને ગૌરવાન્વિત હતું. તેમના મનમાં સ્ત્રીજાગૃતિ અને બાળ કલ્યાણ પ્રત્યે ઉંડી ભાવના હતી. મહિલાઓને સમાજની કુરૂઢીઓ, દહેજપ્રથા, નિરક્ષરતા વગેરે વિશે સતત સમજાવતા રહેતા. કુદરતી ઉપચારમાં તેમને ઘણી શ્રદ્ધા હતી. દેશ અને દુનિયાથી પૂરા અવગત રહેનારા માતાજીનું વાંચન ઘણું સારું હતું.

ગૌરક્ષા સત્યાગ્રહમાં તેમણે સક્રિય સહકાર આપ્યો હતો. અનેક સામાજિક સંસ્થાઓ અને કસ્તુરબા ટ્રસ્ટના મહિલા કેન્દ્ર સાથે પણ તેઓ સંકળાયેલા હતા. આવી મહાન વ્યક્તિ હોવા છતાં નામના અને કીર્તિથી તેઓ સદાય દૂર રહ્યા. તેમણે જીવનમૂલ્યોમાં ક્યારેય બાંધછોડ કરી નહોતી. જીવનના અનેક ઝંઝાવાતો વખતે પણ તેઓ સ્વસ્થ રહી શકતા હતા તેનું કારણ ઈશ્વર પરની ઊંડી શ્રદ્ધા હતી. અંતિમ દિવસોમાં બીમારી વખતે અસહ્ય વેદના થતી ત્યારે પણ તેઓ પ્રભુ ભજનમાં મન પરોવી દેતા.

અંતિમ શ્વાસ સુધી તેમણે સેવાગ્રામ આશ્રમમાં રહી સંચાલકીય સેવા કરી. ત્યાં જ ૨૧મી ઓગસ્ટ, ૨૦૧૮ના દિવસે માતાજીએ અંતિમ શ્વાસ લીધા અને આ સાથે ગાંધીયુગની એક મહત્ત્વપૂર્ણ પેઢીનો અંત આવી ગયો. નિર્મળાબહેનને મનુભાઈ પંચોળીએ અંજલી આપતા કહ્યું હતું કે, "માણસની અસર જાય પણ તેની સ્મૃતિ અમર છે. નિર્મળાબહેને પોતાના દૈવી શ્વસુરની સ્મૃતિ ભક્તિભાવે સાચવી." નિર્મળાબહેન – માતાજી, ગાંધીજીના પુત્રવધૂ માત્ર નહોતા પરંતુ ગાંધીજીના વિચારો અને આદર્શોને પોતાના જીવનમાં ઉતારનારા સાચા ગાંધીજન હતા.

*સાભાર : શાશ્વત ગાંધી – ડૉ. ઉષા રામનારાયણ પાઠક.*
*ઈતિહાસ ગૂર્જરી : ડૉ. આરતી પંડ્યા, ડૉ. વિષ્ણુ પંડ્યા*

**ગિરીરાજ એન્ટરપ્રાઇઝ,**
**ન્યુ સ્ટેશન રોડ, ભુજ, કચ્છ.**
**મો. ૯૮૨૫૭ ૯૨૦૪૮**

## શૂન્યના સરવાળા નથી હોતા

*બહારથી દેખાય, એટલા ભીતરથી રૂપાળા નથી હોતા*
*સંબંધો બધા તમે માનો છો તેટલા હુંફાળા નથી હોતા.*

*ભૂલી જાઓ, કે તમારો સૂર્ય મધ્યાહ્ને હતો એક દિવસ,*
*આથમતા સૂરજના કંઈ બહુ અજવાળા નથી હોતા.*

*અવગણના થાય, તો આંખ આડા કાન કરજો પ્રેમથી,*
*એવું ઘર ક્યાં મળે, જ્યાં લોહી ઉકાળા નથી હોતા.*

*ઉંમર ભલે વધે, પણ અભરખા થોડા ઓછા રાખજો,*
*જપી જાવ, પહેલા જેવા યૌવનના ઉછાળા નથી હોતા.*

*અહમ ઘવાશે, ક્યારેક ઈગો પણ ટકરાશે આવેશમાં,*
*સ્વમાન સાચવજો, સહુ કંઈ સંયમવાળા નથી હોતા.*

*અફસોસમાં નીકળી જશે આયખું આખું, એમ ને એમ,*
*માણો મનભરી, જિંદગીના દરેક રંગ ધોળા નથી હોતા.*

*મિત્રો! જિંદગી અને ગણિતને જોડશો તો ખાશો ખતા,*
*લેણદેણ હશે તો લેશો, બાકી 'શૂન્ય'ના સરવાળા નથી હોતા.*

**– શૂન્ય પાલનપુરી**

# સૂતેલા સિંહના મોંમા...

મૂ.લે. : સુધા મૂર્તિ
★
ભાવાનુવાદ :
સોનલ મોદી

અમે નાના હતા ત્યારે દાદાના મોંએથી એક સંસ્કૃત શ્લોક અમને વારંવાર સાંભળવા મળતો. અમે ભાઈ-બહેન અનેકવાર દાદાની મજાક પણ કરતાં. જ્યારે દાદા એ સુભાષિત બોલે એટલે અમે ‘પચાસ’, ‘સો’ એવું બોલીને એકમેકને તાળી આપીએ. અર્થાત્ આ પચાસમી વાર કે સો મી વાર તમે અમને સંભળાવ્યું. એ શ્લોક આ મુજબ હતો :

*अद्यमेन हि सिध्यन्ति, कार्याणि न मनोरथैः ।*
*न हि सुप्तस्य सिंहस्य, प्रविशन्ति मुखेमृगाः ॥*

વાચકો, તમને ખબર જ હશે કે અર્થ કંઈક આવો છે : ‘પ્રયત્નથી, મહેનતથી જ કાર્યો સફળ થાય છે. ફક્ત શેખચલ્લીની જેમ દીવાસ્વપ્નો જોવાથી, ઈચ્છાઓ કરવાથી નહીં. સૂતેલો સિંહ ગમે તેટલો બળવાન હોય તો પણ હરણાં તેના મોઢામાં કૂદી પડતા નથી. ખાવા માટે સિંહે પણ મહેનત કરવી પડે છે.’

આજે એક એવો પ્રસંગ બની ગયો કે દાદાના એ શબ્દો યાદ આવી ગયા. હું વર્ષોથી કોમ્પ્યુટર સાયન્સ ભણાવું છું. પ્રોફેસર તરીકે આટલા વર્ષમાં કેટલાય વિદ્યાર્થીઓના અંગત પરિચયમાં પણ આવવાનું થયું છે. બધાના નામ-ઠામ, દેખાવ યાદ ન રહે, પણ અમુક વિદ્યાર્થીઓ સ્મૃતિપટ પર અંકિત થઈ જાય. તેમની હોંશિયારી જ કારણભૂત ન હોય, પણ મોટેભાગે એ તેઓ બીજાથી અલગ હોય તેથી યાદ રહી જાય.

મેં ભણાવવાનું શરૂ કર્યું. તેવામાં જ કદાચ પહેલી જ બેચમાં એક હરીશ નામનો વિદ્યાર્થી મને ‘ભટકાયો.’ ‘ભટકાયો’ શબ્દ વાપરવાનું કારણ એ કે હું તેને ટીચર તરીકે સાચવું તે કરતાં તે મને વધારે પટાવી લેતો. માલદાર કુટુંબનો નબીરો. એકનો એક. કંઈક અંશે મોઢે ચડાવેલ પણ ખરો. મારો પીરીયડ મોટેભાગે સવારે નવ કે દસ વાગે હોય. હું ખાસ કોલેજમાં વિનંતી કરીને આ સમય માંગતી હતી. જેથી વિદ્યાર્થીઓ જ્યારે તરોતાજા હોય, વિષય સમજાઈ જાય.

શરૂશરૂમાં તો હરીશ મારો વિદ્યાર્થી છે તે મને ખબર જ ન હતી. ભાઈ ક્લાસમાં હોય તો દેખાય ને?! મેં ક્લાસ ટેસ્ટ લેવાની જાહેરાત કરી હોય, કે કોલેજ એક્ઝામ હોય, ત્યારે ભાઈ ઈદના ચાંદની જેમ દેખા દે. દોડતો મને મળવા આવે. ‘મેડમ, હાજરી ખૂટે છે. તેથી પરીક્ષામાં બેસવા નથી દેતા. પ્લીઝ... પ્લીઝ... હાજરી પત્રકમાં સહી કરી આપોને! મારું વર્ષ બગડશે મેડમ. હું તો તમારા દીકરા જેવો છું.’ બોલવામાં એવો મીઠડો ને ચાલાક, કે મને પાણી પાણી કરી નાંખે. થોડી આનાકાની પછી હું સહી કરી આપું અને હરીશ પરીક્ષામાં બેસે. હંમેશાં ફર્સ્ટ ક્લાસ લાવે જ.

ફરી પરીક્ષા આવે અને ફરી હરીશનું નાટક ચાલે. હું ધરાર કહી દઉં, ‘આ વખતે તો નહીં જ ચાલે. હાજરી તો પૂરી કરવી જ પડશે. શિસ્ત જેવો કોઈ શબ્દ તારા શબ્દકોશમાં છે ખરો?’ હરીશ નરમ ઘેંસ જેવો થઈ જાય. ફરી જીભ પર સાકર સાથે મને માખણ ચોપડવાનું શરૂ થાય. ‘મેડમ, તમારી વાત સાવ સાચી છે. બસ, છેલ્લી વાર માફ કરી દો. આવતા સેમેસ્ટરમાં તમારો એક પણ ક્લાસ હું પાડું તો આ મારી ગરદન અને તમારી તલવાર. બહેન, થોડી ભૂલ તો ભગવાન પણ માફ કરી દે છે. ‘માણસ માત્ર ભૂલને પાત્ર’ એવું તમે જ અમારા દાખલા ખોટા પડે ત્યારે નથી કહેતા?’

મારા ગુસ્સા પર ઠંડુ પાણી ફરી વળે. સૂર્ય ઊગતાની સાથે બરફ પીગળી જાય તેમ હરીશના નાટકથી હુંય પીગળી જાઉં. મનમાં થાય, બિચારાનું વર્ષ બગડે તેના કરતાં તો એક સહી કરી દઉં તો શું ખોટું? શિક્ષકો અંતે તો વિદ્યાર્થીનું ભલું જ જોતા હોય છે. નિયમોની ઐસીતૈસી કરીને, મારા સ્વભાવ વિરૂદ્ધ હું હાજરી પત્રકમાં તેની ખોટી ખોટી હાજરી ભરી દઉં અને દર સેમિસ્ટરના અંતે ફરી ફરી આ નાટક ભજવાય. પરીક્ષા પતે પછી હરીશ એકાદ અઠવાડિયું નિયમિત હાજરી આપે પણ ખરો... વળી પાછું જૈસે થે અને બહાના તો એવા કાઢે કે મને દયા આવી જ જાય. દર વખતે નવાં નવાં બહાના કાઢે.

એકવાર આ નાટકથી કંટાળીને મેં તેના માતા-પિતાને મળવાનું નક્કી કર્યું. બંને ખૂબ ખાનદાન લાગ્યા. મેં માંડીને વાત કરી. ‘હરીશ ખરેખર હોંશિયાર છે. જરાય મનસ્વી નથી. બધી રીતે સારો છે પણ તેનામાં શિસ્તનો સદંતર અભાવ છે. બધા ક્લાસ અને કમ્પ્યુટર લેબના પીરીયડોમાં નિયમિત હાજરી આપે, તો પ્રથમ આવે તેવો છે. હું તેને સમજાવવામાં તો નિષ્ફળ ગઈ છું. હવે મામલો તમે જ હાથમાં લો. સવારે તે ઊઠી જ નથી શકતો. તેના જીવનનો, તેની કારકિર્દીનો સવાલ છે.’

હરીશના પપ્પા મોટા બિઝનેસમેન હતા. ખૂબ જ બીઝી રહે. મેં જે કાંઈ કહ્યું તે સાંભળ્યું ન સાંભળ્યું કરીને કહે, 'મેડમ, પરીક્ષામાં પાસ તો થઈ જાય છે ને! તમતમારે મૂકોને પૈડ. આ ઉંમરના છોકરા કંઈ આપણું સાંભળતા હશે? ખત્તા ખાઈને શીખશે.'

પણ હરીશની મમ્મીની આંખમાં ઝળઝળિયાં આવી ગયા. 'મેડમ, મા તરીકે મારી નિષ્ફળતા હું સ્વીકારું છું. હરીશ મારું કાંઈ જ સાંભળતો નથી. આખી રાત તેના રૂમમાં મ્યુઝીક ચાલુ જ હોય. ફોન ચાલુ હોય. બાર વાગે તો તેના અમુક રખડેલ મિત્રો આવે. વાતો કરે, બહાર જાય. સવારે છ વાગે હું મંદિર જવા નીકળું ત્યારે તો અમારો કુંવર ઊંઘવા જતા હોય. તમારા ક્લાસમાં નવ વાગે આવે ક્યાંથી? હું કંઈ કહેવા જાઉં તો વડચકા ભરે. 'મા, તું માથુ ખા મા, કચકચ બંધ કર.'

હરીશના મમ્મી-પપ્પા મારી હાજરીમાં જ ઝઘડી પડ્યા. તેના પપ્પા કહે, 'મા થઈને જો તું તારા એક દીકરાની સંભાળ ન લઈ શકે, તો ઢાંકણીમાં પાણી લઈને ડૂબી મર. હું તો ધંધો કરું, કમાઉં કે તમારી પાછળ ફરું?'

મા કહે, 'તમે બાપ થયા છો, તો તમારી કાંઈ ફરજ નથી? આ પૈસામાં મૂકો પૂળો. નથી જોઈતા મારે આ રૂપિયાના ઢગલા. છોકરાઓને સંભાળવા કેટલા અઘરા હોય છે તેની તમને શી ખબર? તમે બાપ થઈને ક્યારેય દીકરા જોડે શાંતિથી વાત કરી છે ખરી? હવે ધ્યાન નહીં રાખો તો છોકરો ગુમાવશો' વગેરે...

મીટિંગનું કોઈ પરિણામ ન આવ્યું. ત્રણ વર્ષે હરીશ ગ્રેજ્યુએટ થઈ ગયો. નદીના પ્રવાહમાં પથરો પડ્યો હોય તો આગળ વધે જ ને! તેવું જ હરીશનું થયું. ફર્સ્ટક્લાસ પણ લઈ આવ્યો. જતાં પહેલાં મને મળવા આવ્યો. 'બહેન, બધા શિક્ષકો તમારા જેવા દયાળુ હોય તો મારા જેવાનો તો ઉધ્ધાર થઈ જાય. થેન્ક્સ.' મને મનોમન હસવું આવ્યું. 'હરીશ, ભગવાનની ઈચ્છા હશે તો ક્યારેક ફરી મળીશું. ભાઈ, ગુડલક.' મેં કહ્યું.

પછી તો વર્ષો વીતી ગયા. હરીશ ભૂલાતો ચાલ્યો. કેટલાય વિદ્યાર્થીઓ આવ્યા ને ગયા. તેમાંના ઘણા ઉમદા વ્યક્તિઓ બન્યા, અમુક ખૂબ જાણીતા થયા. ઘણાએ તો પોતાના ક્ષેત્રે નામ કાઢ્યું અને પુષ્કળ દામ પણ કમાયા. હું ત્યાંની ત્યાં જ રહી. મારા માટે તો સહુ સરખા, વહાલાં સંતાન. કેટલાંય વિદ્યાર્થીઓ લગ્ન, જનોઈ, વાસ્તુ, વિવાહ પ્રસંગે મને ન ભૂલે. અચૂક આમંત્રણ આપે. હું પણ શહેરમાં હોઉં તો જરૂર જઈ પહોંચું. જૂના મિત્રો, જૂની યાદો અને જૂના વિદ્યાર્થીઓ મારી મહામૂલી સોગાદ છે.

આજે સવારે હું મારી ઓફિસમાં બેઠી હતી ત્યારે સેક્રેટરી આવીને મને કહે, 'બહેન, એક ભાઈ તમને મળવા માંગે છે. શાળાઓમાં વાપરી શકાય તેવું કોઈ સોફ્ટવેર તમને બતાવવા આવ્યા છે.' હું અત્યંત વ્યસ્ત હતી. સામે ફાઈલો અને પત્રોનો ઢગલો પડ્યો હતો. મેં તેને કહ્યું, 'તું જ મળી લેને! આજે મારો મેળ નહીં પડે.' પણ સેક્રેટરી કહે, 'બહેન, એમને તો તમને જ મળવું છે. જીદ પકડીને બેઠા છે. કહે છે કે હું બહેનનો જૂનો વિદ્યાર્થી છું.'

'સારું, બેસાડ. હું બોલાવું છું' મેં કહ્યું. થોડીવાર પછી તે અંદર આવ્યો. પાંત્રીસેક વર્ષનો સહેજ ભારે શરીરે, માથે ઘારી જેવી નાનકડી ટાલવાળા અને સુઘડ વ્યવસ્થિત ડ્રેસવાળા એક ભાઈ અંદર આવ્યા. મને એકદમ ઓળખાણ ન પડી પણ ચહેરો કંઈક જોયેલો લાગ્યો. પેલા ભાઈ કહે, 'મેડમ, ઓળખાણ પડી? ન પડી ને! ના જ પડે ને? દર વર્ષે કેટકેટલાં વિદ્યાર્થીઓ તમારી આંખ નીચેથી પસાર થતાં હશે! બારીમાંથી તમને દુનિયા દેખાય પણ બહારથી તમને બારીની અંદર થોડું દેખાય.'

મને એનું લોજિક ગમ્યું. મને ખાતરી થઈ કે આ મારો જ સ્ટુડન્ટ છે. કારણકે આ વાક્ય હું જ વારંવાર ક્લાસમાં વાપરતી.

પેલા ભાઈ કહે, 'બહેન, હું જ પેલો લેટ-લતીફ.'

મને તરત જ ટ્યુબલાઈટ થઈ. અરે, આ તો હરીશ. 'કેમ છે ભાઈ, તું? વર્ષો થઈ ગયા તને મળે તો. ક્યાં છે? શું કરે છે?' મેં પૂછ્યું.

'બસ, બહેન, ચાલે છે. તમે ભણાવેલ પાઠ આજેય યાદ કરું છું.'

'કયા પાઠ ભાઈ? ડેટા-બેઝ મેનેજમેન્ટ, C કે C++?' મેં મારા કમ્પ્યુટર ક્લાસના વિષયો પૂછ્યા.

'ના, ના બહેન, સોફ્ટવેરના કોઈ પાઠ યાદ નથી આવતા. તમે જે જીવતરના, નેકીના ને શિસ્ત પાલનના પાઠ ભણાવેલા તે રોજ યાદ આવે છે. હું ન સુધર્યો તે ન સુધર્યો. ગણિત, ફિઝિક્સ અને કેમેસ્ટ્રી ભણાવવામાં કામ લાગે તેવાં સોફ્ટવેર બનાવતી કંપનીમાં સેલ્સમેન છું. તમે શાળા - કોલેજોને મદદ કરો છો, તો તમને કામ લાગે તેવી વસ્તુ છે.'

'આટલા વર્ષ ક્યાં હતો હરીશ?' હરીશની બેચના લગભગ બધા જ વિદ્યાર્થીઓ આજે તો મોટી મોટી સોફ્ટવેર કંપનીઓમાં દેશ-પરદેશમાં ઉચ્ચ સ્થાને બિરાજતા હતા. હરીશ હોંશિયાર જ હતો. તેણે ધાર્યું હોત તો ક્યાંનો ક્યાં પહોંચી ગયો હોત! અરેરે, બિચારાની શી દશા છે! સામાન્ય સોફ્ટવેર કંપનીનો મામૂલી સેલ્સમેન?!' મેં મનોમન વિચાર્યું.

મેડમ, તમે તો મને હંમેશાં ટોકતા હતા. 'લેટલતીફ' કહેતા, યાદ છે? ગ્રેજ્યુએટ થયા પછી પણ ટેવ ન છૂટી. પ્રાણ અને પ્રકૃતિ સાથે જ જાય, ખરું ને? મારા મમ્મી પણ મારી પર

ખૂબ ચીડાય. માંડ માંડ એક ઓફિસમાં નોકરી મળી પણ મારી આળસુ પ્રકૃતિ ત્યાં પણ આડી આવી. મોડો ઊઠું, મોડો ઓફિસ જાઉં, એપોઇન્ટમેન્ટમાં લેટ પડું. તેથી ધાર્યા કામ પતે નહીં. વળી ભણ્યો, ત્યારે પણ આગળનાં બે -ત્રણ વર્ષના પેપર અને સ્પોર સજેશન તૈયાર કરી કરીને પાસ થતો. ઘણું બધું ઓપ્શનમાં છોડી દેતો. એટલે મારું જ્ઞાન પણ અધકચરું જ હતું. મને એમ કે પછી જરૂર પડ્યે બધું ભણી લઈશ. મારા જે ભાઈબંધો 'મહેનતુ' હતા તેમને હું 'બોચીયા' અને 'કુંભારના ગધેડા' કે 'ઘાણીના બળદ' કહીને ચીડવતો. આજે એ 'બોચીયા'ઓ ધન-વૈભવમાં આળોટે છે. આજ સુધી મેં કેટલીય નોકરીઓ બદલી. બહેન, ક્યાંય મન નથી લાગતું. કામ કરવાની જ મને આળસ છે. આ બધી પળોજણથી તો ઘરમાંય રોજ કજિયા કંકાસ થાય. પપ્પાએ મને અલગ કરી કાઢ્યો છે.

કહે છે, 'દેખવુંય નહીં ને દાઝવુંય નહીં.' એમાં એમનોય શું વાંક? તેમણે તો મને ખૂબ સુખ-સગવડ આપ્યા. હું જ મહેનતથી દૂર ભાગ્યો. આજે હાથના કર્યા હૈયે વાગ્યા છે.

હરીશની વાત સાંભળી મને તેની દયા આવી ગઈ. મારા સરસ, હોંશિયાર-હોનહાર વિદ્યાર્થીની આળસને કારણે શી દુર્દશા થઈ હતી! હું તેને સલાહ આપ્યા વગર ન રહી શકી. 'ભાઈ, હજુયે મોડું નથી થયું. જાગ્યા ત્યારથી સવાર. તું લડાઈ જ હાર્યો છે. ધારીશ તો જીવનરૂપી યુદ્ધ જીતી શકીશ.'

'ના ના, બહેન. આપણામાં કહેવત નથી? કૂતરાની પૂંછડી વાંકી તે વાંકી. હવે તો બહોત ગઈને થોડી રહી...' હરીશની આંખમાંનું ઝાકળ અને ગળાનો ડૂમો અછતો ન રહ્યો.

'હરીશ, જો નિશ્ચય કરીશ તો કાંઈ જ અશક્ય નથી. બસ, અડગ શ્રદ્ધા રાખ. તારામાં કેટકેટલી શક્તિનો ભંડાર ભર્યો છે, તેથી તું જ અજાણ છે. તારા વડીલો તને શા માટે ટોકતા? તેમને તો તારી પ્રગતિમાં જ રસ હોય. તે આગળ ધપે, વધુ ઉચ્ચ સ્થાનો શોભાવે, સુખ-સંતોષથી રહી શકે તેના માટે. Excellence is not accident, but practice. હજુએ મહેનત કર ભાઈ. મને તારામાં આજે ય વિશ્વાસ છે.

મારા અવાજમાંથી પરખાતો નિખાલસતા અને શ્રદ્ધાનો રણકો તેણે બરોબર પારખી લીધો હોય તેમ, તેનું અસ્તિત્વ અજવાળી ઊઠ્યું. કહે, 'ભાવિના ભેદ કોઈ પારખી શકતું નથી. બહેન, પણ તમારા જેવા શુભ ચિંતકની વાણી કદી અફળ જતી નથી એવી અચળ શ્રદ્ધા મારામાં જીવંત છે.

મેં તેને થોડો ઓર્ડર આપી વિદાય કર્યો. દાદાએ નાનપણમાં વારંવાર કહેલો શ્લોક કેટલો યથાર્થ હતો!

*સૌજન્ય : 'સંભારણાની સફર' નામક પુસ્તકમાંથી સાભાર*

## ભાષા શુદ્ધિ અને પ્રશ્નાર્થ ચિહ્ન

એ તો સહુ જાણે છે કે જ્યારે જવાબની અપેક્ષાએ કોઈ પ્રશ્ન પૂછવામાં આવ્યો હોય ત્યારે વાક્યને અંતે પ્રશ્નાર્થચિહ્ન મૂકવામાં આવે છે. જેમ કે –

★ તમારું નામ શું છે?

★ ભારતમાં કુલ કેટલા રાજ્ય છે?

★ જૈન ધર્મમાં કુલ કેટલા તીર્થંકર છે?

★ પરમવીર ચક્ર કોને આપવામાં આવે છે?

પરંતુ મેં જોયું છે કે વિદ્યાર્થીઓની પરીક્ષા માટે પ્રશ્નપત્ર તૈયાર કરનાર વ્યક્તિ ઘણી વખત પ્રશ્નાર્થચિહ્ન ખોટી જગ્યાએ મૂકે છે. જેમકે :

*પ્રશ્ન-૩ :* નીચેના વિષય પૈકી કોઈપણ બે વિષય પર ટૂંકનોંધ લખો?

*અથવા*

*પ્રશ્ન-૪ :* કોઈપણ પાંચ ખાલીજગા પૂરો?

આ બંને વાક્યો દ્વારા પ્રશ્નો પૂછવામાં આવ્યા હોવા છતાંય એમાં પ્રશ્નાર્થચિહ્ન નહીં આવે કારણકે આ બંને પ્રશ્નો આજ્ઞાર્થ વાક્ય દ્વારા રજૂ કરવામાં આવ્યા છે. આવા આજ્ઞાર્થ વાક્યને અંતે પ્રશ્નાર્થચિહ્ન નહીં, પૂર્ણવિરામ જ આવે.

મેં એ પણ જોયું છે કે ઘણી વખત વિસ્મય વાક્ય હોય ત્યાં પણ કેટલાક લોકો પ્રશ્નાર્થચિહ્ન મૂકે છે. જેમકે :

★ સ્ટેચ્યુ ઓફ યુનિટી કેવું ભવ્ય છે?

★ ઓહ, કેટલું બધું મોડું થઈ ગયું?

★ નરેન્દ્ર મોદી દિવસના ૧૮ કલાક કામ કઈ રીતે કરી શકતા હશે?

આ ત્રણેય વાક્યમાં જવાબની અપેક્ષાએ કોઈ પ્રશ્ન પૂછાયો નથી, માત્ર વિસ્મય રજૂ કર્યું છે. એટલે અહીં વાક્યને અંતે ઉદ્‌ગાર ચિહ્ન મૂકવાનું હોય. જેમકે :

★ સ્ટેચ્યુ ઓફ યુનિટી કેવું ભવ્ય છે!

★ ઓહ, કેટલું બધું મોડું થઈ ગયું!

★ નરેન્દ્ર મોદી દિવસના ૧૮ કલાક કામ કઈ રીતે કરી શકતા હશે!

**– રોહિત શાહ**

*સારો સમય એ લોકોનો આવે છે*
*કે જે ક્યારેય પણ કોઈનું ખરાબ નથી ઈચ્છતા.*

સ્વાસ્થ્ય

# ડરની બીમારી : ભાગ-૭
## વિમાનમાં મુસાફરી કરવાનો ડર
(AERO PHOBIA)




ડૉ. મણિલાલ ગડા
(સિનિયર મનોચિકિત્સક)
ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા
બાળ મનોચિકિત્સક)

ગયા લેખમાં આપણે જાણ્યું કે પરીક્ષાના ડરની માત્રા (Level of anxiety) મર્યાદામાં હોય ત્યાં સુધી વિદ્યાર્થી એનો સામનો કરી શકે છે પરંતુ ડરની માત્રા મર્યાદાની બહાર જાય ત્યારે એ ડરનું બીમારીમાં રૂપાંતર થાય છે, જેને લીધે ભણવામાં એકાગ્રતા (Concentration) ઓછી થાય છે, આત્મવિશ્વાસ ઓછો થાય છે, ક્ષમતા હોવા છતાં પરિણામ નકારાત્મક આવે છે. અવ્વલ નંબર મેળવનાર વિદ્યાર્થી પણ ડરની બીમારીથી નાપાસ થઈ શકે છે.

જેમ લોહીમાં સુગરનું પ્રમાણ (Blood Sugar) નોર્મલ હોય તો બરોબર છે પરંતુ સુગરની માત્રા વધી જાય તો બીમારીનું સ્વરૂપ ડાયાબિટીસ લે છે. તેવી જ રીતે ડરની માત્રા મર્યાદાની બહાર જાય તો બીમારીના સ્વરૂપમાં (Exam Phobia) પરિવર્તન થાય છે. જો યોગ્ય નિદાન તથા સારવાર (દવાઓ તથા કોગ્નિટીવ બિહેવિયેર થેરાપી) ન થાય તો નકારાત્મક પરિણામ મળે છે.

આ લેખમાં એક અન્ય ડરની બીમારી – વિમાનમાં મુસાફરી કરવાનો ડર (Aerophobia) વિશે વૈજ્ઞાનિક જાણકારી મેળવીએ.

- **કેસ સ્ટડી :**

૫૪ વર્ષના MBA થયેલ પરેશને મલ્ટી નેશનલ કંપનીમાં ઉચ્ચ હોદ્દા માટે તેની ડિગ્રી તથા અનુભવને ધ્યાનમાં લઇ સામેથી ઈન્ટરવ્યુ માટે પત્ર આવ્યો. પરેશે આ નામચીન કંપનીમાં નોકરી મેળવવા માટે અરજી કરી ન હતી. પરેશને ખૂબ નવાઈ લાગી. ઈન્ટરવ્યુ દરમ્યાન પરેશને જાણવા મળ્યું કે નોકરીમાં મહિનામાં બે વખત વિમાનમાં મુસાફરી કરી, બીજા શહેરમાં જવું પડશે તથા ત્યાં રાત રોકાવું પડશે. બધી રીતે નોકરીમાં સગવડો સારી હતી. પગાર અત્યારે મળતો હતો તેના કરતા લગભગ બમણો મળવાનો હતો તથા ફેમિલી માટે મેડિક્લેઈમ તથા વર્ષમાં એક વખત કંપનીના ખર્ચે બહારગામ જવા મળવાનું હતું.

પરેશને એકલા મુસાફરી કરવાનો અતિશય ડર લાગતો હતો. એમાં પણ વિમાનમાં મુસાફરીનો ખૂબ જ ડર લાગતો હતો. જ્યારે પણ વિમાનમાં મુસાફરી કરવાની વાત નીકળે ત્યારે પરેશના હૃદયના ધબકારા વધી જતા, પરસેવે રેબઝેબ થઈ જતો, હાથપગ ઠંડા થઈ જતા, હાથપગમાં ખાલી ચડી જતી. પરેશ ત્યારે બેચેન થઈ જતો, અસ્વસ્થ થઈ જતો.

છેલ્લા પંદરેક વર્ષથી પરેશે વિમાનમાં ડરને કારણે મુસાફરી કરી ન હતી. ટ્રેનમાં મુસાફરી કરતો.

ઉપરોક્ત તકલીફ / બીમારીને લીધે પરેશને સામેથી આવતી વધારે સગવડોવાળી નોકરી માટે ના પાડવી પડી.

એકાદ વર્ષ બાદ ફરી એક બીજી નોકરીની સુંદર તક આવી. પરંતુ વિમાનમાં મુસાફરી વારંવાર કરવાની હોવાથી પરેશને ત્યાં પણ પરાણે ના પાડવી પડી.

પત્નીને ખૂબ જ ચિંતા થતી હતી કે પરેશના ડરને લીધે સારી સારી નોકરીઓ જતી કરવી પડે છે. પત્ની ઘણું સમજાવતી પરંતુ પરિણામ શૂન્ય આવતું. પત્નીને તથા અન્ય સગાવહાલાને સમજ ન હતી કે પરેશનો ડર એ સામાન્ય ડર નથી પરંતુ એક બીમારી છે, જે સલાહ આપવાથી નહીં પરંતુ યોગ્ય મનોચિકિત્સા દ્વારા દૂર કરી શકાય.

પરેશના સાળાની ઓફિસમાં પણ આવો એક કિસ્સો હતો, જે મનોચિકિત્સકની સારવાર બાદ વિમાનમાં મુસાફરી કરી શકતો હતો. પરેશે લેખકનો અભિપ્રાય લેવાનું નક્કી કર્યું.

તપાસ દરમ્યાન પરેશે જણાવ્યું કે, 'ડોક્ટર, મને ખબર છે કે વિમાનમાં મુસાફરી કરવામાં કોઈ તકલીફ નથી પરંતુ જેવો મને વિમાનમાં પ્રવાસ કરવાનો વિચાર સુધ્ધાં આવે છે કે તરત જ મારા હૃદયના ધબકારા વધી જાય છે, મને ગભરામણ થાય છે, પરસેવો થાય છે, મન બેચેન થાય છે. મને પણ ખબર છે કે આ ડર યોગ્ય નથી, તર્કહીન છે. પરંતુ આ સ્થિતિ મારા કાબૂમાં નથી. મારું શરીર મને સાથ આપતું નથી.

- **મનની તપાસ :**

મનની તપાસ (મેન્ટલ સ્ટેટસ એક્ઝામિનેશન – Mental Status Examination) મનના કાર્યો જેવા કે મુડ, વિચાર, વાણી, વર્તણુંક, લાગણીઓ, યાદશક્તિ, એકાગ્રતા વગેરે નોર્મલ હતા. ફક્ત ફોબિયા (Phobia) લક્ષણો હતા.

- **નિદાન :**

પરેશનો કેસ ફોબિયા (Phobia)નો છે જેમાં વિમાનની મુસાફરીનો ડર (Aerophobia) છે.

ફોબિયાની અસરને લીધે પરેશના જીવન પર નકારાત્મક અસરો :

૧. **વ્યવસાયીક ક્ષેત્ર :** હાલની કંપનીમાં પરેશને પ્રમોશન મળવાની શક્યતા ન હતી. બીજી કંપનીમાં પરેશ હોત તો સી.ઈ.ઓ. થઈ શકતે. તથા પગાર પણ એ પ્રમાણે મળત.

૨. **નાણાંકીય ક્ષેત્ર :** અન્ય કંપનીમાં પગાર લગભગ બમણો મળત. અન્ય સગવડો (મેડિક્લેઈમ, ટ્રાવેલ બેનીફીટ) મળત. આ નુકસાન ફોબિયાની બીમારીને લીધે હતું.

૩. **કૌટુંબિક ક્ષેત્ર :** પત્ની સતત ટેન્શનમાં જીવતી હતી. જેને લીધે તેને એસિડીટી તથા બ્લડ પ્રેશર થયા હતા. સ્વભાવ ચીડિયો થઈ ગયો હતો.

દીકરામાં આત્મવિશ્વાસનો અભાવ હતો. ૧૨ વર્ષનો હોવા છતાં મમ્મી વગર એકલો ક્યાંય જઈ શકતો ન હતો.

- **સારવાર :**

૧ (અ) વિમાનની મુસાફરીના ફક્ત વિચારો માત્રથી પરેશના હૃદયના ધબકારા વધી જતા હતા. બેચેની થતી હતી. પરસેવો થતો હતો. આ તકલીફો દૂર કરવા પેનિક પ્રતિકારક દવાઓ (Anti Panic Medication) ચાલુ કરી. ઉપરોક્ત લક્ષણોમાં રાહત મળી અને આત્મવિશ્વાસનો વધારો થયો તથા ડર ઓછો થયો.

(બ) છતાં પણ જો પેનિક એટેક - ડરનો હુમલો આવે તો ઈમરજન્સી માટે દવા આપી. જે દવા જીભ પર રાખવાથી તરત જ અસર ચાલુ થાય અને શારીરિક લક્ષણો તરત જ કાબૂમાં આવે. હૃદયરોગના દર્દીઓ જેમ દુઃખાવો થતાં જીભ પર દવા રાખે છે, એ જ પ્રમાણે પેનિક એટેકમાં પેનિક પ્રતિબંધક દવા ઉપયોગી છે.

૨. **કોગ્નિટીવ બિહેવિયર થેરાપી (Cognitive Behaviour Therapy – CBT) :** આ પદ્ધતિથી સારવાર શરૂ કરી. પ્રથમ માનસિક શિથિલતા (Progressive Muscular Relaxation) ત્યારબાદ સિસ્ટેમિક ડી-સેન્સિટાઈઝેશન (Systemic Desensitization) પદ્ધતિઓનો ઉપયોગ કર્યો. ધીમે ધીમે વિમાનમાં મુસાફરીનો ડર ઓછો થયો. મુસાફરીના વિચારોથી થતો ડર તથા શારીરિક લક્ષણો સદંતર બંધ થયા. આત્મવિશ્વાસ વધ્યો.

ત્યારબાદ વિમાનમાં મુસાફરી કરવા માટે પરેશ સહમત થયો. એકલા નહીં પરંતુ પત્ની જોડે. ઈમરજન્સી ગોળી લઈ શરૂઆતમાં મુસાફરી કરી. મામૂલી તકલીફ પહેલી વખત થઈ. પરંતુ ત્યારબાદ બિલકુલ તકલીફ ન થઈ. પરેશે એકલા વિમાનમાં મુસાફરી કરવાની હિંમત કરી. પરેશમાં આત્મવિશ્વાસ વધ્યો.

૩. **પરિવારજનોનો સહકાર :**

પત્નીએ સમજણપૂર્વકનો હકારાત્મક સહકાર આપ્યો. અભિગમ બદલાવ્યો.

હાલ (બે વર્ષ બાદ) પરેશ મલ્ટી નેશનલ કંપનીમાં સારા હોદ્દા પર કામ કરે છે તથા વિમાનમાં એકલો મુસાફરી કરે છે.

- **સારાંશ :**

૧. વિમાનમાં મુસાફરી કરવાનો ડર એક બીમારી (Aerophobia) છે.

૨. સલાહની નહીં પરંતુ યોગ્ય સારવારની જરૂરત છે.

૩. સારવાર બાદ ક્ષમતા પ્રમાણે ગુણવત્તાભર્યું જીવન જીવી શકાય છે. ■

## જૂની કહેવતો : આજે પણ બરકરાર

❀ પાંચે ઊઠો નવે શિરાવો, પાંચે વાળુ નવે સુવો,
બસ આટલું રોજ કરો, તે પછી સો વર્ષ જીવો.

❀ ભોંય પથારી જે કરે, લોહી ઢેબર ખાય,
તાંબે પાણી જે પીએ, તે ઘર વૈદ્ય ન જાય.

❀ ગળો, ગોખરું ને આમળા, સાકર ઘી થી ખાય,
વૃદ્ધપણું વ્યાપે નહીં, રોગ સમૂળા જાય.

❀ ખાંડ, મીઠું ને સોડા, સફેદ ઝેર કહેવાય,
વિવેકથી ખાજે નહિંતર, ના કહેવાય કે ના સહેવાય.

❀ સવારે પાણી, બપોરે છાશ, સાંજે પીઓ દૂધ,
વહેલા સૂઈ વહેલા જાગો, ના રહે કોઈ દુઃખ.

❀ સર્વ રોગના કષ્ટોમાં ઉત્તમ ઔષધ ઉપવાસ,
જેનું પેટ નથી સાફ, પછી આપે બહુ ત્રાસ.

❀ પેટમાં જે-તે પધરાવશો માં, સાફ રાખજો આંત,
ચાવીને ખૂબ ખાજો, હોતા નથી પેટમાં દાંત.

❀ હજાર કામ મૂકીને જમવું ને લાખ કામ મૂકી સૂવું,
કરોડ કામને પડતા મૂકી હાજતે જઈને રહેવું.

# માનવ સ્વભાવ અને યોગ

કમલકાંત ભટ્ટ

શરીરમાં જુદા જુદા રોગો આવવાનું કારણ ઘણીવાર સ્વભાવ પણ હોય છે. એમાં પણ સ્ત્રીના સ્વભાવ સંબંધી સંશોધન કરનાર માનસશાસ્ત્રીઓ નોંધે છે કે બહેનો પોતાની લાગીઓ પર બહુ ઓછો કાબૂ રાખી શકે છે. તે તેમની વાણી દ્વારા પ્રગટ થાય છે અને ક્યારેક વાણી કટુ બની જાય છે. આ કટુ વાણી બોલનાર અને સાંભળનાર બંનેને નુકસાન કરે છે. જો કે ઘણા પુરુષો પણ કટુ વાણીનો ઉપયોગ કરે છે. નાની વાતોને મોટું સ્વરૂપ આપીને ઉગ્ર અવાજે વાતો કરે છે. આવા પુરુષોનો સ્વભાવ 'સ્ત્રૈણ સ્વભાવ' તરીકે જ ઓળખવામાં આવે છે.

એક ભાઈને બી.પી.નો રોગ થઈ ગયો. સ્વામીજીને આ ભાઈના શાંત સ્વભાવની ખબર હતી. તેથી પૂછ્યું કે તમને બી.પી. કેમ થઈ ગયો? કંઈ બનાવ બન્યો હતો? પેલાએ જવાબ આપ્યો, 'હા સ્વામીજી, મારી પુત્રવધૂએ મને કૂતરો કહ્યો. આ આઘાતથી મને આંચકો લાગ્યો.' સ્વામીજીએ પૂછ્યું, 'કૂતરા બાબતે તમારી કલ્પના કેવી છે?' ભાઈએ જવાબ આપ્યો, 'શેરીમાં રખડતા કે ગંદા કાદવથી ખરડાયેલા કૂતરાની યાદ આવી.' સ્વામીએ કહ્યું કે કોઈ પણ વ્યક્તિ ઉપમા આપે, ત્યારે હંમેશાં સારી જ કલ્પના કરવી. દા.ત. મોંઘીદાટ કારમાં ગળામાં હીરાનો હાર પહેરીને, સુંદર સાબુથી નહાઈને સારા રુંછડાવાળા વાળવાળો અને મેમ સાહેબના ખોળામાં બેઠેલો કૂતરો કેવો લાગે?

ઘણીવાર અતિ ઉગ્રતાથી બોલવાથી મગજની નસ ફાટી જવાના બનાવો પણ બને છે. તેથી સ્વભાવ શાંત રાખવા યોગનાં આસન અને પ્રાણાયામ કરવા જરૂરી છે. યોગનિંદ્રા પણ તાણ ઘટાડે છે.

હું જ્યારે મુંગેરના આશ્રમમાં યોગ શિક્ષકનો કોર્સ કરવા ગયો, ત્યારે એક પતિ-પત્ની માટે સ્વામીજીએ અલગ અલગ રૂમમાં રહેવાની સગવડ કરી રાખી હતી. ભાઈને હૃદયની તકલીફ હતી. ઉદ્યોગપતિ હતા.થોડાં દિવસના સહવાસ પછી મને કહ્યું, 'તમામ ફેમિલીવાળાને એક જ રૂમમાં રહેવાની સગવડ છે. તો પછી મને અલગ રૂમમાં કેમ વ્યવસ્થા કરી છે?' મેં સ્વામીજીને આ સંબંધમાં પૂછ્યું તો જવાબ મળ્યો 'આ બહેન રાત્રે કૌટુંબિક વાતો કરી હૃદયની તકલીફવાળા ભાઈને વધારે માનસિક તકલીફ આપે છે. તેથી ૧૫ દિવસ માટે બંનેને જુદા રાખ્યા છે. બહેનના સ્વભાવમાં યોગથી હકારાત્મક પરિવર્તન આવશે ત્યારે સાથે રહેશે.'

મહિલાઓના સશક્તિકરણની વાતો ખૂબ થાય છે. રક્ષણ આપવાના કાયદા પણ અમલમાં છે. ત્યારે માથાભારે મહિલાઓના (બધી નહીં) પતિને બોધપાઠ આપવા ખોટી ફરિયાદો કરવાના બનાવો નોંધાયા છે. એક ડોક્ટર તો એવી જાહેરાત કરતા હતા કે બે હજાર રૂપિયામાં તમારા પતિ વિરૂધ્ધ ફરિયાદ કરવા શરીર પર મારના નિશાન કરી પ્રમાણપત્ર આપવામાં આવશે. પણ યોગના અભ્યાસથી સ્વભાવ સુધારવાની તક મળે છે. હળવાશ પણ અનુભવી શકાય છે. પોતા સાથે એકાંતમાં મનને પૂછવા જેવું છે કે પોતાનો સ્વભાવ કેવો છે? ગુસ્સો શાંત કરવા જ યોગનો અભ્યાસ છે. મહિલા અને યોગ વિશે સ્વામીજીનું પુષ્કળ સાહિત્ય છે.

સ્વભાવને મન સાથે ગાઢ સંબંધ છે. તેથી મન પર નિયંત્રણ રાખવા અને તેને ખોટી જગ્યાએ જતું રોકવા યોગમાં "યોગનિંદ્રા"નો અભ્યાસ સૂચવવામાં આવ્યો છે. મનની વ્યાખ્યા છે 'વિચારોનો સમૂહ.' એક વિચાર થાય કે બીજો તરત ઉદ્‌ભવ થાય છે અને પછી અનેક જાતના વિચારોનો પ્રવાહ શરૂ થઈ જાય છે.

આસન, પ્રાણાયામ અને ત્યારબાદ ધ્યાનની ક્રિયા યોગશાસ્ત્રમાં દર્શાવેલી છે. આ ધ્યાનની ક્રિયામાં આગળ વધવા માટે 'યોગનિંદ્રા' ઉત્તમ છે. રાત્રે આપણે સૂઈએ છીએ તેને નિંદ્રા કહીએ છીએ. રાત્રિના બે કલાકની નિંદ્રામાં જે આરામ મળે છે, તે આરામ યોગનિંદ્રાની ૧૫ મિનિટની ક્રિયામાં મળે છે. નહેરૂજી, ઇંદિરાજી — દિવસના અઢાર કલાક કામ કરી શકતા હતા તેનું રહસ્ય તેઓ યોગનિંદ્રા દ્વારા આરામ મેળવતા હતા તે છે.

મનમાં અગાધ શક્તિનો ધોધ છે. તેનો દાખલો આપતાં શ્રી મહમદ માંકડ લખે છે કે, 'ગૃહિણી સવારના પાંચ વાગે વહેલી ઉઠે, બાળકોને સ્કૂલમાં જવાની તૈયારી - નાસ્તો - પતિના ચા પાણી વગેરેમાંથી પરવારી રસોઇ-પાણીના દૈનિક કામમાં અને પછી સાંજ સુધી રસોઇ-સફાઈ વગેરે કામોમાં જોડાયેલી રહે છે. રાત્રે જમી-પરવારી પથારીમાં સૂવા જાય ત્યારે રાત્રે અગિયાર વાગે તેને થાય કે હવે તેનાથી કામ નહીં જ થાય, પણ અચાનક

નાના બાળકના કપાળ પર હાથ લગાડતાં તેને તાવ જેવું લાગે કે તરત જ મીઠાવાળા પાણીના પોતા તેના કપાળ પર મૂકે છે. રાત્રે ત્રણ વાગ્યા સુધી પોતા મૂકી બાળકનો તાવ ઉતારે છે. જે સ્ત્રી અગિયાર વાગે એમ અનુભવતી હતી કે હવે તેનાથી બેસાશે નહીં, તે ત્રણ વાગ્યા સુધી જાગી શકે છે. આ શક્તિ ક્યાંથી આવી? મનમાંથી જ તો!

પાંડુરંગ શાસ્ત્રી દાદા ઉપનિષદમાં કહે છે, 'અધ્યાત્મમાં માણસને શાંત થવાનું છે અને નિર્વાણની અનિંદ્રિત નિંદ્રા અનુભવવાની છે. આપણને આપણું મન - આપણા વિકારોની ખબર જ નથી. કયા વિષયમાં આપણું મન ખેંચાય છે તેનો અભ્યાસ હોવો જોઈએ. મારું મન શું જોયા પછી વધારે ખેંચાય છે? બરફી જોઈને કે બીજી કોઈ સારી ખાવાની વસ્તુ જોઈને? પૈસા જોઈને કે વૈભવને જોઈને? આ ખબર હોવી જોઈએ. આ બધી નાની નાની વાતો છે. પણ આપણને તેની ખબર જ નથી હોતી. મનની વાત ક્યાં કરવી - શરીરની પણ ખબર નથી હોતી.'

આજે અમેરિકામાં લોકો કહે છે કે, હોમિયોપેથી પૂર્ણ શાસ્ત્ર છે કેમકે તેમાં જંતુ પદ્ધતિ નથી. હોમિયોપેથીની દવા લેવા જઈએ છીએ ત્યારે આપણા શરીરની એકે એક ટેવની આપણને ખબર હોય અને તે કહેતાં આવડે, તો હોમિયોપેથીની દવાના એક પડિકાથી તબિયત સારી થઈ જાય છે. સૂતી વખતે ડાબા પડખે ઊંઘ આવે છે કે જમણા પડખે, તે ખબર હોવી જોઈએ. ચાલતી વખતે પહેલાં જમણો પગ મૂકાય કે ડાબો પગ, તે ખબર હોવી જોઈએ. બધા ચાલે અને ઊંઘે છે પણ આટલી સૂક્ષ્મતાથી નથી જોતા. આપણને તે ગાંડપણ લાગે છે. શરીરની આવી નાની ટેવો જેને ખ્યાલ હોય તેને હોમિયોપેથીની દવા બરાબર ઉપયોગી થાય છે.

શરીરની જ ખબર ન હોય તો મનની ટેવોની કેમ ખબર પડે? જે લોકો મનનો વિચાર નથી કરતા, તેમના મનમાં શું ભયંકર વિચારો ચાલે છે તેનો તેમને ખ્યાલ નથી હોતો. તેનો જો ખ્યાલ આવે, તો જ માણસ કોઈ પણ પ્રલોભન સામે મક્કમ રહી શકે. એટલે જ શાસ્ત્રકારો કહે છે કે માણસે પોતાનું મન પહેલા તપાસવું જોઈએ. તેને ઓળખવું જોઈએ. ■

## ભાષા શુદ્ધિ : પર્યાયવાચક શબ્દો

આજે અંગ્રેજી માધ્યમમાં ભણતી નવી પેઢીને કદાચ ગુજરાતી ભાષાની સમૃદ્ધિનો અણસાર પણ નહીં આવે. ગુજરાતીમાં એક એક શબ્દ માટે અઢળક પર્યાયવાચક શબ્દો ઉપલબ્ધ છે. એક શબ્દ માટેના અનેક પર્યાયવાચક શબ્દોનાં કેટલાક ઉદાહરણો :

★ ***સૂર્ય :*** સૂરજ, ભાસ્કર, રવિ, દિવાકર, દિનકર, ભાણ, ભાનુ

★ ***હાથ :*** હસ્ત, કર, પાણિ, ભુજા, બાહુ

★ ***આંખ :*** નયન, ચક્ષુ, લોચન, નેણ

★ ***આકાશ :*** નભ, વ્યોમ, ગગન, આભ, આભલું

★ ***રાત્રિ :*** નિશા, શર્વરી, રાત

★ ***ઈશ્વર :*** ઈશ, ભગવાન, પરમેશ્વર, દેવ, પરમાત્મા, પ્રભુ, સુર, સ્વામી, માલિક, તીર્થંકર

★ ***સ્વર્ગ :*** મોક્ષ, વૈકુંઠ, પરમધામ, દિવ્યલોક

★ ***અતિથિ :*** મહેમાન, પરોણો

★ ***પૃથ્વી :*** ધરતી, ધરા, વસુધા, વસુંધરા, અવનિ, ઈહ

★ ***પાણી :*** જળ, નીર, ઉદક, વારિ

(ઉદાહરણરૂપ આ શબ્દોના હજી અન્ય પર્યાયવાચક શબ્દો પણ મળી શકે. અહીં માત્ર જરૂર પૂરતા અને ત્વરીત યાદ આવ્યા એટલા જ મૂક્યા છે.)

સંસ્કૃત ઉપરાંત અનેક ભાષાઓમાંથી સમય અને સંદર્ભ પ્રમાણે કેટલાક શબ્દો સ્વીકારીને ગુજરાતી ભાષાએ પોતાનું શબ્દભંડોળ સમૃદ્ધ કર્યું છે.

અંગ્રેજી ભાષામાં એવા અનેક શબ્દો છે જેનો બીજો એક પણ પર્યાયવાચક શબ્દ મળતો નથી. જ્યારે ગુજરાતી ભાષાની વિશેષતા એ છે કે એમાં એક પણ શબ્દ એવો નથી કે જેના એક કે વધારે પર્યાય ન મળતા હોય! આવી સમૃદ્ધ, સાત્ત્વિક, હરિયાળી અને રળીયામણી માતૃભાષાનો પક્ષપાત કરવાનું મન કયા સાચા ગુજરાતીને નહીં થાય?

**– *રોહિત શાહ***

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પાલડી ભવનમાં રૂમ બુકિંગ અથવા સમાજની કોઈપણ પ્રવૃત્તિ (મેડિકલ સિવાય)ની માહિતી માટે**
**ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો**
**(079) 4890 6002, (079) 4890 6003**
**(079) 4890 6004, (079) 4890 6005**

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**મેડિકલ સેન્ટર અંગેની કોઈપણ માહિતી માટે**
**ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો.**
**(079) 4890 6001**
**(079) 4890 6006**

### સ્થાપનાના રજત અવસર ભણી પ્રસ્થાન

# મહાવીર સ્વામી જિનાલય : અંજાર



ભરત'કુમાર' પ્રા. ઠાકર

*૨૩મી વર્ષગાંઠ : તા. ૧૩-૦૧-૨૦૨૩*
*(પોષ વદ-૬, સંત ૨૦૭૯)*

અજયપાળ ચૌહાણ (૮મી-૯મી સદી) અને જેસલ જાડેજા (૧૩૧૮-૧૩૭૫) સથે ઐતિહાસિક સંબંધ ધરાવતું 'અંજાર' દેવાલયો, શિવાલયો અને જિનાલયોથી શોભતું શહેર છે. અત્યારે અંજારમાં કુલ પાંચ જિન મંદિરોની ધજા ફરકે છે. તેમાં તપગચ્છનાં વાસુપૂજ્ય (વર્ધમાન નગર) અને મુનિ સુવ્રતસ્વામી (જેસીસ નગર), અચલગચ્છનું વિમલનાથ (ચંપક નગર), ખરતરગચ્છનું અભિનંદન સ્વામી (જિનકુશલસૂરિ દાદાવાડી, વરસામડી નાકા) અને પાંચમું તે શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ સંચાલિત મહાવીર સ્વામી (જૈન કોલોની)નો સમાવેશ થાય છે.



મહાવીર સ્વામી જિનાલય : અંજાર

● **જૂનું ગૃહ દેરાસર :**

આમાં નવા અંજાર વિસ્તારમાં આવેલ મહાવીર સ્વામી જિનાલયની સ્થાપના પ્રારંભે ઘરમાં કરવામાં આવેલી. તેથી તે અગાઉ ગૃહચૈત્ય કે ઘર દેરાસર તરીકે ઓળખાતું. હવે તેનાથી સહેજ દૂર પરંતુ જૈન કોલોની વિસ્તારમાં જ બે દાયકા અગાઉ શિખરબદ્ધ નૂતન જિનાલયનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેની આ મહિને તિથિ અનુસાર ૧૩મી જાન્યુઆરી અને શુક્રવારે ૨૩મી વર્ષગાંઠનો અવસર પડે છે.

તેની થોડી પૃષ્ઠભૂમિકામાં ઉતરીએ તો અંજારમાં ૧૯૫૬માં થયેલા ધરતીકંપ બાદ નવા અંજારનું સર્જન થયું. તેમાં અન્ય જુદી જુદી જ્ઞાતિઓ સાથે ૧૯૫૮માં સવાસો મકાનોની 'જૈન કોલોની'નું પણ નિર્માણ થયું. જૂના અંજાર અને નવા અંજાર વચ્ચે લગભગ દોઢેક કિ.મી.નું અંતર હોવા છતાં દેવદર્શન, પ્રભુભક્તિ, પૂજા વગેરે માટે શહેરના કોટ વિસ્તારમાં આવેલા ત્રણેય જૂના દેરાસરોએ જવાનું દૂર પડતું હતું.

તે વખતે વિવિધ સંસ્થાઓએ બાંધેલા અને 'શ્રી જૈન સસ્તા ભાડાનાં મકાનોના ટ્રસ્ટ' સંચાલિક રહેણાંકના બાવીસ પૈકીના ૧ અને ૨ નંબરના મકાનો અનુક્રમે ગૃહ દેરાસર અને ઉપાશ્રય માટે રાખવામાં આવ્યા. ત્યાં આચાર્ય વિજયકનકચંદ્ર સૂરીશ્વરજી મહારાજ સાહેબ (૧૯૧૫-૧૯૮૨)ની પ્રેરણાથી સંવત ૨૦૧૬ના મહા સુદ દસમ અને રવિવાર (તદ્નુસાર તારીખ ૭મી ફેબ્રુઆરી, ૧૯૬૦)ના અજિતનાથની પ્રતિમાથી ઘર દેરાસરની શરૂઆત થઈ.

● **શિખરબંધ જિનાલયની ભાવના :**

તીર્થંકરોની આ અનંત ઉપકારી મૂર્તિઓ પ્રત્યે અત્રે વસતા જૈન પરિવારો ખૂબ ઊંડી શ્રદ્ધા અને આસ્થા ધરાવે છે. ત્રિવિધ ગચ્છોનાં લગભગ ચાલીસેક જૈન કુટુંબો ચાર દાયકા (૧૯૬૦-૨૦૦૦) સુધી આ નાનકડા ગૃહ મંદિરની પૂજા-અર્ચનાનો લાભ લેતા રહ્યા હતા. ઘર દેરાસરજીની બાજુમાં જૈન પાઠશાળા પણ ચલાવવામાં આવતી, જે અત્યારે પણ નવા જિનાલયના ઉપાશ્રયમાં ચાલી રહી છે.

વસતિ વધતાં નવા અંજારમાં ઘર દેરાસરના સ્થાને શિખરબંધ નૂતન જિનાલય બનાવવાની સંઘની ભાવના હતી. લગભગ એક દાયકાના પ્રયત્નોને પરિણામે ૧૯૯૩માં નવા અંજારના વર્તમાન વોર્ડ નં.-૨ માં આવેલ જૈન કોલોનીની

બિલકુલ મધ્યમાં જ ૧૪૦૦ મીટરની જમીન સંઘને પ્રાપ્ત થઈ.

● **પ્રતિષ્ઠાની રળીયામણી ઘડી :**

તદ્‌નુસાર પચીસ વર્ષ પૂર્વે અચલગચ્છના સાધ્વી કલ્યાણોદયશ્રીજીની શુભ નિશ્રામાં ૨જી ફેબ્રુઆરી, ૧૯૯૫ના રોજ ભૂમિપૂજન અને ખનનવિધિ તથા નવમી તારીખે શિલારોપણ વિધિ સંપન્ન થતાં સંઘ દ્વારા ત્યાં નવા જિન મંદિરના બાંધકામનો પ્રારંભ કરાયો હતો. તે સમયે તેના નિર્માણ માટે પ્રવીણભાઈ નારાણજી દંડ (મૂળ ગામ તેરા, તા. અબડાસા, હાલે અમદાવાદ)ના પ્રમુખપદે એક ટ્રસ્ટ પણ રચવામાં આવ્યું હતું.

પાયાવિધિ બાદ લગભગ પાંચેક વર્ષે બાંધકામ પૂર્ણ થતાં શિખરબદ્ધ મનોરમ્ય નૂતન જિનાલય નિર્મિત થયું. ત્યારે સંવત ૨૦૫૫ના જેઠ સુદ અગિયારસ અને ગુરૂવાર (તદ્‌નુસાર તારીખ ૨૪મી જૂન, ૧૯૯૯)ના જિનબિંબોના પરિવારને જિનાલયમાં મંગલ પ્રવેશ કરાવવામાં આવ્યો. તેના છ મહિના બાદ જિનાલયનો ભવ્ય પંચાન્હિકા પ્રતિષ્ઠા મહોત્સવ ભારે ધામધૂમથી અને ભક્તિભાવપૂર્વક ઉજવાયો ત્યારે અંજારના આંગણે જૈન સમાજને વર્ષો બાદ આવો ધર્મકારી અનેરો અવસર સાંપડ્યો હતો!

તપગચ્છીય આચાર્ય શ્રીમદ્ વિજયકલાપૂર્ણ સૂરીશ્વરજી મહારાજ સાહેબ અને ખરતરગચ્છીય જયાનંદ મુનિ આદિ ચોવીસ સાધુવૃંદ તથા દ્વિગચ્છીય ૩૦૦ સાધ્વીવૃંદની શુભ નિશ્રામાં સંવત ૨૦૫૬ના પોષ વદ છઠ્ઠ અને બુધવાર (તદ્‌નુસાર તા. ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૦)ના દિવસે મહાવીર સ્વામીના નૂતન જિનાલયે પાવનકારી પ્રતિષ્ઠા પ્રસંગ ઉજવાયો હતો. સાથે ૧૨ મુમુક્ષુઓનો સામૂહિક ભાગવતી દીક્ષા મહોત્સવ પણ યોજાયો હતો. ત્યારે ઘર દેરાસરમાં બિરાજતા પ્રભુજીની તમામ પાવક પ્રતિમાઓની વિધિપુરઃસર અને શાસ્ત્રોક્ત રીતે નૂતન જિનાલયમાં પુનઃ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

● **જિનાલય પરિસરનાં દર્શન**

તેના નિર્માણ પાછળ ત્યારે અંદાજે પચાસ લાખ રૂપિયાનો ખર્ચ થયેલો. જે માટે ભારતનાં વિવિધ દેરાસરોનાં દેવદ્રવ્ય ખાતાં, ભાવિક દાતાઓ અને કચ્છના તમામ ગામોનો પણ સહકાર મળ્યો છે. લગભગ ૮૦૦ ચોરસ ફૂટમાં ઊભુ થયેલું પશ્ચિમાભિમુખી નવું જિનાલય ૧૪ ફૂટ પહોળું, ૩૨ ફૂટ લાંબું અને ૪૨ ફૂટ ઊંચું છે. સંકુલના ઈશાને દેરાસર, વાયવ્યે ઉપાશ્રય, નૈઋત્યે કાર્યાલય ખંડ અને અગ્નિ કોણે કેસર ખંડ આવેલાં છે.

ગાંધીનગર ખાતેના નમૂનેદાર અક્ષરધામના નિર્માણમાં જે પથ્થરોનો ઉપયોગ કરાયો છે તે ભરતપુર (આગ્રા) પાસેની ખાણમાંના 'બંસીપાર' તરીકે ઓળખાતા પથ્થરો અંજારના આ જિનાલયની દીવાલોમાં ચણવામાં આવ્યા છે! આ પથ્થરની વિશેષતા એ છે કે બાંધકામ પછી તેને રંગ કે ચૂનો લગાવવાની કે ખાસ કોઈ જાળવણી કરવાની જરૂર રહેતી નથી. વર્ષો પર્યંત તે અસલ સ્થિતિમાં જ જળવાઈ રહેશે.

ક્યાંય પણ લોખંડ કે આર.સી.સી.ના ઉપયોગ વિના ઊભા થયેલા માળખાનું નિર્માણકાર્ય સોમપુરા પીયૂષભાઈ વાસુદેવ ત્રિવેદી (પાટણ)ના માર્ગદર્શન હેઠળ સંપન્ન થયું છે. જ્યારે પથ્થરો પરનું કલાત્મક અને સૂક્ષ્મ કોતરણીકામ સ્થાનિકે થયું છે. નયા અંજારના ચકરાવા પાસે શાંત વિસ્તારમાં આવેલું આ નાનુંસરખું અને નાજુક દેરાસર તેની રમણીયતાનાં દર્શન કરાવતું સોહી રહ્યું છે.

● **ભૂકંપ વખતે સાબૂત રહ્યું**

જિનાલયના સુચારુ સંચાલનાર્થે વર્તમાન સંચાલક મંડળ (ટ્રસ્ટ બોર્ડ) આ મુજબ છે : પ્રમુખ તરીકે ડૉ. ચંપકભાઈ નરોત્તમદાસ (સી.એન.) મહેતા, ઉપપ્રમુખ કિરણભાઈ ચમનલાલ શાહ, મંત્રી શિરીષભાઈ શાંતિલાલ હરિયા, ખજાનચી ધનેશકુમાર વર્ધમાન પારેખ, ટ્રસ્ટીઓમાં હરીશભાઈ દામજી શાહ, વિશાલભાઈ ભરતભાઈ વોરા, હીરેલભાઈ મનસુખલાલ શાહ, નિરંજનભાઈ નરશીભાઈ લોડાયા, અમરભાઈ સુબોધભાઈ શાહ, વિનયભાઈ પ્રાણલાલ સંઘવી અને ભાવેશભાઈ હિંમતલાલ વોરા સેવા આપી રહ્યા છે.

તારીખ મુજબ આ નૂતન દેરાસરની પ્રતિષ્ઠા ૨૦૦૦ના વર્ષમાં ૨૬મી જાન્યુઆરીએ થયેલી. બરાબર તેના એક વર્ષ બાદ (અલબત્ત, તિથિ અનુસાર પ્રથમ વર્ષગાંઠ ઉજવાયા પછી, પરંતુ એ જ તારીખ) ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧ના ભયાનક ધરતીકંપ આવી પડ્યો. તે સમયે અંજારના ત્યારનાં આ ચારેય દેરાસરો ધ્વસ્ત થયા હતા : તપગચ્છનું વાસુપૂજ્ય (શાસ્ત્રી રોડ, બેંક ઓફ બરોડાવાળી શેરી), અચલગચ્છનું સુપાર્શ્વનાથ (ગંગા બજાર, સેન્ટ્રલ બેંકવાળી ગલી), ખરતરગચ્છનાં શાંતિનાથ (મોચી બજાર, દેના બેંક સામે) અને વિમલનાથ (દાદાવાડી, વરસામેડી નાકા).

ત્યારે જૈન સમાજ માટે આ એક ધર્મસ્થાન (મહાવીર સ્વામી જિનાલય) સાબૂત રહ્યું હતું. તે વખતે શહેરનાં ધરાશાયી જિન મંદિરોની પવિત્ર પ્રતિમાઓની ચલ પ્રતિષ્ઠા અત્રેના જિનાલયમાં કરાઈ હતી. તે પછી ડિસેમ્બર, ૨૦૦૪માં આ જિનબિંબોની પુનઃ પ્રતિષ્ઠા મહોદયસાગરજી (ગુણબાલ) મહારાજ સાહેબની નિશ્રામાં ચંપકનગર મધ્યે થઈ હતી. આ જૂનાં દેરાસરોની ભૂકંપ પછી શહેરના નવા બૃહદ્ વિસ્તારોમાં નવનિર્મિત નૂતન જિન મંદિરોમાં (લેખના પ્રારંભે ઉલ્લેખિત) એ જ નામે કે નવા મૂળનાયક રૂપે પ્રતિષ્ઠા થઇ છે.

● *સંદર્ભ* : જિનાલયના પ્રાંગણમાં સ્થાપિત વિશાળ શિલાલેખમાંની વિગતો.

- *સહયોગ* : ચંદુભાઈ ચમનલાલ શાહ (૯૯૭૯૬ ૬૮૧૬૮), શિરીષભાઈ શાંતિલાલ હરિયા (૯૪૨૬૯ ૧૬૧૭૦) સાથે લેખકનો પરામર્શ તથા સ્થળ પરની જાત મુલાકાત.
- *વર્ષગાંઠ* : પોષ વદ છઠ્ઠ (ધ્વજારોહણ તિથિ)
- *ફોન નંબર* : (૦૨૮૩૬) ૨૪૭૧૧૩, ૯૭૧૨૧ ૫૧૮૮૫ (પૂજારી જેંતીભાઈ બારિયા)
- *અંતર* : આદિપુર ૭, ગાંધીધામ ૧૪, મુંદ્રા ૪૫, ભુજ ૪૬ અને ભચાઉ ૫૫ કિ.મી.
- *સરનામું* : ચકરાવા પાસે, જૈન કોલોની, નવા અંજાર (જિ. કચ્છ) ૩૭૦ ૧૧૦.

*'શિવમ્', ૪૦, વૃંદાવન નગર-૧, ખડિયા તળાવ સામે,*
*વૈશાલી સિનેમા રોડ, અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯, મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

## મરાઠાકાળનું ગણપતિ મંદિર - અમદાવાદ

લાલ દરવાજા ખાતે મરાઠાકાળનું સુંદર ગણપતિનું મંદિર આવેલું છે. જમણા હાથે આવેલા ગર્ભગૃહમાં સુંદર ગણપતિની મૂર્તિ છે. આ મંદિરમાં શિલ્પશાસ્ત્રના બધા લક્ષણો જાળવી ધીરજ અને વિગતપૂર્વક આ મૂર્તિ કંડારાઈ છે.

## ભગવાનની ભૂલ કાઢનાર!

બે મિત્રો હતા. ફરતા ફરતા ખેતરોમાં ગયા. બંને મિત્રો આંબાના એક વૃક્ષ પાસે આવ્યા. વૃક્ષ પર નાની નાની કેરીઓ હતી. પાસે તડબૂચમાંના વેલા હતા. વેલા પર મોટાં મોટાં તડબૂચ હતાં. બંને મિત્રોએ એ જોઈને ભગવાનની મશ્કરી કરી. ભગવાન બહુ મોટી ભૂલો કરે છે તેવું કહેવા લાગ્યા. 'જુઓને, આંબા પર તડબૂચ જેવડાં ફળ હોવાં જોઈએ અને તડબૂચના વેલા પર કેરી જેવાં ફળ હોવાં જોઈએ... ભગવાને તો ભારે ભૂલ કરી છે.'

એટલામાં એક મિત્રના માથે કેરી પડી. તેને વાગ્યું, પરંતુ વધુ ઈજા થઈ નહિ. પરંતુ હા, હવે તેઓ વિચાર કરવા લાગ્યા કે, આંબાના વૃક્ષ પર તડબૂચ જેવડાં ફળ હોત તો ખોપરી તૂટી જ જાત! હવે તેમને પોતાની ભૂલ સમજાઈ ગઈ!

**બોધ વાક્યો :**

★ દોષદૃષ્ટિવાળા અન્યની ટીકા કરતા હોય છે.
★ ભૂલો શોધનારને ભગવાનમાં પણ ભૂલો દેખાય છે.
★ અન્યની ભૂલો બતાવતાં પહેલાં તટસ્થતાથી વિચારવું જોઈએ.
★ જે માણસ નકારાત્મક - ખંડનાત્મક સ્વભાવવાળો હોય છે તે સર્વની ખામી જ જોતો હોય છે.
★ કુદરત જે કંઈ કરે છે તે યોગ્ય જ કરે છે.

*'સફળતાનાં સ્વાતિબિંદુ' માંથી*

## મંગલ મંદિરનું લવાજમ

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સ્થાનિકે વસવાટ કરતા તથા બહારગામના સભ્યોને વિનંતી સહ જણાવવાનું કે અનેક સભ્યોએ હજુ સુધી 'મંગલ મંદિર'ના લવાજમ ભર્યા નથી. તેઓને વિનંતી કે તેઓ પોતાના લવાજમની રકમ તાત્કાલિક સંસ્થાની ઓફિસ પર મોકલી આપે.*

**• મંગલ મંદિરના લવાજમના દર નીચે મુજબ છે •**

- *૧ વર્ષનું લવાજમ : રૂા. ૧૫૦/-*
- *૨ વર્ષનું લવાજમ : રૂા. ૩૦૦/-*
- *૩ વર્ષનું લવાજમ : રૂા. ૪૦૦/-*
- *૫ વર્ષનું લવાજમ : રૂા. ૬૦૦/-*
- *૧૫ વર્ષનું લવાજમ : રૂા. ૧,૫૦૦/-*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક એકાઉન્ટની વિગત નીચે મુજબ છે :*

- *સંસ્થાનું નામ* : શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
  [Shree Kutchhi Jain Seva Samaj - Ahmedabad]
- *બેંક* : કેનેરા બેંક, પાલડી બ્રાંચ - અમદાવાદ
  [Canara Bank, Paldi Branch - Ahmedabad]
- *એકાઉન્ટ નંબર* : ૭૦૦૭૨૦૧૦૦૧૬૦૩૨ [70072010016032]
- *IFSC કોડ* : CNRB0017007

*રજનીકાંત પારેખ, માનદ્ મંત્રીશ્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

# તીર્થ દર્શન

## તીર્થ દર્શન-૨૦

### શ્રી કોઠારા તીર્થ
### (શ્રી શાંતિનાથ ભગવાન)



ભુજથી ૮૦ કિ.મી. દૂર આવેલા કોઠારા ગામના મધ્ય ભાગમાં આવેલું શ્રી કોઠારા તીર્થ કચ્છ - ભુજના અબડાસા પંચતીર્થીનું એક તીર્થસ્થળ છે. આ પંચતીર્થીમાં પણ આઠ શિખરવાળા આ ગગનચુંબી મંદિરની આંતર બાહ્ય કલાકારીગરીને કારણે આ તીર્થ વિશેષ કલાત્મક લાગે છે. ઘટ્ટ બાંધણીનું આ તીર્થ એની વિશાળતા અને ભવ્યતામાં કચ્છનાં તીર્થોમાં આગવું તરી આવે છે. દૂરથી આ મંદિરના આઠ શિખરો પર લહેરાતી ધજા યાત્રાળુઓને પ્રફુલ્લિત કરે છે તો મંદિરના શિખર-સંયોજન અને રંગમંડપની શિલ્પકળા યાત્રાળુઓને આનંદવિભોર કરી દે છે. આ ગગનસ્પર્શી મંદિરની લંબાઈ અને પહોળાઈ ૭૮ X ૬૪ ફૂટની છે. ઊંચાઈ ૭૪ ફૂટની છે. આમાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની શ્વેત વર્ણની લગભગ ૯૦ સે.મી.ની ઊંચાઈ ધરાવતી પદમાસનસ્થ પ્રતિમાજી મળે છે. મંદિરમાં રંગમંડપ, તોરણો અને સ્તંભોની શિલ્પકલા વિશિષ્ટ છે તો એમાંનું કાચનું કામ પણ એટલું જ દર્શનીય છે. આ મંદિરના નિર્માણકાર્યમાં આ જ ગામના વતની, રહેવાસી અને શત્રુંજય ગિરિ પર 'કેશવજી નાયકની ટૂંક'ને નામે ઓળખાતી ટૂંકના નિર્માતા શેઠ કેશવજી નાયકે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. આ ઉપરાંત શેઠ વાલજી માલુ અને શેઠ શિવજી નેણશીએ પણ શેઠ કેશવજી નાયક વિ. સાથે સં. ૧૯૧૮માં આ મંદિર બંધાવી તેની પ્રતિષ્ઠા કરાવી હતી. આ પ્રતિષ્ઠા વિ.સં. ૧૯૧૮ના મહા સુદ ૧૩ના શુભ દિને અચલગચ્છના આ. શ્રી રત્નસાગરસૂરીશ્વરજીના શુભ હસ્તે થઈ હતી.

## તીર્થ દર્શન-૨૧

### શ્રી જખૌ તીર્થ
### (શ્રી મહાવીર ભગવાન)



કચ્છની અબડાસા પંચતીર્થીમાં આવેલું શ્રી જખૌ તીર્થ ભુજથી આશરે ૧૦૮ કિ.મી. દૂર આવેલું છે. જખૌ ગામની વચ્ચે આવેલા જિન મંદિરમાં મૂળનાયક શ્રી મહાવીર ભગવાનની શ્વેત વર્ણની આશરે ૮૪ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમાજી છે. આ દેરાસરને રત્નટૂંક દેરાસર પણ કહે છે. આનું નિર્માણ શેઠ જીવરાજ રતનશી અને શેઠ ભીમશી રતનશીએ કરાવ્યું હતું. દર વર્ષે મહા સુદ પાંચમના દિવસે અહીં વાર્ષિકોત્સવ ઉજવાય છે. વિ.સં. ૧૯૦૫માં જીવરાજ રતનશીએ મુખ્ય મંદિર બંધાવ્યું. પોતાના પિતાના નામ પરથી રત્નટૂંક એવું નામ આપ્યું હતું. એ પછી અહીં એક જ કોટની અંદર બીજા આઠ મંદિરો છે. નવ દેરાસરોનો આ સમૂહ જાણે શત્રુંજયગિરિની એક ટૂંક ઊભી કરી હોય તેવો ભવ્ય દેખાવ રચે છે. મૂળનાયક શ્રી મહાવીર સ્વામી ભગવાનના મુખ્ય મંદિરની ઉપરનાં વીસ શિખરોની કળશ - ધજાઓ પર જ્યારે સૂર્યના કિરણો પડે છે ત્યારે ચોપાસ તેજભર્યું ઝળાહળા વાતાવરણ સર્જાય છે. વિ.સં. ૧૯૦૫ પછી આની પુનઃ પ્રતિષ્ઠા વિ.સં. ૨૦૨૮માં થઈ હતી. બાકીના આઠ દેરાસરોમાં આ પ્રમાણેના મૂળનાયક ભગવાન બિરાજમાન છે : (૧) શ્રી સુવિધિનાથ, (૨) શ્રી આદિનાથ, (૩) શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ, (૪) શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ, (૫) શ્રી ગોડી પાર્શ્વનાથ, (૬) શ્રી ગૌતમ સ્વામી, (૭) શ્રી શાંતિનાથ ભગવાન અને (૮) શ્રી ચંદ્રપ્રભ સ્વામી. આ બધા મંદિરોમાં અનેક પ્રતિમાજી મળે છે. બધા જ મંદિરોની પ્રતિમાજી મળીને કુલ ૧૨૬ પાષાણની, ૮૦ ધાતુની, બે સ્ફટીકની અને એક સુવર્ણની મૂર્તિ મળે છે.

***પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ***
***મો. ૯૪૨૭૩ ૯૦૦૦૭***

*અનુભવ ઉંમરથી નહીં પણ, પરિસ્થિતિથી આવે છે.*
*સારા સમય કરતા ખરાબ સમય જિંદગીમાં ઘણું બધું શીખવી જાય છે.*

# મિજાજ

યુસુફ મીર

સલીમની અકળામણનો આજે પાર નહોતો. જેમ જેમ ઓફિસ બંધ થવાની ઘડીઓ ગણાઈ રહી હતી કે તે વારંવાર સામેની દીવાલ પર ટાંગેલી ઘડિયાળ તરફ જોઈ રહેતો અને વિચારતો કે આજે તો જેમ બને તેમ જલ્દી ઘેર જઇ ત્રણ દિવસથી તાવમાં પટકાયેલી વહાલસોઈ પત્નીને ઘરકામમાં મદદરૂપ થઈ રાહત આપું. તે વારંવાર સામેની દીવાલ ઘડિયાળ તરફ જોઈ રહેતો હતો. દીવાલ ઘડિયાળ પણ તેને આજે કોણ જાણે પરભવની વેરી લાગતી હતી. કાંટા અડિયલ ટટ્ટુની માફક હલતા હતા પણ હાલતા નહોતા! પણ કહેવાય છે ને કે ગરીબના નસીબ પણ ગરીબ જ રહેવાના. હજુ તો ઘડિયાળે રાહતના સમાચાર આપતા કાંટા પોણા છો તરફ આગળ ધપાવ્યા કે ઓફિસનો પટાવાળો સલીમના ટેબલ પર આવ્યો અને કાળોતરી સંભળાવી ગયો કે, “સલીમભાઈ, ઘેર જતા પહેલા સાહેબને મળીને જજો. તમારું કામ છે!” સલીમે માથુ કુટ્યું. લ્યો પત્યું. હજુ તો ઘેર જઇ રસોઇકામમાં સલમાને મદદરૂપ થવાનો મનસુબો કરે છે ત્યાંજ બોસે ફરમાનરૂપી પથરો માર્યો.

ભાંગેલ પગે તે બોસની કેબીનમાં ગયો કે બોસે મીઠી મધ જેવી ભાષામાં ફરમાન કર્યું કે, “મિસ્ટર સલીમ, તમે તો જુહાપુરા રહો છો ને? આજનો દિવસ મારું એક કામ કરજોને. જતી વખતે પટાવાળા મગન પાસેથી એક પેકેટ લઇ દસ વાગ્યા પહેલા શાંતિપુરાના મારા બંગલે આપી આવજોને! મારે આજે બીજે મીટિંગ હોવાથી અગિયાર પહેલા પહોંચીશ નહીં અને હોમ મિનિસ્ટરનો હુકમ છે કે સાડા દસ પહેલા પેકેટ એને મળવું જોઈએ.” સલીમને હા પાડ્યા સિવાય ક્યાં છૂટકો હતો?

પટાવાળા મગને આપેલું ભારેખમ પેકેટ એણે સ્કુટરની ડિકીમાં મૂક્યું અને બોસના બચ્ચાને મણ મણની જોખતા સ્કુટરને કીક મારી.

પોતે જુહાપુરા શમ્એ બુરહાનની એક રૂમમાં તેની પત્ની સલમા અને બે પુત્ર તથા એક પુત્રી સાથે ભાડેથી રહેતો હતો. પત્ની સલમા આજે ત્રણ દિવસથી તાવમાં પટકાઈ હતી. પોતાના ઘરે વહેલો જઈ રસોઈમાં મદદ કરીશ એવા મનસુબા પર બોસે પાણી ફેરવી દીધું હતું. ઘેર ગયો ત્યારે સલમા હજુ શેટી પરથી ઊભી નહોતી થઈ. બંને બાળકો ધમાલ કરી દફતર આમતેમ ફેંકતા હતા. દીકરી મુંઝાયેલી ઘડીક આમતેમ સમુનમુ કરતી હતી. સ્કુટરનો અવાજ સાંભળી હડબડાતી સલમા ઊભી થઇ અને કુકર હાથમાં લઇ ગેસ સળગાવવા ગઈ કે સલીમના મગજરૂપી ગેસનું બોઈલર ફાટ્યું : “હજુ ખીચડું નથી બાફ્યું? હવે ક્યારે થશે અને ક્યારે હું ખાઈશ? નવ તો વાગ્યા. દસ વાગે બોસના ઘેર સંપેતરૂ આપવા જવાનું છું. હું તો જાઉં છું. હવે ગળચજો તું અને તારી વેજા.” સહમી ગયેલી સલમાની હાલતની ફિકર કર્યા વગર ધુંધવાયેલા સલીમે ફરીથી સ્કુટરને કીક મારી કે વહેલું આવે શાંતિપુરા!

શાંતિપુરા જઇ સલીમે ‘આરવ’ બંગલાનું પૂછ્યું તો એક જણાએ કહ્યું, એ તો છેક શીલજ પાસે છે. હજુ વીસ મિનિટનો રસ્તો ખરો. આખરે સવા દસે સલીમ ‘આરવ’ બંગલે પહોંચ્યો. ગેટમેને દરવાજો ખોલ્યો. અડધો કિ.મી. જેટલો રસ્તો પસાર કરી મેઇન દરવાજે પહોંચ્યો કે પિત્તળના વિશાળ કમાડવાળો મેઇન ગેટ જોઈને જ ચકરાઈ ગયો. પિત્તળના કડા બે વાર ખખડાવ્યા કે અંદરથી ઘુઘરી રણકતી હોય એવો ટકોરો સંભળાયો અને સફેદ ગણવેશધારી કાકાએ દરવાજો ખોલ્યો. ‘મને અગ્રવાલ સાહેબે આ પેકેટ આપવા મોકલ્યો છે. પોતે મોડા આવશે.’

મનસુખકાકા બોલ્યા, ‘આવો, શેઠાણી આપની જ રાહ જુએ છે. હું તમને એમના રૂમમાં લઇ જાઉં.’ સલીમ તો બંગલાની જાહોજલાલી જોઈને જ ચકરાઈ ગયો હતો. મોંઘાદાટ ઝુમ્મર, આલીશાન સોફા, મોંઘા પેઇન્ટીંગ! પણ બધું નિર્જીવ. આખા બંગલામાં ઘેરો વિષાદી સન્નાટો. સલીમની આંખમાં ડોકાતી જીજ્ઞાસા જોઈ મનસુખકાકા વિષાદમય હસ્યા અને બોલ્યા, ‘તમે વિચારતા હશો કે આખા બંગલામાં બાળકોનો કિલકિલાટ, ધીંગામસ્તી કે રમકડાની વેરણછેરણ કેમ નથી દેખાતી? આ સોફા નાના પગલાની છાપથી વંચિત કેમ રહી ગયા છે? અહીં જીવન ધબકતું કેમ નથી દેખાતું? સન્નાટો કેમ રાસડા લે છે? એનું એક જ કારણ છે કે શેઠ અને શેઠાણી પાસે અઢળક ઐશ્વરય છે, અપાર ધનરાશિ છે પણ ખોળાનો ખુંદનાર નથી. શેઠ - શેઠાણીને શે’ર માટીની ખોટ છે. દોરા-ધાગા, બાધા આખડી કાંઈ જ કરવામાં બાકી નથી રાખ્યું પણ ઉપરવાળાએ બાળકના કિલકિલાટથી આ મહેલ વંચિત રાખ્યો છે. શેઠને તો શું? સવારે નવ વાગે નીકળી

પોતાની જાતને ઓફિસ, ક્લબ, મીટિંગ, જીમખાનામાં ડૂબાડી બાર વાગે આવી સૂઈ જાય છે. પણ શેઠાણીનું શું? બાળકના કલબલાટ વગર એ બાઈ હિજરાય છે. એટલે એમણે એમની જાતને બાળ કનૈયાની મૂર્તિમાં જ પોતાનો લાલ નિહાળ્યો. આખો દિવસ એમની રૂમમાં સીસમના પારણામાં બાળ કનૈયાની મૂર્તિને મોંઘેરા વસ્ત્ર પરિધાન કરાવી પારણામાં આખો દિવસ ઝુલાવ્યા કરે છે અને હાલરડા ગાયા કરે છે. આજે જન્માષ્ટમી છે એટલે દર જન્માષ્ટમીએ નવી બાળ કનૈયાની મૂર્તિને લાવી પારણામાં હિંચોળશે. એટલે તમે લાવ્યા એ પેકેટમાં બાળ કનૈયાની નવી મૂર્તિ છે. ઓછામાં ઓછી પાંચ લાખની કિંમતની હશે. આવો, તમારી જ રાહ જોવાય છે! સલીમ તો અવાચક થઇ સાંભળતો જ રહ્યો.

મનસુખકાકા આગળ બોલ્યા, 'ઘણીવાર તો એમ થાય છે કે આ માલેતુજાર શેઠિયા કરતા આપણે લાખ દરજ્જે અમીર છીએ કે સાંજ પડ્યે આપણા માળામાં આપણા બચ્ચાઓ જોડે એમની કાલીઘેલી ફરિયાદો સાંભળી, બીજા બધા દુઃખ ભૂલી તો જઈએ છીએ.' શેઠાણીની રૂમ આવી કે વાતચીતનો અવાજ સાંભળી શેઠાણી બહાર આવ્યા. સલીમ પસેથી આસ્તેથી પેકેટ લીધું અને મનસુખકાકાને કહ્યું, 'કાકા, આ ભાઈને જમાડીને મોકલજો અને જતી વખતે પેલી ફોરેન ચોકલેટનું પેકેટ આપજો.' પછી સલીમ તરફ જોઈ બોલ્યા, 'બાળ ગોપાળ હશે નહીં?' કહી ડબડબાયેલી આંખ સંતાડવા મોં ફેરવી ગયા.

વિષાદથી સહેમી ગયેલા સલીમે મનસુખ કાકા સાથે ચાલવા માંડ્યું અને કહ્યું, 'કાકા, જમીશ તો નહીં. ઘેર બધા રાહ જોતા હશે.' કાકા દુઃખભર્યું હસ્યા અને કહ્યું, 'હા ભઈ, જ્યાં સુધી બાપ ઘેર ના પહોંચે ત્યાં સુધી આપણા બૈરી બચ્ચાનો વલવલાટ કેવો હોય છે એ હું જાણું છું. જા ઉપડ અને આ ચોકલેટનું પેકેટ લેતો જા.' કહી મનસુખ કાકા સલીમને વળાવવા છેક ગેટ સુધી આવ્યા.

સલીમે સ્કુટર ચાલુ કર્યું અને વિચારવા લાગ્યો કે પોતે અગ્રવાલ શેઠ કરતા કેટલો અમીર છે! પોતાને ઉપરવાળાએ વહાલસોઈ પત્ની આપી છે, દેવના દીધેલ જેવા બે પુત્ર આપ્યા છે. પોતાના દુઃખે દુઃખી થનાર પણ બોલી નહીં શકતી પુત્રી આપી છે અને પોતાને એમની કદર ક્યાં છે? દુનિયાનો અમીરમાં અમીર માણસ એ છે કે પોતે ઓફિસેથી ઘેર આવે ત્યારે ઘરના ઉંબરે બે આંખો પોતાની વાટ નિહારતી હોય છે. બાળકો બેધ્યાન હોવાનો ડોળ કરી પોતે આવી ગયો છે એની નોંધ લેતા હોય છે અને હાશકારો અનુભવતા હોય છે. અને પોતે કેવો કે નહીં જેવી બાબતમાં એમના ઉપર વરસી પડ્યો! અને રસોઈનું મોડું થયું એ એની તબિયત ખરાબ હતી ત્યારે ને? દરરોજ ક્યાં થાય છે? એમાં કયો પહાડ તૂટી પડ્યો. સલીમનું સ્કુટર પોતાના રૂમના કમ્પાઉન્ડમાં પ્રવેશ્યું કે ઉચ્ચક જીવે રાહ જોતી દમીયલ સલમા દેખાણી. સલીમ અંદર દાખલ થઈ શેટીમાં હા...શ... કરતોક આડો પડ્યો કે બીતા બીતા સલમા બોલી : 'લો ઊભા થઇ હાથ મોં ધુઓ કે હું રસોઈ ગરમ કરી આપું. હજુ મારે પણ જમવાનું બાકી છે. પછી રસોઈ ઠંડી થઈ જશે.' સલીમે હેતથી સલમાને પોતાની પાસે બેસાડી અને બરડે હાથ ફેરવતા ફેરવતા એટલું જ કહ્યું કે, 'થવા દે રસોઈ ઠંડી. રસોઇ અને મિજાજ તો ઠંડા જ સારા!' સલમાને સલીમના વેણમાં અને હાથ ફેરવવાની ચેષ્ટામાં વર્ષાની હેલી દેખાણી. ■

## માતૃત્વનું મહત્ત્વ

'મા' એટલે મમતા. 'મા' એટલે વહાલનો દરિયો. 'મા' એટલે પ્રેમનો સાગર.

કહેવાય છે કે આપણે ક્યારેય કોઈ પુણ્ય કર્યું હોય અથવા પરમાત્માના આશિર્વાદ હોય ત્યારે મા નું રૂપ મળે છે. જ્યારે 'મા' આપણને જન્મ આપે છે ત્યારે ૯ મહિના સુધી ગર્ભમાં રહીએ છીએ. એ નવ મહિના દરમ્યાન થતી પીડા, દુઃખ, વેદના બધું મા સહન કરે છે. આપણો ઉછેર અને વિકાસ સારો થાય તેનો પૂરેપૂરો ખ્યાલ રાખે છે. મા શબ્દ સાંભળતા જ આપણા મુખ પર એક ક્ષણ માટે પ્રસન્નતા છવાઈ જાય છે.

બાળકને માટે માતા ફક્ત જન્મદાત્રી જ નહીં, પરંતુ સંસ્કારોનું સિંચન કરનાર શિક્ષક પણ છે. આથી જ કહેવાય છે કે એક માતા સો શિક્ષકની ગરજ સારે છે. માતાને એક સંતાન હોય કે ચાર સંતાન હોય, પરંતુ માનો પ્રેમ બધા માટે સરખો જ હોય છે. વળી બાળક બહેરું-મૂંગું હોય, મંદબુદ્ધિનું હોય કે તેજસ્વી હોય પરંતુ માતાના પ્રેમમાં કોઈ ફરક પડતો નથી. માતૃપ્રેમ એ મનુષ્યજાતિમાં જ જોવા મળે છે તેવું નથી પરંતુ પશુ પંખીમાં પણ જોવા મળે છે.

ભગવાન શ્રીકૃષ્ણનો માતૃપ્રેમ પણ આપણી સંસ્કૃતિમાં પ્રતિષ્ઠિત છે. માતા આપણી પાસેથી કંઈ માંગતી નથી. આપણું ભલુ ઈચ્છે છે. આજે મા પોતાના બાળકને સારું શિક્ષણ, સારા સંસ્કાર, સારો ઉછેર થાય એ માટે એનાથી બનતા બધા પ્રયત્નો કરે છે. જ્યારે આ જ બાળક મોટું થઈને મા-બાપને વૃદ્ધાશ્રમમાં મૂકવાનું કહે ત્યારે આ મા-બાપ ઉપર કેવી વીતતી હશે, એનો ખ્યાલ આવે છે. મા નું ઋણ ક્યારેય આપણે ભરપાઈ કરી શકીએ તેમ નથી.

મા આપણામાં સંસ્કારોનું સિંચન કરે છે. જ્યારે ગુરુ ખોટા માર્ગે જતા લોકોને સાચો માર્ગ બતાવે છે. અને ભગવાન જે આપણે સારા કામ કરવા માટે આશિર્વાદ માંગીએ છીએ. કહેવાય છે કે છોરું કછોરું થાય પણ માવતર કમાવતર ન થાય.

**– મોના જીજ્ઞેશ શાહ**

# ઝુંપડીનું મોતી



નટવર આહલપરા

ધોધમાર વરસાદ વરસતો હતો. કેનાલની બાજુમાં નળિયાવાળા મકાનમાં નળિયામાંથી પાણીની ધોરાડી હિતેશના ઘરમાં થઈ રહી હતી. કરા, પછીત ઉપરથી પણ પાણીના રેલા ઉતરતા હતા.

વીજળીનો ચમકાર અને વાદળોનો વરસાદ બંધ થવાનું નામ નહોતા લેતા. મેઘ ગર્જનાથી હિતેશ રાજી થતો હતો : 'મેઘ મહારાજ, આપને તો પૂરા વિશ્વની ચિંતા છે. જ્યારે અમને તો અમારી જ ચિંતા છે. પણ પ્રભુ, હું પણ ભણીગણીને પરિવાર, સમાજ અને રાષ્ટ્રની સેવા કરવા આપની જેમ વરસીશ.'

'માતા હું ભણતો જઇશ અને મારા બાપુની પંચર કરવાની રેંકડીએ સાઈકલની ટ્યુબના પંચર સાંધીશ. નવમા ધોરણમાં પણ હું શાળામાં પ્રથમ આવીશ.' પંચર કરવાની રેંકડીએથી હિતેશના પિતા ઘરે આવ્યા ન હતા. હિતેશની માતાને ચિંતા થતી હતી. માતાને હિંમત આપતા હિતેશે કહ્યું, 'મા, પ્રભુ આપણોય બેલી છે. હમણાં મેઘરાજ વિરામ લેશે અને મારા બાપુય આવી જશે.'

માતાની છાતી ગજગજ ફૂલતી હતી. તે મનોમન બોલતી હતી : હા પ્રભુ, કાલે સારા વાના કરશોને? ને મારો હિતેશ પણ તેના બાપુની પડખે ઊભો રહી જશે. છોડને તો પૂરો તડકો, વરસાદ અને ટાઢ મળે તો જ ખીલે. મારો છોડવા જેવો કિશોર હિતેશ પણ કાલે ખિલખિલાટ કરશે.

માતા-પિતાનો એકનો એક દીકરો હિતેશ એકે હજારા હતો. ભાડાની જર્જરીત ઓરડીમાં એક ખૂણામાં હિતેશની માતા ચુલા ઉપર રસોઈ કરતી હતી. બીજા ખૂણે હિતેશ મન લગાવીને ભણતો હતો. ગરીબીનો કોઈ અભાવ તેને નડતો ન હતો. તેના મનમાં એક જ લગન હતી. ખૂબ ભણીશ અને બાપુને મદદ કરીશ અને તેમને આરામ કરાવીશ. હજુ ગમે તેવા કપરા સંજોગો આવશે પણ હું તેનો સામનો કરી મારું સપનું સાકાર કરીશ.

હિતેશનો આ આત્મવિશ્વાસ જ ખરો હતો. એટલે તે આપત્તિના પહાડોને તો ધોળીને પી જતો હતો. સવારે સાડા સાતે શાળા શરૂ થતી પણ હિતેશ રોજ સવારે સાડા પાંચે ઊઠી, દિનચર્યા પતાવી, સ્નાન કરી ઈશ્વરની પૂજા,ધ્યાન કરી ચાલીને શાળાએ જતો હતો.

દફ્તરમાં એક પોટલીમાં થોડી પંખીની ચણ લઈ જતો હતો. રસ્તામાં પંખીને ચણ નાખતો, તો ક્યારેક ગાય-કૂતરા માટે રોટલી ખવડાવતો હતો. શાળામાં વૃક્ષારોપણમાં અને વૃક્ષ ઉછેરમાં પણ હિતેશ સૌથી પહેલો હોય. પ્રજાસત્તાક અને સ્વતંત્રતા દિનની ઉજવણીમાં હિતેશ ભાવસભર રાષ્ટ્ર ભાવનાના ગીતોને રજૂ કરી શાળામાં સૌના હૃદયમાં દેશભાવના દૃઢ કરતો હતો.

તે વક્તૃત્વમાં બોલતો : "મારા વહાલા મિત્રો, ઈશ્વરે આપણને સાજા-સારા બનાવ્યા છે. હૈયું, મસ્તક અને હાથનો આપણે બરાબર ઉપયોગ કરીએ તો ક્યાંના ક્યાં પહોંચીએ! પ્રતિકૂળ સંજોગો આવે તો પણ મજબૂત મનોબળથી સિધ્ધિના શિખરો સર કરવાના છે."

એન.સી.સી. સ્કાઉટમાં પાવરધા હિતેશને કોઈ વ્યસન ન હતું. બહારનું તો ખાવાનું જ નહીં. તેની માતા ડબ્બામાં ગોળનો ટુકડો અને બાજરાનો અડધો રોટલો આપતી, એ હિતેશ માટે બત્રીસ પકવાન હતા. તે બરાબર જાણતો હતો કે, બીજાના બંગલા જોઈને આપણી ઝુંપડી પાડી ન દેવાય.

હજી તો અડધું વર્ષ પસાર થયું હતું ત્યાં હિતેશે શાળામાં યોજાતી વક્તૃત્વ, નિબંધ - કાવ્યલેખન, ગાયન, અભિનય સ્પર્ધામાં વિજેતાપદ મેળવીને અઢળક ઇનામો જીત્યા હતા. તેને તો ચોવીસ કલાક ઓછા પડતા હતા. એક એક ક્ષણનો ભરપૂર ઉપયોગ કરતો હિતેશ, પોતે જ પોતાનો ઘડવૈયો બની ગયો હતો. મહેરામણે ઉતરીને પણ સફળતાના મોતી લાવવાની ધૂન તેના મન ઉપર સવાર થઈ હતી.

સારો માણસ બનીશ. હું વેબુછીપમાં નહીં રાચું. જળમાં હિલોળાય નહીં લઉં. હિતેશની શાળાના ગુજરાતી વિષયના શિક્ષક માંદા પડ્યા. હિતેશને સમાચાર મળ્યા. પોતાના પ્રિય શિક્ષક માંદા પડે? તેઓ તો હિતેશના રોલ મોડેલ છે. થોડા સફરજન, ચીકુ, દાડમ લઇ હિતેશ તેમના પ્રિય શિક્ષકના ઘેર ગયો. ગુરૂ - શિષ્યની આંખ ભીંજાઈ ગઈ. શિક્ષકે હિતેશનો વાંસો થાબડતા કહ્યું, 'ચેલા તો ગુરૂ કરતા સવાયા જ હોય ને?'

બપોરે શાળાએથી આવી શાળાનું ગૃહકાર્ય પતાવી હિતેશ રેંકડીએ પહોંચી જતો. રેંકડીએ આવતા ગ્રાહકોના હૃદયમાં હિતેશ

વસી ગયો હતો. મળતાવડા આ છોકરાએ ખરા અર્થમાં કિશોરાવસ્થા ઉજાળી હતી. સાંજે ઘરે જાય ત્યારે રેંકડીની બાજુમાં ઉભેલા લીમડાના પાન તોડી ઘેર લઇ જાય. મા તેની કડવાણી કરી સવારમાં નરણા કોઠે હિતેશને પીવડાવે.

આટલી નાની વયમાં હિતેશ જીવન જીવવાની કળા શીખી ગયો હતો. શાળામાં મિત્રોને રીસેસમાં ભેગા કરી સંવાદ કરતો હતો. જુઓ મિત્રો, સમય બહુ કિંમતી છે. ગયેલો સમય પાછો આવવાનો નથી. સંપત્તિ પાછી મળશે, ધંધે ગયેલા વહાણ પાછા આવશે પણ ગયેલો અવસર પાછો નથી આવતો.

મિત્રો પણ હિતેશની વાત ધ્યાનથી સાંભળતા હતા. સૌમાં હિતેશ અજાતશત્રુ હતો. બાકી જીવતા તો કરોડો લોકો હોય છે પણ તેમના મૃત્યુ પછી કોઈ તેની નોંધ લેતું નથી. સમય પસાર થતો હતો.

હિતેશને કમળો થયો. આંખો પીળી થઈ ગઈ. પેશાબ પીળો ઉતરે. શરીર લેવાઈ ગયું. મા તલખે. પિતા છાના ખૂણે રડે. પણ હિતેશે તેના માતા-પિતાને કહ્યું, 'મને કાંઈ જ થવાનું નથી. હું બરાબર પરેજી પાળીશ. દાળિયા ખાઈશ. શેરડી ચૂસીસ, હમણાં આપત્તિનું વાદળું દૂર થઈ જશે.'

અને હિતેશ સાજો થઈ ગયો. ધીમે ધીમે શાળાએ, રેંકડીએ જવા માંડ્યો. જીવનનું ગાડું ગબડવા લાગ્યું. મા-બાપ મનોમન વિચારતા હતા : 'દીકરા, તું અમારા દિ વાળીશ.'

હિતેશ રવિવારે લાઈબ્રેરી જાય. ગરીબ સ્થિતિ એટલે ઘરે છાપું કે સામયિક તો મંગાવી શકાય નહીં. બે કલાક બધા છાપા, સામયિકમાંથી ઘણું જ્ઞાન મેળવી લેતો હતો. તેને બરાબર ખ્યાલ હતો કે ભલે પડશું અનેકવાર પણ કિસ્મત બની જશે, ઉજળી બની જશે.

હિતેશ સવારે શાળાએ ભણતો હતો ત્યાં વર્ગખંડમાં શાળાના પટાવાળા ભાઈએ આવીને કહ્યું : 'હિતેશ કોણ છે? તેને ઓફિસમાં આચાર્ય બોલાવે છે.' હિતેશ આચાર્યની ઓફિસમાં ગયો.

હિતેશ, આચાર્યને પગે લાગ્યો. આચાર્યે શાબ્બાશી આપતા કહ્યું, 'હિતેશ, સુવિચાર લેખન સ્પર્ધામાં તને રાજ્યકક્ષાનું પ્રથમ ઇનામ રૂપિયા અગિયાર હજાર મળે છે. આવતીકાલે આપણી શાળામાં મહામહિમ રાજ્યપાલશ્રી પધારવાના છે. તેમના હસ્તે તને ઇનામ અપાશે. કાલે તારા માતા-પિતાનું પણ સન્માન કરવાનું છે. તેમને પણ સાથે લેતો આવજે. ભાઈ હિતેશ, તેં સુવિચારને જીવનમાંય ઉતાર્યા છે.'

બીજા દિવસે હિતેશનું અને તેના માતા-પિતાનું સન્માન થયું. રાજ્યપાલ પણ ભાવુક થઈ ગયા હતા. તેઓએ તેમના પ્રવચનમાં કહ્યું હતું : 'મારા વહાલા માતા-પિતાઓ, વિદ્યાર્થીઓ, મોતી માત્ર દરિયામાં જ પાકતું નથી પણ મોતી ઝુંપડીમાંય પાકે છે અને તેનું ઉદાહરણ છે આપણા સૌનો પ્રિય, હિતેશ.'

ને પછી તો રાજ્યપાલશ્રીના શબ્દો ક્યાંય સુધી પડઘાતા રહ્યા : ''મોતી ઝુંપડીમાંય પાકે છે.''

*'શ્રી પવનતનય', ૧૦૧, એસ્ટર ફ્લેટ્સ, શ્યામલ સ્કાય લાઇફ એપાર્ટમેન્ટ સામે,*
*આયર્લેન્ડની નજીક, સ્પીડવેલ પાર્ટી પ્લોટની પાછળ,*
*અંબિકા ટાઉનશીપ, મવડી એરીયા, નવા મવા રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૫.*
*મો. ૯૯૭૪૦ ૦૯૦૪૨*

## શરદી

- ગરમા ગરમ રેતી અથવા રેતીનો શેક કરવાથી શરદી મટે છે.
- ગરમા ગરમ ચણા સુંઘવાથી શરદી મટે છે.
- નાગરવેલના બે ચાર પાન ચાવીને ખાવાથી શરદી મટે છે.
- રાત્રે સૂતી વખતે ગરમ પાણીમાં લીંબુનો રસ મેળવીને પીવાથી શરદી મટે છે.
- રાઇને વાટીને સાકરની ચાસણીમાં મેળવીને ખાવાથી શરદી મટે છે.
- અજમાને વાટી તેની પોટલી સુંઘવાથી શરદીમાં રાહત થાય છે.
- ગરમ દૂધમાં મરીની ભુક્કી અને સાકર નાંખીને પીવાથી શરદી મટે છે.
- પાણીમાં સુંઠ નાંખી ઉકાળીને ગાળી પાણી પીવાથી શરદી મટે છે.
- કાળા મરી અને શેકેલી હળદરનું ચૂર્ણ ગરમ દૂધ સાથે લેવાથી શરદી મટે છે.
- ફુદીનાનો તાજો રસ પીવાથી શરદી મટે છે.
- ફુદીનાના રસના ટીપા નાકમાં નાખવાથી સળેખમ મટે છે.
- લવીંગના તેલના ટીપાઓ રૂમાલમાં નાંખી સુંઘવાથી શરદી મટે છે.
- સુંઠ પીપરામુળની ગોળીઓ ત્રણ-ચાર તોલા જેવડી બનાવી લેવાથી શરીરની શક્તિ અને સ્ફુર્તિ જળવાઈ રહે છે.
- સુંઠ અને તલ અને ખડી સાકરનો ઉકાળો કરીને પીવાથી શરદી સળેખમ મટે છે.
- સાકરનો બારીક પાવડર છીંકણીની જેમ સુંઘવાથી શરદી મટે છે.
- તુલસીના પાનવાળી ચા પીવાથી સળેખમ મટે છે.
- તુલસી, સુંઠ, કાળા મરી અને ગોળનો ઉકાળો કરીને દિવસમાં ત્રણવાર પીવાથી ગમે તેવી શરદી મટે છે.
- સુંઠ, કાળા મરી અને તુલસીના પાનનો ઉકાળો પીવાથી શરદી મટે છે.
- નાગરવેલના બે ચાર પાન ચાવીને ખાવાથી શરદી મટે છે.

**પ્રેષક : ચૌલા કુરૂવા - અમદાવાદ**

# જ્ઞાન – વિજ્ઞાન

● સંકલન : રસીક ખીમજી મહેતા ●

*'મંગલ મંદિર'ના જાન્યુઆરી-૨૦૨૩ના અંકથી એક નવી કોલમ ચાલુ કરવામાં આવે છે કે જેનું મથાળુ "જ્ઞાન-વિજ્ઞાન" મૂકવામાં આવેલ છે.*

*'મંગલ મંદિર'ના કોઈપણ વયના વચકને આ કોલમ દ્વારા વૈજ્ઞાનિક તથા વિવિધ બાબતોની જાણકારી આપવાનો પ્રયાસ કરવામાં આવશે.*

*આ કોલમ દ્વારા લોકોને વૈજ્ઞાનિક માહિતી પણ સાંપડી શકશે અને જે તે બનાવની પાછળ શું વિજ્ઞાન રહેલ છે તે જણાવવાનો પણ પ્રયાસ કરવામાં આવશે.*

*આશા છે કે 'મંગલ મંદિર'ના વાચક વર્ગ માટે આ કોલમ રસપ્રદ નીવડશે.*

*– તંત્રી મંડળ*

## વાદળોમાં કેટલું પાણી હોય?

આકાશમાં બંધાયેલા વરાળના વાદળો ઠરીને વરસાદ સ્વરૂપે જમીન પર પડે છે. આકાશમાં નાના, મોટા, રૂના પોલ જેવા સફેદ તો ક્યારેક કાળા ડિબાંગ વાદળો જોવા મળે છે. ક્યારેક સમગ્ર આકાશ વાદળથી છવાઈ જાય છે. દરેક વાદળો વરસાદ લાવે તેવું નથી બનતું. આપણને ક્યારેક નવાઈ લાગે છે કે ધોધમાર વરસાદથી હજારો લીટર પાણી વરસે છે. આટલું બધું પાણી વાદળોમાં કેવી રીતે ભરાતું હશે? અને જ્યારે વાદળ ફાટે ત્યારે એકસાથે હજારો લીટર પાણી જમીન પર ખાબકે છે.

વિજ્ઞાનીઓએ વાદળોના કદ માપીને તેમાં કેટલું પાણી હોય તેનો અંદાજ કાઢવા યંત્ર બનાવ્યું છે. 'ડોપ્લર રડાર' વડે આ આગાહી થાય છે. જો કે તેનાથી પાણીનો ચોક્કસ જથ્થો નક્કી નથી કરી શકાતો. સામાન્ય રીતે વાદળના કદ કરતાં તેમાં દસ લાખમા ભાગ જેટલું પાણી હોય છે. આકાશમાં વાદળો લાખો ઘન મીટરના હોય છે. દસ લાખ ઘન મીટરના વાદળમાંથી દસ હજાર ઘનમીટર પાણી વરસે તેવો અંદાજ છે. વાદળો ભલે નાના અને હળવા દેખાય પરંતુ તેનું કદ લાખો ઘનમીટર હોય છે.

## રેલવેના પાટાની આસપાસ પાથરેલા કાંકરા : બેલાસ્ટ

રેલવેના પાટાની આસપાસ પથ્થરના ટુકડા પાથરેલા હોય છે. પાટા પરથી ગાડી પસાર થાય ત્યારે તેની ધણધણાટીથી પાટા ધ્રુજે છે. આ ધ્રુજારી અટકાવવા માટે તેની આજુબાજુ કાંકરા પાથરવામાં આવે છે.

પાટાની નીચે લાકડાના સ્લીપર વચ્ચે પણ કાંકરા રાખવા પડે છે. આ વાત જાણીતી છે. આ પથ્થરોને બેલાસ્ટ કહે છે. બેલાસ્ટ ૧.૫ ઈંચથી બે ઈંચ જાડા હોય છે. આ માપ જાળવી રખાય છે. એટલે જ તો લગભગ સરખા કદના જોવા મળે છે. ગાડી પસાર થાય ત્યારે તમે જોજો કે આ કાંકરા ધ્રુજતા હોય છે. એટલે કે પાટાની ધ્રુજારી તેમણે શોષી લીધી હોય છે. પાટાની આજુબાજુ તો ઠીક પણ પાટાની નીચે બીજો ૬ ઈંચનો નાના કાંકરાનો થર હોય છે અને ત્યારબાદ જમીનની માટી હોય છે. એટલે બેલાસ્ટ એ માત્ર પથ્થર નથી પણ રેલવેના એન્જિનિયરીંગની મહત્ત્વની ચીજ છે. પથરાના આ ટુકડાને પહેલા બે ઈંચના છિદ્રવાળા ચારણાથી ચાળીને ફરી દોઢ ઈંચના છિદ્રવાળા ચારણાથી ચાળીને મેળવવામાં આવે છે.

## ભારતમાં સૌથી મોટું કે સૌથી ઊંચું

| | |
|---|---|
| *સૌથી ઊંચો ડેમ* | : ઉત્તરાખંડનો ટેહરી ડેમ |
| *સૌથી ઊંચો ધોધ* | : કર્ણાટકનો કુંચીકલ ધોધ |
| *સૌથી મોટો દરવાજો* | : ઉત્તર પ્રદેશનો બુલંદ દરવાજો |
| *સૌથી ઊંચી યુદ્ધભૂમિ* | : સીયાચીન |
| *સૌથી ઊંચું તળાવ* | : સિક્કીમનું ચોલામું લેક |
| *સૌથી ઊંચો મિનારો* | : દિલ્હીનો કુતુબ મિનાર |
| *સૌથી મોટું મંદિર* | : તામિલનાડુનું રંગનાથ સ્વામી મંદિર |
| *સૌથી મોટી મસ્જીદ* | : દિલ્હીની જામા મસ્જીદ |
| *સૌથી મોટું ચર્ચ* | : ગોવાનું સે કેથડ્રેલ |
| *સૌથી મોટું મકાન* | : દિલ્હીનું રાષ્ટ્રપતિ ભવન |
| *સૌથી મોટું નાટ્યગૃહ* | : મુંબઈનું શણમુખાનંદ હોલ |
| *સૌથી મોટું થિયેટર* | : મદુરાઈનું પંગમ |
| *સૌથી મોટું ઝુ* | : કોલકતા ઝુઓલોજીકલ ગાર્ડન |
| *સૌથી મોટી ગુફા* | : જમ્મુ-કાશ્મીરની અમરનાથ ગુફા |

| | | |
|---|---|---|
| *સૌથી મોટી હોસ્પિટલ* | : | અમદાવાદની સિવિલ હોસ્પિટલ |
| *સૌથી મોટી જેલ* | : | દિલ્હીની તિહાર જેલ |
| *સૌથી મોટી મૂર્તિ* | : | સરદાર સરોવર પર સરદાર સ્ટેચ્યુ |
| *સૌથી મોટું બંદર* | : | મુંબઈ |
| *સૌથી મોટું રેલવે સ્ટેશન* | : | હાવડા (કલકત્તા) |
| *સૌથી મોટું એરપોર્ટ* | : | ઇંદીરા ગાંધી ઈન્ટરનેશનલ એર પોર્ટ - દિલ્હી |
| *સૌથી મોટો હાઈવે* | : | એન.એચ.-૪૪, શ્રી નગરથી કન્યાકુમારી |
| *સૌથી મોટી રેલવે લાઈન* | : | આસામના દિબ્રુગઢથી કન્યાકુમારી |
| *સૌથી મોટી કાર ફેક્ટરી* | : | મારૂતિ સુઝુકી કાર ફેક્ટરી - ગુડગાંવ (હરિયાણા) |
| *સૌથી મોટું શહેર* | : | જન સંખ્યામાં મુંબઈ |
| *સૌથી મોટું શહેર* | : | વિસ્તારમાં દિલ્હી |

## પ્રાણી જગતની વાતો

### નિર્દોષ અને રમતિયાળ પ્રાણી : સસલું

★ સસલું એ સુંવાળી અને સફેદ રૂંવાટીવાળું આકર્ષક પ્રાણી છે. સસલાની બે જાત ‘રેબીટ’ અને ‘હેર’ અલગ અલગ જાતના પ્રાણીઓ છે.

★ સ્પેન સસલાનો ટાપુ કહેવાય છે.

★ ઇ.સ. પૂર્વે ૩૦૦માં રોમન લોકો સસલા પાળતા.

★ સસલાને ૨૮ દાંત હોય છે, જે હંમેશાં મોટા થાય છે અને ઘસાતા રહે છે.

★ સસલા ૩૬૦ અંશના ખૂણે ચારે તરફ જોઈ શકે છે.

★ સૌથી નાના સસલાની જાત નેધરલેન્ડનું ક્વાર્ફ રેબીટ માત્ર ૧ કિ.ગ્રા. વજનનું હોય છે.

★ સસલાની મૂછો તેના શરીરની પહોળાઈ જેટલી લાંબી હોય છે. એટલે મૂછોના આધારે કેટલી સાંકડી જગ્યામાંથી પસાર થઈ શકાય તે અગાઉથી જાણી શકે છે.

★ સસલાના આગલા પગમાં પાંચ અને પાછલા પગમાં ચાર આંગળીઓ હોય છે.

## જંતુઓમાં સૌથી ઝેરી : વીંછી

છ પગ અને વાંકી પૂંછડી ધરાવતા વીંછી નજરે પડે તો ગભરામણ થાય તેવા જંતુ છે. વિશ્વમાં લગભગ ૧૭૦૦ જાતના વીંછી જોવા મળે છે. તમામ પ્રકારના વીંઝી ઝેરી ડંખવાળા હોય છે. તે નવ મિલી મીટરથી માંડીને ૨૩ સે.મી. સુધીની લંબાઈના જોવા મળે છે.

વીંછી ઠંડા લોહીનું જંતુ છે. ૨૦થી ૩૫ ડિગ્રી સરેરાશ તાપમાનવાળા પ્રદેશોમાં તે વધુ જોવા મળે છે. વીંછીનું શરીર સખત કવચથી રક્ષિત હોય છે. તેના કવચમાં ફ્લ્યુરોસન્ટ હોવાથી તે ચમકતા દેખાય છે.

વીંછીના પગ અને પૂંછડી પર સૂક્ષ્મ વાળ હોય છે. તે શક્તિશાળી સેન્સરનું કામ કરે છે. તેના વાળને પણ કંઇક સ્પર્શ થાય તો તે તરત જ ડંખ મારે છે. તેની પૂંછડી ચારે દિશામાં ફેરવી શકે છે અને તેના છેડે અણીદાર ડંખ હોય છે. વીંછીનું ઝેર ઉંદર જેવા નાના પ્રાણીને તરત જ મારી નાખે છે. વીંછીને છ પગ અને આગળના બે પગ અંકોડા જેવા હોય છે. જેનો તે શિકારને પકડવા ઉપયોગ કરે છે. વીંછી ઉંદર, ગરોળી જેવા જંતુઓ ખાય છે. તે એક વખત ભરપૂર ખાઈ લે પછી ઘણા મહિના ખોરાક વિના ચલાવી શકે છે. વીંછી શરીર પરનું કવચ સમયાંતરે બદલે છે. જીવનભરમાં તે લગભગ આઠ વખત કવચ ખરીને નવું આવે છે. વીંછી સાથે સંકળાયેલી અનેક દંતકથાઓ પણ પ્રચલિત છે. નક્ષત્ર અને રાશિમાં પણ વીંછીને સ્થાન મળ્યું છે.

## વનસ્પતિ જગતની વિવિધ જાણકારી

### જાતજાતની શિકારી વનસ્પતિ

જંગલી પ્રાણીઓ શિકારી હોય છે તે જાણીતી વાત છે. દરેક સજીવ ખોરાકની શોધમાં જાતજાતની રીત અપનાવે છે. વનસ્પતિ મૂળ દ્વારા જમીનમાંથી ખોરાક મેળવે છે. પરંતુ જાણીને નવાઈ લાગશે કે કેટલીક વનસ્પતિ મચ્છર જેવા જીવડાંનો શિકાર કરે છે. અલબત્ત, વનસ્પતિ શિકાર પાછળ દોડી શકે નહીં પરંતુ શિકાર આપોઆપ તેની પાછળ આવે તેવી તરકીબો હોય છે. વિશ્વમાં લગભગ ૪૦૦ જાતના સુંદર ફૂલ છોડ આવા શિકારી છે. દરેકની શિકાર કરવાની રીત જુદી જુદી હોય છે.

પીચર પ્લાન્ટ શંખ આકારના પાન ધરાવે છે. ગોળાકાર શીંગડા જેવા પોલા પાનના દ્વાર ઉપર ચીકણું દ્રવ્ય હોય છે. મચ્છર જેવા જીવડા ઉડતા ઉડતા નજીક આવે એટલે તેમાં ચોંટીને તળીયે ઉતરી જાય છે.

સનડ્યુ એ વિનસ ફલાય ટ્રેપ તો છટકા જેવા પાનની વનસ્પતિ છે. પાન પર જીવડું બેસે કે તરત ભૂંગળું વળી જાય અને તેને દબોચી લે. બટર વર્ટસના પાન તો માખણ જેવા ચીકણા હોય છે. કિડી મંકોડા જેવા જીવ તેમાં ચોંટી જાય પછી છટકી શકે નહીં. મન્કી ફલાવરના ફૂલ પણ જીવડા બેસે કે તરત જ બીડાઈ જાય છે. ઘણી વનસ્પતિ એવી છે કે નજીકના વૃક્ષ કે છોડને મારીને તેમનો ખોરાક લઇ લે. આવી વનસ્પતિના મૂળ જમીનમાં ફેલાય અને બીજી વનસ્પતિના મૂળમાં રોગ ફેલાવી તેને મારી નાખે અને તેનો ખોરાક લઇ લે છે. વનસ્પતિના છટકામાં ફસાયેલા જીવડાનું તેમાં જ પાચન થઈ તેનો ખોરાક બને છે. ■

# દેશ-વિદેશ....



ચૌલા કુરૂવા

## દેશના સમાચાર

### રેલવે મંત્રાલયને ભલામણ : વૃદ્ધોને મળતી રાહતો ફરી શરૂ કરવા રેલવેને ભલામણ

વરિષ્ઠ નાગરિકોને રેલવેયાત્રા માટે મળતી રાહતો ફરી શરૂ કરવા માટે રેલવે સંસદીય સમિતિ દ્વારા રેલવે મંત્રાલયને ભલામણ કરાઈ છે. હજુ સુધી રેલવેની સંસદની સ્થાયી સમિતિએ કરેલી ભલામણ પર રેલવે મંત્રાલય દ્વારા કોઈ નિર્ણય કરાયો નથી.

સૂત્રોના કહેવા મુજબ રાહત મેળવનાર વરિષ્ઠ રેલવે પ્રવાસીઓની વય પણ ૬૦ વર્ષથી વધારે ૭૦ વર્ષ કરવાની ચર્ચા છે. હાલમાં રેલવે દિવ્યાંગ, વિદ્યાર્થીઓ અને ગંભીર પ્રકારની બીમારીથી પીડિત દર્દીઓને જ યાત્રી ભાડામાં રાહત આપે છે. મંત્રાલયનું કહેવું છે કે ૨૦૧૯-૨૦માં યાત્રી ટિકિટ પર ૫૯,૮૩૭ કરોડની સબસીડી અપાઈ હતી. જો સબસીડી આપવામાં ન આવી હોત તો પ્રતિ યાત્રી ૫૩ ટકા વધારે રકમ ખર્ચ કરવાની ફરજ પડી હોત.

રેલવે યાત્રીઓની વધતી સંખ્યા અને રેલવે લાઈન પર વધતા જતા દબાણથી ૧૮૩ નવી રેલવે લાઇન બિછાવવા માટેનો નિર્ણય કરાયો છે. સૌથી વધારે પૂર્વ-મધ્ય રેલવેમાં ૨૫ લાઈન, પૂર્વોત્તર સીમાંત રેલવેમાં ૨૦, ઉત્તર અને દક્ષિણ-પશ્ચિમ રેલવેમાં ૧૮-૧૮, દક્ષિણ-મધ્યમાં ૧૪, પૂર્વે રેલવેમાં ૧૨, દક્ષિણ રેલવેમાં ૧૧, પૂર્વોત્તર રેલવે ૧૦, દક્ષિણ-પૂર્વ-મધ્ય રેલવેમાં ૯, ઉત્તર-પશ્ચિમ રેલવેમાં ૮, દક્ષિણ-પૂર્વમાં ૭, પશ્ચિમ-મધ્ય રેલવેમાં ૩ અને પશ્ચિમ રેલવેમાં ૪ લાઇન બિછાવવાની યોજના છે.

*(તા. ૮-૧૨-૨૦૨૨)*

### નવેમ્બરમાં કચ્છનો જાદુ છવાયો ૭ લાખ સહેલાણીઓ આવ્યા

**માઘી પૂનમ અને ૩૧ ડિસેમ્બરના રણોત્સવના તમામ તંબુ ફુલ ● ૩૮૫ વિદેશી નાગરિકોએ પણ જિલ્લાના વિવિધ સ્થળોની સુંદરતા નિહાળી ● એક મહિનામાં ૩૧ હજાર સહેલાણીઓએ સફેદ રણની યાદો કેમેરામાં કેદ કરી**

કચ્છ જિલ્લો પ્રવાસનની દૃષ્ટિએ સહેલાણીઓમાં પ્રથમ પસંદગીનું કેન્દ્ર બની ગયો છે અને ખાસ કરીને દિવાળીથી માર્ચ સુધીના સમયગાળામાં જિલ્લાની સુંદરતા માણવા માટે લાખો પ્રવાસીઓ આવતા હોય છે. ગત વર્ષે નવેમ્બર મહિનામાં ધોરડો ખાતે ૨૩ હજાર પ્રવાસીઓ આવ્યા હતા, જેની સામે ચાલુ વર્ષે ૩૧ હજાર મુલાકાતીઓએ રણની ચાંદની માણી છે. જોકે ચાલુ વર્ષે દિવાળી પછીના સમયગાળામાં રણોત્સવ શરૂ કરી દેવાયો.

જિલ્લામાં બસ અને ટ્રેનની સાથે હવાઈ માર્ગે પણ મુસાફરો આવી રહ્યા છે તેમજ ભુજ-મુંબઈ અને અમદાવાદની ફ્લાઇટ રેગ્યુલર થઇ જતાં દરરોજ ફ્લાઇટ હાઉસફુલ હોય છે.

*(તા. ૯-૧૨-૨૦૨૨)*

### 'યુનિફોર્મ સિવિલ કોડ' બીલ રજૂ કરવાની મંજૂરી

શુક્રવારે રાજ્યસભામાં ભારે હોબાળાની વચ્ચે ભાજપના સાંસદ કિરોડીલાલ મીણા દ્વારા 'યુનિફોર્મ સિવિલ કોડ બીલ'થી સંબંધિત પ્રાઈવેટ મેમ્બર બીલ રજૂ કરવામાં આવ્યું હતું. આ ખાનગી બીલ પર ગૃહમાં હોબાળો થયો હતો. બીલ રજૂ કર્યા પછી મતદાન થયું. જેમાં પક્ષમાં ૬૩ મત પડ્યા અને વિપક્ષમાં ૨૩ મત પડ્યા. આ પછી વિપક્ષની બીલ રોકવાની માંગને ફગાવી દેવામાં આવી હતી અને બીલ રજૂ કરવાની મંજૂરી આપવામાં આવી હતી. ઉગ્ર ચર્ચા બાદ કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે પૂછ્યું કે શા માટે તેને રજૂ ન કરી શકાય?

આ બીલમાં એવી માંગ કરવામાં આવી છે કે દેશમાં સમાન નાગરિક સંહિતા લાગુ કરવા માટે રાષ્ટ્રીય નિરીક્ષણ અને તપાસ પંચની રચના કરવામાં આવે. હવે શિયાળુ સત્ર દરમિયાન UCC પર પ્રાઈવેટ મેમ્બર બીલ રાજ્યસભામાં રજૂ કરવામાં આવ્યું છે.

UCC એટલે કે યુનિફોર્મ સિવિલ કોડનો અર્થ સરળ શબ્દોમાં સમજીએ તો ભારતમાં રહેતા દરેક નાગરિક માટે એક સમાન કાયદો છે. પછી ભલે તે કોઈપણ ધર્મ અને જાતિના હોય. યુનિફોર્મ સિવિલ કોડમાં લગ્ન, છુટાછેડા અને મિલ્કતના વિભાજનમાં તમામ ધર્મોને સમાન કાયદો લાગુ પડશે. યુનિફોર્મ સિવિલ કોડ તમામ ધાર્મિક સમુદાયો માટે એક દેશ એક નિયમ લાગુ કરવા માટે કહે છે.

દેવેન્દ્ર ફડણવીસે ૧ ડિસેમ્બરે ગુરૂવારે મીડિયાને જણાવ્યું હતું કે દેશના તમામ રાજ્યોમાં સમાન નાગરિક સંહિતા લાગુ કરવામાં

આવી રહી છે. કેન્દ્રીય ગૃહમંત્રીએ તમામ રાજ્યોને યુનિફોર્મ સિવિલ કોડ કાયદો જાતે લાગુ કરવા જણાવ્યું છે. એટલા માટે તમામ રાજ્યોએ આ અંગે કોઈને કોઈ નિર્ણય લેવો જ પડશે. ઘણા રાજ્યો પોતપોતાની સુવિધા અનુસાર તેનો અમલ કરી રહ્યા છે. તેને મહારાષ્ટ્રમાં પણ લાગુ કરવાની વિચારણા કરવામાં આવી રહી છે.

ગોવામાં યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરવામાં આવ્યો છે અને તે ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ અને ગુજરાતમાં પણ લાગુ કરવામાં આવશે. મહારાષ્ટ્રમાં પણ તેને લાગુ કરવાની તૈયારી ચાલી રહી છે. પરંતુ તેની જાહેરાત કરવાનો અધિકાર રાજ્યના મુખ્યમંત્રીને છે.

*(તા. ૧૦-૧૨-૨૦૨૨)*

## સોમનાથ રેલવે સ્ટેશનની મંદિરની જેમ કાયાપલટ

સોમનાથ રેલવે સ્ટેશનનું રૂા. ૧૫૭.૪ કરોડના ખર્ચે નવીનીકરણ કરવામાં આવશે. ત્રણ વર્ષમાં એટલે કે ૨૦૨૫માં આ કામ પૂરું થઈ જશે. મુખ્ય સ્ટેશન ભવનની છત પર ૧૨ શિખર હશે, જે ૧૨ જ્યોતિર્લિંગનું પ્રતિનિધિત્વ કરશે. સ્ટેશનની ડિઝાઈન ભારતીય સંસ્કૃતિ અને પરંપરાના વિવિધ પાસાને આધારે તૈયાર કરવામાં આવી છે. જેમાં પ્રાચીન તેમજ આધુનિક વાસ્તુકલા પણ જોવા મળશે. રેલવે સ્ટેશનના પુનઃ નિર્માણની કામગીરી પશ્ચિમ રેલવેના ભાવનગર યુનિટ દ્વારા કરવામાં આવી રહી છે. ભીડ ના રહે તે મુજબનું પ્લેટફોર્મ અને અંદર આવવા - બહાર જવાની સુવિધા થશે. *(તા. ૧૦-૧૨-૨૦૨૨)*

## કર્ણાટકના મંદિરોમાં હવે સલામ નહીં, સંધ્યા આરતી

### ટીપુ સુલતાનનું આપેલું ૩૦૦ વર્ષ જૂનું નામ બદલવામાં આવ્યું. હિંદુ સંગઠનોની માંગ પર નિર્ણય

કર્ણાટકમાં કેટલાક મંદિરોમાં થતી સલામ આરતીનું નામ બદલવામાં આવ્યું છે. હવે તે સંધ્યા આરતી તરીકે ઓળખાશે. આ નિર્ણય હિંદુત્વ સંગઠનોની માંગ પર લેવામાં આવ્યો છે. આ સંગઠનોએ રાજ્ય સરકાર પાસે ટીપુ સુલતાનના નામે કરવામાં આવતી ધાર્મિક વિધિઓને નાબૂદ કરવાની માંગ કરી હતી. જેમાં સલામ આરતીનો સમાવેશ થતો હતો.

હિંદુ મંદિરોની દેખરેખ રાખતી સ્ટેટ ઓથોરીટી મુઝરાઈએ શનિવારે છ મહિના જૂના પ્રસ્તાવને મંજૂરી આપી હતી. માનવામાં આવે છે કે ૧૮મી સદિમાં મૈસુરના શાસક ટીપુએ આ મંદિરોની મુલાકાત દરમ્યાન આરતીનું નામ 'સલામ' રાખવામાં આવ્યું હતું.

હિંદુ ધાર્મિક સંસ્થાન અને ધર્માર્થ બંદોબસ્તી વિભાગ (મુઝરાઈ) સી.એમ. બસવરાજ બોમાઈની અંતિમ મંજૂરીની રાહ જોઈ રહ્યું છે. આ પગલા બાદ ટૂંક સમયમાં જ એક સત્તાવાર આદેશ જાહેર કરવામાં આવશે. જેના પછી માત્ર મેલકોટમાં જ નહીં પરંતુ કર્ણાટકના તમામ મંદિરોમાં આરતીની સેવાઓનું નામ બદલવામાં આવશે.

*(તા. ૧૧-૧૨-૨૦૨૨)*

## PMએ ગોવાના બીજા ઇન્ટરનેશનલ એરપોર્ટનું ઉદ્‌ઘાટન કર્યું

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નાગપુરમાં ૫૨૦ કિ.મી. લાંબા હિંદુ હૃદય સમ્રાટ બાલાસાહેબ ઠાકરે મહારાષ્ટ્ર સમૃદ્ધિ મહામાર્ગના પ્રથમ તબક્કાનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

મોદીએ સંબોધન કરતા કહ્યું હતું કે, દેશમાં પહેલીવાર આવી સરકાર છે, જેણે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને માનવ સ્વરૂપ આપ્યું છે. અમારા તમામ પ્રોજેક્ટમાં માનવીય સ્પર્શ રહ્યો છે. જ્યારે ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કામોમાં સંવેદનશીલતા નથી હોતી ત્યારે તેમની પાસે માનવ સ્વરૂપ પણ નથી હોતું. જો માત્ર લોખંડ અને પથ્થર જ દેખાય તો તેનું નુકસાન સામાન્ય જનતાને સહન કરવું પડે છે.

આ એક્સપ્રેસ વે ઉત્તર મહારાષ્ટ્ર, વિદર્ભ અને મરાઠાવાડના ૧૦ જિલ્લામાંથી પસાર થશે. આ પછી PM મોદી ગોવામાં મોપા ઈન્ટરનેશનલ એરપોર્ટનું ઉદ્‌ઘાટન કરશે.

સમૃદ્ધિ મહામાર્ગ યોજના હેઠળ નાગપુરથી મુંબઈ સુધી સુપર કોમ્યુનિકેશન એક્સપ્રેસ વે બનાવવાનું લક્ષ્ય છે. બીજો તબક્કો પૂરો થતાં તેની લંબાઈ ૭૦૧ કિ.મી. થશે, જેની કિંમત ૫૫ હજાર કરોડ રૂપિયા છે. આનાથી ૨૪ જિલ્લાના વિકાસમાં મદદ મળશે. તે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે, જવાહરલાલ નહેરુ પોર્ટ ટ્રસ્ટ, અજંતા-ઈલોરા ગુફાઓ, શિરડી, વેરુલ, લોનાર પ્રવાસન સ્થળો સાથે જોડાશે. તે ભારતના સૌથી લાંબા એક્સપ્રેસ વે પૈકીનો એક છે. દેશભરમાં સારી કનેક્ટિવિટી અને મુળભૂત માળખાકીય સુવિધાના વડાપ્રધાનના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં આ એક મોટું પગલું છે.

મોપા એરપોર્ટ પર નાઈટ પાર્કિંગની સુવિધા ઉપલબ્ધ થશે, જે ડાબોલીમ એરપોર્ટ પર ઉપલબ્ધ નથી.

મોપા એરપોર્ટ દ્વારા ૩૫ ડોમેસ્ટીક અને ૧૮ આંતરરાષ્ટ્રીય સ્થળો સુધી પહોંચી શકાશે. આ એરપોર્ટ પર ૨૫,૦૦૦ મેટ્રિક ટનની હેન્ડલિંગ ક્ષમતા સાથે કાર્ગો સુવિધા હશે. આ એરપોર્ટ લગભગ ૨,૮૭૦ કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવ્યું છે. અહીં મુસાફરોની સુવિધા માટે ખાસ કાળજી રાખવામાં આવી છે. આ એરપોર્ટને બેઝીક ઈન્ફ્રાસ્ટ્રક્ચરની થીમ પર તૈયાર કરવામાં આવ્યું છે. પી.એમ. નરેન્દ્ર મોદીની સરકાર બન્યા બાદ એટલે કે વર્ષ ૨૦૧૪થી દેશમાં એરપોર્ટની સંખ્યા ૭૪થી બમણી થઈને લગભગ ૧૪૦ કે તેથી વધુ થઈ ગઈ છે. સરકારનો લક્ષ્યાંક આગામી ૫ વર્ષમાં દેશમાં એરપોર્ટની સંખ્યા ૨૨૦થી વધુ કરવાનો છે.

*(તા. ૧૨-૧૨-૨૦૨૨)*

## પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવમાં દેશ પરદેશથી હજારો ભક્તોનું આગમન અમદાવાદને આંગણે થઈ રહ્યું છે

મહંતસ્વામી મહારાજના પ્રેરક સંદેશને પોતાનો જીવનમંત્ર બનાવી દેનાર ૮૦,૦૦૦ સ્વયંસેવકો અને લાખો ભક્તોના હૃદયમાં પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવને લઈને અદમ્ય ઉત્સાહ અને પ્રેરણાનો સંચાર જોવા મળી રહ્યો છે.

૪૫ જેટલા સેવા વિભાગોમાં શહેર તેમજ ગામડાંઓના ભક્તો સાથે મળીને સેવા કરી રહ્યા છે. ડોક્ટર, ઈજનેર, સી.એ., એમ.બી.એ. વગેરે ડિગ્રીધારી ભાઈઓ અને બહેનો નાનામાં નાની સેવા કરતા જોઈ શકાય છે. વિશાળ બાળનગરી, પ્રવેશદ્વાર અને ગ્લો ગાર્ડનને આખરી ઑપ અપાઈ રહ્યો છે. દરેક વિભાગો જોરશોરથી પૂર્ણતા તરફ વધી રહ્યા છે. છેલ્લા એક વર્ષથી નગરના નિર્માણકાર્યમાં રત હજારો સંતો અને ૮૦,૦૦૦ સ્વયં સેવકોના કરોડો માનવ કલાકોના ભક્તિસભર પુરૂષાર્થ, સેવા અને સમર્પણથી અલૌકિક 'પ્રમુખસ્વામી મહારાજ નગર' મહોરી ઉઠ્યું છે. આ શતાબ્દી મહોત્સવમાં અમેરિકા, ઈંગ્લેન્ડ, આફ્રિકા અને ઓસ્ટ્રેલિયાથી ભાવિક ભક્તોનું આગમન થઈ રહ્યું છે.

મનોહર, પ્રેરણાદાયી બાળ નગરી – શિસ્ત, શિક્ષણ, સ્વાસ્થ્ય, સંસ્કાર, સંસ્કૃતિના પાઠ દૃઢ કરાવશે. આ અદ્‌ભુત બાળ નગરી ૪૫૦૦ જેટલા બાળ-બાલિકા સ્વયંસેવકો / સ્વયં સેવિકાઓ દ્વારા સંચાલિત થાય છે.

*(તા. ૧૨-૧૨-૨૦૨૨)*

## સંસ્કૃતમાં વાત કરતા ગામમાં એક લટાર...

### અમેરિકા - જર્મની જેવા દેશોમાંથી લોકો સંસ્કૃત શીખવા આવે છે. મુસ્લિમો પણ સંસ્કૃતમાં વાત કરે છે

દેશમાં અનેક ભાષાઓ બોલાઈ રહી છે પરંતુ સામાજિક એકતા સ્થાપિત કરવાની જે ક્ષમતા સંસ્કૃતમાં છે એ અન્ય કોઈ ભાષામાં નથી. જ્યારે દેશને વિકસિત બનાવવાનો ઈરાદો હોય તો સંસ્કૃતના ઉપયોગ વગર એ શક્ય નથી. સંસ્કૃતને હિંદીની સાથે રાષ્ટ્રભાષા બનાવવી જોઈએ. સોમવાર, ૧૨ ડિસેમ્બરના રોજ આ માંગ લોકસભામાં કરવામાં આવી છે. માંગ કરનાર હમીરપુરના BJP સાંસદ કુંવર પુષ્પેન્દ્રસિંહ ચંદેલ હતા.

પુષ્પેન્દ્રસિંહ ચંદેલે કહ્યું હતું કે, વધુમાં વધુ લોકો સંસ્કૃતનો ઉપયોગ કરે એ માટે તમામ પ્રયાસ કરવા જોઈએ. પરંતુ કર્ણાટકમાં એક ગામ એવું છે, જ્યાં તમામ લોકો સંસ્કૃતમાં બોલે છે. નામ મત્તુર છે. બહારથી દેખાવમાં કોઈ એક સામાન્ય ગામ જેવું છે. પરંતુ અંદર જતાં જ તમને સામાન્ય ગામ નહીં લાગે. લોકો મોટા મોટા બંગલામાં રહે છે. જમીન પર બેસીને જમે છે અને જમીન પર જ સૂવે છે. આ દેશનું પહેલું સંસ્કૃત ગામ છે.

● **ગામમાં તમામ લોકો માટે સંસ્કૃત શીખવું જરૂરી :**

૪ હજારની વસતિ ધરાવતા આ ગામમાં બાળકો હોય કે વૃદ્ધ, બધા લોકો સંસ્કૃત બોલે છે. શેરીઓમાં ચાલતા લોકો તેમને 'નમસ્કારઃ ભવન કથામસી?' (કેમ છો?), 'કિમ ત્વમ અસ્માભિઃ સહ ભોજનમ્ કરિષ્યાસી' (તમે અમારી સાથે ભોજન કરશો), કુત્ર અગાછસી (તમે ક્યાંથી આવો છો?) અને કુત્ર ગચ્છસી (તમે ક્યાં જઈ રહ્યા છો?) બોલતા જોવા મળશે.

ગામમાં ફરવાનું શરૂ કર્યું તો જાણવા મળ્યું કે અહીં રહેનારા તમામ લોકો માટે સંસ્કૃત શીખવું જરૂરી છે. ગામમાં દારૂ અને નોનવેજની કોઈ દુકાન નથી. અહીં હિંદુ સાથે મુસ્લિમ પણ રહે છે. તેઓ પણ સંસ્કૃત બોલે છે. ગામમાં ચારેબાજુ મંદિર બનેલા છે. અહીંના લોકો વર્ણ વ્યવસ્થાને નથી માનતા. તેમના માટે દરેક ધર્મ અને જાતિ એકસમાન છે.

મત્તુર ગામના મોટાભાગના લોકો વૈદિક વસ્ત્ર એટલે કે ધોતી પહેરે છે. અહીંના લોકો સેંકડો વર્ષોથી આ રીતે જીવે છે.

શીમોગા જિલ્લાનું મત્તુર ગામ જિલ્લાના મુખ્યાલયથી લગભગ ૧૦ કિ.મી. દૂર છે. અહીં મોટાભાગના લોકો સોપારીની ખેતી કરે છે. ગામમાં વાઈ-ફાઈ, લક્ઝરી ગાડી, શાનદાર બંગલા હાજર છે. પરંતુ વાતાવરણ ગુરૂકુળ જેવું છે.

ખાસ વાત એ છે કે ગામમાં લગભગ દરેક ઘરમાં એક એન્જિનિયર છે. કેટલાક પરિવારના છોકરાઓ અમેરિકા અને જર્મનીમાં મેડિકલનો અભ્યાસ કરવા ગયા હોવાનું પણ જાણવા મળ્યું હતું. એવું નથી કે ગામના લોકોને માત્ર સંસ્કૃતનું જ જ્ઞાન છે. અહીંના લોકો કન્નડ અને અંગ્રેજી પણ બોલી શકે છે. ગામમાં દર અઠવાડિયે એક ચૌપાલ હોય છે. જ્યાં વડીલો હાથમાં માળા લઈને મંત્રોચ્ચાર કરે છે.

મત્તુરમાં શાકભાજી વેચનારથી લઈ દુકાનદાર સુધી બધા લોકો સંસ્કૃત સમજે અને બોલે છે. ગામની દીવાલ પર સંસ્કૃતમાં નારા, ઓફિસમાં સંસ્કૃતમાં બોર્ડ અને નેમપ્લેટ લાગેલી હોય છે. ગામમાં ૩૦થી વધુ પ્રોફેસર છે, જેઓ કુવેમ્પુ, બેંગલુરુ, મૈસુર અને મેંગલુરુની યુનિવર્સિટીઓમાં ભણાવી રહ્યા છે. કન્નડ લેખક માથુર કૃષ્ણમૂર્તિ, ભારતીય વિદ્યા ભવન, બેંગલુરુના ડિરેક્ટર, વાયોલીન વાદક વેંકટરામ અને ગમકા ગાયક પદ્મશ્રી એચ. આર. કેશવમૂર્તિ આ ગામના છે.

● **ઓફિસનું કામકાજ કન્નડમાં વાતચીત સંસ્કૃતમાં**

મત્તુર ગામમાં એક શારદા વિદ્યાલય (સંસ્કૃત વિદ્યાલય) છે. શાળાના પ્રિન્સિપાલ ગિરીશ કુલશ્રેષ્ઠ માત્ર સંસ્કૃતમાં વાત કરે છે. તેમણે કહ્યું, લગભગ ૪૦ વર્ષ પહેલા ગામમાં 'વેદ સંસ્કૃતિ યજ્ઞ' થયો હતો. એમાં દેશ-વિદેશથી અનેક વિદ્વાનો આવ્યા હતા. તેમણે

જ મત્તુર ગામને સંસ્કૃત ગામનો દરજ્જો આપ્યો હતો. ગામની મૂળ ભાષા સંકેથી છે. જેનો જન્મ સંસ્કૃતમાંથી થયો છે. આ ભાષા સંસ્કૃત અને મલયાલમનું મિશ્રણ પણ છે.

ગુરૂ અનંત કૃષ્ણનને જણાવ્યું, તેઓ છેલ્લા ૧૦ વર્ષથી બાળકોને અને ગામના લોકોને સંસ્કૃત શીખવી રહ્યા છે. તેઓ વેદ અને પુરાણોનો અભ્યાસ કરાવે છે. ગામમાં હિંદુ હોય કે મુસલમાન, બધા સંસ્કૃતમાં જ વાતચીત કરે છે. અનંતે કહ્યું હતું કે, લોકો એવું વિચારે છે કે સંસ્કૃત ભણવાથી નોકરી મળતી નથી. પરંતુ લગભગ દરેક ભાષામાં સંસ્કૃતનો ઉપયોગ થાય છે. હિંદી, મલયાલમ, તમિળ અને મરાઠી ભાષાના ૭૦%થી વધુ શબ્દો સંસ્કૃતમાંથી ઉતરી આવ્યા છે.

- **અમેરિકા, જાપાન અને જર્મનીથી લોકો સંસ્કૃત શીખવા આવે છે**

અનંતે જણાવ્યું, અમે અહીં પહેલા ધોરણથી બાળકોને સંસ્કૃત શિખવાડીએ છીએ. સાથે જ યોગ અને વેદની પણ શિક્ષા આપવામાં આવે છે. સંસ્કૃત શ્લોક બોલતાં-બોલતાં ઉચ્ચારણ પણ સ્પષ્ટ થઈ જાય છે. **અમારે ત્યાં દેશ સિવાય બહારના દેશમાંથી પણ લોકો સંસ્કૃત શીખવા આવે છે. એમાં જર્મની, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયાનો સમાવેશ થાય છે.**

અહીં ૨૦ દિવસ, એક વર્ષ અથવા ત્રણ વર્ષ રહીને લોકો સંસ્કૃત શીખે છે. ઘણા લોકો રીસર્ચ માટે પણ આવે છે. નજીકનાં ગામો, મંદિરો અને જાહેર સ્થળોએ સંસ્કૃતના વર્ગોનું આયોજન થાય છે. જેથી વધુને વધુ લોકો સંસ્કૃત શીખી શકે.

*(તા. ૧૪-૧૨-૨૦૨૨)*

## દિલ્હી એરપોર્ટ પર પગ મૂકવાનીયે જગ્યા નથી

### હવેના બે અઠવાડિયા ભીડ રેકોર્ડ તોડશે

દિલ્હીના ઇંદીરા ગાંધી ઇન્ટરનેશનલ એરપોર્ટના T3 ટર્મિનલ પર ૧૦ ડિસેમ્બરની સવારથી જ સ્થિતિ બગડવા લાગી હતી. મુસાફરોની ભીડ એટલી વધી ગઈ હતી કે એરપોર્ટમાં એન્ટ્રી, બેગેજ ચેક-ઇન અને સિક્યોરીટી તપાસમાં ૩ થી ૪ કલાકનો સમય લાગતો હોવાની ફરિયાદોનો સિલસિલો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર મારો કરવામાં આવ્યો. લોકો ફ્લાઇટ્સ ચૂકી જવા લાગ્યા અને આ પ્રક્રિયા ૧૪ ડિસેમ્બર સુધી ચાલુ રહી. ખુદ નાગરિક ઉડ્ડયનમંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાને પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે બે વખત એરપોર્ટ પર જવું પડ્યું હતું.

આવતા સપ્તાહે સ્થિતિ વધુ ખરાબ થઈ શકે છે. ઉડ્ડયન નિષ્ણાતો કહે છે કે વર્ષના દિવસોમાં જ્યારે વધુ પ્રવાસીઓ મુસાફરી કરે છે ત્યારે આગળના સારા આયોજનથી આ ભીડ દૂર કરી શકાય છે. *(તા. ૧૮-૧૨-૨૦૨૨)*

## તવાંગમાં ચીને ત્રીજી વખત ઘૂસણખોરી કરી

તવાંગ એ અરૂણાચલ પ્રદેશ રાજ્યનો ભાગ છે. ચીનની સરહદને અડીને આવેલો છે અને ચીન તવાંગ અને અરૂણાચલ રાજ્યના કેટલાક ભાગને પોતાનો ગણાવે છે. આ જ કારણથી તવાંગમાં અવારનવાર ચીની સૈનિકો ઘૂસી આવે છે. તવાંગ વિસ્તાર બહુ મોટો છે. અહીં જ ભારતનો સૌથી મોટો અને વિશ્વનો બીજા નંબરનો મોટો બૌદ્ધ મઠ છે. આ પહાડી વિસ્તાર છે અને શિયાળામાં તો અહીં બરફ સિવાય કાંઈ હોતું નથી. બરફના થરમાં ઊભીને આપણા જવાનો ચીન સામે બાથ ભીડી રહ્યા છે.

ચીનની સરહદને અડીને આવેલો ભારતની સરહદનો આ વિસ્તાર અતિ સંવેદનશીલ છે. તવાંગની મુલાકાત લેવા માટે પ્રવાસીઓને ખાસ આંતરિક રેખાની પરવાનગી લેવી પડે છે.

એક સમયે તવાંગ તિબેટનો ભાગ હતો. ૧૯૧૪માં અંગ્રેજો દ્વારા મેકમોહન રેખા ખેંચવામાં આવી. ત્યારથી તવાંગ ભારતનો ભાગ બન્યો.

૧૯૬૨ના ભારત-ચીન યુદ્ધ સમયે તવાંગ ચીનના કબજા હેઠળ ચાલ્યું ગયું. મહાવીર ચક્ર મેળવનાર જશવંતસિંહ રાણાએ અહીં બહાદુરી બતાવી હતી. તેમની બહાદુરીના કારણે તવાંગ ભારતમાં ભળ્યું. તવાંગમાં જશવંતસિંહ રાણા વોર મેમોરીયલ પણ છે. એ સમયે ચીની સૈનિકો હટી ગયા પછી તવાંગ ભારતમાં જોડાઈ ગયું. પણ હવે ચીન તવાંગ પર પોતાનો કબજો હોવાનો દાવો કરતું રહ્યું છે અને ઘૂસણખોરી પણ કરે છે.

*(તા. ૨૦-૧૨-૨૦૨૨)*

## ગૂગલ ફોર ઇન્ડિયાની ૮મી એડિશન

### સુંદર પિચાઇ ઇવેન્ટમાં સામેલ થવા માટે દિલ્હીમાં. પિક્સલ ફોન મેન્યુફેક્ચરીંગ ભારતમાં થઈ શકે છે

ગૂગલ ફોર ઇન્ડિયાની ૮મી એડિશન નવી દિલ્હીમાં થઈ રહી છે. કંપનીના CEO સુંદર પિચાઈ આ ઈવેન્ટમાં સામેલ થવા માટે ભારત આવ્યા છે. કોમ્યુનિકેશન મિનિસ્ટર અશ્વિની વૈષ્ણવ પણ ઈવેન્ટમાં સામેલ છે. ઈવેન્ટમાં ગૂગલ ભારત માટે જાહેરાત કરી શકે છે. ગૂગલ પિક્સલ ફોનના મેન્યુફેક્ચરીંગ પર વાતચીત થવાની આશા છે. યુ-ટ્યુબ પર આનું લાઈવ સ્ટ્રીમિંગ થઈ રહ્યું છે.

વૈષ્ણવે કહ્યું, અમે કેટલાક મુદ્દા પર ચર્ચા કરવા માટે તેમને મળીશું. અમે ભારતમાં ગૂગલ પોનના નિર્માણ, એપ ડેવલપ ઇકો સિસ્ટમ વિકસિત કરવા, સાઈબર સુરક્ષા અને ભારતીય ભાષાઓના ઉપયોગ પર ચર્ચા કરીશું.

ચીનથી મેન્યુફેક્ચરીંગ શિફ્ટ કરવા ઇચ્છે છે ગૂગલ.

*(તા. ૨૧-૧૨-૨૦૨૨)*

## વિદેશના સમાચાર

### યુ.એસ. સેનેટમાં સમલૈંગિક લગ્ન બીલ પાસ રાષ્ટ્રપતિ બાઈડેન જાન્યુઆરી પહેલા કાયદો ઘડશે

અમેરિકન સેનેટમાં સેમ સેક્સ મેરેજ બીલ પસાર કરવામાં આવ્યું છે. ન્યુયોર્ક ટાઈમ્સના રીપોર્ટ અનુસાર, હવે હાઉસ ઓફ રીપ્રેઝન્ટેટીવ પાસે અંતિમ મંજૂરી માટે મોકલવામાં આવશે. આ પછી પ્રેસિડેન્ટ બાઈડેન બીલ પર સાઈન કરશે અને કાયદો બનાવવામાં આવશે. તેમજ આ સંપૂર્ણ પ્રક્રિયા જાન્યુઆરી પહેલા પૂરી કરવામાં આવશે.

આ બીલ કાયદો બનતા જ સમલૈંગિક લગ્નને માન્યતા મળશે. બીજા શબ્દોમાં કહીએ તો, સેમ સેક્સ મેરેજ ખોટું નહીં હોય. ૨૦૧૫માં, સુપ્રીમ કોર્ટે દેશભરમાં તેના પર પ્રતિબંધ મૂક્યો હતો. સેનેટમાં આ બીલ પસાર થવા પર ખુશી વ્યક્ત કરતાં રાષ્ટ્રપતિ જો બાઈડને કહ્યું – 'લવ ઈઝ લવ.' અને અમેરિકામાં રહેતા દરેક નાગરિકને તે વ્યક્તિ સાથે લગ્ન કરવાની છૂટ હોવી જોઈએ, જેને તે પ્રેમ કરે છે.

સમલૈંગિક લગ્નની કાયદેસર સ્થિતિ વિશે વાત કરીએ, તો વિશ્વમાં ૩ પ્રકારના દેશો છે : (૧) તે દેશ કે જેણે સમલૈંગિક લગ્નને મંજૂરી આપી છે. (૨) એવા દેશો કે જ્યાં સમલૈંગિક સંબંધોને મંજૂરી છે, પરંતુ સમલૈંગિક લગ્નની મંજૂરી નથી. (૩) તે દેશ જ્યાં સમલૈંગિક સંબંધો અને સમલૈંગિક લગ્ન બંને પર પ્રતિબંધ છે.

એક અહેવાલ મુજબ, વિશ્વના ૧૨૦ દેશોમાં સમલૈંગિકતાને અપરાધ ગણવામાં આવતો નથી. પરંતુ હાલમાં માત્ર ૩૨ દેશો સેમ સેક્સમાં લગ્નની મંજૂરી આપે છે. એટલે કે વિશ્વમાં ૮૮ દેશો એવા છે જ્યાં સમલૈંગિક સંબંધોને મંજૂરી છે પરંતુ સમલૈંગિક લગ્ન નથી. આમાં ભારત પણ એક દેશ છે.

૨૦૦૧માં નેધરલેન્ડ વિશ્વનો પહેલો એવો દેશ હતો, જ્યાં સમલૈંગિક લગ્નને મંજૂરી આપવામાં આવી હતી. આ સિવાય યમન, ઈરાન સહિત વિશ્વના ૧૩ દેશો એવા છે, જ્યાં સેમ સેક્સ મેરેજ તો દૂર અહિંયા સમલૈંગિક સંબંધ બનાવવા પર મોતની સજા આપવામાં આવે છે.

ભારતમાં સમલૈંગિક લગ્નની કાયદાકીય માન્યતા નથી.

ભારતમાં પણ સમલૈંગિક લગ્નને માન્યતા આપવા માટે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે. આના પર સુપ્રીમ કોર્ટે સરકાર પાસેથી જવાબ માંગ્યો હતો. અરજીમાં કહેવામાં આવ્યું છે કે સમલૈંગિક લગ્નની મંજૂરી ન આપવી એ ભેદભાવ છે. આ LGBTQ યુગલના અધિકારોનું ઉલ્લંઘન છે. યુગલે સમલૈંગિક લગ્નને સ્પેશિયલ મેરેજ એક્ટ - ૧૯૫૪માં સામેલ કરવાની માંગ કરી છે. *(તા. ૩૦-૧૧-૨૦૨૨)*

### ઈરાન હિજાબ વિરોધ... સુપ્રીમ લીડરની ભાણીની પણ ધરપકડ થઈ

ઈરાનની સરકાર હિજાબના વિરોધમાં થતાં પ્રદર્શનમાં ભાગ લેનારા કોઈ પણ વ્યક્તિને છોડતી નથી. ત્યાં સુધી કે ઈરાનના સુપ્રીમ લીડર આયાતુલ્લાહ ખોમેનેઈની ભાણીની પણ ધરપકડ કરી લીધી છે. હકીકતમાં સુપ્રીમ લીડરની ભાણી મોરાદખાનીએ એક વીડિયો જાહેર કર્યો હતો. તેમાં તેમણે ઈરાન સરકારને 'હત્યારા' અને 'બાળકોના હત્યારા' બતાવ્યા હતા. સાથે જ આયાતુલ્લાહ ખોમેનેઈની તુલના જર્મનીના તાનાશાહ હિટલર અને મુસોલિની સાથે કરી હતી.

ફરિદેહ મોરાદખાની એક પ્રખ્યાત માનવાધિકાર કાર્યકર છે. આ વીડિયોમાં બીજા દેશની સરકારને અપીલ કરી રહ્યા હતા કે તેઓ ઈરાન સાથે બધા સંબંધોને ખત્મ કરી નાખે. આ વીડિયોને ઓનલાઈન પોસ્ટ કર્યાના બે દિવસ પછી જ તેમની ધરપકડ કરવામાં આવી. ફરિદેહના વીડિયોને તેમના ભાઈએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યો હતો. ત્યારબાદ પ્રદર્શનકારીઓ તેને ખૂબ શૅર કરી રહ્યા છે. તેની ધરપકડ થવાની જાણકારી તેના ભાઈએ આપી હતી. ફરિદેહ એક એન્જિનિયર છે. તેના પિતા વિપક્ષના મોટા નેતા હતા. જેમણે ખામેનેઈની બહેન સાથે લગ્ન કર્યા હતા.

ફિલ્મ નિર્માતા રેઝા ડોર્મશિયાન ઈરાનમાં થઈ રહેલા વિરોધ પ્રદર્શન પર સતત પોતાનો અભિપ્રાય આપી રહ્યા છે.

ફરિદેહે કહ્યું હતું કે ઈરાનની સરકાર પોતાના લોકો પ્રત્યે વફાદાર નથી. તે કોઈ નિયમોનું પાલન કરતી નથી. રૈપરને કરપ્શનના ચાર્જમાં ફસાવીને ધરપકડ કરી.

ફરિદેહ મોરાદાખાની પહેલી નથી, જેની પ્રદર્શનકારીઓને સમર્થન આપવા માટે ધરપકડ કરી છે. જેના લીધે તેમને મોતની સજા પણ મળી શકે છે.

એક રીપોર્ટ અનુસાર ઈરાનમાં હિજાબની વિરૂધ્ધ પ્રદર્શનને લીધે અત્યાર સુધી ૪૫૦ લોકોના મૃત્યુ થઈ ચૂક્યા છે. જ્યારે ૧૮,૧૭૩ લોકોને ડીટેઈન કરવામાં આવ્યા છે.

ઈરાનમાં હિજાબની વિરૂધ્ધ થયેલા પ્રદર્શનોને ડામવા માટે ત્યાંની સરકાર અલગ અલગ રીતો અપનાવી રહી છે.

*(તા. ૨-૧૨-૨૦૨૨)*

### અમેરિકામાં ૫૦ વર્ષથી વધુ ઉંમરના ૨.૬ કરોડ લોકો એકલા રહે છે. ભવિષ્યમાં દેખરેખની ચિંતા સતાવે છે

**અનેક વૃદ્ધો શારીરિક અને માનસિક રીતે વધુ પરેશાન થઈ રહ્યા છે**

અમેરિકામાં ૫૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતા ૨.૬ કરોડ લોકો

એકલા રહે છે. તેમની સાથે કોઈ પરિવારજન કે કોઈ મિત્ર પણ રહેતું નથી. વર્ષ ૨૦૦૦માં થયેલા સરવેમાં જાણવા મળ્યું હતું કે ૫૦ વર્ષથી વધુ ઉંમરના ૧.૫ કરોડ લોકો એકલા જ રહે છે.

પહેલાની તુલનામાં હવે છૂટાછેડા લેનારા, વિધવા-વિધુર અને અપરીણિત લોકોની સંખ્યા પણ વધી રહી છે. જેને કારણે એકલતા જીવન વિતાવતા લોકોની સંખ્યા વધી છે. આ વધતી સંખ્યા ચિંતાનો વિષય બની છે.

તાજેતરમાં થયેલા એક રીસર્ચ અનુસાર એકલા રહેતા વૃદ્ધ શારીરિક અને માનસિક રીતે પરેશાન રહે છે. જ્યારે અપરીણિત અને સંતાન ન ધરાવતા વૃદ્ધોને પોતાના ભવિષ્યની ચિંતા સતાવી રહી છે. ૫૨ વર્ષીય કે.જે. માઈલ્સે મરજી મુજબ જીવન જીવવા માટે લગ્ન કર્યા નથી. પરંતુ હવે વૃદ્ધ થવાનો ડર સતાવે છે. એકલા રહેનાર લોકોમાં મહિલાઓની સંખ્યા વધુ છે.

- **મોટા ઘરોમાં એકલા રહેતા વૃદ્ધોમાં મોટાભાગે અશ્વેત**

વૃદ્ધો નાના ઘરમાં શીફ્ટ થવા માંગે છે પરંતુ દેશમાં નાના ઘરોની ઓછી સંખ્યાને કારણે મોંઘા થયા છે. પરિણામે, મોટા ઘરમાં રહેવા મજબૂર છે. અનેક વૃદ્ધોએ નાનું ઘર ખરીદવા પ્રયાસો કર્યા પરંતુ નિષ્ફળ રહ્યા. મોટા ઘરોમાં એકલા રહેનારા લોકોમાં સૌથી વધુ સંખ્યા, ઓછી આવક ધરાવતા અશ્વેત લોકોની છે.

*(તા. ૩-૧૨-૨૦૨૨)*

## બાઈડનનાં ભાષણોનો હવે હિંદીમાં અનુવાદ કરાશે

**વ્હાઈટ હાઉસે ભારતીય મૂળના અજય જૈનનું સૂચન સ્વીકાર્યું. બે મહિનામાં કામ શરૂ થશે.**

હાલમાં રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિના ભાષણો અંગ્રેજીમાં જ હોય છે. જેના કારણે તેમનો સંદેશ બીજી માતૃભાષાના બે કરોડથી વધુ લોકો સુધી પહોંચતો નથી.

એક બેઠકમાં પ્રેસિડેન્સિયલ કમિશને સૂચન કર્યું છે કે ભાષણોને હિંદી અને એશિયન ભાષાઓમાં અનુવાદિત કરવાનું કામ ત્રણ મહિનામાં શરૂ કરવામાં આવે. એશિયન ભાષણોનું હિંદી, ચાઈનીઝ, કોરિયન, વિયેતનામીસ, મેન્ડરીન અને ફિલીપાઈન્સમાં બોલાતી ભાષા ટાગાલોગમાં ભાષાંતર કરવા જણાવ્યું છે.

*(તા. ૮-૧૨-૨૦૨૨)*

## ઝેલેન્સ્કી બન્યા 'પર્સન ઓફ ધ યર'

**'ટાઇમ' મેગેઝીન યુક્રેનના રાષ્ટ્રપતિની કરી પસંદગી. ઘણા સમયથી યુદ્ધનું નેતૃત્વ કરી રહ્યા છે.**

ટાઈમ મેગેઝીન યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સ્કીની સાથે 'ધ સ્પિરીટ ઓફ યુક્રેન'ને પર્સન ઓફ ધ યર ૨૦૨૨ જાહેર કર્યા છે. ટાઈમ મેગેઝીને બુધવારે આની જાહેરાત કરી હતી. છેલ્લા ૧૨ મહિનામાં વૈશ્વિક ઘટનાઓમાં સૌથી વધુ પ્રભાવ પાડનાર વ્યક્તિને આ એવોર્ડ આપવામાં આવે છે. ટાઈમ એડિટર-ઇન-ચીફ એડવર્ડ ફેલસેન્થલે લખ્યું હતું કે, 'યુક્રેન માટેની લડાઈ કોઈને આશા કે ભયથી ભરી દે છે. વોલોડીમીર ઝેલેન્સ્કી વિશ્વને એવી રીતે પ્રેરણા આપે છે જે આપણે દાયકાઓમાં જોઈ નથી.' તેમણે કહ્યું કે યુક્રેનના રાષ્ટ્રપતિને તેના માટે સિલેક્ટ કરવામાં આવે તે સ્પષ્ટ હતું.

છેલ્લા ૯-૧૦ મહિનાથી ઝેલેન્સ્કી યુક્રેનમાં યુદ્ધનું નેતૃત્વ કરી રહ્યા છે. જ્યાં તેમની સામેનો વિરોધી તાકાત અને વલણમાં તેમના કરતા અનેકગણો મોટો છે. તેમ છતાં, ઝેલેન્સ્કી ક્યારેય તેની સેનાનું મનોબળ ઘટવા દેતા નથી. ટાઈમે લખ્યું છે કે રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીએ પોતાની સુરક્ષાની પરવા કર્યા વિના પોતાને સંપૂર્ણપણે યુદ્ધમાં ધકેલી દીધા છે. તે સતત સૈનિકોની વચ્ચે જાય છે. અમે અમારા દેશમાં ટ્રેનમાં મુસાફરી કરીએ છીએ અને આ મુસાફરી દરમ્યાન પણ યુદ્ધના અપડેટ્સ પર નજર રાખીએ છીએ.

ટાઈમ મેગેઝીને તેના અહેવાલમાં તેમના ખેરાસન પ્રવાસનો ઉલ્લેખ કર્યો છે. જેને હાલમાં જ યુક્રેનના સૈનિકોએ રશિયા પાસેથી આઝાદ કરાવ્યું હતું. પુરસ્કાર માટેના અન્ય ફાઈનલિસ્ટમાં ઈરાની વિરોધીઓ, ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ, વિશ્વના સૌથી ધનીક વ્યક્તિ એલોન મસ્ક અને યુ.એસ. સુપ્રીમ કોર્ટનો સમાવેશ થાય છે.

એક સમય હતો કે જ્યારે ઝેલેન્સ્કી તેમની કોમેડી માટે જાણીતા હતા. ૧૯૯૭માં તેમણે કેટલાક કલાકારો સાથે મળીને 'ક્વાર્ટલ ૯૫' નામનું કોમેડી ગ્રુપ બનાવ્યું. લોકોને તેમનું કામ ઘણું પસંદ આવ્યું. ૨૦૦૩માં આ જૂથે તેના શો કરવાનું શરૂ કર્યું. ઝેલેન્સ્કીએ તેમના એક શો થી પ્રેરીત થઈને રાજકારણમાં આવવાનું વિચાર્યું. ૨૦૧૮માં ઝેલેન્સ્કીએ રાજકારણમાં પ્રવેશ કર્યો. તેમણે 'સર્વન્ટ ઓફ ધ પીપલ પાર્ટી'ની રચના કરી અને રાષ્ટ્રપતિ પદ માટે તેમની ઉમેદવારીની જાહેરાત કરી. ચૂંટણીમાં ૭૩ ટકા મત મેળવીને તેઓ યુક્રેનના રાષ્ટ્રપતિ બન્યા.

*(તા. ૯-૧૨-૨૦૨૨)*

## કેનેડામાં ઇચ્છા મૃત્યુનો કાયદો સમસ્યા બન્યો ૧ વર્ષમાં ૧૦ હજાર લોકોએ આત્મહત્યા કરી

**૨૦૨૩થી સગીરોને પણ મળશે મંજૂરી**

કેનેડામાં ઈચ્છા મૃત્યુ સમસ્યા બની રહી છે. અહિયા ગયા વર્ષે એટલે કે ૨૦૨૧માં ૧૦ હજારથી વધુ લોકોએ ઈચ્છા મૃત્યુથી પોતાનો જીવ ગુમાવ્યો. કેનેડામાં એક વર્ષમાં થયેલા કુલ મોતના

આંકડા કરતાં ૩% વધુ છે. હવે ૪ મહિના પછી માર્ચ ૨૦૨૩માં માનસિક રીતે અસ્થિર લોકોને પણ ઈચ્છા મૃત્યુની મંજૂરી મળશે. જે અંતર્ગત સગીર લોકોને પણ ઈચ્છા મૃત્યુનો અધિકાર આપવામાં આવશે.

આટલી મોટી સંખ્યામાં ઈચ્છામૃત્યુને કારણે 'ધ ડીપ પ્લેસીસ : એ મેમોયર ઓફ ઇલનેસ એન્ડ ડિસ્કવરી'ના લેખક રોસ ડાઉથટ કહે છે – જ્યારે એક વર્ષમાં ૧૦ હજારથી વધુ લોકો ઈચ્છા મૃત્યુ કરી રહ્યા છે ત્યારે ઈચ્છા મૃત્યુની મંજૂરી કોઈ સિવિલ સોસાયટીની નથી રહેતી. પરંતુ આ એક આતંકનું સામ્રાજ્ય બની જાય છે.

રોસ કહે છે – દેશમાં મોટાભાગના લોકો ઈચ્છામૃત્યુની પરવાનગીના સમર્થનમાં. તેમનું માનવું છે કે સન્માન સાથે જીવવું અને મરવું એ માણસનો અધિકાર છે. એસોસિએટેડ પ્રેસના મારિયા ચેંગે તેમના અહેવાલમાં જણાવ્યું છે કે કેનેડામાં આરોગ્ય કર્મચારીઓ એવા લોકોને પણ ઈચ્છામૃત્યુની સલાહ આપી રહ્યા છે જેઓ આર્થિક તંગીથી પરેશાન છે અને આત્મહત્યા વિશે વિચારવા લાગ્યા છે.

રોસે કહ્યું – સ્વાભાવિક રીતે આ એક વિનાશકારી વિચાર છે. જો આ વિશે કાંઈ વિચાર કરવામાં નહીં આવે, તો આવનારા સમયમાં એવો સમાજ તૈયાર થશે, જ્યાં લોકો મોતને શ્રેષ્ઠ ગણશે અને માનવતાનો અંતિમ અધ્યાય શરૂ થશે.

*(તા. ૯-૧૨-૨૦૨૨)*

## ૧૦ હજાર રૂપિયા લઇને યુ.એસ. પહોંચ્યા. રેસ્ટોરન્ટમાં કૂકનું કામ મળ્યું. હવે છે ઇન્ડિયન પીઝા કિંગ

### ભારતીય મૂળના સુનિલ સિંહ પાપા જોનની ૩૮ ફ્રેન્ચાઇઝીના માલિક

અમેરિકામાં રહેતા ભારતીય મૂળના સુનિલ સિંહની કહાણી ફિલ્મ જેવી જ છે. તેઓ વર્ષ ૨૦૦૨માં માત્ર ૩૦૦ ડોલર એટલે કે ત્યારના હિસાબે ૧૦ હજાર રૂપિયા સાથે અમેરિકા આવ્યા હતા. પરંતુ આજે તે પીઝા કિંગ તરીકે મશહુર છે. વાસ્તવમાં, વર્ષ ૧૯૯૪માં સુનિલે ભારતમાં એન્જિનિયરીંગનો અભ્યાસ કર્યો હતો. આ જ દરમ્યાન તેમના સંબંધીએ તેમને ગ્રીનકાર્ડ માટે સ્પોન્સર કર્યા. સુનિલ અમેરિકા તો પહોંચી ગયા, પરંતુ કોઈ નોકરી ન મળી. તેમને મુશ્કેલીથી રેસ્ટોરન્ટમાં એક કૂક તરીકેની નોકરી મળી.

વર્ષ ૧૯૯૯માં સુનિલે ૩૯ વર્ષની ઉંમરમાં કમ્પ્યુટર ઇન્ફર્મેશન સિસ્ટમમાં માસ્ટર્સ કર્યું છે. ત્યારબાદ એક સોફ્ટવેર કંપનીમાં નોકરી મળી. પરંતુ મંદીના કારણે તેમની છટણી કરાઈ. ત્યારબાદ સુનિલે પોતાનો પીઝા બિઝનેસ શરૂ કરવાનું વિચાર્યું. પરંતુ તે માટે તેમની પાસે મૂડી ન હતી. પરિણામે તેમણે પીઝા ડિલીવરીનું કામ કર્યું.

અંદાજે ૩ વર્ષ સુધી કામ કર્યા બાદ તેમણે ૨ લાખ ડોલરની કમાણી કરી. વર્ષ ૨૦૦૨માં સુનિલે પાપા જોનની ફ્રેન્ચાઈઝી ખરીદી. અત્યારે તે પાપા જોનની ૩૮ ફ્રેન્ચાઇઝી અને ૩ ટ્રોપીકલ સ્મૂધી કેફે ફ્રેન્ચાઇઝીના માલીક છે. તેમના હેઠળ ૭૦૦ કર્મચારીઓ કામ કરે છે. સુનિલ કહે છે કે, હું ભારતીય સમુદાયના કાર્યક્રમમાં નિઃશુલ્ક પીઝા સર્વિસ આપું છું. એટલે જ મને લોકો પ્રેમથી 'પીઝા કિંગ' કહે છે.

*(તા. ૨૦-૧૨-૨૦૨૨)*

## સુસ્મિતા શુક્લા બન્યા ફેડરલ બેંકના ભારતીય મૂળના પહેલા વાઇસ પ્રેસિડેન્ટ

સુસ્મિતા શુક્લાની પસંદગી ન્યુયોર્કની ફેડરલ રીઝર્વ બેંકના વાઇસ પ્રેસિડેન્ટ અને ચીફ ઓપરેટીંગ ઓફિસર તરીકે કરવામાં આવી છે. આ પદ પર પહોંચનારા તેઓ ભારતીય મૂળના પહેલા મહિલા છે. આ સાથે જ તેઓ દુનિયાની આ પ્રતિષ્ઠિત કેન્દ્રીય બેંકના બીજા નંબરના ઉચ્ચ અધિકારી બની ગયા છે. તેમણે પોતાની મહેનતથી આ સિદ્ધિ મેળવી છે. તેમને ઇન્સ્યોરન્સ સેક્ટરમાં કામ કરવાનો લગભગ ૨૦ વર્ષનો અનુભવ છે અને તેમની પાસે અલગ અલગ સ્તરે નેતૃત્વ લેવાનો અનુભવ છે. તેમણે મુંબઇ યુનિવર્સિટીમાંથી ઇલેક્ટ્રીકલ એન્જિનિયરીંગનો અભ્યાસ કર્યો હતો અને પછી ન્યુયોર્ક યુનિવર્સિટીમાંથી માસ્ટર્સ ઓફ બિઝનેસ મેનેજમેન્ટની ડિગ્રી મેળવી હતી. હાલમાં તેઓ પરિવાર સાથે અમેરિકાના કનેક્ટીકટ ખાતે રહે છે. તેઓ ફેડરલ બેંકમાં કામ કરવાની શરૂઆત કરી એ પહેલા તેઓ દુનિયાની સૌથી મોટી ઇન્સ્યોરન્સ કંપની ચુબ (Chubb) માં સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ અને ચીફ ઓપરેટીંગ ઓફિસર હતા. *(તા. ૨૦-૧૨-૨૦૨૨)*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પાલડી ભવનમાં રૂમ બુકિંગ અથવા સમાજની કોઈપણ પ્રવૃત્તિ (મેડિકલ સિવાય)ની માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો**

**(079) 4890 6002, (079) 4890 6003**
**(079) 4890 6004, (079) 4890 6005**

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**મેડિકલ સેન્ટર અંગેની કોઈપણ માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો.**

**(079) 4890 6001**
**(079) 4890 6006**

# અન્ય સંસ્થાઓના સમાચાર

## ડૉ. કુમારપાળ દેસાઇના ભગવાન મહાવીર વિશેના અંગ્રેજીમાં લખાયેલા સર્વગ્રાહી ગ્રંથનું વિમોચન

જૈન દર્શન તથા કલા, શિક્ષણ તથા સંસ્કૃતિના પ્રસાર માટે વિશ્વભરમાં કાર્યરત એવી ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી (ભારત) દ્વારા ડૉ. કુમારપાળ દેસાઈના અંગ્રેજીમાં લખાયેલા ભગવાન મહાવીરના સર્વગ્રાહી ચરિત્રનું વિમોચન કરવામાં આવ્યું. આ પૂર્વે ચરિત્રની પ્રથમ આવૃત્તિનું વિમોચન બ્રિટનના હાઉસ ઓફ કોમન્સમાં ચેમ્બર ઓફ પાર્લામેન્ટ સ્ટીવન પ્રાઉન્સે કર્યું હતું. આ પુસ્તક અંગે એના લેખક કુમારપાળ દેસાઈએ કહ્યું કે, ભગવાન મહાવીર વિશે સંપૂર્ણ સચિત્ર અને તમામ વિગતોને આવરી લેતો આ ગ્રંથ છે. જેમાં ભગવાન મહાવીરના જીવન અને ઉપદેશની તમામ સામગ્રીઓ પ્રમાણભૂત રીતે આલેખવામાં આવી છે. વળી ભગવાન મહાવીરના આધુનિક ચિત્રકારોએ દોરેલા ચિત્રોની સાથે 'કલ્પસૂત્ર'માં આલેખાયેલાં પ્રાચીન ચિત્રો પણ આપવામાં આવ્યા છે. તો વર્તમાન સમયમાં ભગવાન મહાવીરનો સંદેશો કઈ રીતે ઉપયોગી બને અને અહિંસા, સત્ય, અનેકાંત અને અપરિગ્રહ જેવા સિદ્ધાંતો કેટલા આવશ્યક છે, તે પણ આ ગ્રંથમાં દર્શાવવામાં આવ્યું છે. જ્યારે ગ્રંથનું વિમોચન કરતા શ્રી ગૌરવભાઈ શેઠે કહ્યું કે આ ગ્રંથમાં ભગવાન મહાવીરની વાણી, એમના સત્યાવીસ ભવ, એમનો પરિવાર તથા એમના દસ શ્રાવકો વિશે માહિતી મળે છે. એમના વિવિધ ભવના સગા-સંબંધીઓ ઉપરાંત દેશ અને વિદેશના મહાનુભાવોએ ભગવાન મહાવીર વિશે કહેલાં વચનોનો સમાવેશ થયો છે. ભગવાનનાં વિહાર સ્થળો, એમના વિશે લખાયેલાં મહત્ત્વના ગ્રંથો એ સઘળી સામગ્રી અહીં ઉપલબ્ધ છે અને તેથી જૈન સમાજની પ્રત્યેક વ્યક્તિ જ નહીં, પરંતુ જૈન દર્શનનો અભ્યાસ કરનાર સહુ કોઈ જીજ્ઞાસુને માટે આ ગ્રંથ અત્યંત ઉપયોગી અને મૂલ્યવાન છે. આ પ્રસંગે શ્રી સંવેગભાઈ લાલભાઈ, શ્રી શ્રીયકભાઈ શેઠ, જૈન સેન્ટર ઓફ સધર્ન કેલિફોર્નિયાના પ્રમુખ શ્રી યોગેશ શાહ અને પંકજ શેઠે પોતાનો આનંદ વ્યક્ત કર્યો હતો અને આ ગ્રંથ વિમોચન સમયે મોટી સંખ્યામાં જીજ્ઞાસુઓ, વિચારકો અને તત્ત્વચિંતકો ઉપસ્થિત રહ્યા હતા.

## મૂળ કચ્છના વતની અને ભાવનગર ડિસ્ટ્રીક્ટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન શ્રી મહેન્દ્રભાઈ શાહની ગુજરાત ઇલેક્ટ્રીસિટી કમિશનની સપ્લાયકોડ રીવ્યુ પેનલમાં સતત ૧૨માં વર્ષે થયેલ નિમણુંક

ગુજરાત ઈલેક્ટ્રીસિટી રેગ્યુલેટરી કમિશન દ્વારા સપ્લાય કોડ રીવ્યુ પેનલની કલમ ૧-૧ના નિયમ મુજબ તા. ૦૧-૦૧-૨૦૨૩થી બે વર્ષ માટે સપ્લાય કોડ પેનલના સભ્યોની વરણી કરવામાં આવી છે. જેમાં સંસ્થાના ચેરમેન શ્રી મહેન્દ્રભાઈ શાહની વરણી કરવામાં આવેલ છે. શ્રી મહેન્દ્રભાઈ છેલ્લા ૧૨ વર્ષથી આ સપ્લાય કોડ રીવ્યુ પેનલના ઔદ્યોગિક વીજ ગ્રાહકના પ્રતિનિધિ તરીકે નિમણુંક પામીને જોડાયેલા રહ્યા છે. તેમનો અનુભવ અને કાર્યશીલતા અને ખાસ કરીને ઔદ્યોગિક વીજ ગ્રાહકોના હિતના રક્ષણ માટે જાગૃત રહીને રજુઆત કરતા રહ્યા છે. તેમનો બહોળો અનુભવ અને ઈલેક્ટ્રીસિટી એક્ટનો અભ્યાસ કરીને સતત કાર્યશીલ હોવાથી તેમને ફરી બે વર્ષ માટે નિમણૂંક આપવામાં આવી છે. શ્રી મહેન્દ્રભાઈ છેલ્લા ૪૦ વર્ષથી ઉદ્યોગોના વિવિધ પ્રશ્નો માટેની, તેમાંય ખાસ કરીને પોલીસી તેમજ એમ.એસ.એમ.ઈ.ના ઉદ્યોગકારોના પ્રશ્નો માટે સતત કાર્ય કરતા રહ્યા છે અને આ સંસ્થા સાથે પણ તેઓ છેલ્લા ૪૦ વર્ષથી વિવિધ હોદ્દા ઉપર કામગીરી કરી હાલમાં સંસ્થાનું ચેરમેનપદ સંભાળે છે. આ સિવાય તેઓ ભાવનગર કચ્છ સમાજના સ્થાપક પ્રમુખ છે અને સર તખ્તસિંહજી મહાજન વિશ્રાંતિ ગૃહના માનદ્ મંત્રી તરીકેની કામગીરી સંભાળી રહ્યા છે. ભાવનગર ડિસ્ટ્રીક્ટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝના હોદ્દેદારો, કારોબારી સભ્યો તથા આજીવન સભ્યો મહેન્દ્રભાઈના માધ્યમથી ઈલેક્ટ્રીસિટી માટેની આ અગત્યની કમિટીમાં સંસ્થાને પ્રતિનિધિત્વ – સ્થાન મળવાથી હર્ષ અને આનંદની લાગણી અનુભવી રહ્યા છે.

## વર્ધમાનનગરે શ્રી ઘંટાકર્ણ મહાવીરદેવ મંદિરે ધ્વજારોહણ કાર્યક્રમ ઉજવાયો

ભુજ નજીક જૈનોનાં વર્ધમાનનગર મધ્યે શ્રી ઘંટાકર્ણ મહાવીર દેવ મંદિરે ધ્વજારોહણ કાર્યક્રમ યોજાયો હતો. જેનો સંપૂર્ણ લાભ માતુશ્રી જમકુબાઈ મુલજી લાપસીયા - કોઠારા, હસ્તે અનિલભાઈ મુલજી લાપસીયા સમસ્ત પરિવારજનો હાલે વર્ધમાન નગરે લીધો હતો.

આ પ્રસંગે પ.પૂ.આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા., પૂ. મુનિરાજ શ્રી કંચનસાગરજી મ.સા. તથા પૂ. મુનિરાજ શ્રી કલ્પતરૂસાગરજી મ.સા.એ પાવનકારી નિશ્રા આપી હતી.

સવારે સત્તરભેદી પૂજા બાદ શ્રી ઘંટાકર્ણ મહાવીર દેવ મંદિરે ધ્વજારોહણ શાસ્ત્રોક્ત વિધિ વિધાન સાથે કરવામાં આવેલ. સંગીતની રમઝટ નિકેશ દેઢિયા એન્ડ પાર્ટીએ જમાવેલ. બપોરે વર્ધમાનનગરે સ્વામિવાત્સલ્ય યોજાયું હતું. બપોરે ૧૨.૩૯ કલાકે

હવનના શાસ્ત્રોક્ત વિધિ વિધાન મહુડીથી ખાસ પધારેલ વિધિકાર કમલેશભાઈ તથા પીયુષભાઈએ કરાવેલ.

આ પ્રસંગે અનિલભાઈ લાપસીયા, કિશોરભાઈ સાંયા, રાજેન્દ્ર સાંયા, અનિલ સાંયા, મહેન્દ્ર લાપસીયા, પ્રબોધ મુનવર, હીરાચંદ છેડા, મહેન્દ્ર લોડાયા, ભૂપેશ શાહ, ઝવેરચંદ ખોના, દર્શક શાહ, મનીષ સાંયા, સંદીપ સાંયા તથા જરીવાલા ગ્રુપ - મુંબઈ અને વર્ધમાનનગર વાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## કોઠારા જી.ટી. હાઈસ્કુલના પૂર્વ છાત્રોનું મુંબઇમાં સ્નેહ મિલન યોજાયું.

શેઠ શ્રી ગોકુલદાસ તેજપાલ મેમોરીયલ હાઈસ્કુલ કોઠારા - કચ્છ વર્ષ ૧૯૫૦થી વર્ષ ૨૦૨૨ બેચના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વર્તમાન વિદ્યાર્થીઓ તથા આમંત્રિત મહાનુભાવો તથા કચ્છ-મુંબઈ દેશાવર વસતા શાળામાં અભ્યાસ કરી ગયેલા પૂર્વ વિદ્યાર્થી ભાઈ-બહેનોનું એક વિશાળ સ્નેહમિલન સારસ્વત વાડી, મુલુંડ, મુંબઈ મધ્યે યોજાયું હતું. જેમાં ૨૭૭ વિદ્યાર્થી ભાઈ-બહેનો દેશભરમાંથી ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનાં મુખ્ય આયોજક અને કન્વીનર શ્રી સોમચંદભાઈ લોડાયાએ સ્વાગત પ્રવચન કરી સૌને મીઠો આવકાર આપ્યો હતો.

કાર્યક્રમનું મુખ્ય મહેમાન પદ ગોકુલદાસ તેજપાલ પરિવારનાં શેઠશ્રી સુધીર શેઠ, કોઠારા હાઈસ્કૂલના પૂર્વ આચાર્ય પ્રભાતસિંહ જાડેજા, ચીમનભાઈ મોતા, પ્રતાપભાઈ વી. ઠક્કર, કચ્છ ગ્લોબલનાં ગોવિંદભાઈ મંગે, વીરચંદભાઈ ધરમશી, જેન્તીભાઈ દામાએ શોભાવ્યું હતું. કોઠારા હાઈસ્કૂલમાં અભ્યાસ કરી ગયેલા નીચે મુજબના પૂર્વ છાત્રોએ પોતાનાં સંસ્મરણો રજૂ કર્યા હતા.

શામજીભાઈ દંડ, પંકજભાઈ ઠક્કર, રજનીકાંતભાઈ ઠક્કર, મણિકાંતભાઈ ધુલ્લા, શંકરભાઈ મડિયાર, અનિલભાઈ ગોર, લાલજીભાઈ ઠક્કર, વલ્લભદાસભાઈ ઠક્કર, મણિલાલ શાહ, પ્રતાપ ધરમશી, રાયચંદ લોડાયા, અનિલ મોતા, ચંદ્રકાંત લોડાયા, પ્રતાપ પુંજાણી, નવલબેન શાહ, વસંત ચંદે, માલતીબેન મહેશ્વરી.

જેન્તીભાઈ દામાએ કોઠારા હાઈસ્કુલનાં વિવિધ કાર્યક્રમોની ઝલકની યાદ સ્વરૂપે શોર્ટ સ્ટોરી પડદા ઉપર બતાવી સૌને યાદો તાજી કરાવી હતી. શ્રી સોમચંદભાઈ લોડાયાનું આ અવસરે સન્માન કરી તેઓશ્રીની અંતરની ભાવનાઓને બિરદાવવામાં આવેલ.

આ પ્રસંગે પ્રભાતસિંહ જાડેજા, દિનેશ અજાણી, પ્રબોધ મુનવર, હસમુખ અબોટી કવિ ચંદને પ્રાસંગિક ઉદ્‌બોધનો કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન દિનેશ આર. શાહે જ્યારે આભાર દર્શન પદમભાઈ લોડાયાએ કરેલ.

## ૮ દિવ્યાંગોને ટ્રાઇસિકલ અર્પણ કરી માર્ગો ઉપર ફરતા કરાયા

માનવજ્યોત સંસ્થા - ભુજ અને શ્રી રામદેવ સેવાશ્રમ પાલારા - કચ્છ દ્વારા ૮ દિવ્યાંગોને ટ્રાઈસિકલ અર્પણ કરી માર્ગો ઉપર ફરતા કરાતાં દિવ્યાંગોએ ખુશી વ્યક્ત કરી હતી. સંસ્થા દ્વારા અત્યાર સુધીમાં ૪૪૮ દિવ્યાંગોને ટ્રાઈસિકલો અર્પણ કરાઈ છે.

સ્વ. ગૌરીબેન મોહનલાલ મહેતા પરિવાર હસ્તે રમાબેન શીરીષ મહેતા વર્ધમાનનગર દ્વારા-૩, સ્વ. ભાવેશ અનિલ એમ. મહેતા - વર્ધમાનનગર દ્વારા ૧ તેમજ એક હરિભક્ત જય જલારામ બાપાનાં નામે ૩ ટ્રાઈસિકલો માટે અનુદાન આપેલ.

પ્રારંભે સંસ્થાના શ્રી સુરેશભાઈ માહેશ્વરીએ પ્રસંગ પરિચય આપ્યો હતો અને સંસ્થાની દેશભરમાં ચાલી રહેલ પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. આ પ્રસંગે દાતાશ્રીઓની અંતરની ભાવનાઓને બિરદાવવામાં આવેલ.

ટ્રાઈસિકલ લાભાર્થી દિવ્યાંગોએ જણાવ્યું હતું કે, હવે અમો દૂર સુધી હરી ફરી શકીશું અને પોતાનાં કામ જાતે પૂરા કરી શકીશું. ૫ દિવ્યાંગ પુરૂષો તથા ૩ મહિલા દિવ્યાંગોને ટ્રાઈસિકલો અર્પણ કરાતાં તેઓશ્રીએ આનંદની લાગણી અનુભવી, સંસ્થા અને દાતાશ્રીઓનો આભાર માન્યો હતો.

કાર્યક્રમનું સંચાલન પ્રબોધ મુનવરે, જ્યારે આભાર દર્શન શંભુભાઈ જોશીએ કરેલ. વ્યવસ્થામાં પૃથ્વીરાજસિંહ જાડેજા, આનંદ રાયસોની, કનૈયાલાલ અબોટી, મધુભાઈ ત્રિપાઠી, દીપેશ શાહ, નીતિન ઠક્કર, મુરજીભાઈ ઠક્કર, રફીક બાવાએ સંભાળી હતી.

*આજે સ્વપ્નમાં પ્રભુ પધાર્યા અને એમણે મારા હાથમાં કારણદર્શક નોટિસ પકડાવી દીધી.*

*'આ જનમમાં મેં તને આંખ-કાન-જીભ-મન-સંપત્તિ-હૃદય વગેરે જે કાંઈ આપ્યું છે એ બધું મારે તને આવતા જનમમાં પણ શા માટે આપવું?'*

*મારું શરીર પસીનાથી રેબઝેબ છે. નોટિસનો શું જવાબ આપવો? કશું જ સમજાતું નથી.*

*રસોઈમાં મીઠું ન હોય તો રસોઈ બે-સ્વાદ લાગે પણ કડવી ન લાગે. ગાડીમાં પેટ્રોલ ન હોય તો ગાડી આગળ ન ચાલે પણ ખાડામાં ન જાય. ઘરમાં ફર્નીચર ન હોય તો ઘર શોભાવિહીન લાગે પણ સ્મશાનતુલ્ય ન લાગે. પણ સુખ સાથે જો સદ્‌બુદ્ધિ ન હોય તો એ સુખ જીવનને કડવું વખ પણ બનાવી દે, પતનની ગર્તામાં પણ ધકેલી દે અને જીવનને સ્મશાનતુલ્ય પણ બનાવી દે. સાવધાન!*

# આંજો કાગર

***Dr. Mit Patel – Eye Surgeon***

I got operated for catract of my Left Eye on Saturday, 10-12-12 by Dr. Mit Patel at Bopal.

In my words doctor is very learned competent and experienced, the operation was painless with the most modern equipments. The doctor is very polite that is only reason there are so many patients waiting to consult him every time.

I am feeling very nice & comfortable. The sight is very good. Thanks and very good wishes to Dr. Mit Patel.

***Rajendra Mohan Bhatnagar***
***M. 99982 89532***

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સંચાલિત નવનીત મેડિકલ સેન્ટર - બોપલ અમારા જેવા મધ્યમ વર્ગના વયસ્ક વ્યક્તિઓ માટે આશીર્વાદરૂપ છે.

આ હોસ્પિટલમાં મેં ડૉ. મિત પટેલ પાસે મોતિયાનું ઓપરેશન કરાવેલ છે. ડોક્ટર સાહેબ તથા અહીંનો સ્ટાફ ખૂબ જ સરસ છે. ઉપરાંત સ્વચ્છતા પણ ખૂબ જ સરસ છે. ઓપરેશન કરાવ્યા પછી મને સારું છે.

***ચંદ્રકાંત એચ. ઠક્કર (ઉં.વ. ૬૩)***

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સંચાલિત નવનીત મેડિકલ સેન્ટર - બોપલ અમારા જેવા મધ્યમ વર્ગના વયસ્ક વ્યક્તિઓ માટે આશીર્વાદરૂપ છે.

અહીં દરેક મેડિકલ સેવાઓ અત્યંત કિફાયતી ભાવથી ઉપલબ્ધ છે. તેથી વિના સંકોચે અહીં આવી શકાય છે. ઉપરાંત અહીંની સ્વચ્છતા પણ અત્યંત ગમી જાય તેવી છે તથા સ્ટાફ પણ ખૂબ જ સહકારી અને સૌહાર્દપૂર્ણ વ્યવહાર કરે છે.

ખૂબ ખૂબ શુભેચ્છાઓ સહ...

***રસીલા શર્મા (ઉં.વ. ૭૪)***

★

**'મતકી બાત' : અકળ મતદારોએ પક્ષોને આપી આત્મ મંથનની તક**

મતદાન ઘટ્યું એ ચિંતાનો વિષય છે. એમાંય જો 'નોટા'વાળા વધ્યા હશે તો તમામ નેતાઓ પ્રત્યે એમને અવિશ્વાસ હોય એ તો લોકશાહી માટે વધુ જોખમી લાગે છે. અલબત્ત, કોઈને મત ન આપવો અને પોતાનો મત અન્ય કોઈ આપી જાય એના કરતાં નોટાનો વિકલ્પ સ્વીકારવો એ મતદાતાનો અધિકાર છે. પણ એવા મતદાતાની સંખ્યા મર્યાદિત હશે એમ ઈચ્છીએ. આ વખતે 'મતદાન અવશ્ય કરવાની સલાહ' ઝુંબેશ અભૂતપૂર્વ ચરમસીમાએ પહોંચી હતી. પક્ષોએ પણ એડીચોટીનું જોર લગાવ્યું હોવાનું વર્તમાનપત્રો દ્વારા જાણવા મળતું. લોભામણી જાહેરાતો, પ્રિન્ટ, ઇલે. સાથે સોશિયલ મીડિયા દ્વારા આક્રમક પ્રચાર કર્યો. એટલે પોતાના પ્રચારમાં કોઈ પક્ષ શાને ઉણો ઉતરે? સૌ જીતવા માટે જ લડતા હોય છે. હા, આ વખતે પ્રચાર માટે દિવસો ઓછા જરૂર પડ્યા છે. પ્રચાર હેતુ જમણવાર પણ યોજાયા. મોટા ગજાના નેતાઓ સભા ગજવી ગયા. છતાં મતદારોની ઉદાસીનતા! આ અકળ અને અકલ્પનીય નિર્ણય એ રીતે આપ્યો છે જાણે જનતાએ 'ગરજ' બતાવી હોય? મતદાતાની ઉદાસીનતા પાછળ રેકોર્ડબ્રેક મોંઘવારી, બેકારી, ભ્રષ્ટાચાર તો મુખ્ય પરિબળ છે જ પણ સાથે મહામારી, મોરબી જેવી ઘટનાઓ પણ જનતા ભૂલી ન હોય એમ પોતાના અસંતોષ કે આક્રોશનો પડઘો આ રીતે પ્રગટ કર્યો હોય. ક્યાંક તો પોતાના બોલેલા શબ્દો જ વાકબાણ બનીને વાગ્યા હોય. બાકી પેક અને અકળ મતદાતા જ સાચા નિર્ણાયકો છે જ.

વળગણ વિનાના મતદારોનો એક વર્ગ છે જેને ભવ્ય પ્રચારની જરા ય અસર થતી નથી. એ વાણી, બોડી લેંગ્વેજ, ભવ્ય રોડ શો કે એવા એકેય પ્રભાવમાં આવતો નથી. એટલે સ્વતંત્ર રીતે પરિપક્વતાથી વિચારી શકે છે. એ અકળ હોઈ, એના વિશે કોઈ અનુમાન પણ બાંધી શકાતું નથી. અમુક મતદાતાને એક પણ ઉમેદવાર પસંદ ન હોઈ, મતદાન કરવાનું જ ટાળે છે એ યોગ્ય નથી. પણ મતદાતા જ લોકશાહીનો 'શાહ' છે. છેવટે એનો નિર્ણય જ સાચો માનવો પડે.

ટૂંકમાં, હવે મતદાતાનો એક વર્ગ પરિપક્વ અને જાગૃત બની ગયો છે. એ નીર-ક્ષીર પારખી શકે છે. ખોટા વચનો, પોકળ કાર્યો, પોતાને અરીસામાં જોયા વિના થતી ખોટી આક્ષેપબાજી, ખરા સમયે દાખવાતી બેદરકારી, જનતાના પૈસે થતા જલસા, દેખાડા, ભ્રષ્ટાચારથી એ ત્રસ્ત છે એનો એણે પરચો બતાવી દીધો છે. હવે શાસકોએ આત્મમંથન કરવું જ પડશે.

***– જગદીશચંદ્ર છાયા***

★

Shri Kutchhi Vishram Gruh – Shahibaug management was very helpful and supportive.

The rooms were good enough and they were clean. The breakfast, lunch, dinner was decent and simple, though sweet. The staff was pretty good and nice. The services provided was really appreciable. The Museum was so informative, got to learn many things. The culture, heritage was up to mark and decent. Overall experience was joyful. Wish, we will come again here.

Thank you for the services provided, appreciable.

***Reema Thakkar***

★

જય જિનેન્દ્ર સાથે જણાવવાનું કે અમે ભુજથી માતુશ્રી ભચીબાઈ આણંદ જૈન પાઠશાળા, જે ભુજ છ'કોટી સંઘ સંચાલિત હાલ ભુજમાં કાર્યરત છે. તેના બાળકો દર્શન કરવા અને પિકનીક માટે અમદાવાદ આવ્યા છીએ. અમે અહીં શાહીબાગ કચ્છી વિશ્રામગૃહમાં રોકાણ કરવા માટે શરૂ કરીને અહીં રોકાયા. તેના માટે ખૂબ જ સારામાં સારી સગવડ કરી આપી. ખૂબ જ બધી રીતે સહકાર અમને મળ્યો છે. ૩૧ બાળકો અને ચાર અમો મોટા સાથે હતા. દરેકને એટલી મજા આવી ગઈ. અહીં નાસ્તો ખૂબ જ સરસ. બાળકોને જે ભાવે તે બનાવી આપે. રૂમમાં ખૂબ જ બધી સગવડ કરી આપી. બે દિવસ સવારનો નાસ્તો લીધો અને એક રાત રોકાયા. અહીં દરેક ટ્રસ્ટીઓએ અને સ્ટાફ મેમ્બર દરેકનો અમે જૈન શાળા ખૂબ ખૂબ આભાર માનીએ છીએ અને આપના ઋણી રહીશું. આપ કચ્છ ચોક્કસ આવશો અને અમને પણ આવી જ રીતે લાભ આપશો એ જ આશા સાથે આપનો સાદર આભાર.

***સંચાલક :***

આશિષ કે. શાહ : મો. ૯૪૨૭૪ ૫૨૬૫૮

હિતેન એ. દોશી : મો. ૯૯૧૩૫ ૩૫૩૧૨

***કલ્પના નાનાલાલ મહેતા***

★

શ્રી કચ્છી વિશ્રામ ગૃહ – શાહીબાગ ખાતે રહેવા માટેની ઉત્તમ વ્યવસ્થા છે. સાથે રૂમની અંદર ગરમ પાણી, પીવા માટે ઠંડા પાણીની વ્યવસ્થા પણ સારી છે. જમવા માટે ઉત્તમ સગવડ છે. સ્ટાફનો વ્યવહાર ઉત્તમ છે. અમે ઘણા વર્ષોથી અહીં આવીએ છીએ. આભાર.

***સાવન ભરતભાઈ જોબનપુત્રા – માધાપર, ભુજ, કચ્છ***
***મો. ૯૭૨૪૨ ૮૦૧૮૧***

★

શ્રી કચ્છી વિશ્રામ ગૃહ – શાહીબાગ ખાતે રહેવા માટેની સગવડ બહુ જ સરસ છે. સફાઈ પણ બહુ જ સરસ હોય છે. નાસ્તો – જમવાનું પણ સરસ છે. અમે ઘણા વર્ષોથી અહિંયા આવીએ છીએ. બહુ જ સારૂં લાગે છે.

***તરૂણ શશીકાંત વાઘાણી – ભુજ, કચ્છ***
***મો. ૯૯૨૫૧ ૩૩૬૯૧***

★

અમે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ – શાહીબાગ ખાતે રહેવા માટે ૫ રૂમો લીધી હતી. અહીંની સર્વિસ The Best છે. અહિયાનો સ્ટાફ પણ હેલ્પફુલ છે. ગમે ત્યારે બોલાવીએ એટલે ખડેપગે ઊભા હોય છે. સર્વિસ માટે પણ The Best છે. અમે એક દિવસ રહ્યા, પણ બહુ મજા આવી.

***વિપુલ ધનજી રીટા – પૂના***
***મો. ૯૧૬૮૮ ૯૫૧૯૪***

## બુનિયાદી શિક્ષણ

શૈક્ષણિક ક્ષેત્રે ગ્રામ્ય વિસ્તારોમાં પ્રાઈમરી સ્કુલ સાથે અભ્યાસનું સિલેબસ બદલવાની પણ જરૂર છે. આપણે ત્યાં નોકરી કરવાની દૃષ્ટિને બદલે કામ કરવાની દૃષ્ટિનો અભ્યાસ થાય જેમાં ટર્નર, ફીટર, પ્લમ્બર, મિકેનિકલ, કારપેન્ટર, સુથાર, લુહાર, કોમ્પ્યુટર, રેફ્રિજરેટર, ટેલિવિઝન વગેરેના રીપેરીંગ માટે માણસો હોતા નથી અને ઘરમાં નાનું કામ હોય તો પણ પ્લમ્બરને સો રૂપિયા આપવા પડે અને ટેલિવિઝન, ફ્રીજ કે ટેપ રેકોર્ડર રીપેર કરવાના ૫૦૦થી ૧૫૦૦ રૂપિયા ચૂકવવા પડે છે. આજે તેની ખેંચ છે. એટલે આપણે સ્કીલ્ડ માણસો ઊભા કરવા જોઈએ. આપણને ક્લાર્ક નથી જોઈતા, કારીગર જોઈએ છે. અજ્ઞાની નથી જોઈતા, જ્ઞાની જોઈએ છે. આ રીતે સ્વાવલંબી બની શકે તેવી પદ્ધતિનું શિક્ષણ બુનિયાદમાંથી શીખવાડવામાં આવે તો હું માનું છું કે બેકારીનો પ્રશ્ન ઓછો થતો જશે અને રોજગારીની તકો વધતી જશે. સવાલ શિક્ષણની સમજણનો છે, ગોખણપટ્ટીનો નથી. સવાલ શિક્ષણની સુવિધાનો છે, તરછોડી દેવાનો નથી. અરે! આપણા રાજ્યમાં એટલા દાનવીરો છે કે સ્કૂલો / હાઈસ્કૂલો / કોલેજો અને સંસ્થાઓમાં કરોડો રૂપિયાનું દાન આપનારા પડ્યા છે. પરંતુ દાન લેવાવાળા નથી અને લેવાવાળાને માત્ર ધૂની ભપકાઓ ગમે છે. પરિણામે આ પદ્ધતિ વિકાસમાં અવરોધક બને છે ત્યારે આપણે તેના પરિણામ માટે પ્રયત્નશીલ થવું પડશે.

***ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ મુખ્યમંત્રી શ્રી છબીલદાસ મહેતાના એક પુસ્તક 'હૃદય મંથન'ના એક લેખમાંથી સાભાર***

# અખબારોની અટારીએથી...

● સંકલન : રોહિત સંઘવી ●

## વિદેશ

### ભારતીય વંશના અરુણાની અમેરિકન પોલિટીક્સમાં દમદાર સિદ્ધિ

**ભારતીય વંશના અરુણા મિલરે મેરીલેન્ડના લેફ્ટનેન્ટ ગવર્નર બનવાની સિદ્ધિ મેળવી છે. તેઓ આ હોદ્દો સંભાળનાર પ્રથમ અપ્રવાસી બન્યા છે. તેઓ હવે ગવર્નર હાઉસ પહોંચી ગયા છે.**

અમેરિકામાં થયેલા મિડ ટર્મ ઈલેક્શન પરિણામમાં આ વર્ષે ઈતિહાસ રચાઈ ગયો છે. આ ચૂંટણીમાં અમેરિકામાં રહેનારા ભારતીય વંશના અરુણા મિલરે મેરીલેન્ડના લેફ્ટેનન્ટ ગવર્નર બનવાની સિદ્ધિ મેળવી છે. તેઓ આ હોદ્દો સંભાળનાર પ્રથમ અપ્રવાસી બની ગયા છે. તેઓ પોતાના નજીકના હરીફને હરાવીને ગવર્નર હાઉસ પહોંચી ગયા છે. નોંધનીય છે કે અરુણા મેરીલેન્ડ હાઉસ ઓફ ડેલિગેટ્સના ભૂતપૂર્વ સભ્ય પણ રહી ચૂક્યા છે. નોંધનીય છે કે અમેરિકન પ્રેસિડેન્ટ જો બાઈડેન અને ઉપપ્રમુખ કમલા હેરિસે ચૂંટણીમાં અરુણા મિલરની તરફેણમાં પ્રચાર કર્યો હતો.

● **ભારતીય મૂળ**

અરુણા મિલરનો જન્મ ૬ નવેમ્બર, ૧૯૬૪ના દિવસે આંધ્ર પ્રદેશના હૈદ્રાબાદમાં થયો હતો. અરુણા જ્યારે સાત વર્ષના હતા ત્યારે તેમનો પરિવાર ભારતથી અમેરિકા શિફ્ટ થયો હતો. અરુણાના માતા-પિતાએ તેમના ત્રણ સંતાનો સાથે ન્યુયોર્કમાં વસવાટ કરવાનું પસંદ કર્યું હતું. અરુણાના પિતા આઈ.બી.એમ.માં મિકેનિકલ એન્જિનિયર તરીકે કાર્યરત હતા. અરુણા અભ્યાસમાં તેજસ્વી હતા અને તેમણે ૧૯૮૯માં મિસુરી યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીમાંથી બેચલર ઓફ સાયન્સ ડિગ્રી ઈન સિવિલ એન્જિનિયરીંગની પદવી મેળવી હતી. આ પદવી મેળવ્યા બાદ તેમણે મોન્ટગોમરી કાઉન્ટીના લોકલ ટ્રાન્સપોર્ટેશન વિભાગમાં ૨૫ વર્ષ કામ કર્યું. ૨૦૧૦થી ૨૦૧૮ સુધી મૈરાલેન્ડ હાઉસ ઓફ ડેલિગેટ્સને રીપ્રેઝન્ટ કર્યું. અરુણા મિલર વર્ષ ૨૦૦૦માં અમેરિકી નાગરિક બની ગયા હતા. આ પછી તેમણે રાજકારણમાં ઝંપલાવ્યું હતું. તેઓ ૨૦૧૮માં પહેલીવાર સંસદમાં પહોંચવા માટે ચૂંટણી લડ્યા પરંતુ પ્રાઈમરીમાં જ તેમને હાર મળી હતી. જે બાદ આ વર્ષે તેમને ગવર્નર પદ માટે ઉમેદવાર બનાવવામાં આવ્યા હતા. તેમની નીતિઓની હકારાત્મક અસરને કારણે જ તેમણે આ ચૂંટણીમાં જીત મેળવી હતી.

● **ભારતીય મતદારોનો રોલ**

ભારતીય લોકો અમેરિકન સ્વિંગવાળા રાજ્યોમાં એક મહત્ત્વપૂર્ણ વોટના રૂપે ઊભર્યા છે. અહીં હાર-જીત એક હજાર કે કેટલાક હજાર વોટોથી નક્કી થાય છે. યુ.એસ. થીન્ક ટેંક કાર્નેગી એન્ડોમેન્ટ ફોર ઈન્ટરનેશનલ પીસના ૨૦૨૦ના રીપોર્ટ અનુસાર સ્વિંગ રાજ્યોમાં, ભારતીય અમેરિકન વસ્તી જીતના અંતરથી મોટી છે. જેણે ૨૦૧૬માં હિલેરી ક્લિન્ટન અને ૨૦૨૦માં ટ્રમ્પને કટોકટની લડાઈમાં બહાર કરી દીધા.

● **અંગત જીવન**

૧૯૯૦માં અરુણા મોન્ટગોમરી કાઉન્ટી ખાતે શિફ્ટ થયા હતા અને અહીં તેમણે પોતાના કોલેજ સ્વીટહાર્ડ ડેવિડ મિલર સાથે લગ્ન કર્યા હતા. અરુણા અને ડેવિડને ત્રણ વયસ્ક દીકરીઓ છે. હાલમાં અરુણાના માતા પણ દીકરી અરુણાના પરિવાર સાથે મેરીલેન્ડ ખાતે જ રહે છે.

● **લેફ્ટનન્ટ ગવર્નરની જવાબદારી**

લેફ્ટનન્ટ ગવર્નર એ રાજ્યપાલના આદેશને અનુસરતા રાજ્યના સર્વોચ્ચ અધિકારી છે. રાજ્યપાલ જ્યારે રાજ્યની બહાર હોય અથવા તો જવાબદારી નિભાવવા માટે સમર્થ ન હોય ત્યારે લેફ્ટનન્ટ ગવર્નર જ ગવર્નરની જવાબદારી નિભાવે છે. રાજ્યપાલનું અવસાન થઈ જાય, તેમને હોદ્દા પરથી દૂર કરવામાં આવે કે પછી તેઓ રાજીનામું આપે ત્યારે લેફ્ટનન્ટ ગવર્નર પછી રાજ્યપાલ બની જાય છે.

### પૂર્ણિમા દેવી બર્મન : સંયુક્ત રાષ્ટ્રનો સર્વોચ્ચ પર્યાવરણ પુરસ્કાર મેળવનાર સન્નારી

પર્યાવરણના ક્ષેત્રમાં કામ કરતાં લોકોનું અલગ અલગ એવોર્ડથી સન્માન કરવામાં આવે છે. હાલમાં ભારતનાં ડૉ. પૂર્ણિમા દેવી બર્મનને સંયુક્ત રાષ્ટ્રના સર્વોચ્ચ પર્યાવરણ એવોર્ડ ‘ચેમ્પિયન્સ ઓફ ધ અર્થ’ એવોર્ડથી નવાજવામાં આવ્યા છે. આ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા એનાયત કરવામાં આવતો સૌથી મોટો પર્યાવરણ પુરસ્કાર છે. આ એક બહુ મોટું સન્માન છે એટલે હાલમાં દરેક પ્લેટફોર્મ પર તેમના નામની ચર્ચા ચાલી રહી છે.

● **કોણ છે પૂર્ણિમા દેવી બર્મન?**

પૂર્ણિમા દેવી બર્મન વર્ષોથી આસામમાં વાઈલ્ડ લાઈફ

બાયોલોજિસ્ટ તરીકે સારસને બચાવવાનું કામ કરી રહ્યા છે. તેઓ જ્યારે પાંચ વર્ષના હતા ત્યારથી જ તેમના આ પક્ષીપ્રેમની શરૂઆત થઈ ગઈ હતી. પૂર્ણિમા દેવી બર્મન બ્રહ્મપુત્ર નદીના કિનારે પોતાના દાદા-દાદી સાથે નિયમિત રીતે ફરવા જતા હતા. તેમના દાદા ખેડૂત હતા અને તેમણે જ પૂર્ણિમા દેવીને આ ક્ષેત્રમાં કામ કરવાની પ્રેરણા આપી હતી. પૂર્ણિમા દેવી બર્મને ઝુઓલોજીમાં ઈકોલોજી અને વાઈલ્ડ લાઈફ બાયોલોજી જેવા સ્પેશિયલ વિષયોમાં માસ્ટર ડિગ્રી મેળવ્યા પછી પીએચડીનો અભ્યાસ કર્યો છે. હાલમાં તેમણે સારસ પ્રજાતિના પક્ષીઓને બચાવવાના કાર્ય પ્રત્યે જાતને સમર્પિત કરી દીધી છે. હકીકતમાં સારસ પક્ષીઓની સંખ્યા ધીમે ધીમે ઘણી ઓછી થઈ રહી છે જે પર્યાવરણશાસ્ત્રીઓ માટે ભારે ચિંતાનો વિષય છે. આ કારણોસર તેમણે સારસ પ્રજાતિની સંખ્યામાં વૃદ્ધિ કરવાનું બીડું ઝડપ્યું છે.

- **કઈ રીતે મળી પ્રેરણા?**

પૂર્ણિમા દેવી બર્મને એક ઈન્ટરવ્યૂમાં તેમને સારસ પક્ષીને બચાવવાની પ્રેરણા કઈ રીતે મળી એ વિશે વાત કરી છે. તેઓ કહે છે કે, 'દરેક વ્યક્તિને ગેંડા અને સિંહ જેવા પ્રાણીઓના સંવર્ધનમાં રસ પડે એ સ્વાભાવિક છે. પણ મને હંમેશાં એમ થતું હતું કે સારસ જેવા પક્ષીઓનું સંવર્ધન પણ એટલું જ જરૂરી છે અને એમાં ક્યાંકને ક્યાંક બેદરકારી સેવાઈ રહી છે. મેં મારું માસ્ટર્સ કર્યા પછી 'breeding biology of the greater adjutant storks' વિષયમાં પીએચડી કરવાનો નિર્ણય લીધો. એક દિવસ મને એક ફોન કોલ આવ્યો કે એક વ્યક્તિ એવું ઝાડ કાપી રહી છે જેમાં નવ જેટલા સારસના માળા છે. હું જ્યારે તે જગ્યા પર પહોંચી તો મેં જોયું કે જમીન પર સારસનાં નાનાં બચ્ચાં તરફડી રહ્યા હતા અને વ્યક્તિને એણે કેટલું મોટું નુકસાન કર્યું છે એની ખબર જ નહોતી. તે વ્યક્તિ તો ઝાડ કાપવામાં વ્યસ્ત હતી. એ સમયે મને સમજાયું કે જો મારે સારસને બચાવવા હશે તો પહેલાં તો એના મહત્ત્વ વિશે લોકોમાં જાગૃતિ ફેલાવવી પડશે કારણ કે લોકોને એની જાણ જ નથી. મેં થોડા સમય માટે મારો પીએચડીનો અભ્યાસ પડતો મૂક્યો અને લોકજાગૃતિનું કામ હાથમાં લીધું. જોકે પછી મેં પીએચડીનો અભ્યાસ પૂરો તો કર્યો જ.

- **અનેક એવોર્ડના વિજેતા**

પૂર્ણિમા દેવી બર્મનને સંયુક્ત રાષ્ટ્રના સર્વોચ્ચ પર્યાવરણ પુરસ્કાર સિવાય ૨૦૧૭માં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા નારી શક્તિ પુરસ્કાર પણ મળી ચૂક્યો છે. આ સિવાય યુનાઈટેડ કિંગ્ડમના રાજકુમારીએ પણ તેમને વ્હિટલી પુરસ્કાર એનાયત કર્યો છે. નોંધનીય છે કે આ એવોર્ડ ગ્રીન ઓસ્કારના નામે ઓળખાય છે.

- **'ચેમ્પિયન્સ ઓફ ધ અર્થ' એવોર્ડને ઓળખો**

'ચેમ્પિયન્સ ઓફ ધ અર્થ' એવોર્ડની સ્થાપના ૨૦૦૫માં કરવામાં આવી હતી. આ સંયુક્ત રાષ્ટ્રનું સર્વોચ્ચ પર્યાવરણ સન્માન છે. પર્યાવરણના સંરક્ષણમાં સહયોગ આપતા લોકોને આ એવોર્ડથી સન્માનિત કરવામાં આવે છે. અત્યાર સુધી આ એવોર્ડ ૧૧૧ વાર આપવામાં આવ્યો છે. જેમાં ૨૬ વર્લ્ડ લીડર, ૬૯ વ્યક્તિઓ અને ૧૬ સંગઠનોનો સમાવેશ થાય છે.

## ઇટાલીમા બોલીવુડ ડાન્સનો ક્રેઝ એટલો છે કે તેને શીખવા ભારત સુધી લોકો પહોંચી રહ્યા છે. તેના ઠુમકા લટકા-ઝટકા યુરોપિયન ડાન્સથી વધુ આકર્ષક

**ઇટાલીના કેટલાક શહેરોમાં બોલીવુડ ડાન્સના ૧૨૫થી વધુ ક્લાસીસ ચાલે છે. પંજાબી ગીતો પણ લોકપ્રિય.**

ઈટાલીના શહેર મિલાન હોય કે પછી પાલેમો, કે પછી રોમ, લોકો અહીં બોલીવુડ ફિલ્મો જોતા નથી પરંતુ બોલીવુડ ડાન્સના દીવાના છે. દીવાનગી પણ એવી છે કે ડાન્સના સ્ટેપ્સ શીખવા અને હાવભાવનો અભ્યાસ કરવા માટે તેઓ દર વર્ષે ભારત આવે છે. તે શીખ્યા બાદ બોલીવુડ ડાન્સના ક્લાસીસ પણ ચલાવી રહ્યા છે. આ શહેરોમાં ૧૨૫થી વધારે ક્લાસીસ પણ ચાલી રહ્યા છે. હકીકતમાં ઈટાલીમાં ફિલ્મ સ્લમડોગ મિલિયોનેરના જય હો ગીત ખૂબ જ લોકપ્રિય છે. ઓસ્કાર અને ગ્રેમી જેવા મોટા એવોર્ડ જીતી ચૂકેલા આ ગીત પર થયેલા ગ્રુપ ડાન્સને નિહાળ્યા બાદ ઈટાલીમાં બોલીવુડ ડાન્સ ક્લાસીસની માંગ વધી છે. આ પહેલા ઈટાલીના લોકોએ તો ટી.વી. જાહેરાતોમાં પણ બોલીવુડ ડાન્સની ઝલક નિહાળી હતી. હવે લોકો અહીં રોકસ્ટાર ફિલ્મના ગીત કુન ફાયા કુન અને દિલ ધડકને દો, ના મૈં ડાલુ તાલ પે ભંગડા જેવા ગીતો પર ઝુમી રહ્યા છે. એટલું જ નહીં બલકે બોલીવુડ ડાન્સ મારફતે ઈટાલી'ઝ ગોટ ટેલેન્ડ શો માં પણ ફાઈનલ સુધી જગ્યા બનાવી રહ્યા છે. રોમની વેલેન્ટીના મેંદુચી છેલ્લા ૧૦ વર્ષથી બોલીવુડ ડાન્સ શીખવી રહી છે. તેમનું કહેવું છે કે તેઓ પોતે છેલ્લા ૧૦ વર્ષથી ડાન્સ શીખવા માટે ભારત જઈ રહ્યા છે. બોલીવુડ ફિલ્મોના ઠુમકા અને અન્ય એક્સપ્રેશન લોકોને યુરોપિયન ડાન્સના બદલે વધારે આકર્ષિત કરે છે. હવે તો પંજાબી ગીતોના રીમિક્સથી પણ ગીતો બની રહ્યા છે. મુંડ્યા તો બચ કે રહી પણ ખાસ લોકપ્રિય થઈ રહ્યું છે. અલબત્ત કેટલાક લોકો ઈટાલીમાં બોલીવુડ ડાન્સ શીખવાની શરૂઆત કરવા માટેની ક્રેડિટ ભારતની અંબીલી અબ્રાહમને આપે છે. તેઓ ૧૬ વર્ષથી ઈટાલીમાં બોલીવુડ ડાન્સ શીખવાડે છે. તેમના મોટા ભાગના વિદ્યાર્થીઓ ઈટાલીના છે. તેમની બનાવેલી બોલી મસાલા ડાન્સ કંપનીએ ઈટાલીના કેટલાક ટીવી શો અને કેટલાક ફેસ્ટીવલમાં ભાગ લઈ રહી છે.

- **ડાન્સ શીખીને ઇટાલી'ઝ ગોટ ટેલેન્ટ જેવા શો ની ફાઈનલ સુધી પહોંચે છે**

શિલ્પા બર્તુલેટ્ટીએ ટીએટ્રો તાસ્કેબાઈલમાં ભારતીય ડાન્સની કેટલીક સ્ટાઈલ શીખી છે. ફેડ્રિકો અને ફ્રાંસેસ્કાર ઓરલેન્ડોએ સાવોના શહેરમાં માત્ર બોલીવુડ ડાન્સ શીખીને નગમા ડાન્સ ગ્રુપની શરૂઆત કરી ચૂકી છે. તેમને ઇટલીજ ગોટ ટેલેન્ડ શો માં બોલીવુડના પરફોર્મથી દેશભરમાં ઓળખ મળી છે. સાથે સાથે ફિનાલે સુધી પણ પહોંચી છે.

## સુનકની દીકરીનું કુચીપુડી નૃત્ય

બ્રિટીશ પી.એમ. ઋષિ સુનકની પુત્રી અનુષ્કાએ લંડનમાં ઈન્ટરનેશનલ ડાન્સ ફેસ્ટીવલ ''રંગ''માં ભાગ લીધો હતો. નવ વર્ષની વયની અનુષ્કાએ તેમાં કુચીપુડી ડાન્સ કર્યો હતો. આ ઈવેન્ટ યુ.કે.માં કુચીપુડી ડાન્સ ફોર્મનો સૌથી મોટો તહેવાર છે. તેમજ બ્રિટીશ લોકો પણ જોડાયા હતા. આ વખતે ૧૦૦ કલાકારોએ ડાન્સ કર્યો હતો.

## જાપાન : અહીં શિષ્ટાચાર જ જીવનની કળા

જાપાન દુનિયાના સૌથી વધુ શિષ્ટાચારવાળા દેશોમાં ગણાય છે. અહીંની પરંપરા 'ઓમોતેનાશી'ને જાપાનમાં જીવવાની કળા પણ કહે છે. 'ઓમોતેનાશી'નો શાબ્દિક અર્થ છે હોસ્પિટાલિટી એટલે કે સ્વાગત - સત્કાર. અહીં પોતાનાથી પહેલા પડોશી, સગા-સંબંધી, મહેમાનો, ગ્રાહકોનું ધ્યાન રખાય છે.

ફિફા વર્લ્ડ કપ દરમ્યાન પણ જાપાનીઓનો શિષ્ટ વ્યવહાર જોવા મળ્યો. જાપાની દર્શકોએ સ્ટેડિયમની સફાઈ કરી હતી, જ્યારે ખેલાડીઓ ડ્રેસિંગ રૂમને સારી રીતે ગોઠવીને ગયા હતા.

'ઓમોતેનાશી' પરંપરાને લોકો સામાન્ય જીવનમાં જીવે છે. ઉદાહરણ તરીકે પડોશીને ત્યાં જો બાંધકામ થતું હોય તો લોકો ડિટર્જન્ટને ગિફ્ટ કરીને તેમને ત્યાં પહોંચાડે છે. તેઓ માનીને ચાલે છે કે બાંધકામથી ધૂળ ઉડશે અને તેમને તેની જરૂર પડશે. આ જ રીતે રેસ્ટોરન્ટમાં કંઈ પણ ઓર્ડર આપ્યા વગર પણ ગ્રાહકોને સર્વિસ મળે છે.

## ફ્રાન્સમાં અલ્ઝાઇમરના દર્દીઓની દેખરેખ કરનાર અતિ આધુનિક સુવિધા સાથે સજ્જ ગામ

### ૧૭ એકરમાં ફેલાયેલું કેર હોમ દુનિયા માટે દાખલા સમાન છે

ફ્રાન્સના દક્ષિણ-પશ્ચિમ ક્ષેત્રમાં ડોક્સ નામથી એક ગામ છે. જ્યાં અલ્ઝાઈમર સાથે પીડિત દર્દીઓ જ રહે છે. અહીં સેંકડો અલ્ઝાઈમર દર્દીઓ માટે ૧૭ એકરમાં ઘરો બનાવવામાં આવ્યા છે. સાથે સાથે તેમને સ્વતંત્ર રીતે જીવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. અહીં તેમના માટે અન્ય સુવિધાની સાથે સલૂન તેમજ કરિયાણાની દુકાનો પણ છે. જેના માટે તેમની પાસેથી કોઈ પણ પ્રકારના પૈસા લેવામાં આવતા નથી. આ ગામને લઈને અભ્યાસ કરનાર લોકોનું માનવું છે કે તે બીમારીથી પીડિત લોકોની મદદ કરવા માટે યોગ્ય જગ્યા છે. યાદશક્તિ ખતમ કરી દેનાર આ બીમારી સામે સંઘર્ષ કરી રહેલા દર્દીઓ માટે સ્થાનિક વહીવટીતંત્ર અને લોકોએ મળીને આ ગામનું નિર્માણ કર્યું છે. અહીં તેમને આત્મનિર્ભર પણ બનાવવામાં આવે છે.

## દ.કોરિયામાં રોડ પર સેલ્ફ ડ્રાઇવિંગ બસ

દક્ષિણ કોરિયાની રાજધાનીમાં સેલ્ફ ડ્રાઇવિંગ બસની ટ્રાયલ શરૂ કરવામાં આવી છે. સેફ્ટી - ડ્રાઈવરની હાજરીમાં બસે સેન્ટ્રલ સિઓલમાં ૩.૪ કિ.મી.નું લૂપ ૨૦ મિનિટમાં પૂરૂં કર્યું. બસ મોંઘા સેન્સરને બદલે કેમેરા અને લેસર વડે નેવિગેટ કરે છે. ટ્રાયલ બાદ નિયમિત સેવા શરૂ થશે.

## યુ.એસ.એ દુનિયાની સૌથી મોંઘી દવાને મંજૂરી આપી

અમેરિકી નિયામકે હેમોફીલિયાની થેરપીની લીલી ઝંડી આપી છે. એક વખત સારવાર માટે દવાની કિંમત ૨૮.૯ કરોડ રૂપિયા છે. ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશને હેમોફીલિયા બી થી પીડિત વયસ્ક લોકો માટે હેમજેનિક્સને લીલી ઝંડી આપી દીધી છે. આ બીમારીમાં લોહીના ગઠ્ઠા બનતા નથી. હાલમાં તેની સારવાર માટે ઈન્ટ્રાવેનસ પ્રોટીન સપ્લીમેન્ટનો ઉપયોગ થાય છે.

# દેશ

## થોળ અભયારણ્યમાં અતિથિઓનું આગમન : ૧૦૦થી વધુ પ્રજાતિનાં પક્ષીઓ આવી પહોંચ્યા

ઉત્તર ગુજરાતમાં એકમાત્ર રામસર સાઈટનું ટેગ મેળવી ચૂકેલા થોળ અભયારણ્યમાં સ્થાનિક સાથે અતિથિ ગણાતાં વિદેશી પક્ષીઓનું આગમન થઈ ચૂક્યું છે. ગ્રેટ વ્હાઈટ પેલિકન, કોરમોરન્ટ, ડાર્ટર, નોર્ધન શોવેલર, નોર્ધન પીનટેઈલ, ગ્રીન વિંગ ટીલ, ફ્લેમિંગો, રડી શેલડક, ગાર્ગેની, યુરેશિયન વિજિયન, કોમન પોચર્ડ, ટફ્ટેડ ડક, ગ્રેલેગ ગૂઝ, ડેમોઇઝલ ક્રેન, કોમન ક્રેન, બાર હેડેડ ગૂઝ, ગ્લોસી આઈબિસ સહિત કુલ ૧૦૦થી વધુ પ્રજાતિના પક્ષીઓ મહેમાન બન્યા છે. બીજી બાજુ બર્ડ વોચર અને ફોટોગ્રાફર સહિત પ્રવાસીઓની સંખ્યામાં પણ વધારો થયો છે. આગામી માર્ચ

મહિના સુધી થોળ અભયારણ્યમાં પક્ષીઓ જોવા મળશે.

## ભુજ બાદ હવે કચ્છના નામથી ગુજરાતી ફિલ્મ 'કચ્છ એક્સપ્રેસ'

હિંદી અને ગુજરાતી ફિલ્મ સર્જકો માટે કચ્છ પસંદગીનું સ્થળ છે. હમ દિલ દે ચૂકે સનમ અને લગાન સહિતની હિંદી અને ગુજરાતી ભાષાની અનેક ફિલ્મો, વેબ સિરીઝનું શુટિંગ કચ્છમાં થયું છે. તથા હવે અહીંના વિવિધ સ્થળો પર શૂટિંગનું પ્રમાણ વધી રહ્યું છે. તાજેતરમાં જ ભુજ શહેરને ફિલ્મના ટાઈટલમાં સ્થાન આપી અજય દેવગણ સ્ટારર 'ભુજ – ધ પ્રાઈડ ઓફ ઈન્ડિયા' ફિલ્મ બની હતી. તેવામાં હવે કચ્છના નામને ટાઈટલમાં રાખી એક ગુજરાતી ફિલ્મ 'કચ્છ એક્સપ્રેસ' બની છે.

## હૈદ્રાબાદના બેગમપેટમાં દેશનું પહેલું ગોલ્ડ એ.ટી.એમ.

ભારતનું પહેલું ગોલ્ડ એ.ટી.એમ. અને વિશ્વનું પ્રથમ રીયલ ટાઈમ ગોલ્ડ એ.ટી.એમ. હૈદ્રાબાદના બેગમપેટમાં તાજેતરમાં શરૂ કરાયું. હૈદ્રાબાદના સ્ટાર્ટ-અપ ઓપન ક્યુબ ટેકનોલોજીની મદદથી ગોલ્ડ સિક્કા કંપનીનું આ એ.ટી.એમ. ૦.૫ ગ્રામથી ૧૦૦ ગ્રામ સુધીના સોનાના સિક્કા આપશે. ગોલ્ડ સિક્કાના સી.ઈ.ઓ. સાય તરુજના મતે, 'ગ્રાહકો તેમના ડેબીટ અથવા ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરીને સોનાના સિક્કા ખરીદી શકે છે. ગ્રાહકો માટે કિંમતોને પારદર્શક બનાવવા એ.ટી.એમ. સ્ક્રીન પર ગોલ્ડ રેટ લાઈવ દેખાશે. જ્યારે ગોલ્ડ સિક્કા ૯૯૯ શુદ્ધતા સાથે ટેમ્પર પ્રુફ પેકમાં મળશે.' આ કંપનીની આગામી બે વર્ષમાં સમગ્ર ભારતમાં ૩,૦૦૦ ગોલ્ડ એ.ટી.એમ. મશીન લોન્ચ કરવાની યોજના છે.

## હવે લોકો વાંદાને પણ શંકાની નજરે જોશે

ટેકનોલોજી જે ધસમસતા પ્રવાહ સાથે આગળ વધી રહી છે એને કારણે જાતજાતનાં મશીનો મળતા થઈ ગયા છે. અરે, જાસૂસી કરવાનું પણ બહુ આસાન થઈ ગયું છે. જોકે, અહીં જેનો ઉલ્લેખ કરવાનો છે એ વાત જાણીને તમને ખરેખર અચરજ થશે. જાસૂસીના યંત્રો તો ઘણા મળે છે. તેની સાઈઝ નાનામાં નાની બનાવવાની હરીફાઈ ચાલે છે. ઘડિયાળ, ચશ્મા કે બોલપેનમાં ફિટ કરાવી શકો એવા કેમેરા વડે તો હવે ભારતમાં પણ લોકો જાસૂસી કરી શકે છે. હવે તમે કલ્પના કરો કે કેટલી હદે નાનામાં નાની સાઈઝનું યંત્ર હોઈ શકે. વાંદા જેવા જીવજંતુના શરીર પર ફીટ કરી શકાય એવા જાસૂસી યંત્રો નીકળ્યા છે. આવા યંત્રો ખાસ કરીને દેશોના ગુપ્તચર વિભાગો કોઈ વિદેશી એલચી કચેરી કે પ્રધાનની ઓફિસમાં જાસૂસી કરવા માટે ઉપયોગમાં લેતા હોય છે. આ સમાચાર જ્યારે વિશ્વના ખૂણે ખૂણે પ્રસિદ્ધ થશે એ પછી પ્રધાનો અને એલચી કચેરીના અધિકારીઓ જ્યાં કોઈ વાંદો ભાગતો દેખાશે એને ધારીધારીને જોશે કે એના પર કોઈ કેમેરા તો ફીટ કરાયો નથી ને? આમ, જીવજંતુઓનો ઉપયોગ પણ જાસૂસ તરીકે થઈ શકતો હોવાથી ગુપ્તચર વિભાગોની ફોજમાં હવે અનોખી રીતનો ઉમેરો થશે.

## જેસલમેરના નેશનલ ડેઝર્ટ પાર્કમાં ૪૦ વર્ષ જૂની ઝુંપડીઓ ગરમીમાં ઠંડી અને ઠંડીમાં ગરમ રહે છે

ભારત-પાક સરહદ પર સ્થિત બાડમેર-જેસલમેરના રણ વિસ્તારમાં ડેઝર્ટ નેશનલ પાર્કમાં આજે પણ ૪૦ વર્ષ જૂની ૪૪ ઝુંપડી રૂપી આધુનિક ચોકીઓ છે. બહારથી ગોબરના લેપ અને અંદરથી દરેક પ્રકારની સુવિધાથી સજ્જ આ ચોકીઓને આ પ્રકારનું સ્વરૂપ અપાયું છે કે વીજળી પંખા-કુલર વગર પણ તે ગરમીમાં ઠંડી રહે છે અને સુરક્ષા સ્ટાફ - સરળ આરામથી રહી શકે છે. ગરમીમાં ૫૦ ડિગ્રી સુધીના પારામાં પણ આ ચોકીઓ ખૂબ ઠંડી રહે છે.

વન વિભાગે ૧૯૮૦માં સ્થાપિત નેશનલ ડેઝર્ટ પાર્કની સુરક્ષા માટે આ ચોકીઓ બનાવી હતી. ■

## ગાંધીજી અને રેલવે

**એકવાર લાહોર અને દિલ્હી વચ્ચે મને રેલવેની ભીડનો કટુ અનુભવ થયો. લાહોરથી ત્રીજા વર્ગના ડબ્બામાં મને કોઈ રીતે જગ્યા મળતી ન હતી. ડબ્બાનો દરવાજો અંદરથી બંધ હોય તો લોકો બારીમાંથી અંદર ઘૂસી જતા હતા. મને એક મજૂરે કહ્યું કે બાર આના આપો તો જગ્યા મેળવી દઉં. મેં કહ્યું કે પ્રથમ જગ્યા મેળવી આપ, પછી બાર આના આપું!**

**એટલે મજૂરે યાત્રીઓને વિનંતી કરી જગ્યા શોધવામાં લાગી ગયો. જગ્યા તો મળી નહીં અને ટ્રેન શરૂ થવાનો સમય થઈ ગયો એટલે મજૂરે મને ઉપાડીને બારીમાંથી અંદર ધકેલી દીધો. હું સળિયો પકડીને ઊભો હતો. પરંતુ બેઠેલા યાત્રિકોને મારી હાજરી ગમી નહીં. તેઓ વારંવાર મને તિરસ્કારપૂર્વક બેસી જવાનું કહેતા હતા. હું તેમની સામે જગ્યા ન હોવાની દલીલ કરતો રહ્યો. મને વધુને વધુ સવાલો પૂછાઈ રહ્યા હતા અને હું દરેક સવાલનો બને તેટલી સૌમ્યતાથી જવાબ આપતો હતો.**

**કોઈકે મારું નામ-ઠામ પૂછ્યું. મેં નામ જણાવ્યું. પછી કેટલાક મુસાફરો શરમાયા. મારી સાથે ગેરવર્તણૂક કરવા બદલ માફી માગી અને મને બેસવા પૂરતી જગ્યા કરી આપી.''**

***– ગાંધીજી***

***'ગાંધી ઔર રેલવે' પુસ્તકમાંથી***

***લે. Y. P. Anand***

## NanoNine® શબ્દ રમત-૧૯૦

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | | ૫ | ■ | ■ | ૬ | ૭ |
| ૮ | | ■ | ૯ | ૧૦ | | ■ | ૧૧ | ૧૨ | ૧૩ | ■ | ૧૪ |
| ૧૫ | | ૧૬ | ■ | ૧૭ | | ૧૮ | ■ | ૧૯ | | ૨૦ | |
| ■ | ૨૧ | | ૨૨ | | ■ | ૨૩ | | ૨૪ | ■ | | ■ |
| ૨૫ | ■ | ૨૬ | | ■ | ૨૭ | | ■ | ૨૮ | | ■ | ૨૯ |
| ૩૦ | ૩૧ | ■ | ૩૨ | | | ■ | ૩૩ | ■ | ■ | ■ | |
| ૩૪ | | ૩૫ | | ■ | | ■ | ૩૬ | ૩૭ | | ૩૮ | |
| | ■ | | ■ | ૩૯ | ■ | ■ | ૪૦ | ૪૧ | ■ | ૪૨ | |
| ■ | ૪૩ | | ૪૪ | | ■ | ૪૫ | | | ■ | ૪૬ | ■ |
| ૪૭ | | ■ | ૪૮ | | | | ■ | ■ | ૪૯ | | ૫૦ |
| ૫૧ | | ■ | ૫૨ | | ■ | ૫૩ | ૫૪ | ■ | | ■ | |
| | ■ | ૫૫ | | | ■ | ■ | ૫૬ | | | | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો તા. ૩૧-૦૧-૨૦૨૩ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. ખાટો કે તીખો ઓડકાર (૪)
૪. કાચું લખાણ, મુસદ્દો (૩)
૬. યાદી, સાંકળિયું, ક્રમાનુસરી ટીપ (૨)
૮. રેતીનું મેદાન કે પ્રદેશ (૨)
૯. જૂઠું બોલવાની ટેવવાળું, વ્યભિચારી, લંપટ (૩)
૧૧. મમત્વ, હેત, સ્નેહ (૩)
૧૫. સાચવણી, સંભાળ (૩)
૧૭. સનદી, કાયદાશાસ્ત્રી (૩)
૧૯. તલ્લીન, ગરક, મસ્ત (દારૂ કે કેફથી) (૪)
૨૧. બાળકોને રમવાની વસ્તુ (૪)
૨૩. શરીરનો મોહક હાવભાવ, ચાળો, નખરૂં (૩)
૨૬. અણખીલ્યું ફૂલ (૨)
૨૭. બંધી, નિષેધ (૨)
૨૮. ડગલું, પગલું, અસ્થિરતા (૨)
૩૦. ગમવું તે, રૂચિ (૨)
૩૨. ઔષધિનો ભૂકો (૩)
૩૪. રજાનો લેખિત હુકમ, પરમિટ, લાઈસન્સ (૪)
૩૬. ઉજ્જૈનમાં આનું પ્રખ્યાત મંદિર છે (૫)
૩૮. અવાજ, ધ્વનિ, નાદ (૨)
૩૯. શ્રી નરેન્દ્ર મોદી બચપણમાં _____ વેચતા હતા (૨)
૪૦. બે વડે નિઃશેષ ભાગી ન શકાય તેવી સંખ્યા (૨)
૪૨. બાણ, કાંઠો, કિનારો (૨)
૪૩. ભણેલું તે, શિક્ષણ (૪)
૪૪. દહીં-દૂધ પરની મલાઈની પોપડી (૨)
૪૫. ચાકર, સેવક (૩)
૪૭. શેર માથે _____ શેર (૨)
૪૮. પંજાબના મહારાજા _____ સિંહ (૪)
૪૯. આપણો દેશ (૩)
૫૧. રમૂજી, વિનોદી (ઇ) (૨)
૫૨. અનુકૂળ વખત (૨)
૫૩. માથું, ડોકું, અપંગ (૨)
૫૫. આજ્ઞાપાલન, મલાજો, મર્યાદા (૪)
૫૬. સજીવોમાં થતી ઘટન-વિઘટનની પ્રક્રિયાઓ, મેટાબોલિઝમ (૫)

### ઊભી ચાવીઓ

૧. _____ વાનને અક્કલ ન હોય (૩)
૨. ચણવું તે, ચણવાનું કામ (૪)
૩. બહારગામનો ફો (અં) (૨)
૪. ઘર આગળની બાંધેલી બારણાવાળી ડેલી (૩)
૫. ઘુમ્મટ (અં) (૨)
૭. એક જાતનું ઝાડ (ફા) (૩)
૮. જરાક, ધૂળનો કણ (૨)
૧૦. ખભા અને કોણી વચ્ચેનો ભાગ (૩)
૧૨. અંગનું ઉતરી જવું તે (૪)
૧૩. છાશ, ચોટ, લાગ, તાકડો (૨)
૧૪. નારી, સ્ત્રી, પાણી (૨)
૧૬. મીઠું, લૂણ (૩)
૧૭. મોટું, અડદની દાળની એક વાનગી (૨)
૧૮. સુંદર સ્ત્રી (૩)
૨૦. અખંડ રહે તારો _____ ચાંદલો (૨)
૨૨. વિશુધ્ધ કરેલો ચૂનો (૪)
૨૪. મનોભાવ, અંતરની ભેદ, સાંકેતિક લિપિ (૨)
૨૫. સગાઈ, વિવાહ, વેવિશાળ (૪)
૨૭. વેહવાળા ગોળ દાણા, અંકોડો (૩)
૨૯. વરરાજાની સાથે રહેનાર (૪)
૩૧. આપણું રાષ્ટ્રીય પક્ષી (૨)
૩૩. ઓચિંતુ, એકદમ (૪)
૩૫. ઠામ, પાત્ર (૩)
૩૭. લીટી, રેખા (હિં) (૩)
૩૮. ચણોઠી જેટલું જરાક (૪)
૩૯. ઝવેરચંદ મેઘાણીએ કન્યા પર લખેલી કવિતા (૫)
૪૦. પ્રથમ સંખ્યા (૨)
૪૧. પોપટ, સૂડો (૨)
૪૩. ભવનાં પત્ની, શિવાની / પાર્વતી (૩)
૪૪. ઓછું વત્તું, થોડું ઘણું (૪)
૪૫. નિમંત્રણ (૩)
૪૬. _____ વિનાનું ભણતર (૨)
૪૭. પ્રવાસ, મુસાફરી (૩)
૪૯. કેન્દ્રમાં _____ પક્ષની સરકાર છે (૩)
૫૦. પુત્ર, તનુજ, અંગજ (૩)
૫૪. હોલેન્ડના વતની (૨)

**શબ્દ રમત-૧૮૯**

**જવાબો માટે જુઓ : પાના નંબર-૫૧**

## NanoNine® શબ્દ રમત-૧૮૯નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ખો | જ | | આ | વા | ગ | મ | ન | | ક | ફ |
| તા | | મ | રી | | મ | | ન | | આ | | કી |
| ત | મ | | સ | હ | ન | | વા | ર | સ | દા | ર |
| | હ | ઠ | | ક | | મી | ર | | ન | ખ | |
| અં | ત | રી | ક્ષ | | જા | લ | | તા | | લો | હ |
| ગ | | ઠા | | ના | મ | | આ | લ | મ | | ર |
| ભૂ | | મ | ર | દ | | રા | શ | | લ | | ફ |
| ત | મા | | વિ | | દા | બ | | ક | મ | જો | ર |
| | લ | તા | | વી | સ | | કા | | લ | બ | |
| અ | તી | ત | | ત | | સ | જી | વ | | ન | ખી |
| ખા | | | | રા | | બ | | ન | ટ | | ર |
| ડો | ળો | | અ | ગ | ર | બ | ત્તી | | ન | મે | |

*ઓક્ટોબર-૨૦૨૨ના અંકમાં છપાયેલ નેનો શબ્દ-રમત ૧૮૭ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. હસમુખ દેઢિયા – અડાલજ
૨. પ્રભા શેઠિયા – વલસાડ
૩. તુષાર શાહ – નાગપુર
૪. જ્યોતિ શાહ – અમદાવાદ
૫. લક્ષ્મી ખત્રી – અમદાવાદ
૬. સરલા શાહ – અમદાવાદ
૭. દમયંતી દંડ – અમદાવાદ
૮. ચંદ્રા શાહ – અમદાવાદ
૯. સ્મિતા શાહ – અમદાવાદ
૧૦. તૃપ્તિ સાવલા – અમદાવાદ
૧૧. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૧૨. ઇન્દુબેન પટેલ – અમદાવાદ
૧૩. કામિની શેઠ – અમદાવાદ
૧૪. હીરવા પટવા – અમદાવાદ

*નવેમ્બર-૨૦૨૨ ● નેનો શબ્દ રમત-૧૮૮ ● બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. ઇન્દુબેન પટેલ – અમદાવાદ
૨. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૩. યોગીની શાહ – અમદાવાદ
૪. ખેલીન છેડા – અમદાવાદ
૫. જ્યોતિ શાહ – અમદાવાદ
૬. અવંતી દંડ – અમદાવાદ
૭. સ્મિતા શાહ – અમદાવાદ
૮. ચંદ્રા શાહ – અમદાવાદ
૯. નયના મહેતા – અમદાવાદ
૧૦. કવિતા શાહ – અમદાવાદ
૧૧. જય ગોગરી – અમદાવાદ
૧૨. બીનોય ગોગરી – અમદાવાદ
૧૩. હેનીલ ગોગરી – અમદાવાદ
૧૪. રીધ્ધિ સાવલા – અમદાવાદ
૧૫. ચૈત્ય શાહ – અમદાવાદટ
૧૬. નયના કારાણી – અમદાવાદ
૧૭. પ્રભા શેઠિયા – વલસાડ
૧૮. હસમુખ દેઢિયા – અડાલજ

*ડિસેમ્બર-૨૦૨૨ ● નેનો શબ્દ રમત-૧૮૯ ● બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. હસમુખ દેઢિયા – અડાલજ
૨. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૩. હેનીલ ગોગરી – અમદાવાદ
૪. બીનોય ગોગરી – અમદાવાદ
૫. નયના ગોગરી – અમદાવાદ
૬. નયના મહેતા – અમદાવાદ
૩. સ્મિતા શાહ – અમદાવાદ
૪. ચંદ્રા શાહ – અમદાવાદ
૫. તૃપ્તિ સાવલા – અમદાવાદ
૬. પ્રભા શેઠિયા – વલસાડ
૭. હસમુખ શેઠિયા – અડાલજ

*શબ્દ રમત : ૧૮૭, ૧૮૮, ૧૮૯ના ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારમાંથી લક્કી ડ્રો કરતાં એક વિજેતાનું નામ નીચે પ્રમાણે છે. તેમણે પોતાનું ઇનામ સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

**કામિની શેઠ – અમદાવાદ**

## NanoNine® *Sudoku*

**ઓક્ટોબર-૨૦૨૨ ● સુડોકુ-૧૧૪૫ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ**

૧. જ્યોતિ ગડા – અમદાવાદ
૨. જીયા સંઘવી – અમદાવાદ
૩. મિતેશ દેઢિયા – અમદાવાદ
૪. યોગીની શાહ – અમદાવાદ
૫. જ્યોતિ શાહ – અમદાવાદ
૬. સ્મિતા શાહ – અમદાવાદ
૭. ચંદ્રા શાહ – અમદાવાદ
૮. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૯. ઇન્દુબેન પટેલ – અમદાવાદ
૧૦. કામિની શેઠ – અમદાવાદ
૧૧. હીરવા પટવા – અમદાવાદ
૧૨. હેમલતા દેઢિયા – અડાલજ
૧૩. પ્રભા શેઠિયા – વલસાડ
૧૪. કાવ્યા શાહ – નાગપુર

**નવેમ્બર-૨૦૨૨ ● સુડોકુ-૧૧૪૬**

૧. ઇન્દુબેન પટેલ – અમદાવાદ
૨. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૩. યોગીની શાહ – અમદાવાદ
૪. ખેલીન છેડા – અમદાવાદ
૫. જ્યોતિ શાહ – અમદાવાદ
૬. અવંતી દંડ – અમદાવાદ
૭. સ્મિતા શાહ – અમદાવાદ
૮. ચંદ્રા શાહ – અમદાવાદ
૯. નયના મહેતા – અમદાવાદ
૧૦. કવિતા શાહ – અમદાવાદ
૧૧. જય ગોગરી – અમદાવાદ
૧૨. બીનોય ગોગરી – અમદાવાદ
૧૩. હેનીલ ગોગરી – અમદાવાદ
૧૪. રીધ્ધિ સાવલા – અમદાવાદ
૧૫. ચૈત્ય શાહ – અમદાવાદ
૧૬. નયના કારાણી – અમદાવાદ
૧૭. પ્રભા શેઠિયા – વલસાડ
૧૮. હેમલતા દેઢિયા – અડાલજ

**ડિસેમ્બર-૨૦૨૨ ● સુડોકુ-૧૧૪૭**

૧. હેમલતા દેઢિયા – અડાલજ
૨. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૩. હેનીલ ગોગરી – અમદાવાદ
૪. બીનોય ગોગરી – અમદાવાદ
૫. જય ગોગરી – અમદાવાદ
૬. નયના મહેતા – અમદાવાદ

*સુડોકુ – ૧૧૪૫, ૧૧૪૬, ૧૧૪૭ના સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રો અનુસાર એક વિજેતાનું નામ નીચે જણાવેલ છે. તેમણે પોતાનું ઇનામ પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

**હેમલતા દેઢિયા – અમદાવાદ**

## NanoNine® Sudoku

**ડિસેમ્બર-૨૦૨૨ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૪૭ના જવાબો તથા સાચા ઉકેલ મોકલનારના નામ તથા વિજેતાઓના નામ માટે** **જુઓ : પાના નંબર-૫૧**

★ દુ:ખના સમયમાં તમે મહેનત કરેલી, બુદ્ધિ ચલાવેલી અને મગજને સદા સતેજ રાખ્યું હતું. હવે સુખ આવ્યું એટલે એમ ન માની બેસતા કે મહેનત કરવાની જરૂર નથી, મગજનું કંઈ કામ નથી. સિધ્ધિ પ્રાપ્ત થયા પછી બુદ્ધિની ધારને સદા સતેજ રાખવી પડે છે, કારણકે સિદ્ધિ પ્રાપ્ત થયા પછી એને ધૂળધાણી કરી નાખવા માટે અનેક જાતના દુશ્મનો નવા નવા સ્વાંગમાં હાજર થાય છે. પછી આ સિદ્ધિ આધ્યાત્મિક હોય કે પાર્થિવ. સુખના સમયમાં જેની વિવેકબુદ્ધિ ટકી રહે છે તે જ જીવનના અંત સુધી સુગંધ માણી શકે છે.

★ જીવનમાંથી જેને શુભ તત્ત્વો મેળવવાં છે અને પરમ આનંદની ઝાંખી કરવી છે એવો અભ્યાસી પુરુષ દુશ્મનોની સાથે પણ સદા પ્રેમથી વર્તે છે. એ કદી જેમ તેમ બોલી નાખતો નથી. એના શબ્દો તોળાઈને આવે છે અને સામી વ્યક્તિને જરા પણ નુકસાન ન થાય એવી એ મૃદુ ભાષા વાપરે છે.

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

સુડોકુ ક્રમાંક-૧૧૪૮અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૦૧-૨૦૨૩ સુધીમાં મોકલી આપવા વિનંતી.

સુડોકુ ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મોબાઈલ : ______________________

### ક્રમાંક - ૧૧૪૮

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | 6 | 5 |
| | 5 | 9 | | | 6 | 1 | | |
| 7 | | | | | 1 | | 9 | 2 |
| | | 1 | 7 | | 3 | 8 | | 6 |
| | 7 | 2 | | 9 | | 5 | 4 | |
| 8 | | 5 | 1 | | 4 | 9 | | |
| 6 | 2 | | 8 | | | | | 3 |
| | | 8 | 4 | | | 2 | 7 | |
| 5 | 9 | | | | | | | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 8 | | 1 | | | | | 5 |
| | | 6 | 2 | | 3 | | 8 | 1 |
| | | 5 | | | 4 | | 3 | 9 |
| | | 9 | | 4 | 1 | 8 | | 7 |
| | | | | | | | | |
| 6 | | 7 | 9 | 8 | | 1 | | |
| 7 | 5 | | 4 | | | 3 | | |
| 4 | 9 | | 7 | | 8 | 6 | | |
| 3 | | | | | 2 | | 7 | 4 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | | | | | | | 6 | |
| | 1 | 2 | 6 | | 8 | | | 3 |
| 4 | | 3 | 5 | 1 | | 2 | | |
| | 5 | 8 | | | 1 | 4 | | 9 |
| | | | 4 | | 7 | | | |
| 2 | 4 | | 9 | | | 6 | 7 | |
| | | 6 | | 2 | 3 | 5 | | 8 |
| 9 | | | 8 | | 6 | 3 | 1 | |
| | 8 | | | | | | | 6 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | | 5 | | 8 | 2 | | 9 | |
| 2 | | | | | 3 | | | 5 |
| 6 | | 7 | 5 | | | 4 | | |
| | | | 1 | | 5 | 2 | 3 | 8 |
| | 2 | | | | | | 7 | |
| 8 | 9 | 1 | 3 | | 7 | | | |
| | | 6 | | | 1 | 7 | | 2 |
| 9 | | | 2 | | | | | 6 |
| | 7 | | 8 | 3 | | 5 | | 9 |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૪૭

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 5 | 1 | 2 | 9 | 6 | 3 | 4 | 7 |
| 9 | 4 | 7 | 5 | 3 | 8 | 2 | 1 | 6 |
| 2 | 6 | 3 | 7 | 4 | 1 | 8 | 5 | 9 |
| 7 | 2 | 8 | 1 | 6 | 9 | 5 | 3 | 4 |
| 4 | 9 | 5 | 8 | 7 | 3 | 1 | 6 | 2 |
| 3 | 1 | 6 | 4 | 2 | 5 | 7 | 9 | 8 |
| 6 | 8 | 9 | 3 | 1 | 2 | 4 | 7 | 5 |
| 1 | 7 | 2 | 6 | 5 | 4 | 9 | 8 | 3 |
| 5 | 3 | 4 | 9 | 8 | 7 | 6 | 2 | 1 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 5 | 8 | 9 | 4 | 6 | 2 | 1 | 7 |
| 2 | 4 | 9 | 5 | 1 | 7 | 6 | 3 | 8 |
| 7 | 1 | 6 | 2 | 3 | 8 | 5 | 4 | 9 |
| 6 | 2 | 5 | 7 | 8 | 3 | 1 | 9 | 4 |
| 4 | 7 | 3 | 1 | 9 | 2 | 8 | 6 | 5 |
| 9 | 8 | 1 | 4 | 6 | 5 | 3 | 7 | 2 |
| 8 | 3 | 2 | 6 | 7 | 4 | 9 | 5 | 1 |
| 5 | 9 | 4 | 3 | 2 | 1 | 7 | 8 | 6 |
| 1 | 6 | 7 | 8 | 5 | 9 | 4 | 2 | 3 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 6 | 1 | 9 | 3 | 8 | 5 | 4 | 7 |
| 4 | 3 | 5 | 1 | 6 | 7 | 8 | 9 | 2 |
| 7 | 9 | 8 | 4 | 5 | 2 | 3 | 1 | 6 |
| 6 | 5 | 4 | 7 | 8 | 3 | 9 | 2 | 1 |
| 1 | 8 | 7 | 2 | 9 | 6 | 4 | 5 | 3 |
| 9 | 2 | 3 | 5 | 1 | 4 | 7 | 6 | 8 |
| 8 | 1 | 6 | 3 | 4 | 9 | 2 | 7 | 5 |
| 3 | 7 | 9 | 6 | 2 | 5 | 1 | 8 | 4 |
| 5 | 4 | 2 | 8 | 7 | 1 | 6 | 3 | 9 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 3 | 5 | 8 | 1 | 7 | 2 | 4 | 9 |
| 8 | 9 | 7 | 6 | 2 | 4 | 3 | 1 | 5 |
| 2 | 4 | 1 | 9 | 5 | 3 | 7 | 8 | 6 |
| 9 | 8 | 4 | 7 | 6 | 5 | 1 | 3 | 2 |
| 5 | 1 | 2 | 3 | 8 | 9 | 4 | 6 | 7 |
| 7 | 6 | 3 | 2 | 4 | 1 | 9 | 5 | 8 |
| 1 | 5 | 9 | 4 | 7 | 6 | 8 | 2 | 3 |
| 3 | 2 | 6 | 1 | 9 | 8 | 5 | 7 | 4 |
| 4 | 7 | 8 | 5 | 3 | 2 | 6 | 9 | 1 |

Nano 9 kitchenware in new avatar

NanoNine® INNOVATIVE KITCHENWARE Bana De Life Aasaan!

Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
(+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in

AHMEDABAD: Authorised Distributors: Devam Enterprises : M. 96385 21024, 97245 00513
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736

## વડીલની વસમી વિદાયના સમયે

## એક પરિવારની દૃષ્ટાંતરૂપ કહાની

તા. ૨૧-૧૨-૨૦૨૨નો દિવસ એક યાદગાર દિવસ બની રહ્યો. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદમાં એક પ્રાર્થના સભાનું આયોજન હતું. મૃત્યુ બાદ બેસણું કે પ્રાર્થના સભા; પ્રાર્થના સભામાં સદ્‌ગતને શ્રદ્ધાંજલિ, સંગીતમય કાર્યક્રમ અને પરિવારજનો દ્વારા નાની-મોટી રકમની શુભ કાર્યો માટેની જાહેરાત — એ હવે સર્વ સામાન્ય બાબત જ કહી શકાય.

પણ આ પ્રસંગ એક વિશિષ્ટ પ્રસંગ બની રહ્યો. અમદાવાદમાં રહેતા રસીકભાઈ, રજનીકાંત અને હસમુખભાઈ ખીમજીભાઈ મહેતા (મૂળ વતન કચ્છ બેલા)ના માતુશ્રી શાંતાબેનનું ૯૦ વર્ષની ઉંમરે પૂરી ધાર્મિક સજાગતા અને ધર્મ આરાધનામય મૃત્યુ થયું. તેમની પ્રાર્થના સભામાં સામાજીક, ધાર્મિક અને સેવાભાવી પ્રવૃત્તિઓ કરતી અમદાવાદ અને કચ્છની સંસ્થાઓને તેમનાં વિવિધ ઉદ્દેશ માટે અનુદાનની જાહેરાત કરી. ત્યારબાદ એક વાત કહેતાં, પરિવારનો યુવક ભાવાભિવ્યક્તિ વખતે ગળગળો થતાં વાત કરી પણ ન શક્યો. શું હતી આ વાત? પ્રતીક, જે પોતાનાં દાદીનાં મૃત્યુ વખતે અડગ મજબૂતી બતાવી ચૂક્યો હતો છતાં પણ દાદીની સેવા કરનાર, એક વ્યવસાયીક બહેનની સેવા ભાવનાનું વર્ણન કરતા ગદ્‌ગદ્‌ થઈ ગયો હતો. રંજનબહેન, બીમાર, વૃદ્ધ કે અશક્ત બહેનોની સેવા કરનાર એક વ્યવસાયીક બહેન છે. તે છેલ્લા ૨ વર્ષથી હસમુખભાઈનાં ઘેર આવીને ૧૦-૧૨ કલાક શાંતાબેન સાથે રહી તેમની સેવા - સુશ્રુષા કરતા હતા. તે પોતાનું પારિશ્રમિક લઈને કામ કરતા હતા. પણ એક દીકરી પોતાની માં નો ખ્યાલ રાખે કે એક માં પોતાના સંતાનનું જતન કરે તે રીતે સંભાળ રાખતા. ઘણીવાર શાંતાબેન અસ્વસ્થતાના કારણે ભોજન ન કરી શકે તો તેમને પણ ભોજન ગળા નીચે ન ઉતરી શકે. ગજબની આત્મીયતા અને પૂરી કર્તવ્યનિષ્ઠાનું ઉદાહરણ એટલે રંજનબેન. જે મહેતા પરિવારનાં એક સભ્ય બનીને રહ્યા. આ રંજનબેનને મહેતા પરિવારે એક લાખ રૂપિયાની ભેટ અને જ્યારે પણ બીજે કોઈ કામ ન મળે તે સમયનું કાયમ માટે વેતન આપવાની જાહેરાત કરી છે. રંજનબહેનને બિરદાવવાનો ઉદ્દેશ અન્ય લોકોને પણ પ્રેરણા મળે તે માટેનો છે.

***સદ્‌ગત માતુશ્રીના આત્મશ્રેયાર્થે ખીમજીભાઈ પ્રેમજીભાઈ મહેતા પરિવારે નીચે મુજબ અનુદાન જાહેર કરેલ છે.***

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | જરૂરિયાતવાળા પરિવારજનોને મંથલી રાશનકીટ માટે દીનબંધુ ટ્રસ્ટ - ગાંધીધામને | : | રૂા. | ૨,૭૧,૦૦૦/- |
| ૨. | વીબીસી ગ્રુપને માતૃવંદના કાર્યક્રમ માટે | : | રૂા. | ૧,૧૧૦૦૦/- |
| ૩. | માનવસેવાની પ્રવૃત્તિઓ માટે જીવમ - અમદાવાદને | : | રૂા. | ૧,૧૧,૦૦૦/- |
| ૪. | ભુજ તેરાપંથ સભાને (જ્ઞાનશાળાના બાળકોને સીરીયારી પ્રવાસ માટે) | : | રૂા. | ૧,૧૧,૦૦૦/- |
| ૫. | જીવદયા મંડળ - રાપરને | : | રૂા. | ૧,૦૧,૦૦૦/- |
| ૬. | જોસેફ હોસ્પિટલમાં દર શનિવારે (૧૨ મહિના માટે) દર્દીઓના જૈન ભોજન માટે | : | રૂા. | ૮૧,૦૦૦/- |
| ૭. | મા ની ભાવપૂર્ણ સેવા કરનાર રંજન બહેનને | : | રૂા. | ૧,૦૦,૦૦૦/- |
| ૮. | સંવેદના ગ્રુપ - ભુજને | : | રૂા. | ૫૧,૦૦૦/- |
| ૯. | ભિક્ષુ આરોગ્ય કેન્દ્ર - શાહીબાગ, અમદાવાદને | : | રૂા. | ૫૧,૦૦૦/- |
| ૧૦. | તેરાપંથ જ્ઞાન શાળા - અમદાવાદને | : | રૂા. | ૫૧,૦૦૦/- |
| ૧૧. | મહિલા મંડળ - અમદાવાદને સુકૃત કાર્યો માટે | : | રૂા. | ૩૧,૦૦૦/- |
| ૧૨. | મુંદ્રા પાંજરાપોળને | : | રૂા. | ૩૧,૦૦૦/- |
| ૧૩. | જરૂરી વિસ્તારમાં એક ટાઈમ માટે ૫૦૦ જણના ભોજન માટે દીનબંધુ ટ્રસ્ટ - ગાંધીધામને | : | રૂા. | ૩૫,૦૦૦/- |
| ૧૪. | રાશનકીટ વર્ષ ૨૦૨૩ અને ૨૦૨૪ માટે દીનબંધુ ટ્રસ્ટ - ગાંધીધામને | : | રૂા. | ૩,૧૫,૦૦૦/- |

***(નોંધ : શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના એક પરિવારની ઉપરોક્ત વિગતની આપણે સહુ નોંધ લઈ તેમની અનુમોદના કરીએ. — તંત્રી મંડળ)***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : જાહેર આમંત્રણ



### ગુરૂવાર, તા. ૨૬-૦૧-૨૦૨૩ : ધ્વજ વંદન કાર્યક્રમ

રાષ્ટ્રના ૭૩મા પ્રજાસત્તાક દિન નિમિત્તે ગુરૂવાર, તા. ૨૬-૦૧-૨૦૨૩ના રોજ સવારે ૦૯.૦૦ કલાકે શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના પટાંગણમાં **ડૉ. અનિલ જૈન (કાર્ડિયોલોજિસ્ટ અને હાર્ટ સર્જન)**ના વરદ્ હસ્તે ધ્વજવંદન કરવામાં આવશે.

સમાજના સર્વે સભ્યોને આ કાર્યક્રમમાં સમયસર પધારવા માટે ભાવભર્યું આમંત્રણ છે.

**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પ્રતાપ નારાણજી દંડ**
**મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## વિના મૂલ્યે આયુષ્માન કાર્ડ બનાવો

**(શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ અને આદર્શ અમદાવાદના સહયોગથી પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ)**

***તારીખ : સોમવાર, તા. ૧૩-૦૨-૨૦૨૩***
***સમય : સવારે ૧૧ થી ૧***
***સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી, અમદાવાદ.***
***સંપર્ક : અમરીષ સંઘવી (મો. ૯૪૦૯૫ ૧૨૬૬૨) ની પાસે નામ નોંધાવવા.***

૧. જરૂરી ડોક્યુમેન્ટ (નીચેના ત્રણ પેપર મેળવી પછી જ નામ નોંધાવવા)
(૧) આવકનો દાખલો, (૨) બારકોડવાળું રેશન કાર્ડ, (૩) આધાર કાર્ડ

૨. આયુષ્માન કાર્ડથી કુટુંબ દીઠ રૂા. ૧૦ લાખ સુધીની મફત સારવાર દર વર્ષે, માન્ય હોસ્પિટલમાંથી મળી શકે છે.

૩. સિનિયર સિટીઝન માટે કુટુંબની કુલ વાર્ષિક આવક ૬ લાખ રૂપિયાથી ઓછી હોવી જોઈએ. બાકીના માટે ૪ લાખ રૂપિયાથી ઓછી હોવી જોઈએ.

૪. આવકના દાખલા માટે તલાટીનો ચોરો અથવા સરકારી ચાવડીનો સંપર્ક કરવો. ત્યાં આવકનું પ્રુફ (ઈન્કમટેક્ષ રીટર્ન, જ્યાં કામ કરતા હોય તે માલિકનો દાખલો અથવા કોઈપણ આવકની માહિતીના પેપર્સ આપવા) તેના પરથી આવકનો દાખલો તલાટીનો ચોરો અથવા સરકારી ચાવડીમાંથી મળશે.

૫. રેશનકાર્ડ બાબત – બારકોડવાળું હોવું જોઈએ. જે મામલતદાર ઓફિસમાંથી મળશે.

***નોંધ :*** આવકના દાખલા માટે અને રેશનકાર્ડ મેળવવા જરૂરી માહિતી અને સહાય માટે શ્રી રજનીકાંત પારેખનો શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, પાલડી ખાતે રૂબરૂ સંપર્ક કરવો. ફોન ઉપર પૂરતી માહિતી આપી શકાશે નહીં.

**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી

● સંકલન : હિરેન કે. શાહ ●

**શુક્રવાર, તા. ૨૫-૧૧-૨૦૨૨**

- ગોતા સબ રજિસ્ટ્રાર ઓફિસે જઈ શ્રી પ્રતાપભાઈ દંડ તથા અન્યોએ બોપલ મેડિકલ સેન્ટરના લીઝ ડીડ પેપર્સના રીન્યુઅલ ઉપર સહીઓ કરી.

**સોમવાર, તા. ૨૮-૧૧-૨૦૨૨**

- નવનીત ગ્રુપના શ્રી સંદીપભાઈ ગાલા સાથે શ્રી અશોક મહેતા, શ્રી હિરેન શાહ તથા ડૉ. હિતુભાઈ શાહે એક મીટિંગ કરેલ હતી. અને (૧) બોપલ મેડિકલ સેન્ટર માટે વધુ જગ્યા ફાળવવા, (૨) બોપલ મેડિકલ સેન્ટરના સામેના મકાનમાં સ્કીલ ડેવલપમેન્ટ સ્કીમ શરૂ કરવા બાબતે, (૩) આ નવા સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરના પ્રથમ વર્ષના ખર્ચની રકમ મેળવવા બાબતે તથા (૪) સંસ્થાના નવા ઊભા થઈ રહેલ ચાંગોદર મેડિકલ સેન્ટર વિશે ચર્ચા કરવામાં આવેલ હતી.

**મંગળવાર, તા. ૨૯-૧૧-૨૦૨૨**

- સાણંદ સબ રજિસ્ટ્રારની ઓફિસે જઈ શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી હિરેન કે. શાહ તથા શ્રી કિશોરભાઈ ઠક્કરે ચાંગોદર ખાતે નવા ઊભા કરવામાં આવનાર મેડિકલ સેન્ટરના રજિસ્ટ્રેશન પેપર્સ પર સહીઓ કરેલ હતી.

**ગુરૂવાર, તા. ૧-૧૨-૨૦૨૨**

- ગત ચોમાસા દરમ્યાન શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના બેઝમેન્ટમાં પાણી ભરાઈ જતાં અને તેના કારણે અનેક સાધનો ડેમેજ થતાં, ન્યુ ઈન્ડિયા એસ્યોરન્સ કંપનીના એજન્ટ શ્રી નૃપેન સાથે રહીને ઈન્સ્યોરન્સના ક્લેઈમ પેપર્સને ફાઈનલ કરી, તેને સબમિટ કરવાની કાર્યવાહી કરવામાં આવી.
- શ્રી કચ્છી જૈન ભવન પર મંગલ મંદિર લવાજમ સમિતિની એક મીટિંગ મળેલ હતી કે જેમાં શ્રી અશોક મહેતા, શ્રી રોહિત સંઘવી, શ્રી કિશોરભાઈ ઠક્કર, શ્રીમતી રોનકબેન શેખ, શ્રી અમરીષભાઈ શાહ તથા શ્રી ધ્રુવ મોમાયા હાજર રહેલ હતા. આ મીટિંગમાં મંગલ મંદિરના આવેલ તથા ન આવેલ લવાજમના રેકોર્ડ વિશે ચર્ચા કરવામાં આવેલ હતી અને હવે પછીનો રેકોર્ડ વ્યવસ્થિત રાખવાનું નક્કી કરવામાં આવેલ હતું. જેઓના લવાજમ ચાલુ નથી તેઓ પાસેથી લવાજમની રકમની ઉઘરાણી કરવા વિશે ચર્ચા કરવામાં આવેલ હતી. છેલ્લા પંદરેક દિવસના પ્રયાસથી ૪૦ જેટલી વ્યક્તિના અંદાજિત રૂા. ૪૦ હજાર જેટલી રકમ લવાજમ પેટે સંસ્થામાં જમા થઇ ગયેલ છે તેની વિગતો પણ આ મીટિંગમાં રજૂ કરવામાં આવેલ હતી.
- શ્રી રજનીભાઈ પારેખ તથા શ્રી ગિરિશ હીરજી શાહે આજરોજ ગીતા મંદિર ખાતેના સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરની મુલાકાત લીધેલ હતી. આ સેન્ટરમાં અભ્યાસ કરતા તામિલનાડુના એસ. રાજાએ આ સેન્ટરના ઈન્ફ્રાસ્ટ્રક્ચરના તથા શિક્ષકો અને સ્ટાફના વખાણ કરેલ હતા.
- ત્યારબાદ આ સભ્યોએ ગ્રાઉન્ડ ફ્લોર પર ચાલતા ડાયાલિસીસ સેન્ટરની મુલાકાત લીધેલ હતી કે જ્યાં ૩ વ્યક્તિઓ ડાયાલિસીસ કરાવી રહેલ હતી. ગત નવેમ્બર માસમાં અહીં ૬૨ ડાયાલિસીસ કરવામાં આવેલ હતા.
- ત્યારબાદ તેઓએ નવનીત આવાસ યોજનાની મુલાકાત લઇ, તેઓ આણંદજી કલ્યાણજી પેઢીની મુલાકાતે ગયેલ હતા કે જ્યાં તેઓએ ત્યાંના મેનેજરશ્રી પંડ્યા સાહેબ સાથે આવાસ યોજનાના દસ્તાવેજ અંગે જરૂરી ચર્ચા કરેલ હતી.

**શુક્રવાર, તા. ૨-૧૨-૨૦૨૨**

- આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરના શ્રી જતીનભાઈ ત્રિવેદી તથા શ્રી જીજ્ઞેશભાઈ જોશી સાથે શ્રી ક.જૈ.સે.સ.ના શ્રી પ્રતાપભાઈ દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશોકભાઈ મહેતા, શ્રી હિરેન કે. શાહ તથા શ્રી રજનીકાંત પારેખે બોપેલ, ગીતા મંદિર, નમસ્તે સર્કલ તથા કચ્છમાં સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર ચાલુ કરવા વિશે રૂબરૂમાં ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી.

**રવિવાર, તા. ૪-૧૨-૨૦૨૨**

- શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદની કારોબારી સમિતિની એક મીટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી કે જેમાં ૨૧ જેટલા સભ્યો ઉપસ્થિત રહેલ હતા. આ મીટિંગમાં વયસ્ક સમિતિ, દવા વિતરણ સમિતિ, સાંસ્કૃતિક સમિતિ, યુવા વિકાસ સમિતિ, તબીબી સેવા સમિતિ (પાલડી) તથા સ્ટાફના સભ્યો તરફથી આવેલ રજુઆતો પર ચર્ચા વિચારણા કરી યોગ્ય નિર્ણયો લેવામાં આવેલ હતા.

**સોમવાર, તા. ૫-૧૨-૨૦૨૨**

- આજરોજ અમદાવાદ ખાતે ગુજરાત વિધાનસભાના સભ્યોની ચૂંટણી હોવાથી સમાજના ટ્રસ્ટ મંડળ, કારોબારી સમિતિ, વિવિધ સમિતિઓના કન્વીનરશ્રી તથા સભ્યશ્રીઓ તેમજ સામાન્ય સભ્યો અને સ્ટાફના સભ્યોમાંથી મોટાભાગના લોકોએ

પોતાને યોગ્ય લાગે તે ઉમેદવારને વોટ આપી, જાગૃત નાગરિક તરીકેના દર્શન કરાવેલ હતા.

- શ્રી કચ્છી જૈન ભવન પર આજથી ૬ દિવસ સુધી ચાલનાર આયુર્વેદ કેમ્પનું પ્રમુખશ્રીના વરદ્ હસ્તે ઉદ્ઘાટન કરી તેની શરૂઆત કરવામાં આવેલ હતી. આજે તેનો અનેક લોકોએ લાભ લીધેલ હતો.

**મંગળવાર, તા. ૬-૧૨-૨૦૨૨**

- સમાજની બધી જ સમિતિઓના નીતિ નિયમો સમયાનુસાર રીવાઈઝ કરી તથા નવી સમિતિઓના નીતિ નિયમો બનાવી તેને ટાઈપીંગ કરાવવા મૂક્યા.

**મંગળવાર તા. ૬-૧૨-૨૦૨૨થી ગુરૂવાર, તા. ૮-૧૨-૨૦૨૨**

- વયસ્ક સમિતિના ૩ સભ્યોએ આગામી પ્રવાસ માટે પાઈલોટ ટુરનું આયોજન કરી જવાઈ ધોધ, સાંચોર, ડીસા, ભોરલ વગેરે સ્થળોની મુલાકાત લઈ જરૂરી અભ્યાસ કરી તારણો કાઢેલ હતા.

**બુધવાર, તા. ૭-૧૨-૨૦૨૨**

- આજરોજ શ્રી હિરેન કે. શાહે અદાણી સ્કીલ ડેવલપમેન્ટના શ્રી અમિતભાઈ ઠક્કર, શ્રી જીજ્ઞેશ જોશી તથા તેઓના સિવિલ ડિપાર્ટમેન્ટના અન્ય બે એક્ઝીક્યુટીવો સાથે નમસ્તે સર્કલ પર આવેલ સફલ ગ્રુપની સાઈટની મુલાકાત લીધેલ હતી અને અહીં નવા સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર ખોલવાની શક્યતા અંગે ચર્ચા વિચારણા કરેલ હતી.

**ગુરૂવાર, તા. ૮-૧૨-૨૦૨૨**

- આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર શ્રી પ્રતાપભાઈ દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશોક મહેતા, શ્રી હિરેન કે. શાહ તથા શ્રી રજનીકાંત પારેખ મળેલ હતા અને સમાજના હવે પછી તરતમાં લેવામાં આવનાર નવા પ્રોજેક્ટો અંગે ચર્ચા વિચારણા કરેલ હતી. સાથે સાથે આ સમાજની ૧૯૭૦ની આસપાસની એક પછી એક મિનિટ્સ 'મંગલ મંદિર'માં પ્રસારીત કરી, હાલના સભ્યોને તે સમયની પરીસ્થિતિથી જ્ઞાત કરવા અંગે પણ ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી.

**શનિવાર, તા. ૧૦-૧૨-૨૨ અને ગુરૂવાર, તા. ૧૫-૧૨-૨૨**

- શ્રી રજનીભાઈ પારેખ તથા શ્રી કિશોરભાઈ ઠક્કરે જરૂરી 'સી' ફોર્મ મેળવવા આરોગ્ય ભવનમાં શ્રી વિનોદભાઈની રૂબરૂ મુલાકાત કરી, તેઓશ્રીની સલાહ મુજબ આગળ કાર્યવાહી કરવાનું નક્કી કરવામાં આવેલ હતું.

**રવિવાર, તા. ૧૧-૧૨-૨૦૨૨**

- આજરોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ ક્રેડિટ સોસાયટીની સામાન્ય મીટિંગ મળેલ હતી કે જેમાં ગત વર્ષ દરમ્યાન કરવામાં આવેલ પ્રવૃત્તિઓનો ચિતાર રજૂ કરવામાં આવેલ હતો. ક્રેડિટ સોસાયટીના કારોબારી સમિતિના નિવૃત્ત થતા સભ્યોની સામે નવા સભ્યોની વરણી કરવામાં આવેલ હતી. સભ્યશ્રીઓને આપવામાં આવતી લોનની રકમની મર્યાદા વધારવાનો જરૂરી નિર્ણય કરવામાં આવેલ હતો. ૧૦ ટકાનું ડિવિડંડ પણ જાહેર કરવામાં આવેલ હતું.

**સોમવાર, તા. ૧૨-૧૨-૨૦૨૨**

- ઓડિયોગ્રામ તથા સ્પીચ થેરાપી કેમ્પનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું કે જેમાં ૨૭ લોકોએ ઓડિયોગ્રામ કરાવેલ હતો અને ૮ વ્યક્તિઓએ સ્પીચ થેરાપીનો લાભ લીધો હતો.
- સ્ટાફના અકસ્માતના રૂા. ૫ લાખના વીમાની જરૂરી કાર્યવાહી કરવામાં આવી.

**મંગળવાર, તા. ૧૩-૧૨-૨૦૨૨**

- બોપલ ખાતેના સોનોગ્રાફી મશીનના વાર્ષિક મેઈન્ટેનન્સ કોન્ટ્રાક્ટને રીન્યુ કરાવવાની કાર્યવાહી કરવામાં આવી.

**બુધવાર, તા. ૧૪-૧૨-૨૦૨૨**

- શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદના ઉપપ્રમુખ શ્રી હિરેન કે. શાહ અને અદાણી સ્કીલ ડેવલપમેન્ટના શ્રી જીજ્ઞેશ જોષીએ આજે સીમ્સ હોસ્પિટલની મુલાકાત લીધેલ હતી. સમાજના ગીતા મંદિર ખાતે ચાલતા શ્રી બિપીનચંદ્ર કાનજી જૈન કૌશલ્ય વિકાસ કેન્દ્રના પ્રથમ બેચના ૩૦ તાલીમાર્થી, કે જેઓ આસિસ્ટન્ટ નર્સિંગની તાલીમ લઈ રહેલ છે તેમને એક મહિનાની પ્રેક્ટીકલ ટ્રેનિંગ (OJT – On the Job Training) અપાવવા અંગે ચર્ચા કરવા ગયેલ હતા. પ્રથમ તેઓ ડૉ. ધીરેન શાહને મળેલ હતા અને ત્યારબાદ ડાયરેક્ટર શ્રી ગૌરવ રેખી અને HRD યુનિટ હેડ શ્રી જવલંત પાઠકની પણ મુલાકાત લીધેલ હતી. ખૂબ જ ઉત્સાહજનક વાતાવરણમાં થયેલ ચર્ચાના અનુસંધાને એવું નક્કી કરવામાં આવેલ હતું કે અદાણી સ્કીલ ડેવલપમેન્ટ આ અંગે પોતાની પ્રપોઝલ મોકલી આપે કે જેનો સીમ્સ હોસ્પિટલ સાનુકૂળ પ્રતિભાવ મોકલી આપશે.
- મેરેજ બ્યુરો સમિતિની એક મીટિંગ આજરોજ ભવન પર મળેલ હતી અને હવે પછીની કરવામાં આવનાર કાર્યવાહી વિશે ચર્ચા કરવામાં આવેલ હતી. મેરેજ બ્યુરો સમિતિના કન્વીનર વીણાબેન સંઘવીએ જણાવેલ હતું કે સમિતિના એક સભ્ય શ્રી ગિરીશભાઈ દ્વારા જન્મના વર્ષ પ્રમાણે દર પંદર દિવસે વોટ્સએપ દ્વારા ઉમેદવાર દિકરા-દીકરીઓના બાયોડેટા મોકલવામાં આવે છે કે જેના કારણે જે-તે ઉમેદવારને બધા જ બાયોડેટા જોવાની જરૂરિયાત રહેતી નથી. છેલ્લા ૩ મહિનામાં આ બ્યુરોમાં નોંધાયેલા ૬ ઉમેદવારોના ગોળધાણા થયેલ છે.

કોઈ પણ ઉમેદવાર અન્ય ઉમેદવારના વાલીઓ સાથે ડાયરેક્ટ વાત ના કરી શકતા હોય તો આ સમિતિના માધ્યમથી જે તે વ્યક્તિઓ સાથે વાત કરાવી આપવામાં આવે છે. આ સમિતિ પાસે હાલ ૭૩૨ દિકરાઓ અને ૩૬૭ દીકરીઓના બાયોડેટા છે કે જેમાં હાયર એજ્યુકેશનવાળા પણ છે. રી-મેરેજ ગ્રુપમાં ૫૯ દિકરાઓ અને ૪૪ દીકરીઓ છે. ટોટલ ૧૨૦૨ ઉમેદવારોના ડેટા અત્યારે સચવાયેલા છે. જેઓની સગાઈ થઈ ગઈ હોય તેમની વિગતો બાદ કરવાની, નવા આવેલ ઉમેદવારોની વિગત ઉમેરવાની, જરૂર જણાય ત્યાં ફેરફાર કરવાની વગેરે પ્રકારની જવાબદારી શ્રી ગિરીશભાઈ સારી રીતે સંભાળી રહેલ છે. દીકરીઓનું ભણતર વધુ હોવાથી ઓછા ભણેલ દિકરાઓની સગાઈ કરવામાં ખૂબ જ તકલીફ પડે છે તે હકીકત સ્પષ્ટપણે સામે આવેલ છે. આ કારણસર ઓછું ભણેલ દિકરાઓ માટે અમે પરિણામજનક કાર્યવાહી નથી કરી શકતા.

### ગુરૂવાર, તા. ૧૫-૧૨-૨૦૨૨

- નવનીત ભવનની આવાસ યોજનામાં રહેતા પરિવારોને વિવિધ કારણોસર રોજબરોજના વ્યવહારમાં પડતી તકલીફો અંગે વિચારણા કરવા શ્રી હિરેન કે. શાહ તથા શ્રી ગિરીશભાઈ દેઢિયા આજરોજ મળેલ હતા અને ચર્ચા વિચારણાને અંતે આવાસ યોજના મેઈન્ટેનન્સ સમિતિના પ્રમુખ શ્રી દિનેશભાઈ સાથે મીટિંગ યોજી ચર્ચા કરવી તેવું નક્કી કરેલ હતું.
- શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદના ટ્રસ્ટીશ્રીઓ શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી શાંતિલાલભાઈ સાવલા, શ્રી અશોક મહેતા અને ડૉ. હિતેન્દ્ર શાહ શ્રી જયેશભાઈ મજમુદારને ચાંગોદર મેડિકલ સેન્ટરની વધુ વિગતોની ચર્ચા કરવા બોપલ મેડિકલ સેન્ટર ખાતે મળેલ હતા અને ચાંગોદર મેડિકલ સેન્ટરની વિવિધ બાબતો અંગે ચર્ચા કરેલ હતી. ચાંગોદર મેડિકલ સેન્ટરનું ઓપનિંગ જાન્યુઆરી-૨૦૨૩ના બદલે ફેબ્રુઆરી-૨૦૨૩માં થઈ શકે તેવી સંભાવના પણ રજૂ કરવામાં આવેલ હતી. આ મેડિકલ સેન્ટરના સાધનો ખરીદવા ચાંગોદર ઇન્ડ. એસ્ટેટ એસોસિએશનના પ્રમુખ શ્રી રાજુભાઈ શાહનો સમય લઈ તેમને મળી, તે ફંડની ઉપજ અંગે ચર્ચા કરવી તેવું પણ નક્કી કરવામાં આવેલ હતું.

### શુક્રવાર, તા. ૧૬-૧૨-૨૦૨૨

- આજરોજ ભવન પર શ્રી હિરેન કે. શાહ તથા રાજેન્દ્ર દોશી મળેલ હતા અને રીનોવેશન તથા ટેકનિકલ ખરીદી વિશે ચર્ચા કરેલ હતી. તેઓએ પાલડી ભવન પર સોલાર પેનલ બેસાડવા, બીજા માળની જૂની લીફ્ટની સામેના રૂમોના રીનોવેશન, ભવનમાં પાછળની બાજુની ગટર લાઈન બદલવા, લીફ્ટની બાજુની પેનલોને કવર કરવા, શાહીબાગ ખાતેની બંને ટાંકીને કનેક્ટ કરવા તથા કચ્છી વિશ્રામ ગૃહ પર થતા લીકેજને બંધ કરાવવા વગેરે અનેક વિષયો પર ચર્ચા કરી યોગ્ય તારવણ કાઢેલ હતા.

### શનિવાર, તા. ૧૭-૧૨-૨૦૨૨

- આજરોજ હર્ષા એન્જિનિયર્સના પાર્ટનર તેમજ ચાંગોદર ઇન્ડ. એસ્ટેટ એસોસિએશનના પ્રમુખ શ્રી રાજુભાઈ શાહને તેમના ચાંગોદર ખાતેના યુનીટ પર શ્રી જયેશભાઈ મજમુદાર તથા શ્રી ક.જૈ.સે.સ.ના શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી શાંતિલાલભાઈ સાવલા, શ્રી અશોક મહેતા, શ્રી હસમુખભાઈ ગઢેચા તથા ડૉ. હિતેન્દ્ર શાહ રૂબરૂ મળેલ હતા અને હવે પછી તરતમાં શરૂ કરવામાં આવનાર ચાંગોદર મેડિકલ સેન્ટર અંગે વિગતવાર ચર્ચા કરેલ હતી. તેઓશ્રીને આ મેડિકલ સેન્ટરના સાધનો ખરીદવા અંદાજિત રૂા. ૧ કરોડના ફંડની જરૂરિયાત છે તેવી વિગતોની સમજ પણ આપવામાં આવેલ હતી. મોટાભાગે આ ફંડ તેઓ એકત્રિત કરી શકશે તેવો પ્રત્યુત્તર તેઓશ્રીએ આપેલ હતો કે જે આપણા માટે આનંદજનક વાત હતી. તદુપરાંત તેઓશ્રીએ બાવળાથી ૭ કિ.મી. દૂર તેમના આનંદધામમાં એક નવું મેડિકલ સેન્ટર સંપૂર્ણપણે ઊભું કરી આપે અને તેને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ચલાવે તેવી ઑફર પણ રજૂ કરેલ હતી. આ સમયે સમાજના ઉપસ્થિત ટ્રસ્ટીશ્રીઓએ હકારાત્મક પ્રત્યુત્તર આપેલ હતો.
- શ્રી રજનીભાઈ પારેખ તથા શ્રી કિશોરભાઈ ઠક્કરે નવનીત મેડિકલ સેન્ટર માટે 'સી' ફોર્મ મેળવવા બોપલ મ્યુનિ. ઓફિસની મુલાકાત લીધેલ હતી.
- શ્રી હિરેન શાહ, શ્રી રાજેન્દ્ર દોશી તથા શ્રી અનિલ સથવારાએ પંપ સેટ અંગેના એક્સપર્ટ શ્રી રૂષિભાઈ જાની સાથે એક મીટિંગ કરેલ હતી અને શ્રી કચ્છી વિશ્રામ ગૃહની બે ટાંકીઓને જોડવા માટે ઉપસ્થિત થતા પ્રશ્નોના નિરાકરણ લાવવા જરૂરી ચર્ચા કરેલ હતી.
- શ્રી હિરેન શાહ તથા શ્રી ગિરીશભાઈ દેઢિયાએ નવનીત ભવન મેઈન્ટેનન્સ સમિતિના પ્રમુખ શ્રી દિનેશભાઈ મૈશેરી સાથે રૂબરૂમાં મીટિંગ કરી ત્યાંના જનરલ પ્રશ્નો અંગે ચર્ચા કરેલ હતી કે જેની વિગતો શ્રી દિનેશભાઈ લખીને મોકલી આપે કે જે બાબત ટ્રસ્ટ બોર્ડ યોગ્ય અને ફાઈનલ નિર્ણય લે તેવું નક્કી કરવામાં આવેલ હતું. તેના અનુસંધાને શ્રી ગિરીશભાઈ દેઢિયા તથા શ્રી અનિલભાઈ સથવારા આવાસ યોજનાની રૂબરૂ મુલાકાત લઈ પ્રશ્નોની વિગતો પણ સમજી આવેલ હતા.

### રવિવાર, તા. ૧૮-૧૨-૨૦૨૨

- સક્ષમની પ્રવૃત્તિઓનું રીવ્યુ કરવા અને ભવિષ્યની પ્રવૃત્તિઓ અંગે ચર્ચા કરવા શ્રી હિરેન કે. શાહે આજરોજ આ વિષયના બંને તજજ્ઞો – ડૉ. શૈલેન્દ્ર ગુપ્તા તથા ડૉ. નીરવ ઠક્કર – સાથે

એક મીટિંગ કરેલ હતી અને તેના તારણો પણ કાઢેલ હતા. દર રવિવારે શ્રી કચ્છી જૈન ભવન પર ચાલતી આ કાઉન્સેલિંગની પ્રવૃત્તિઓમાં હવે સુરત, મુંબઈ વગેરે સ્થળેથી માર્ગદર્શન માટે આવતા વિદ્યાર્થીઓ તથા તેના માતા-પિતાની મુલાકાતોની પણ આ મીટિંગમાં નોંધ લેવામાં આવેલ હતી.

**સોમવાર, તા. ૧૯-૧૨-૨૦૨૨**

- પ્રોફેશનલ ટેક્ષની કાર્યવાહીના અનુસંધાને માનદ્ મંત્રી શ્રી રજનીકાંતભાઈ પારેખ તથા જનરલ મેનેજર શ્રી કિશોરભાઈ ઠક્કરે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની પ્રોફેશનલ ટેક્ષની કાર્યવાહી અંગે મુલાકાત લીધેલ હતી. આ માટે મ્યુનિ. કોર્પોરેટર શ્રી જૈનિકભાઈ વકીલનો યોગ્ય સહકાર સાંપડેલ હતો.
- આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર છ દિવસ ચાલનાર હોમિયોપેથિક કેમ્પનું ઉદ્ઘાટન કરી તેને જનરલ પબ્લિક માટે ખુલ્લું મૂકવામાં આવેલ હતું.
- ચાંગોદર મેડિકલ સેન્ટર ખાતે આજરોજ દરેક પ્રકારના કોન્ટ્રાક્ટરો સાથે એક મીટિંગ યોજવામાં આવેલ હતી કે જેમાં સમાજ તરફથી ડૉ. હિતેન્દ્ર શાહ, તે સિવાય શ્રી જયેશભાઈ મજમુદાર, આર્કિટેક્ટ શ્રી તથા ઈલેક્ટ્રીક, સિવિલ તથા પ્લમ્બિંગ વગેરે પ્રકારના કોન્ટ્રાક્ટરો ઉપસ્થિત રહેલ હતા કે જેઓએ પૂરા થયેલ કામનું નિરીક્ષણ કરેલ હતું અને બાકી રહેતા કામોની ચર્ચા કરી યોગ્ય શિડ્યુલ નક્કી કરેલ હતું.
- દવા વિતરણ સમિતિ દ્વારા એક વોટ્સએપ ગ્રુપ બનાવી તેને જાહેરમાં મૂકવામાં આવ્યું હતું. આ સમિતિ દ્વારા સમાજના દરેક પરિવારને ત્યાં ડોર ડિલીવરી થાય એ રીતે બ્રાન્ડેડ દવામાં ૨૨ ટકા કન્સેશનથી દવા પૂરી પાડવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવેલ હતી. સમાજના પરિવારો તરફથી તેનો પ્રતિસાદ મળવાની શરૂઆત પણ થઈ ગયેલ હતી.
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના એક ખાસ સમર્થક અને નવનીત પરિવારના મોભી શ્રી શાંતિલાલભાઈ ગાલાનું આજરોજ દુઃખદ અવસાન થયેલ હતું કે જેની સ્મશાન યાત્રામાં સમાજના પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડ, ઉપપ્રમુખ શ્રી શાંતિલાલભાઈ સાવલા તથા શ્રી હિરેન કે. શાહ, ટ્રસ્ટી શ્રી હસમુખભાઈ ગઢેચા, શ્રી રજનીકાંતભાઈ પારેખ, શ્રી દિનેશભાઈ મહેતા વગેરે ઉપસ્થિત રહેલ હતા.

**મંગળવાર, તા. ૨૦-૧૨-૨૦૨૨**

- નવનીત પરિવારના મોભી સ્વ. શાંતિલાલભાઈ ગાલાની પ્રાર્થના સભામાં આજરોજ શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી શાંતિલાલભાઈ સાવલા, શ્રી રજનીકાંતભાઈ પારેખ, શ્રી અશોક મહેતા, શ્રી સંદીપ મહેતા વગેરે અનેક લોકો ઉપસ્થિત રહેલ હતા.
- દવા વિતરણ સમિતિના દવા વિતરણ વ્યવસ્થાને સમાજના સભ્યો તરફથી ખૂબ જ સુંદર પ્રતિસાદ સાંપડી રહેલ છે.
- સાંસ્કૃતિક કેન્દ્રના એ.સી.ના મેઈન્ટેનન્સ માટેનો કોન્ટ્રાક્ટ રીન્યુ કરવામાં આવેલ હતો.

**બુધવાર, તા. ૨૧-૧૨-૨૦૨૨**

- સામાજિક સુરક્ષા યોજના હેઠળ એક સભ્યશ્રીની તથા એક સ્ટાફ મેમ્બરની ફાઈલનું પેમેન્ટ કરવામાં આવેલ હતું.
- બાલ સમૃદ્ધિ યોજના હેઠળ નવા જન્મેલ એક બાળક માટે મ્યુચ્યુઅલ ફંડમાં રૂા. ૧૫,૦૦૦/-નું આજરોજ રોકાણ કરવામાં આવેલ હતું.
- આજરોજ મંગલ મંદિરના લવાજમ સમિતિની એક મીટિંગ મળેલ હતી કે જેમાં શ્રી અશોક મહેતા, શ્રી રોહિત સંઘવી, શ્રી કિશોરભાઈ ઠક્કર, શ્રીમતી રોનકબેન શેખ, શ્રી અમરીષભાઈ શાહ અને શ્રી ધ્રુવ મોમાયા ઉપસ્થિત રહેલ હતા. અત્યાર સુધી કરવામાં આવેલ કાર્યવાહીનું વિહંગાવલોકન કરવામાં આવેલ હતું. યોગ્ય રેકોર્ડ જાળવેલ નહીં હોવાથી પડતી તકલીફોની ચર્ચા કરવામાં આવેલ હતી. જેઓના લવાજમ બાકી છે તેઓને ફોલોઅપ ચાલુ રાખવાનું નક્કી કરવામાં આવેલ હતું. હવે પછીના રેકોર્ડ વ્યવસ્થિત રીતે મેઈન્ટેઈન કરવાનું પણ નક્કી કરવામાં આવેલ હતું.

**ગુરૂવાર, તા. ૨૩-૧૨-૨૦૨૨**

- આજરોજ રાત્રે ભવન પર ગૃહ ઉદ્યોગ સમિતિની મીટિંગ મળેલ હતી કે જેમાં ૪ સભ્યો ઉપસ્થિત રહેલ હતા. આ અંગે હવે પછી બનાવવામાં આવનાર વાનગીઓ અને તેના વેચાણ અંગેની ચર્ચા કરવામાં આવેલ હતી. ■

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પાલડી ભવનમાં રૂમ બુકિંગ અથવા સમાજની કોઈપણ પ્રવૃત્તિ (મેડિકલ સિવાય)ની માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો**

**(079) 4890 6002, (079) 4890 6003**
**(079) 4890 6004, (079) 4890 6005**

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**મેડિકલ સેન્ટર અંગેની કોઈપણ માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો.**

**(079) 4890 6001**
**(079) 4890 6006**

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ – અમદાવાદ

## તબીબી સાધનો ભાડે આપવાની વિગત

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની અનેક સેવાકીય પ્રવૃત્તિઓમાંની એક પ્રવૃત્તિ છે – ઘરે રહેતા દર્દીઓને વ્હીલ ચેર, કમોડ ચેર, વોકર વગેરે પ્રકારના સાધનોની ખૂબ જ કિફાયતી દરે સેવા પૂરી પાડવાની. તેના અનુસંધાને આ સમાજે પાલડી અને બોપલ ખાતેના મેડિકલ સેન્ટરોમાં આ પ્રકારના સાધનો વસાવેલ છે અને તેનો ઉપયોગ કોઈ પણ વ્યક્તિ કરી શકે છે.

આ સાથે, આ સાધનોની વિગત, તેને ઘરે લઇ જવા માટે જરૂરી ડિપોઝીટની વિગત અને જે તે સાધનની દૈનિક ભાડાની વિગત નીચે મુજબ જણાવેલ છે.

જેઓ આ સાધનોનો ઉપયોગ કરવા માંગતા હોય એ લોકો નીચે મુજબના સાધનો પાલડી અથવા બોપલ મેડિકલ સેન્ટર પર જરૂરી ડિપોઝીટની રકમ ભરી, તે સાધનો જરૂરિયાત મુજબના દિવસો દરમ્યાન પોતાના ઘરે લઈ જઈ શકશે.

| ક્રમ | વસ્તુનું નામ | ડિપોઝીટ રૂા. | દૈનિક ભાડું | ક્યાંથી મળશે? |
|---|---|---|---|---|
| ૧. | વ્હીલચેર | ૩૫૦૦ | ૧૦.૦૦ | પાલડી, બોપલ |
| ૨. | કમોડ ચેર | ૧૫૦૦ | ૫.૦૦ | પાલડી, બોપલ |
| ૩. | વૉકર | ૧૦૦૦ | ૧૦.૦૦ | પાલડી, બોપલ |
| ૪. | ટેલિસ્કોપીક સેલાઇન સ્ટેન્ડ (એસ.એસ. રોડ સાથે) | ૫૦૦ | ૫.૦૦ | બોપલ |
| ૫. | કમોડ પોટ એક્સ્ટ્રા (કમોડ ચેર માટે) | ૧૦૦ | ૨.૦૦ | બોપલ |
| ૬. | રેક્ઝીન કવરવાળી મેટ્રેસીસ | ૨૦૦૦ | ૧૦.૦૦ | બોપલ |
| ૭. | બેડ પાન (એસ.એસ. કવરવાળું) | ૫૦૦ | ૫.૦૦ | પાલડી, બોપલ |
| ૮. | સ્ટીક (લાકડી) | ૩૦૦ | ૩.૦૦ | પાલડી, બોપલ |
| ૯. | એર બેડ | ૨૦૦૦ | ૧૦.૦૦ | પાલડી, બોપલ |
| ૧૦. | વોટર બેડ | ૨૦૦૦ | ૧૦.૦૦ | પાલડી |
| ૧૧. | નેબ્યુલાઈઝર | ૧૦૦૦ | ૫.૦૦ | પાલડી, બોપલ |
| ૧૨. | ઓક્સિજન કોન્સન્ટ્રેશન મશીન | ૧૦,૦૦૦ | ૧૦૦.૦૦ | પાલડી, બોપલ |
| ૧૩. | ફાઉલર બેડ - રીમોટવાળો | ૨૫,૦૦૦ | ૫૦.૦૦ | પાલડી |
| ૧૪. | ફાઉલર બેડ - સાઇડ સ્ટેન્ડવાળો | ૧૦,૦૦૦ | ૨૫.૦૦ | પાલડી, બોપલ |
| ૧૫. | બાટલા ચડાવવાનું સ્ટેન્ડ | ૧૦૦૦ | ૫.૦૦ | પાલડી, બોપલ |
| ૧૬. | ઓક્સિજન બોટલ (ખાલી બોટલ / સિલિન્ડર) | ૩૫૦૦ | Refill + ૫.૦૦ | પાલડી, બોપલ |
| ૧૭. | ટેબલ ટોપ | ૨૫૦૦ | ૧૦.૦૦ | પાલડી, બોપલ |
| ૧૮. | સ્પેશિયલ હોસ્પિટલ બેડ (શીટ મેટલ પાવડર કોટેડ) | ૧૦,૦૦૦ | ૨૦.૦૦ | પાલડી, બોપલ |
| ૧૯. | ફિંગર પલ્સ ઓક્સિમીટર | ૧૦૦૦ | ૫.૦૦ | બોપલ |
| ૨૦. | બી.પી. ઈન્સ્ટ્રુમેન્ટ - ડિજીટલ | ૧૦૦૦ | ૧૦.૦૦ | બોપલ |
| ૨૧. | ઓક્સિજન સિલિન્ડર વીથ એસેસરીઝ (ટ્રોલી, એફ.એ. વાલ્વ રોટામીટર સાથે, હ્યુમીડિફાયર, સ્પ્રે) | ૫૦૦૦ | Refill + ૧૦.૦૦ | પાલડી, બોપલ |

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ – અમદાવાદ *સંચાલિત*

## પરમકૃપા ચેરીટેબલ ફાઉન્ડેશન *આયોજિત*

# પરમકૃપા મેડિકલ સેન્ટર - મોરૈયા

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત ત્રીજું મેડિકલ સેન્ટર ચાંગોદર - મોરૈયા ખાતે ''પરમકૃપા મેડિકલ સેન્ટર''ના નામથી શરૂ કરી દેવામાં આવનાર છે.

ઉપરોક્ત મેડિકલ સેન્ટર માટે અંદાજિત ૩૫૦૦ ચો.ફૂટ જેટલી જગ્યા પરમકૃપા ચેરીટેબલ ફાઉન્ડેશનના ડાયરેક્ટર શ્રી જયેશભાઈ મજમુદાર તથા તેમના પરિવાર તરફથી ચાંગોદરથી થોડે આગળ, મોરૈયા ગામના નાકા પર અને અમદાવાદ - બાવળાના હાઈવે પર બે માળના એક મકાનમાં પ્રથમ માળે ફાળવવામાં આવેલ છે. અહીં પાલડી કે બોપલ પ્રકારનું મેડિકલ સેન્ટર ચાલુ કરવાની યોજના છે કે જેમાં એક તરફ મેડિકલની વિવિધ વિભાગોની ઓ.પી.ડી. સેવા ખૂબ જ કિફાયતી દરે આપવામાં આવનાર છે, જ્યારે અન્ય તરફ અહીંની પ્રિમાઈસીસમાં એક્સ-રે, સોનોગ્રાફી, પેથોલોજી લેબોરેટરી જેવા વિભાગોની પરીક્ષણ સેવા પણ કાર્યરત કરવામાં આવશે. આ સેન્ટરની મુલાકાતે આવેલ દર્દીને અહીંના મેડિકલ શોપમાંથી કન્સેશનલ દરે દવા વિતરણ થઈ શકે તેવી વ્યવસ્થા પણ ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે.

આ મેડિકલ સેન્ટરની ધ્યાન દોરે તેવી એક અન્ય વ્યવસ્થા એટલે કે જનરલ પ્રેક્ટીશનર ડૉક્ટર પણ અહીંથી કાર્યરત રહેશે કે જે દર્દીને પાયાની સવલતો પૂરી પાડી શકશે.

આ પ્રિમાઈસીસને રીનોવેટ કરી, જરૂરિયાત પ્રમાણેની કેબીનો, ઈલેક્ટ્રીકલ તથા અન્ય વ્યવસ્થા તથા સારા એવા સાધનોની વ્યવસ્થા પણ આ પરિવાર તરફથી કરી આપવામાં આવનાર છે. અન્ય જરૂરી ફંડ ચાંગોદર ક્ષેત્રના હર્ષા એન્જિનિયરીંગ વર્કસ તથા ચાંગોદર ઈન્ડસ્ટ્રીયલ એરીયાના અન્ય ઉદ્યોગકારો તરફથી મળી રહેશે તેવી ધારણા રાખવામાં આવેલ છે.

આ ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં ઓછામાં ઓછા બે લાખ કારીગરો અને અન્ય સ્ટાફ કાર્યરત રહે છે. પરંતુ તેઓની મેડિકલ સુવિધા માટે કિફાયતી દરની અન્ય કોઈ વ્યવસ્થા ન હોવાથી ઉપરોક્ત મેડિકલ સેન્ટર આ વિસ્તારમાં રહેતા લોકોને ખૂબ જ ઉપયોગી થઈ શકશે તેવી ધારણા રાખવામાં આવેલ છે.

ઉપરોક્ત મેડિકલ સેન્ટરનું કામકાજ હાલ પૂરઝડપે ચાલી રહેલ છે અને આવતા એક કે બે મહિનામાં તેનું ઉદ્‌ઘાટન કરી, તેને સંપૂર્ણપણે કાર્યરત કરી દેવામાં આવશે તેવી ધારણા રાખવામાં આવેલ છે.

ઉપરોક્ત મેડિકલ સેન્ટર ચાલુ થયે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું આ ત્રીજું મેડિકલ સેન્ટર ચાલુ કરવામાં આવેલ છે તેવી ગણના કરવામાં આવનાર છે.

**કન્વીનર, ચાંગોદર મેડિકલ સમિતિ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# ગોલ્ડ હેલ્થ કાર્ડ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના દરેક સભ્ય પરિવારને સીમ્સ હોસ્પિટલ દ્વારા ગોલ્ડ હેલ્થ કાર્ડનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ છે કે જેનું હાલે શ્રી કચ્છી જૈન ભવન - પાલડીથી વિતરણ કરવામાં આવી રહેલ છે.

અત્યાર સુધી જે સભ્યોએ આ **ગોલ્ડ હેલ્થ કાર્ડ** મેળવેલ ના હોય, તેઓએ બપોરના ૧.૦૦થી સાંજના ૬.૦૦ વાગ્યા સુધી શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર આવી, પોતાના આ કાર્ડ મેળવી લેવા વિનંતી કરવામાં આવે છે.

ભવિષ્યમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના નોંધાયેલા સભ્ય અથવા તેમના પરિવારમાંથી કોઈને પણ સીમ્સ હોસ્પિટલની સગવડતાનો લાભ લેવાની જરૂરિયાત ઊભી થઈ હોય ત્યારે આ **ગોલ્ડ હેલ્થ કાર્ડ** ધારકને સીમ્સ હોસ્પિટલના વિવિધ પ્રકારના ચાર્જીસમાંથી ૧૦ ટકાથી ૨૫ ટકા સુધીનું કન્સેશન આપવામાં આવશે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની આ સેવાનો વિનામૂલ્યે લાભ લેવા સમાજના દરેક નોંધાયેલા સભ્યને અપીલ કરવામાં આવે છે.

***રજનીકાંત પારેખ,** માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ – અમદાવાદ

## દવા વિતરણ સમિતિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દિવસા દિવસ પોતાની સેવાનો વ્યાપ વધારતો આવેલ છે. હાલે તેના નેજા હેઠળ ૩ અતિથિ ભવનો, બે મેડિકલ સેન્ટર, ૩ ડાયાલિસીસ સેન્ટર, એક સાંસ્કૃતિક કેન્દ્ર, એક મ્યુઝીયમ વગેરે પ્રકારની સેવાઓ કાર્યરત રાખેલ છે. સાથે સાથે હાયર એજ્યુકેશનમાં જવા માટે વિદ્યાર્થીઓને માર્ગદર્શન વગેરે પ્રકારની સેવાઓ કાર્યરત છે. હાલે ગીતા મંદિર ખાતે સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર ચાલુ કરવામાં આવેલ છે. નજદીકના ભવિષ્યમાં ચાંગોદર - મોરૈયા ખાતે ત્રીજું મેડિકલ સેન્ટર પણ પ્રસ્થાપિત કરવામાં આવનાર છે.

આ સમાજે વિશેષ સ્વરૂપે એ વાતની નોંધ લીધી કે જે ઘરમાં સિનિયર સિટીઝન્સ એટલે કે વયસ્કોના રહેવાસ છે એ ઘરમાં કાયમને માટે દવાની જરૂરિયાત રહે છે. વયસ્કોને બારે માસ દવા જોઈએ, એ આજે મોટા ભાગના ઘરોમાં જરૂરિયાત જેવું બની રહેલ છે. તેથી સમાજે આ ક્ષેત્રે વિચારણાની શરૂઆત કરી અને લગભગ દરેક પરિવારને દરરોજની દવાની સારી એવી જરૂરિયાત રહેતી હોવાથી એ ક્ષેત્રે પોતાની સેવાની પાંખ પ્રસરાવવાનો પ્રયાસ કરવાની શરૂઆત કરી.

પરિણામે ચાલુ વર્ષ દરમ્યાન ''દવા વિતરણ સમિતિ''ની રચના કરવામાં આવી. આ સમિતિનું કાર્ય કિફાયતી દરે બ્રાન્ડેડ અને જનરીક દવા ઘરે ઘરે પહોંચાડવાનું રાખવામાં આવેલ છે.

ઉપરોક્ત હકીકતનો સંપૂર્ણપણે અભ્યાસ કર્યા બાદ ''દવા વિતરણ સમિતિ''એ પોતાના કાર્યનો આરંભ નીચે મુજબના ધોરણે શરૂ કરી દીધેલ છે.

★ અમદાવાદ - ગાંધીનગર વિસ્તારમાં વસવાટ કરતા સમાજના પરિવારોને તેમની જરૂરિયાત મુજબની દવા દર મહિને તેમના ઘરે પહોંચતી કરવામાં આવશે.

★ તે માટે સમાજના દરેક પરિવારોને આવરી લેતો એક વોટ્સએપ ગ્રુપ બનાવવામાં આવેલ છે.

★ દરેક પરિવારે પોતાની જરૂરિયાત મુજબની માસિક જરૂરિયાતની દવાની વિગતો આ ગ્રુપમાં વોટ્સએપથી મોકલી આપવાની રહેશે.

★ આ સમિતિ દ્વારા બે થી ત્રણ દિવસમાં દરેકને ઘેર દવા પહોંચતી કરી દેવામાં આવશે.

★ આ દવા MRP કરતા ૨૨ ટકા ઓછા ભાવે અને ફ્રી ડિલીવરીના ધોરણે પહોંચાડવામાં આવનાર છે.

★ અમદાવાદ મ્યુનિ.ની હદ બહાર રહેનાર પરિવારને કુરિયરથી દવા મોકલી આપવામાં આવશે પરંતુ તે કુરિયરનો ચાર્જ જે તે પરિવારે અલગથી ભોગવવાનો રહેશે.

★ ઓછામાં ઓછી રૂા. ૫૦૦/-ની કિંમતની દવાનો ઓર્ડર હોવો જરૂરી છે.

★ જનરીક દવામાં સ્ટોકિસ્ટની ખરીદી પર ૧૫ ટકા ચડાવી – એ ધોરણે દવાનું વિતરણ કરવામાં આવશે. (જનરીક દવાઓ સામાન્યપણે MRP કરતા ૬૦થી ૮૦ ટકા જેટલા ઓછા દરે સ્ટોકિસ્ટને ત્યાંથી અથવા તો બજારમાંથી પ્રાપ્ત થાય છે.)

ઉપરોક્ત નીતિ નિયમોના અનુસંધાને તા. ૧૯-૧૨-૨૦૨૨ના રોજ ''માસિક દવા વિતરણ યોજના''ના નામથી વોટ્સએપ ગ્રુપ શરૂ કરવામાં આવ્યું કે જેનો પ્રતિસાદ આજે તા. ૨૩-૧૨-૨૦૨૨ના રોજ આ લખાણ તૈયાર થાય છે ત્યાં સુધીમાં સમાજના સભ્યો તરફથી ૧૦૦ કરતાં પણ વધુ સંદેશાઓ આવી ગયેલ છે અને લગભગ દરેકને દવા પહોંચતી કરી દેવામાં આવેલ છે.

આશા રાખવામાં આવે છે કે સમાજના પરિવારોને આ યોજના ખૂબ જ ઉપયોગી થઈ શકશે અને તેનો સારો એવો પ્રતિસાદ સાંપડી શકશે.

**કમલેશ મનુભાઈ શાહ**
**કન્વીનર**
**દવા વિતરણ સમિતિ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**(મો. ૯૮૨૫૦ ૧૮૧૮૦)**

# મંગલ મંદિર લવાજમ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કેટલાક સભ્યોએ હજુ સુધી મંગલ મંદિર માટે તેમનું લવાજમ સંસ્થા પર મોકલી આપેલ નથી. તદુપરાંત કેટલાક સભ્યોના લવાજમની મુદત પૂરી થઈ ગઈ હોવા છતાં તેઓએ પણ પોતાના લવાજમ સંસ્થા પર મોકલી આપેલ નથી. તેમ છતાં સંસ્થા દ્વારા આ બધા સભ્યો પર દર મહિને મંગલ મંદિર નિયમિતપણે મોકલવાનું ચાલુ રાખવામાં આવેલ છે.

અનેક સભ્યોએ લવાજમ ભરેલ ન હોવા છતાં દર મહિનાની ચોથી, પાંચમી કે છઠ્ઠી તારીખે રૂબરૂ આવીને મંગલ મંદિરની એક-એક નકલ મેળવવાનું ચાલુ રાખેલ છે. તેઓને પણ સંસ્થાએ હજુ કોઈ પણ જાતના અટકાવ વગર મંગલ મંદિરની નકલ આપવાનું ચાલુ રાખેલ છે.

આ નિવેદન દ્વારા આપ સહુને વિનંતી કરવામાં આવે છે કે જે જે સભ્યોએ પોતાના લવાજમ ભરેલ નથી તેઓએ તાત્કાલિકપણે પોતાના ૧૫ વર્ષના લવાજમના રૂા. ૧૫૦૦/- સંસ્થા પર ચેક દ્વારા મોકલી આપે અથવા તો પોતાને અનુકૂળ હોય એ રીતે ૧, ૩ કે ૫ વર્ષનું લવાજમ મોકલી આપે.

આ અંગે લગભગ ૩૫૦ સભ્યોને લવાજમ મોકલી આપવા પત્ર દ્વારા જાણ કરવામાં આવેલ છે અને ત્યારબાદ તેઓને ફોન પણ કરવામાં આવેલ છે કે જે સામે લગભગ ૭૦ સભ્યોએ પોતાના લવાજમની રકમ સંસ્થા પર પહોંચતી કરેલ છે. બાકીના સભ્યોએ પોતાના લવાજમની રકમ મોકલવાની બાકી રહે છે કે જેઓને વિનંતી, કે તેઓ તાત્કાલિકપણે પોતાના લવાજમની રકમ સંસ્થામાં જમા કરાવી જાય.

ઉપરોક્ત વિગત સિવાય લગભગ ૪૦૦ સભ્યોના લવાજમની મુદત પૂરી થઈ ગઈ હોવા છતાં સંસ્થાએ તેઓને મંગલ મંદિર મોકલવાનું ચાલુ રાખેલ છે. આ નિવેદન દ્વારા ઉપરોક્ત સભ્યોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ પોતાના લવાજમની રકમ તાત્કાલિકપણે સમાજ પર મોકલી આપે.

મંગલ મંદિર છેલ્લા ૪૭ વર્ષથી અવિરતપણે દર મહિને પ્રસારીત કરવામાં આવે છે કે જેમાં સમાજને લગતા દરેક સમાચાર ઉપરાંત કેટલીક જાણવાજોગ માહિતીના લેખો પણ પ્રસારીત કરવામાં આવી રહેલ છે.

ઉપરોક્ત સામયિકને સમર્થન આપવા આપ સહુનો લવાજમ સ્વરૂપે સહકાર માંગવામાં આવી રહેલ છે કે જેનો પ્રતિસાદ આપશ્રી તરફથી યોગ્યપણે આપવામાં આવશે તેવી અપેક્ષા રાખવામાં આવી રહેલ છે.

આ સંસ્થાના બહારગામના સભ્યો તથા આ સંસ્થાના મેગેઝીનમાં આવતી વિગતો જાણવા જેઓને રસ હોય તેવા સહુ સભ્યોને પોતાના લવાજમની રકમ તાત્કાલિપણે મોકલી આપવા અપીલ કરવામાં આવે છે.

સંસ્થાના બેંક એકાઉન્ટની વિગત નીચે મુજબ છે :

- ***સંસ્થાનું નામ*** : શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ [Shree Kutchhi Jain Seva Samaj - Ahmedabad]
- ***બેંક*** : કેનેરા બેંક, પાલડી બ્રાંચ - અમદાવાદ [Canara Bank, Paldi Branch - Ahmedabad]
- ***એકાઉન્ટ નંબર*** : ૭૦૦૭૨૦૧૦૦૧૬૦૩૨ [70072010016032]
- ***IFSC કોડ*** : CNRB0017007

મંગલ મંદિરના લવાજમના દર નીચે મુજબ રાખવામાં આવેલ છે.

- *૧ વર્ષનું લવાજમ : રૂા. ૧૫૦/-*
- *૨ વર્ષનું લવાજમ : રૂા. ૩૦૦/-*
- *૩ વર્ષનું લવાજમ : રૂા. ૪૦૦/-*
- *૫ વર્ષનું લવાજમ : રૂા. ૬૦૦/-*
- *૧૫ વર્ષનું લવાજમ : રૂા. ૧,૫૦૦/-*

શક્ય હોય ત્યાં લગી ૧૫ વર્ષનું લવાજમ એક સાથે મોકલી આપવા દરેકને વિનંતી કરવામાં આવે છે.

આશા રાખવામાં આવે છે કે સંસ્થાએ નાછુટકે અંતિમ પગલું ભરી આપશ્રીને મંગલ મંદિર મોકલવાનું બંધ કરવું પડે, તે અગાઉ આપશ્રી, આપશ્રીના લવાજમની રકમ શક્ય ત્વરાએ સમાજ પર મોકલી આપશો.

આપશ્રીના સહકારની અપેક્ષા રાખવામાં આવે છે.

**કન્વીનર શ્રી**
**મંગલ મંદિર – લવાજમ સમિતિ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# ગૃહ ઉદ્યોગ સમિતિ

## તા. ૨૫-૧૨-૨૦૨૨ના રોજ મળેલ મીટિંગનો અહેવાલ

આજરોજ તા. ૨૫-૧૨-૨૦૨૨ના રોજ ગૃહ ઉદ્યોગ સમિતિની મીટિંગ "રતનવીર ગૃહ ઉદ્યોગ" નવનીત આવાસ યોજના ખાતે મળેલ હતી. જેમાં નીચે મુજબના સભ્યો હાજર રહેલ હતા : (૧) સંદીપભાઈ એ. મહેતા, (૨) જયંતીભાઈ નીસર, (૩) પીયૂષભાઈ પારેખ, (૪) કવિતાબેન સતરા, (૫) ભાવનાબેન દેઢિયા, (૬) પારૂલબેન, (૭) મનીષભાઈ શાહ, (૮) ડિમ્પલબેન શાહ, (૯) યામિનીબેન મહેતા.

આ મીટિંગમાં નીચે મુજબના કાર્યોની ચર્ચા કરવામાં આવી હતી.

★ હાલ જે ફ્લેટ નં. ૧ અને ૨, કે જે ગૃહ ઉદ્યોગના કાર્ય માટે ફાળવવામાં આવેલ છે તેમાં અંદરથી કલર કામ, ભેજ આવે છે તેનું રીપેરીંગ, લોખંડની બારીનું રીપેરીંગ / બદલાવવી તથા અન્ય જે કામ કરવાના છે તેનું ફોલોઅપ રીનોવેશન સમિતિ સાથે કરી, શક્ય તેટલું જલ્દી તે કામ પૂરૂં થાય તેવું કરાવવું.

★ હાલ જે કોમ્પ્યુટર્સ અને સિલાઈ મશીન પડેલા છે તે જે તે સમિતિનો કોન્ટેક્ટ કરી તેઓની સર્વિસ કરાવી, ચાલુ કરાવવા. જેથી તરતમાં જ તેના ક્લાસ ચાલુ કરી શકાય.

★ ગૃહ ઉદ્યોગના કાર્યક્રમમાં સૌપ્રથમ ખાણીપીણીની વસ્તુઓના કામની શરૂઆત કરવી અને સાથે બાકીના કાર્યોનું સર્વે કરી તે કાર્યો પણ અમલમાં મૂકવાનો પ્રયત્ન કરવો.

★ યામિનીબેન મહેતા તરફથી ગૃહ ઉદ્યોગની જગ્યામાં રોજ રાત્રે ૮ થી ૯ વાગે પાઠશાળા ચાલુ રાખવા માટેની મંજૂરી માંગતી અરજી આપવામાં આવેલ. તે માટે મંત્રીશ્રીની મંજૂરી લઈ પાઠશાળાના કાર્યને બહાલી આપવામાં આવી હતી. પણ સાથે સાથે યામિનીબેનને જણાવ્યું હતું કે ભવિષ્યમાં ગૃહ ઉદ્યોગ તરફથી જે તે વસ્તુઓનો સ્ટોક આ જગ્યામાં કરવામાં આવે તો તેનું પાઠશાળાના કાર્ય દરમ્યાન સંભાળવાનો રહેશે.

આ મીટિંગમાં આવાસ યોજનામાં રહેતા શ્રી અલ્પેશભાઈ શાહ તરફથી ચા ની વ્યવસ્થા કરવામાં આવેલ અને સમિતિના સભ્ય ભાવનાબેન ફરસાણની પાંચ-છ વસ્તુઓ ટેસ્ટ કરવા માટે લાવેલ હતા. એટલે સૌ ચા-નાસ્તો કરી મીટિંગ પૂરી કરી છૂટા પડેલ હતા.

***સંદીપ એ. મહેતા***
***કન્વીનર - ગૃહ ઉદ્યોગ સમિતિ***

# અંગદાન સમિતિ

★ મનસુખભાઈ માણેકભાઈ પરમારનું તા. ૭-૧૨-૨૦૨૨ના રોજ હૃદયના વાલ્વનું ઑપરેશન તથા બાયપાસ સર્જરી સિવિલ હૉસ્પિટલ કેમ્પસમાં આવેલ, યુ.એન. મહેતા હૉસ્પિટલ ખાતે કરવામાં આવેલ. છ કલાક ચાલેલા આ ઑપરેશન દરમ્યાન ૨ બોટલ બ્લડની જરૂરિયાત ઊભી થયેલ. આ બાબતે આપણા સમાજના **આનંદ વોરા**એ જાણ કરતાં, અંગદાન સમિતિના કન્વીનર **શ્રી કમલેશભાઈ શાહ (સમ્રાટવાળા)**એ સિવિલ હૉસ્પિટલ બ્લડ બેંકનો સંપર્ક કરી **નિઃશુલ્ક ૨ બોટલ બ્લડની વ્યવસ્થા કરાવી આપી હતી.**

★ વ્યક્તિના અવસાન બાદ મૃત શરીરને બાળી, પ્રદૂષણમાં વધારો કરવો એના કરતાં મર્યા પછી પણ આપણે કઈ રીતે કોઈના ઉપયોગમાં આવી શકીએ એવી વિચારસરણીથી પ્રેરાઈ નીચેની વ્યક્તિઓએ પોતાના અવસાન બાદ ચક્ષુદાન અને દેહદાન કરવાનું નક્કી કરી, ઈચ્છા પ્રદર્શિત કરી, દેહદાનનું ફોર્મ ભરેલ છે. (તા. ૧૮-૯-૨૦૨૨ અને ત્યારબાદ આવેલ ફોર્મ્સની યાદી)

૧. *જયંતીભાઈ પ્રેમજીભાઈ શાહ - વસ્ત્રાપુર*
૨. *સંજય કીર્તિલાલ સંઘવી - વાસણા*
૩. *ઉમેશ એન. મૈશેરી - શાહીબાગ*
૪. *પ્રવીણભાઈ જેતશી દંડ - મણિનગર*
૫. *વિરાજ યશોધન મહેશ્વરી - વૈષ્ણોદેવી સર્કલ*
૬. *વૈશાલી વિરાજ મહેશ્વરી - વૈષ્ણોદેવી સર્કલ*
૭. *જાગૃતિ અનિકેત સંઘવી - યુનિવર્સિટી રોડ*
૮. *સંગીતા અનિલ શાહ - બોડકદેવ*
૯. *રૂપલ રાજેશ ગોસર - મણિનગર*

***કન્વીનર - અંગદાન સમિતિ***

# મહિલા ઉત્કર્ષ સમિતિ

## મહિલા ઉત્કર્ષ સમિતિ આયોજિત
## એક નવલી નૃત્ય નાટિકા : સમજણની વસંત

★ ***પ્રસ્તુતકર્તા :*** ડૉ. કલાબેન શાહ સંચાલિત અમૃત મંગલ ચેરીટેબલ ટ્રસ્ટ / Mid Age Health Club.
★ ***વિશેષતા :*** ટી.વી. અને ફિલ્મી કલાકારો દ્વારા અદ્‌ભુત પ્રસ્તુતિ.
★ ***તારીખ :*** બુધવાર, તા. ૧૧-૦૧-૨૦૨૩
★ ***સમય :*** બપોરે ૨.૩૦ વાગ્યાથી
★ ***સ્થળ :*** શ્રી કચ્છી જૈન ભવન - પાલડી.
★ ***સંપર્ક :*** (Whats App) ૮૦૦૦૯ ૭૨૯૬૯
★ ***રજિસ્ટ્રેશન :*** તદ્દન ફ્રી – પણ ફરજીયાત (અલ્પાહારની વ્યવસ્થા માટે)
★ બપોરે ૩.૦૦ પછી પ્રવેશ બંધ
★ બાળકોને ન લાવવા વિનંતી.
★ કચ્છી જૈન સિવાયના બહેનો પણ ભાગ લઈ શકશે.

***કન્વીનર - મહિલા ઉત્કર્ષ સમિતિ***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
## વયસ્ક સમિતિના કાર્યક્રમોની માયાજાળ... ગિલી... ગિલી... છું...
## વિવિધતા અંતર્ગત મેજીક શો – કાર્યક્રમનું અનોખું આયોજન

અમુક વર્ષો જીવવા માત્રથી કોઈ વૃધ્ધ થતું નથી. આદર્શમય વ્યક્તિ હંમેશાં યુવાન રહે છે. અગર વ્યક્તિમાં ઉત્સાહ, આનંદ અને જુસ્સો રહે તો તેની ચામડી પર કરચલી પણ પડતી નથી અને પોતાના આત્માને ઝીંદાદિલી રીતે સમૃદ્ધ અવસ્થામાં રાખી શકે છે. આ સ્થિતિનું નિરૂપણ કરવા માટે વ્યક્તિને જરૂર હોય છે... માત્ર ને માત્ર તન-મન અને હૃદયને પ્રફુલ્લિત રાખવાની.

વયસ્ક સમિતિ ઉપરોક્ત આદર્શોને ખ્યાલમાં રાખીને હંમેશાં પોતાના વડીલવર્ગના સભ્યો માટે વિવિધતાસભર રંગબેરંગી કાર્યક્રમોનું આયોજન કરે છે. આપ સૌના સાથ-સહકારથી ચાલતી વયસ્ક સમિતિ એક બાબતને બરાબર ધ્યાનમાં રાખે છે કે વયસ્ક સભ્યોને અગર માનસિક રીતે સ્વસ્થ, શાંતિ અને આનંદમય રાખવા હોય તો હંમેશાં અવનવા કાર્યક્રમોનું આયોજન કરીને સભ્ય પરિવારજનોનું મનોરંજન કરવું. સમિતિને અપેક્ષા છે કે, વયસ્ક સમિતિની આ પ્રકારની નીતિને તેનાં વડીલ સભ્યો સમર્થન આપશે અને પ્રસંગોપાત તન-મન-ધનથી સમિતિને પ્રોત્સાહિત કરશે.

આ પ્રકારની પૃષ્ઠ ભૂમિકાની સાથે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વયસ્ક સમિતિ દ્વારા તા. ૨૪-૧૨-૨૦૨૨ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે ગિલી... ગિલી... છું... હાસ્ય મજાકની સાથે જાદુઈ માયાજાળના એક કાર્યક્રમનું સુંદર રીતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રીબીન, રીંગ, શૂન્યમાંથી સર્જન, પ્લેઈંગ કાર્ડસ, જલધારાના આકર્ષક પ્રયોગો તથા રંગબેરંગી પ્લેટમાં ચમત્કારીક રીતે વિવિધ કલર્સ સાથે અવનવી ડિઝાઈનનું ક્ષણભરમાં સર્જન વગેરેથી પ્રેક્ષકો હેરત પામ્યા હતા. જાદુગરની હાથ-કલાને ઉપસ્થિત સભ્યોએ તાળીઓથી વધાવી હતી.

જાદુગરના મેજીક શો પહેલાં હાસ્ય કલાકાર શ્રી અરવિંદ શુક્લે પોતાની અદ્ભુત શૈલીમાં સૌ વડીલોને હાસ્યરસમાં તરબોળ કરી દીધા હતા. શ્રી અરવિંદ શુક્લનું બહુમાન સમાજના પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડે કર્યું હતું. હાસ્ય રસ અને મેજીક શો સાથે જરા હટકે... હાઉસીની એક રમત પણ સૌ સભ્યોને રમાડવામાં આવી હતી જે ખૂબ જ ધ્યાનાકર્ષક રહી હતી. વિજેતાઓને શ્રી મહેન્દ્રભાઈ વિશનજી શાહ પરિવારનાં સૌજન્યથી ઈનામોનું વિતરણ કરવામાં આવ્યું હતું. જ્યારે જાદુગર વિરાટને સમાજના ઉપપ્રમુખ શ્રી શાંતિલાલભાઈ સાવલા દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં શ્રી રજનીકાંત પારેખે ઉપસ્થિત સભ્યોને આવકાર આપીને સૌનું ભાવભર્યું સ્વાગત કર્યું હતું.

કાર્યક્રમ દરમ્યાન સમિતિ દ્વારા આયોજીત ધરમપુર પ્રવાસની વીડિયો ઝલક પણ મોટા સ્ક્રીન પર દર્શાવવામાં આવી હતી.

તે ઉપરાંત, આજના આ કાર્યક્રમના નીચે મુજબના આદરણીય સૌજન્ય દાતાશ્રીઓનું ઉચિત સન્માન કરીને કેક કટીંગ દ્વારા તેમના પ્રસંગોના અવસરને યાદ કરવામાં આવ્યા હતા.

### સૌજન્ય દાતાશ્રીઓ

૧. શ્રી મહેન્દ્ર વિશનજી શાહ
(લગ્ન જીવનની ૬૦મી વર્ષગાંઠ નિમિત્તે)

૨. શ્રી દિનેશ રતિલાલ મહેતા અને શ્રીમતી હાસ્યલતા દિનેશ મહેતા (બંનેના જન્મ દિવસ નિમિત્તે)

૩. શ્રી ગિરીશ હીરજી દેઢિયા અને શ્રીમતી નવલબેન ગિરીશ દેઢિયા (બંનેના જન્મ દિવસ નિમિત્તે)

૪. શ્રી નીતિન હરિલાલ સંઘવી (જન્મ દિવસ નિમિત્તે)

કાર્યક્રમના અંતે ઉત્તરાયણ ફેસ્ટીવલની યાદ અપાવતા અને દિલ ખુશ કરે તેવા વ્યંજનોનું ભોજન સૌ સભ્યોએ સમૂહમાં માણ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા વયસ્ક સમિતિના દરેક સભ્યોએ ખાસ જહેમત ઉઠાવી હતી. તે બદલ તેમનો ખાસ આભાર માનવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં સભ્યો ઉપસ્થિત હતા અને સમગ્ર કાર્યક્રમ આનંદપૂર્વક માણ્યો હતો.

***જે વરસાદમાં ભીંજાયો હતો દિલથી,***
***એ વરસ્યો હતો ક્યારે તે યાદ નથી***
***સદાય હાજર રહ્યો છું વયસ્ક સમિતિના કાર્યક્રમમાં,***
***પણ આનંદ ના માણ્યો હોય, એવી એક ક્ષણ યાદ નથી.***

### વયસ્ક સમિતિ : આગામી કાર્યક્રમ

પાન લીલું જોયું ને તમે યાદ આવ્યા, તારી આંખનો અફીણી, નયનને બંધ રાખીને – ગીતોના ગુંજન સાથે કસુંબીનો કાવો પીતા-પીતા, મન મોર બનીને થનગનાટ કરાવનાર કાર્યક્રમ ૧૮મી જાન્યુઆરી ને બુધવારના બપોરે ૩.૦૦ વાગ્યાથી શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે યોજવામાં આવેલ છે. કાર્યક્રમ બાદ ઠંડી ઠંડી હવામાં ગરમ-ગરમ ભાવતા ભોજનનો રસાસ્વાદ માણીશું.

આ કાર્યક્રમ માટે આપ આપના પાસ ૧૫મી તારીખ પહેલાં જરૂરથી મેળવી લેશો.

***દિલીપ કુંવરજી દંડ, કન્વીનર - વયસ્ક સમિતિ***


*નોંધ : વયસ્ક સમિતિના દરેક આદરણીય સભ્યશ્રીઓને ખાસ જણાવવાનું કે જ્યારે સમિતિ દ્વારા કોઈ કાર્યક્રમનું આયોજન થાય ત્યારે તેની સમય મર્યાદામાં જ પોતાના નામ નોંધાવવા જરૂરી છે. જેની નોંધ લેશો.*



શ્રી અરવિંદ શુક્લ (હાસ્ય કલાકાર)નું બહુમાન
કરતા પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડ.
સાથે શ્રી રજનીકાંત પારેખ.



શ્રી વિરાટ (જાદુગર)નું સન્માન કરતા
ઉપપ્રમુખ શ્રી શાંતિલાલભાઈ સાવલા.
સાથે માનદ્ મંત્રી શ્રી રજનીકાંત પારેખ.



હાઉસીના ઈનામના દાતા
શ્રી રોહન મલય શાહ
અને શ્રી અતુલ સંઘવી



લગ્નની ૬૦મી વર્ષગાંઠની કેક કાપતા
શ્રીમતી ચંદ્રાબેન મહેન્દ્ર શાહ, મહેન્દ્ર શાહ અને કુટુંબીજનો



કુટુંબીજનો સાથે જન્મ દિવસની કેક કાપતા
શ્રી ગિરીશ હીરજી દેઢિયા.



જન્મ દિવસની કેક કાપતા શ્રી પ્રતાપ નારાણજી દંડ અને કુટુંબીજનો



જન્મ દિવસની કેક કાપતા શ્રી નીતિન હરિલાલ સંઘવી અને કુટુંબીજનો



લગ્ન જીવનની વર્ષગાંઠ અને જન્મ દિવસની સંયુક્ત પ્રસંગે
કેક કાપતા શ્રી મલય શાહ અને શ્રીમતી શિલ્પા શાહ.
સાથે શ્રીમતી સ્મિતા શાહ અને શ્રી વિશાલ શાહ.

# સમાજ દર્પણ

## સરનામા ફેરફાર

- **અરવિંદ ધારશી ગણપત દેઢિયા (શાહ)**
  ૨૦૩, સારાંશ કોર્ટયાર્ડ, ધરણીધર ચાર રસ્તા,
  વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
  મો. ૯૬૬૨૭ ૮૦૬૧૬, ૯૯૭૯૦ ૧૫૧૨૫
- **મુકેશ શામજી ધારશી સંગોઈ**
  જી-૬૦૩, શંખેશ્વર ટાઉનશીપ,
  બંસીપાર્કની બાજુમાં, દહેગામ સર્કલ,
  ગામ : મુઠિયા, નરોડા, અમદાવાદ-૩૮૨ ૩૩૦.
  મો. ૯૮૧૯૩ ૧૦૫૨૨, ૯૮૧૯૪ ૨૦૫૨૨
- **નીલેશ રાઘવજી શિવજી સાવલા**
  ૪૦૧, ડીવાઈન કેસલ / સુનિતા કુટીર,
  લિબર્ટી ગાર્ડન ક્રોસ રો. નં.-૪,
  માટુંગા (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૪.
  મો. ૯૩૨૨૨ ૨૨૫૭૧, ૯૩૨૨૨ ૩૫૬૮૦
- **સંદીપ તારાચંદ શાહ (મોતા)**
  ૨, ધર્મલોક એપાર્ટમેન્ટ, કાંકરીયા પબ્લિક સ્કુલ-૬ સામે,
  નરહરી કોલોની પાસે, કાંકરીયા,
  અમદાવાદ-૩૮૦ ૦૨૨. મો. ૯૮૨૪૦ ૩૫૫૦૧
- **શૈલેષ ચમનલાલ મણિલાલ દોશી**
  ૭૦૨, સુપન એલિગન્સ, ન્યુ શારદા મંદિર રોડ,
  વસંતકુંજ સોસાયટી, હીરાબાગ ચાર રસ્તા,
  પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
  મો. ૮૧૨૮૬ ૫૮૫૪૮

# અવસાન નોંધ

- સોમવાર, તા. ૧૯-૧૨-૨૦૨૨
  **શાંતિભાઈ રામજીભાઈ ગાલા** (ઉં.વ. ૮૦) (અમદાવાદ - મોટી રાયણ)નું આજરોજ દુ:ખદ અવસાન થયેલ છે.
- સોમવાર, તા. ૧૯-૧૨-૨૦૨૨
  **માતુશ્રી શાંતાબેન ખીમજીભાઈ મહેતા** (ઉં.વ. ૯૦) (અમદાવાદ - બેલા)નું આજરોજ દુ:ખદ અવસાન થયેલ છે.
- શુક્રવાર, તા. ૨૩-૧૨-૨૦૨૨
  **શિરીષભાઈ નાનાલાલભાઇ કોરડિયા** (ઉં.વ. ૬૨) (અમદાવાદ – ફતેહગઢ)નું આજરોજ દુ:ખદ અવસાન થયેલ છે.

સદ્‌ગતશ્રીઓના આત્માને પ્રભુ શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

# સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

## બિપીનચંદ્ર જૈન કૌશલ્ય કેન્દ્ર - ગીતા મંદિર

રૂા. ૧૦,૦૦,૦૦૦/- શ્રી બિપીનચંદ્ર કાનજી જૈન - મુંબઈ
રૂા. ૨,૫૦,૦૦૦/- શ્રી બિપીનચંદ્ર કાનજી જૈન - મુંબઈ
રૂા. ૧,૦૦,૦૦૦/- શ્રીમતી સુનીલા સી. સૈયા (ડૉ. ચંદ્રકાંત દેઢિયાના ભત્રીજી)

## મેડિકલ રીલીફ ફંડ

રૂા. ૩૩,૦૦૦/- શ્રી નીલેશ કાંતિલાલ શાહ - અમદાવાદ
રૂા. ૨,૫૦૦/- શ્રી આશિષ કેશવલાલ દોશી - અમદાવાદ (તેમના પિતાશ્રીની પુણ્ય સ્મૃતિ નિમિત્તે)

## વયસ્ક સમિતિ

રૂા. ૪,૦૦૦/- શ્રી શાંતિલાલ મુળજી સાવલા - અમદાવાદ
રૂા. ૪,૦૦૦/- શ્રી ભદ્રાબા વાઘેલા - અમદાવાદ
રૂા. ૩,૦૦૦/- શ્રી ગિરીશ હીરજી દેઢિયા - અમદાવાદ
રૂા. ૨,૫૦૦/- એક સદ્‌ગૃહસ્થ તરફથી
રૂા. ૧,૫૦૦/- શ્રીમતી હાસ્યલતા દિનેશ મહેતા - અમદાવાદ

## વૈયાવચ્ચ ફંડ

રૂા. ૨,૦૦૦/- શ્રી બિપીનભાઈ ગાલા
રૂા. ૫૦૦/- શ્રીમતી ઈંદીરાબેન ઝવેરી

## જનરલ ડોનેશન

રૂા. ૫,૦૦૧/- શ્રી પ્રીતેશ ચંદુલાલ એકલવેના
રૂા. ૩,૧૦૦/- શ્રી અશોક ગજેન્દ્ર ગોરજી - અમદાવાદ

## મેડિકલ સેન્ટરના ફિઝીયોથેરાપી વિભાગ

રૂા. ૧૦,૦૦૦/- શ્રી મોહનલાલ કલ્યાણજી શેઠ

## યુવા વિકાસ સમિતિ

રૂા. ૫,૦૦૦/- શ્રી મનુભાઈ ગોવિંદજી શાહ - અમદાવાદ

## ડાયાલિસીસ સેન્ટર - શાહીબાગ

રૂા. ૧૧,૦૦૦/- ડૉ. અલ્પા રાગેશ ફડિયા – ચિ. વિરદ રાગેશ ફડિયાના જન્મ દિવસ નિમિત્તે

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
# પરમકૃપા ચેરીટેબલ ફાઉન્ડેશન આયોજિત

## પરમકૃપા મેડિકલ સેન્ટર - મોરૈયા

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ટુંક સમયમાં તેનું ત્રીજું મેડિકલ સેન્ટર મોરૈયા (ચાંગોદરથી આગળ) ખાતે શરૂ કરવાનું આયોજન કરી રહેલ છે.

આ મેડિકલ સેન્ટરમાં જનરલ પ્રેક્ટીશનર, વિવિધ બ્રાંચોના ઓ.પી.ડી. વિભાગ તથા પરીક્ષણ ક્ષેત્રે એક્સ-રે, સોનોગ્રાફી, પેથોલોજી લેબોરેટરી વગેરે વિભાગોનો સમાવેશ કરવામાં આવનાર છે. સાથે સાથે કિફાયતી દરે દવા વિતરણ માટે મેડિકલ સ્ટોર્સની પણ સેવા આપવામાં આવશે.

ઓ.પી.ડી. વિભાગમાં આઈ, ડેન્ટલ, મેડિસીન, સ્કીન, ગાયનેક, પીડિયાટ્રીક, ઇ.એન.ટી., ઓર્થોપેડિક તથા સર્જરી જેવા વિભાગોનો સમાવેશ કરવામાં આવનાર છે.

દરેક પરિવારને પરવડી શકે તેવા ખૂબ જ કિફાયતી દરે અને માત્ર સેવાના હેતુથી આ સેન્ટર શરૂ કરવામાં આવનાર છે.

આ મેડિકલ સેન્ટર શરૂ કરવામાં જરૂરી એવો આર્થિક સહયોગ પ્રાપ્ત કરવા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે, સેન્ટરના દરેક વિભાગો પર દાતાશ્રીઓના નામની તક્તી મૂકવા વિચાર્યું છે. જે માટે અનુદાનની વિગતો નીચે દર્શાવી છે.

- સોનોગ્રાફી વિભાગ પર નામ મૂકવાના .................................... રૂા. ૩૧.૦૦ લાખ
- પેથોલોજી લેબોરેટરી વિભાગ પર નામ મૂકવાના ......................... રૂા. ૨૫.૦૦ લાખ
- એક્સ-રે વિભાગ પર નામ મૂકવાના ........................................ રૂા. ૨૧.૦૦ લાખ
- આઈ વિભાગ પર નામ મૂકવાના ............................................ રૂા. ૧૧.૦૦ લાખ
- ડેન્ટલ વિભાગ પર નામ મૂકવાના .......................................... રૂા. ૧૧.૦૦ લાખ

## ઓ.પી.ડી. વિભાગો

- મેડિસીન વિભાગ પર નામ મૂકવાના ........................................ રૂા. ૫.૦૦ લાખ
- સ્કીન વિભાગ પર નામ મૂકવાના ........................................... રૂા. ૫.૦૦ લાખ
- ગાયનેક વિભાગ પર નામ મૂકવાના ........................................ રૂા. ૫.૦૦ લાખ
- પીડિયાટ્રીક વિભાગ પર નામ મૂકવાના .................................... રૂા. ૫.૦૦ લાખ
- ઇ.એન.ટી. વિભાગ પર નામ મૂકવાના ..................................... રૂા. ૫.૦૦ લાખ
- ઓર્થોપેડિક વિભાગ પર નામ મૂકવાના ................................... રૂા. ૫.૦૦ લાખ
- સર્જરી વિભાગ પર નામ મૂકવાના ......................................... રૂા. ૫.૦૦ લાખ

* ઉપરોક્ત યોજનામાં ભાગ લેવા દરેક મહાનુભાવને હાર્દિક અપીલ કરવામાં આવે છે.
* આ નામો જે-તે વિભાગ પર અથવા અલગ બોર્ડ પર મૂકવામાં આવશે.
* દાતાશ્રીએ વધુમાં વધુ ૩ શબ્દોમાં પોતાના નામની વિગત આપવાની રહેશે. (પોતાનું નામ, પિતાશ્રી/પતિનું નામ, અટક)

**ઉપરોક્ત મેડિકલ ક્ષેત્રના સેવાકીય અભિયાનમાં ભાગ લેવા દરેક મહાનુભાવને હાર્દિક અપીલ કરવામાં આવે છે.**


**રજનીકાંત પારેખ**
માનદ્ મંત્રી
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
(મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧)

**જયેશ મજમુદાર**
ડાયરેક્ટર
પરમકૃપા ચેરીટેબલ ફાઉન્ડેશન
(મો. ૯૮૨૫૦ ૧૩૪૧૭)

**પ્રતાપ નારાણજી દંડ**
મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
(મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯)

(E-mail : paramkrupafoundation@gmail.com)

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2021-2023 Valid upto 31st December, 2023 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978 ● Published on 1st of Every Month


## વાંચવા, વસાવવા અને વહેંચવા જેવાં જીવનપ્રેરક એવરગ્રીન પુસ્તકો

| | | |
|---|---|---|
| વાટે-ઘાટે | અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ | 80 |
| વેદકાલીન સૌરાષ્ટ્ર | શાંતિલાલ આંકડિયાકર | 90 |
| પ્રસંગમાધુરી | ધીરુભાઈ ઠાકર | 130 |
| અન્વેષણ | અનિલા દલાલ | 120 |
| મારી નોંધો પોતાના માટે | હસમુખ અઢિયા | 30 |
| મારી નોંધો પોતાના માટે (ડિલક્સ) | હસમુખ અઢિયા | 100 |
| ચરણ ના રુકે | દિલીપ રાણપુરા | 150 |
| પ્રગતિને પંથે | મૃણાલિની દેસાઈ | 55 |
| સહચિંતન | યશવન્ત મહેતા | 42 |
| લીલો ટહુકો | લાલજીભાઈ પ્રજાપતિ | 70 |
| પૈસાની પારાયણ | મુનિ પ્રશમરતિવિજય | 50 |
| નેટવર્ક | આશ્લેષ શાહ | 60 |
| દુર્ગમ પંથની કેડીએ સફળતાનાં શિખર | પટેલ નીતાબહેન ટુંડાયા | 80 |
| સુખનો સૂરજ | હિતેન્દ્ર જોશી | 150 |
| પ્રતીક્ષા | જિગ્નેશ ઠક્કર | 100 |
| અંતરની ઓળખ | ભાલ મલજી, ઉષા મલજી | 150 |
| જ્યાં જ્યાં નજર મારી ઠરે | ચિન્મય જાની | 10 |
| યુવાશક્તિ : રાષ્ટ્રનો ધબકાર | દેવેન્દ્ર સી. ભટ્ટ | 50 |
| પગલે પગલે અમીરસ | પ્રતાપભાઈ ત્રિવેદી | 140 |
| જીવન અને પોઝિટિવિટી | ડૉ. આશિષ ચોક્સી | 60 |
| જીવનયાત્રા | ડૉ. આશિષ ચોક્સી | 66 |
| માણસાઈની કેળવણી (પુરસ્કૃત) | મનસુખ સલ્લા | 250 |
| મુક્તકંઠ | પ્રવીણ ગઢવી | 200 |
| સાંસ્કૃતિક વડલાની અડીખમ વડવાયું | ઇન્દુ રામબાબુ પટેલ | 150 |
| સમાજદર્પણ | રઘુનંદન | 160 |
| આપઘાતની ઘાત ટાળીએ | મૌલિક ત્રિવેદી | 200 |
| અક્ષર | મહેન્દ્ર ભાટિયા | 150 |
| જ્વાલા | મહેન્દ્ર ભાટિયા | 90 |
| સંવેદનાનો તાર- ભાગ-1-2 | જ્યોતિ ભટ્ટ | 200 |
| મુક્તિપથના પ્રવાસી | ડૉ. સાવિત્રી વ્યાસ | 110 |
| ગોયન્કાજી અને વિપશ્યના ધ્યાન | ડૉ. સાવિત્રી વ્યાસ | 90 |
| સફળતાની દીવાદાંડી | ધૈર્યચંદ્ર બુદ્ધ | 55 |
| મન કે જીતે જીત | હિતેન્દ્ર ગાંધી | 200 |
| Lead To Leaders | Chirag Somaiya | 100 |
| અંતરવેણુ | ગુલાબરાય જોબનપુત્રા | 70 |
| સપનાં થયાં સાકાર | હરિત પંડ્યા | 125 |
| અંતરનાં ઝરણાં ભાગ 2, 3 | વત્સલ વસાણી | 210 |
| મોંઘો માણસનો અવતાર... | ડૉ. જગદીશ કાકડિયા | 150 |
| મકરંદ-મધુ | પ્રવીણકાંત કાવલરામ ઠાકર | 250 |
| સનાતન જ્ઞાનવૈભવ | શરદચંદ્ર ઈ. પુરોહિત | 850 |
| ડૂબેલા સૂરજનું અજવાળું | વિપિન શેઠ | 150 |
| વહાલનું સરનામું દાદા-દાદીનું ઘર | દીનુ ચુડાસમા | 300 |
| અસ્મિતાપર્વ (મોરારી બાપુની ઉપસ્થિતિમાં, વાક્ધારા 1થી 10) | સંપા. હર્ષદ ત્રિવેદી | 1100 |
| અસ્મિતાપર્વ (મોરારી બાપુની ઉપસ્થિતિમાં, વાક્ધારા 11થી 15) | સંપા. હર્ષદ ત્રિવેદી | 500 |
| અસ્મિતાપર્વ (મોરારી બાપુની ઉપસ્થિતિમાં, વાક્ધારા : 16થી 20) | સંપા. હર્ષદ ત્રિવેદી | 500 |

**ગૂર્જર સાહિત્યભવન**
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-380001,
ફોન : 079-22149660,
09227055777
ઇ-મેઇલ : goorjar@yahoo.com

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ,
ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે, સીમા હૉલ સામે,
પ્રહ્‌લાદનગર, અમદાવાદ-15
ફોન : 079-26934340, 98252 68759
ઇ-મેઇલ : gurjarprakashan@gmail.com
વેબસાઇટ : www.gspbooksmall.com


*If undelivered please return to :*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬

**To,**